॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ।


# શ્રીકીર્તનરત્નાવલિ

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી
છપાવી પ્રસિદ્ધ કરનાર
સ.ગુ. મહંત પુરાણી સ્વામી
ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

સંવત્ ૨૦૬૪ મહા સુદ - ૫
વસંત પંચમી સને ૨૦૦૮
તા. ૧૧, ફેબ્રૂઆરી સોમવાર
પ્રત ૫૦૦૦
કિંમત રૂા. ૩૫-૦૦



-: પ્રાપ્તિ સ્થાન :-
શ્રીસ્વામિનારાયણ મંદિર
શ્રીનરનારાયણદેવ કોઠાર
શ્રીસ્વામિનારાયણ રોડ, ભુજ - કચ્છ.
ફોન :- ૨૫૦૨૩૧-૨૫૦૩૩૧
સૌજન્ય
ગામ સામત્રાના દેવશીભાઈ ડાયાલાલ ગામી ધ.પ.
જસુબેન, પિતાશ્રી ડાયાલાલ ગોપાલ ધ.પ. સામબાઈ
તથા
ગામ સામત્રાના મેઘજીભાઈ કરશન વરસાણી
ધ.પ. પુરબાઈ, અરવિંદ કાનજી વરસાણી
મુદ્રક
શ્રીનરનારાયણદેવ પ્રીન્ટીંગ પ્રેસ
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.



## નિવેદન

કલૌ કીર્તનાત્ કળીયુગમાં કીર્તનભક્તિને સત્શાસ્ત્રોમાં ઘણું જ મહત્વ અપાયેલું છે. વળી કીર્તનભક્તિ એ સંપ્રદાયનું એક અગત્યનું અંગ છે. નવધા ભક્તિમાં પણ એનું સ્થાન મુખ્ય છે.

તેમજ કીર્તનભક્તિને તો કળિયુગમાં કલ્પવૃક્ષ ગણવામાં આવી છે. કારણ કે, ''સંકીર્ત્ય નારાયણનામમંત્રં વિમુક્તદુઃખાઃ સુખિનો ભવન્તિ'' સ્વામિનારાયણ નામનું સંકીર્તન કરવાથી જીવાત્મા ભવસાગરની ભવાટીના દુઃખોમાંથી મુક્ત બની દિવ્ય સુખનો અધિકારી બને છે. અને આ કળિયુગમાં કીર્તન ભક્તિના માધ્યમથી મનને સહેલાઈથી પ્રભુમાં સંલગ્ન કરી શકાય છે.

यत्फला नंस्सि सपदं न येँग्न दमंधिनं

सत्फला लभ्ेंस दम्यक् कलैं केश्ंवकीर्सनंस्

જે ફલ તપ કરવાથી, યોગ સાધવાથી, સમાધિ કરવાથી મળતું નથી તે ફળ કળિયુગમાં કીર્તન ભક્તિથી પ્રાપ્ત થાય છે. આ રીતે સત્શાસ્ત્રોમાં સવિસ્તાર પ્રતિપાદન કરેલ છે.

શ્રીજીમહારાજને કીર્તન ભક્તિ અતિશય પ્રિય હતી. તેથી સ્વયં પોતે સભામાં બુરાજતા ત્યારે કથા-વાર્તા સાથે નિરંતર કીર્તન ગવરાવતા. ગવૈયા સંતો જ્યારે વાજીંત્રો લઈને સંકીર્તન કરતા ત્યારે શ્રીજીમહારાજ પોતે ચપટી વજાડીને ભેળા ગાવવા લાગતા. આટલું જ નહિ પણ કથા વંચાતી હોય તોય પોતે કીર્તન સાંભળતા અને ગવૈયા સંતોના કીર્તન સાંભળી હરવખત શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને મોજ પણ આપતા તેમજ નવાં કીર્તનો રચવાની પ્રેરણા પણ આપતા.

શ્રીજીમહારાજની સમીપમાં જ રહી કવિ સંતોએ નખશિખ મનોહર મૂર્તિ નિરખતાં જે ભાવવિભોર ઉદ્‌ગારો કીર્તનમાં વહાવ્યા છે, એતો ખરેખર અદ્‌ભુત અને અનુપમ છે. પ્રત્યક્ષ તેમજ પરોક્ષ ભાવે પ્રગટ



પ્રભુનો અગાધ મહિમા ગાતા પદો તથા પ્રગટ પુરુષોત્તમની પ્રેમલક્ષણા ભક્તિભાવથી છલકાતાં નંદ સંતોનાં કીર્તનો આજેય સારાએ સત્સંગ સમાજને ભીંજવી રહ્યાં છે.

શ્રીજીમહારાજની આજ્ઞાથી કવિવર સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. બ્રહ્માનંદ સ્વામી, સદ્. પ્રેમાનંદ સ્વામી, સદ્. નિષ્કુળાનંદ સ્વામી, સદ્. મંજુકેશાનંદ સ્વામી, સદ્. ભૂમાનંદ સ્વામી અને સદ્. કૃષ્ણાનંદ સ્વામી જેવા સમર્થ અષ્ટ સંતોએ જુદા જુદા રાગોમાં અદ્‌ભુત કીર્તન સાહિત્ય રચી સંપ્રદાયની સેવામાં મૂક્યાં છે, જેનું ઋણ કદિ ચુકવી શકાય તેમ નથી, તેમ છતાં આપણે એ કીર્તનો યાદ કરી પ્રેરણા મેળવીએ તો આપણે એમની સેવા કરી ગણાશે. એવા હેતુને લક્ષમાં રાખી સત્સંગ અને ભક્તિનું બળ પ્રેરતાં મહામુલા કીર્તનોથી સભર ''કીર્તન રત્નાવલી'' પ્રગટ કરવાનો પ્રયાસ કર્યો છે. જેની આજ સુધીમાં ચાર આવૃતિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે.

વિ.સં. ૨૦૩૫ પ્રથમ આવૃતિ પ્રત :- ૩૦૦૦
વિ.સં. ૨૦૪૨ બીજી આવૃતિ પ્રત :- ૫૦૦૦
વિ.સં. ૨૦૪૭ ત્રીજી આવૃતિ પ્રત :- ૧૦૦૦૦
વિ.સં. ૨૦૫૪ ચોથી આવૃતિ પ્રત :- ૧૦૦૦૦
ત્યારબાદ આ પાંચમી આવૃતિ વિ.સં. ૨૦૬૪ પ્રત :- ૫૦૦૦

શ્રીનરનારાયણદેવ પીન્ટીંગ પ્રેસમાં તૈયાર કરીને પ્રકાશન કરવામાં આવી છે. આ પુસ્તકના પ્રકાશનમાં ટાઈપ સેટીંગ તથા સંશોધન આદિ સેવામાં મંદિરના સંતોનો સહકાર સાપડ્યો છે. આ પુસ્તકના પ્રકાશનમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો નીરક્ષીર ન્યાયે વાંચવા વિનંતી.

નિવેદક :- મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

## ।। માનસી પૂજાનો વિધિ ।।

માનસી પૂજા કરવાનો હેતુ એ છે કે, ભગવાનમાં પ્રીતિ થાય, મનની સ્થિરતા વિના માનસી પૂજા થઈ શકતી નથી માટે મનને સ્થિર કરવા પ્રથમ આત્મ વિચાર કરવો જે, સ્થૂળ, સુક્ષ્મ અને કારણ એ ત્રણ દેહથી નોખો ચૈતન્યરૂપ જે આત્મા, તે મારૂં સ્વરૂપ છે, કહેતાં હું અક્ષરબ્રહ્મ છું, અને મારે વિષે પુરૂષોત્તમ નારાયણ અખંડ વિરાજમાન છે. આ પ્રમાણે પોતાના આત્માને, અક્ષરબ્રહ્મની સાથે ભાવના કરીને, મને કરીને કલ્પેલાં જળ, ચંદન, વસ્ત્ર, આભૂષણ, પુષ્પ, ફળ વિગેરે પદાર્થોથી ભગવાનની માનસી પૂજા કરવી.

### પ્રાતઃકાળની પહેલી માનસી પૂજા

પ્રથમ પોતાના આત્માને વિષે મુક્ત મંડળ સહિત દિવ્યમૂર્તિ શ્રીહરિનું ધ્યાન કરવું. શ્રીહરિ પલંગમાં પોઢેલા છે એમ ભાવના કરી, પ્રાર્થના કરીને જગાડવા, ત્યાર પછી મનુષ્યલીલાના સ્મરણ માટે ભગવાનને શૌચ-દંતધાવનાદિ ક્રિયા કરાવવી, ઋતુ અનુસાર ઘણાં જળથી સ્નાન કરાવવું. ત્યારબાદ ઋતુ અનુસાર શ્રીજીના દરેક અંગમાં યથા યોગ્ય વસ્ત્ર તથા અલંકાર ધારણ કરાવવા. ત્યારબાદ ઋતુ અનુસાર ચંદનાદિ ઉપચારોથી શ્રીજીની પૂજા કરવી. ઋતુ પ્રમાણે પુષ્પના હાર ધરાવવા, ત્યાર પછી પોતાને મન ભાવતાં ભોજન ભગવાનને ધરાવવાં. સાકર, કેસર, કસ્તુરી, બદામ વગેરેથી યુક્ત ઉકાળેલ દુધ તથા મગજ, જલેબી, અડદીયા, પુરી વગેરે પકવાન શ્રીજીને જમાડવાં, જળપાન કરાવી મુખવાસ અર્પણ કરી, આરતી ઉતારી, પ્રદક્ષિણા, દંડવત પ્રણામ, સ્તુતિ આદિક કરીને શ્રીહરિને મળવું. ત્યાર પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરવું. પ્રસાદીનાં ભોજન જમાડવાં, મને પણ શ્રીહરિએ પ્રસાદ આપ્યો તે



હું જમ્યો, એવી ભાવના કરવી, શ્રીહરિ મારા આત્મામાં વિરાજમાન છે અને હું તેમની સેવામાં છું એમ ભાવના કરવી.

બપોરે આપણને જમવાનો સમય થાય ત્યારે બીજી માનસી પૂજા કરવી.

### *જમતી વખતની બીજી માનસી પૂજા*

**ભોજન કરાવતી વખતે પોતાના આત્મામાં વિરાજી રહેલા શ્રીહરિનું ચિંતવન કરી, શ્રીહરિને પીતાંબર આદિક સમયને અનુકુળ વેષ ધારણ કરાવવો, પછી બાસુંદી, દુધપાક, શીખંડ, પુરી, શીરો, કંસાર, બિરંજ, માલપુવા, પુડલા, સેવો, મોહનથાળ આદિક વિવિધ પ્રકારના પાક, શાક, અથાણાં, ભાત-દાળ આદિક ચાર પ્રકારનાં ભોજનો સુવર્ણના થાળમાં ધારણ કરી તે થાળ સુવર્ણના બાજોઠ પર ધારણ કરવો અને ત્યાર પછી તે ભોજનના થાળ સન્મુખ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને બેસવા માટે એક સુવર્ણનો બાજોઠ મુકીને તેના પર કસુંબલ આસન પાથરીને શ્રીહરિને ભોજન કરવા પ્રાર્થના કરવી. 'હે મહારાજ ! હે ભક્તવત્સલ ! હે ધર્મધુરંધર ! સર્વ પ્રકારનાં ભોજનો મેં તૈયાર કરેલ છે. માટે આપ કૃપાળુ જમવા પધારો, એમ પ્રાર્થના કરીને શ્રીજીને તે સુવર્ણ બાજોઠ પર બેસાડીને ચંદન, અક્ષત, પુષ્પાદિકથી**

પૂજવા, પછી સુવર્ણના થાળમાં રહેલાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્યાદિ ચારે પ્રકારનાં ભોજનો શ્રીજીને જમાડવાં, ત્યાર પછી જમીને તૃપ્ત થયેલા જાણીને આચમન સહિત જલપાન કરાવીને મુખવાસ અર્પણ કરી, આરતી ઉતારી પ્રદક્ષિણા, દંડવત, સ્તુતિ આદિક કરી, શ્રીહરિને મળવું, ત્યાર પછી તે પ્રસાદીનાં ભોજનો ભક્તોને જમાડવાં, પછી શ્રીહરિએ મને પણ પ્રસાદ આપ્યો છે એવી ભાવના કરવી અને મુક્ત મંડલ સહિત શ્રીહરિને અક્ષરધામ રૂપ પોતાના આત્મામાં સુંદર પલંગ પર પોઢાડવા, અને હું શ્રીજીના ચરણારવિંદની સેવામાં છું એવી ભાવના કરવી.

### ઉત્થાપન વખતની ત્રીજી માનસી પૂજા

ચાર વાગે ઉત્થાપન સમયે પહેલાંની જેમ ભાવના કરીને શ્રીહરિને જગાડવા "હે મહારાજ ઉઠવાનો સમય થયો છે માટે આપ જાગૃત થાઓ" એમ પ્રાર્થના કરીને પછી જાગૃત થયેલા શ્રીહરિનું સુગંધીમાન પુષ્પોના હાર, તોરા, ગુચ્છ, ગજરા, બાજુબંધ વગેરેથી પૂજન કરવું. ત્યારબાદ દ્રાક્ષ, કેરી, દાડમ, પપૈયું, જાંબુ,નારંગી, કાજુ આદિ સુકો-લીલો મેવો જમાડી, જલપાન કરાવી, મુખવાસ અર્પણ કરી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરવું. અને પ્રસાદીના ફળો તેમને જમાડવાં, શ્રીહરિએ મને પણ પ્રસાદ આપ્યો તે હું જમ્યો અને શ્રીહરિ મુક્ત મંડળે સહિત અક્ષરધામરૂપી મારા આત્મામાં વિરાજમાન છે. એવી ભાવના કરવી.

### સાયંકાળની ચોથી માનસી પૂજા



સંધ્યા સમયે પહેલાંની પેઠે બ્રહ્મસ્વરૂપની ભાવના કરીને મહારાજાધિરાજની શોભાથી યુક્ત અનેક કોટિ મુક્તોએ સેવેલા શ્રીહરિકૃષ્ણ મહારાજનું ચિંતવન કરીને, ત્યાર પછી ભારે વસ્ત્ર, અલંકાર પુષ્પોના હારાદિક ઉતારીને, સુક્ષ્મ કોમળ ઘાટાં વસ્ત્ર પહેરીને બેઠેલા શ્રીહરિનું ચંદનાદિ ઉપચારોથી પૂજન કરીને શ્રીજીને ખીચડી, કઢી, પાપડ, અથાણાં, શાક, વડાં આદિક સામગ્રી સહિત શીરો, પુરી, ભજીયાં ને દુધ ભાત આદિક ભોજનો જમાડી જલપાન કરાવવું ત્યાર પછી મુખવાસ અર્પણ કરવો, પછી શ્રીહરિને સુંદર સિંહાસન પર બિરાજમાન કરીને આરતી ઉતારીને ધુન્ય, સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત પ્રણામ કરવા. ત્યાર પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરીને પ્રસાદીનાં ભોજનો જમાડી જલપાન કરાવી મુખવાસ આપવો પછી મને પણ શ્રીજીએ પ્રસાદ આપ્યો. તે હું જમ્યો અને શ્રીહરિ મુક્ત મંડળ સહિત મોટી સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન છે. અને હું તેમની સેવામાં છું. આવી ભાવના કરવી.

### રાતની પાંચમી માનસી પૂજા

શયન આરતી સમયે શ્રીહરિનું ચંદનાદિક ઉપચારોથી પૂજન કરી, સાકર સહિત ઉકાળેલ દુધનું પાન કરાવી એલચી, સોપારી, કાથો, ચુનો એ આદિકે યુક્ત નાગરવેલનું પાન મુખવાસ માટે અર્પણ કરવું પછી આરતી, ધુન્ય, સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત વગેરે કરીને શ્રીહરિને મળવું. પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરી પ્રસાદીનું દુધપાન કરાવી. જલપાન કરાવી મુખવાસ આપવો, અને મને પણ શ્રી હરિએ પ્રસાદ આપ્યો ને હું જમ્યો, એવી ભાવના કરવી. પછી શ્રીજીને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં પ્રેમરૂપી પલંગ

અથવા તો સુંદર, કોમળ મખમલનું ગાદલું, ગાલમસુરીયું, ઓશીકું, ઓછાડ, મચ્છરદાની આદિક સામગ્રીથી યુક્ત સુંદર પલંગ ઉપર શયન કરાવવું, સર્વે મુક્તો પણ શ્રીજીના ધ્યાનમાં નિમગ્ન છે અને હું શ્રીહરિના ચરણ દબાવવા એ આદિક સેવાકરતાં તેમના મુખનું દર્શન કરું છું, આવી ભાવના કરી પૂજાની સમાપ્તિ કરવી. ઉપર મુજબ પાંચે માનસી પૂજા કરવી.

માનસી પૂજા કરતી વખતે પ્રથમ પોતાને વિષે બ્રહ્મસ્વરૂપની ભાવના કર્યા પછી જે સમયની માનસી પૂજા કરવાનો પ્રારંભ કરવો હોય તેથી પહેલાંની માનસી પૂજા વખતે ભગવાનને કેવાં વસ્ત્ર અલંકારાદિ ધારણ કરાવીને બિરાજમાન કર્યા હતા. અથવા કેવી રીતે પોઢાડ્યા હતા. તે સર્વે અનુસંધાન રાખી તે પ્રમાણે જ તે સ્વરૂપનું ચિંતવન કરીને ત્યાર પછી યથા સમયે માનસી પૂજા કરવાની શરૂઆત કરવી.

આ પ્રમાણે પાંચ વખત જુદી જુદી માનસી પૂજાઓ અતિ શ્રદ્ધાએ કરીને પ્રેમપૂર્વક કરવી. જે ભક્તજનો પોતાના ધર્મ નિયમમાં સાવધાનપણે વર્તી ઉપર કહ્યા પ્રમાણે પ્રેમ પૂર્વક માનસી પૂજા કરશે તેનો શ્રીજીને વિષે અતિશય સ્નેહ વૃદ્ધિ પામશે. અને તેવા ભક્તને શ્રીજી આ લોકમાં, વ્યવહારે સુખીઆ રાખી અંતે પોતાના દિવ્ય અક્ષરધામમાં તેડી જઇ પોતાની દિવ્ય સેવામાં રાખશે. માટે સર્વે ભક્તોએ આ માનસી પૂજા પાંચ વખત જરૂર કરવી. આ સિવાય ઋતુ ઋતુ પ્રમાણે પૂજા કરવાનો વિશેષ વિધિ ગ. અં. પ્ર. ૨૩-મા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહેલ છે તો તે થકી જાણી લેવો.

જય શ્રીસ્વામિનારાયણ



## -: વિષયાનુક્રમણિકા :-


| પાદો | | પૃષ્ટ |
|---|---|---|
| | મંગલાચરણના શ્લોકો. | ૧૭ |
| ૨ | અધમ ઉદ્ધારણ અવિનાશી તારા | ૨૮ |
| ૪ | અધમ ઉદ્ધારણ આ સમે | ૩૬ |
| ૪ | અમે કહો વ્રજમાં કેમ રહિએ | ૧૨૬ |
| ૧ | અવતીર્ય નિજાક્ષરાત્ | ૨૧ |
| ૧ | અવિનાશી આવોરે | ૪૪ |
| ૪ | અલબેલાજી પ્રાણ આધાર રે | ૭૯ |
| ૧ | અરજ કરે છે અબડા તે ઉર ધારો રે | ૧૪૮ |
| ૧ | અણિયાળી છે અલબેલા તારી આંખડી રે | ૧૮૮ |
| ૧ | અયોધ્યા સરજુ તટે સંભળાય | ૨૧૫ |
| ૪ | અવસર આવ્યો રે સારો | ૨૫૫ |
| ૧ | આરતી ઉમંગ સહિત મંગળા ઉતારું | ૩૮ |
| ૧ | આરતી પ્રગટ પ્રભુજીકી કીજે | ૩૯ |
| ૪ | આવોને ઓરા છેલ છબીલા મારી શેરીએ | ૮૦ |
| ૪ | આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી | ૧૧૧ |
| ૧ | આજની ઘડી રે ધન્ય આજની ઘડી | ૧૩૮ |
| ૪ | આજ મેંતો દીઠા વાલાને વાટ વહેતા | ૧૪૨ |
| ૧ | આનંદ આપ્યો અતિ ઘણો રે | ૧૪૪ |
| ૧ | આવો પ્રિતમ પ્યારા ધર્મ દુલારા | ૧૫૨ |
| ૧ | આવો પ્રાણથી પ્યારા ધર્મ દુલારા | ૧૮૧ |
| ૧ | આવું તારું ધનરે જોબન ધૂળ થાશે | ૧૯૦ |
| ૪ | આજ સખી આનંદની હેલી | ૨૧૪ |
| ૧ | આજ સો સો વર્ષોનાં વાણાં વાઇ ગયાં | ૨૨૦ |
| ૧ | આજ કળીયુગમાં પરચા પુરે પ્રભુજી | ૨૨૦ |
| ૧ | આજ સહજાનંદ મળ્યા રે ગઢપુરમાં | ૨૪૮ |
| ૪ | આવોરે વાલા હું તો તારા મોલીડા પર મોહીરે | ૨૫૨ |
| ૪ | આવો રમીએ રે વાસુદેવ વનમાળી | ૨૫૩ |
| ૪ | આવો આવોને અલબેલડાજીરે | ૨૬૮ |

| | | |
|---|---|---|
| ૧ | ઉઠોરે સહજાનંદ સ્વામી વેણલાં વાયાંરે | ૩૮ |
| ૪ | ઉત્સવની પ્યારી કેશવની આજ | ૭૮ |
| ૪ | એકાદશી આજનો દિન સારો રે | ૭૫ |
| ૪ | એકલડા કેમ રહેવાય તમ વિના વાલાજી | ૧૨૩ |
| ૧ | એક કપટી ન તરે રે મહારાજ | ૧૯૮ |
| ૪ | ઓરા આવો મારા લેરખડા લેરી | ૧૦૮ |
| ૧ | ઓરા આવો શ્યામ સનેહી | ૬૯ |
| ૪ | અંતકાળે આવીરે મારી શ્રીઘનશ્યામ કરે સહાય રે | ૨૦૬ |
| ૪ | અંતકાળે આવીરે સંભાળી લેજો શ્યામળા રે | ૨૦૭ |
| ૧ | અંતે જાવું ઉઠી એકલા રે સંગે | ૧૭૧ |
| ૪ | આંગણીએ ઝાઝું શું ભણીએ | ૧૭૨ |
| ૪ | કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે | ૧૭૦ |
| ૧ | ક્યારે હવે દેખું રે હરિ હસતા | ૨૭૧ |
| ૧ | કરીશું નિત્ય બહુ આનંદ મારા નાથ સહજાનંદ | ૨૩૨ |
| ૪ | કાનુડા કેડે ફરવું રે કોઈથી ન ડરવું | ૧૨૪ |
| ૬ | કાળનાં ગળે નગારાં કાળનાં ગડે | ૧૫૭ |
| ૮ | કીજીએ ધ્યાન શ્રી ધર્મના કુંવરનું | ૨૫ |
| ૪ | કોડે કોડે એકાદશી કીજીએ રે | ૭૬ |
| ૪ | ગઈતી ગઈતી ભરવા નીર સૈયરના | ૨૫૭ |
| ૪ | ગોપીનાથ આવો મારે ઓરડે | ૧૦૦ |
| ૧ | ગોવિંદ રામના ચંદ્રવળા | ૨૬૦ |
| ૧ | છોટી ઉંમરમાં માવજીરે | ૨૩૩ |
| ૧ | જય સદ્‌ગુરુ સ્વામી જય | ૩૮ |
| ૧ | જય કપિબલવંતા જય | ૪૦ |
| ૧ | જય ગણપતિ પ્યારા જય | ૪૧ |
| ૧ | જમોને જમાડું રે જીવન મારા | ૪૯ |
| ૧ | જમો થાળ જીવન જાઉં વારી | ૪૨ |
| ૧ | જમો થાળ મેવાનો શ્રીજી | ૪૩ |
| ૪ | જનમ સુધાર્યો રે મારો | ૧૩૭ |
| ૮ | જન્મ્યા ત્યાંથી જરુર જાણો મરવાનું. | ૨૧૦ |





| | | |
|---|---|---|
| ૪ | જગતમેં જીવના થોરા મ ભૂલે દેખી તન ગોરા | ૨૪૪ |
| ૮ | જનુની જીવો રે ગોપીચંદની | ૨૩૪ |
| ૮ | જાવા દેને રે જાવા દેને | ૯૬ |
| ૪ | જાવું છે રે જાવું છે જાવું છે નેદાન | ૨૦૫ |
| ૧ | જુઓ જુઓને હાં હાંરે | ૨૦૦ |
| ૧ | જુઓને આ જગબંધનની જેલ | ૨૫૧ |
| ૪ | જોને વિચારી તારા જીવમાં હો પ્રાણીયા | ૧૮૫ |
| ૧ | જોયા શ્રીધર્મકુંવર ચતુરવર | ૨૦૦ |
| ૧ | તમે ભાવે ભજીલ્યો ભગવાન જીવન | ૨૫૦ |
| ૪ | તારે ચટક રંગીલો છેલડો અલબેલા રે | ૮૮ |
| ૪ | તારા મુખની લાવણતા મીઠી રે | ૧૨૦ |
| ૪ | તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે | ૧૮૪ |
| ૧ | દર્શન દેજો રે સહજાનંદ સ્વામી | ૨૩૧ |
| ૧ | દાદાને દરબાર જાશું સવારમાં નિત્ય | ૨૩ |
| ૮ | દાટ્યો રેને ચોર દૈવના શું મુખ લઈને | ૨૪૧ |
| ૧ | દીનાનાથ દયાળુ નટવર | ૨૫૦ |
| ૧ | દીયરજી દૂર ન ફરજો | ૧૬૩ |
| ૧ | દુઃખી દિવસ ને રાત શ્રીજી વિના દુઃખી | ૧૨૭ |
| ૪ | ધર્મકુંવર ઘનશ્યામજી મારા પ્રાણ | ૧૦૩ |
| ૪ | ધર્મકુંવર હરિકૃષ્ણની રે મૂર્તિ | ૧૮૯ |
| ૪ | ધીરજ ધર તું અરે અધીરા, ઈશ્વર | ૧૫૦ |
| ૧ | નમું પ્રેમવતીના પ્યારા | ૧૬૨ |
| ૪ | નરતન ભવતરન નાવ | ૫૭ |
| ૪ | નવલ સનેહી નાથજીરે | ૧૨૮ |
| ૧ | નવીનજીમૂત સમાન વર્ણમ્ | ૫૯ |
| ૪ | નારાયણ નામ લેને તું પ્રાણી રે | ૨૪૫ |
| ૧ | નિતિપ્રવિણ નિગમાગમ શાસ્ત્ર બુદ્ધે | ૪૦ |
| ૧ | નિર્વિકલ્પ ઉત્તમ અતિ | ૬૦ |
| ૧ | નિરખી નયણાને તૃપ્તિ ન વળે રે | ૨૨૧ |
| ૧ | નાહી ધોઈને પોઢિયા રે | ૨૪૯ |

| | | |
|---|---|---|
| ૧ | નેણને જોઈરે વાલા તારા નેણને | ૧૮૦ |
| ૪ | નંદલાલો રે નંદલાલો | ૮૫ |
| ૪ | નંદના નાનકડા નિર્લજ છોરા | ૧૭૭ |
| ૫ | પ્યારા ઘનશ્યામ પૂરણ કામ | ૯૩ |
| ૧ | પધારોને સહજાનંદજી હો ગુન્હા કરીને માફ | ૧૩૫ |
| ૧ | પાપમાં ધનને ખુવે | ૨૫૯ |
| ૧૦ | પ્રથમ શ્રીહરિને રે, ચરણે | ૬૧ |
| ૪ | પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ | ૧૦૫ |
| ૧ | પ્રભુ તમ વિના મારું કોણ છે તમે જાણો છો | ૧૪૮ |
| ૧ | પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે | ૧૯૨ |
| ૪ | પ્રાતઃ થયું મનમોહન પ્યારા | ૩૨ |
| ૧ | પ્રાતઃ ભયો પ્રાન પ્યારે | ૩૫ |
| ૪ | પ્રાણ સનેહી ધરુ આવો અબ પીયરા | ૧૫૩ |
| ૪ | પ્રાણ થકી છે મુને પ્યારો | ૨૫૬ |
| ૪ | પ્રાણી સ્વામિનારાયણ દેવ સત્ય સ્વરૂપ | ૨૬૯ |
| ૧ | પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ | ૭૧ |
| ૧ | પોઢો પોઢો સહજાનંદ સ્વામી | ૭૪ |
| ૧ | બાનાની પત રાખો | ૨૧૦ |
| ૧ | બોલો બોલોરે જોગી બાલુડા | ૨૦૨ |
| ૧ | ભવ સંભવ ભીતિ ભેદનં | ૨૦ |
| ૧ | ભજો ભાવશું અખંડ જપ માળા | ૧૩૨ |
| ૪ | ભજ્યો નહિ ભગવાનને રે | ૧૬૭ |
| ૧ | ભય ભંજન ભક્તિના જાયા | ૨૦૯ |
| ૧ | ભવસાગરનાં નીર તરીને જાવું | ૨૧૯ |
| ૨ | ભય હરિ ભુજમેં આયા રાજ અધિરાજા | ૨૩૦ |
| ૬ | ભુજમેં આયે ભયહારી રે | ૨૨૭ |
| ૪ | મહી માખણ માગે રે માવો | ૨૯ |
| ૪ | મનરે માન્યું નંદલાલશું | ૩૦ |
| ૪ | મન લીધું મોરલડીના તાનમાં રે | ૯૪ |
| ૮ | મહારાજ આજ વડતાલથી આવશે | ૧૯૩ |



| | | |
|---|---|---|
| ૧ | મળી બુટોલપુરની માંહી કહે મયારાણી | ૨૧૩ |
| ૧ | મારા વાલાજી શું વાલપ દીસે રે | ૧૩૪ |
| ૪ | મારા હરજી શું હેત ન દીસે રે | ૧૩૫ |
| ૪ | માણકીએ ચડ્યા રે મોહન વનમાળી | ૧૩૬ |
| ૧ | મારે મંદિરે પધાર્યા શ્યામ | ૧૪૮ |
| ૪ | મારે મહોલે આવો હસીને બોલાવો | ૯૨ |
| ૧ | મારી અવીચળ ચુકને રાખજો | ૨૪૭ |
| ૨ | માવાના મુગટળાનાં મોતી ઝીણાં | ૨૧૬ |
| ૪ | મારે આજ પ્રીતમ ઘેર આવશે રે | ૧૧૮ |
| ૧ | મુને મેલી ગયા રે મહારાજ કોને | ૧૨૭ |
| ૧ | મુને સ્વપને ન ગમે રે સંસાર | ૧૬૧ |
| ૪ | મુખડાંની માયા લાગી | ૧૫૫ |
| ૧ | મેરે તો એક તુમહી આધારા | ૨૮ |
| ૪ | મેંતો સરવે સંગાથે તેડી રે સાહેલી | ૯૮ |
| ૧ | મેં હું આદિ અનાદિ આતો સર્વે ઉપાધિ | ૧૪૫ |
| ૧ | મેં નિરખ્યા શ્રી ગઢપુરમાં સુખકારી રે | ૧૯૯ |
| ૧ | મોરલી વાજે રે મીઠી મોરલી વાજે | ૨૭૧ |
| ૨ | મોહન મહોલે પધારો રંગભીના રે | ૧૨૨ |
| ૪ | મોહનને ગમવાને ઇચ્છો માનની | ૧૬૪ |
| ૧ | રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી | ૪૯ |
| ૪ | રહ્યું છે મારા હૃદિયામાં રૂપ તમારું | ૧૫૪ |
| ૧ | રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ | ૫૮ |
| ૪ | રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે | ૧૩૯ |
| ૧ | રે શ્યામ તમે સાચું નાણું | ૭૧ |
| ૪ | રે સગપણ હરિવરનું સાચું | ૧૩૦ |
| ૪ | રે નરતનુ પાયા નેક નવીન હોઈ | ૨૦૩ |
| ૪ | લગની લાગી રે મારે લગની લાગી | ૫૨ |
| ૪ | લટકાળા તારે લટકે રે | ૧૧૩ |
| ૪ | લટકાળો લટકંતો રે આવે | ૧૭૪ |
| ૪ | લાગ્યો મારે નટવરથી નેડો | ૯૧ |

| | | |
|---|---|---|
| ૧ | લાલચ લાગીરે, બેની | ૩૭ |
| ૧ | લેતા જાઓ રે સાવરીઆ બીડી પાનનકી | ૫૧ |
| ૧ | લોજની વાવ ઉપર અવતારી | ૨૦૧ |
| ૨ | વશ્યો છે છોગલાં વાળો મારે મન | ૧૬૩ |
| ૧ | વાલા આવો અમારે ઘેર રે | ૪૩ |
| ૧ | વાલા ભોજનીયાં બહુ ભાત | ૫૦ |
| ૪ | વાલા લાગો છો વિશ્વ આધારરે | ૮૩ |
| ૪ | વાલા મારી શુદ્ધ બુદ્ધ તેં હરિ લીધી રે | ૮૬ |
| ૪ | વાલા રમઝમ કરતા કાન મારે ઘેર | ૧૧૬ |
| ૪ | વાલીડા કુંજવિહારી વદન કમળપર | ૧૨૫ |
| ૪ | વાલો વધાવું મારો વાલો વધાવું | ૧૭૩ |
| ૧ | વાટડી જોઉં છું રે વહાલા | ૧૮૦ |
| ૧ | વારં વાર મનુષ્ય તન નાવે | ૨૩૨ |
| ૧ | વિઘ્નેશ વિઘ્ન ચયખંડન નામ ધેય | ૪૧ |
| ૧ | વૈષ્ણવ જન તો તેને રે કહીએ | ૨૪૮ |
| ૮ | વંદુ સહજાનંદ રસ રૂપ અનુપમ | ૭૧ |
| ૪ | શ્યામની છબી રે સખી શ્યામની | ૫૧ |
| ૧ | શ્યામળા લેજો સંભાળ હોળી મારી | ૨૧૯ |
| ૧ | શ્રી વાસુદેવ વિમલામૃત ધઆમ વાસ | ૧૯ |
| ૧ | શ્રી સહજાનંદ સ્વામીના દાસને રે | ૨૨ |
| ૧ | શ્રીજી અને સૌ સંતો મળી કરજો મારી સહાય | ૨૧૯ |
| ૧ | શ્રીજીમહારાજ માગું શરણું તમારું | ૨૩૩ |
| ૧ | શીતળ આરતી કીજે | ૩૯ |
| ૪ | શેરી ભલી પણ સાંકળી રે | ૧૫૯ |
| ૪ | શોભા સાગર શ્યામ તમારી મૂર્તિ | ૩૩ |
| ૧ | સ્વામિનારાયણનું સ્મરણ કરતાં | ૩૨ |
| ૧ | સ્નેહ ભર્યાં નયણે નિહાળતા હો | ૧૭૫ |
| ૪ | સ્વામી પ્રગટ થયા તે સહુ સાંભળો રે | ૧૮૭ |
| ૪ | સ્વપ્નું સમજો રે આ સંસારને | ૨૩૯ |
| ૧ | સ્વામિનારાયણ નામ હે ભારી | ૨૫૦ |
| ૧ | સ્વામિનારાયણ મહામંત્ર ગમે | ૨૫૧ |





| | | |
|---|---|---|
| ૧ | સ્વામિનારાયણ નામ ભજમન | ૨૭૨ |
| ૨ | સત્સંગી આપો સૌ નામનું | ૨૫૮ |
| ૪ | સજની શ્રીજી મુજને સાંભર્યા રે | ૮૯ |
| ૪ | સખી ગોકુળ ગામના ચોકમાં રે | ૮૨ |
| ૪ | સખી અંતરની કહું વાત આજ હરિને રે | ૧૮૩ |
| ૪ | સર્વે સખી જીવન જોવાને ચાલો રે | ૧૪૬ |
| ૪ | સહજાનંદ હરિ પ્રગટ થયા | ૧૬૬ |
| ૧ | સહજાનંદ સુખકારી સહજાનંદ | ૧૭૬ |
| ૧ | સખી વાત વીતી કહું મારી મળ્યા | ૧૬૧ |
| ૧ | સુતાં ઉઠીરે સમરું સહજાનંદ | ૨૪ |
| ૧ | સુણો ચતુર સુજાણ | ૧૭૨ |
| ૪ | સુખદાયક રે સ્વામી સહજાનંદ | ૧૯૭ |
| ૧ | સુંદર શ્રીઘનશ્યામ મારા | ૨૧૮ |
| ૪ | સોનેરી મોળિયું સુંદર સોનેરી | ૧૯૧ |
| ૪ | સોનાનાં બોર ઝુલે નંદકિશોર | ૧૪૦ |
| ૪ | સંત સમાગમ કીજે હો નિશદિન | ૫૪ |
| ૨ | સંતો વિમુખ થકી રહીએ વેગળા | ૧૭૯ |
| ૧ | સંત પારસ ચંદન બાવના | ૨૧૭ |
| ૧ | સંગત તેને શું કરે | ૨૧૮ |
| ૧ | સંતો સાંભળો સાચી વારતા | ૧૭૬ |
| ૪ | હરિજન સાચા જે ઉરમાં હિંમત રાખે | ૧૦૯ |
| ૪ | હરિ હેત કરીને સખી આજ રે (ભુજનો ગરબો) | ૨૨૨ |
| ૨ | હવે મારા વાલાને નહિરે વિસારું | ૭૦ |
| ૪ | હરિ હૈયાના હાર છો જીરે તમે | ૧૩૩ |
| ૧ | હતી મારા વાલા હતી મારા વાલા | ૧૭૭ |
| ૨ | હરિ મિલે બોરસડીકી છૈયા | ૧૯૮ |
| ૪ | હિતકારી હરિરે સખી | ૫૫ |
| ૪ | હું તો જાઈશ ગીરધર જોવા રે | ૧૨૧ |
| ૪ | હેડાનો હાર હરિ રે મારે રંગભીનો | ૧૧૫ |
| ૪ | હૈયાના ફુટ્યા હરિસંગે હેત ન કીધું | ૧૬૮ |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રીકીર્તનરત્નાવલિ

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,
ત્રાતા તમે સકલ મંગલ શાંતિ દાતા;
માટે તમારું કરુણાનિધિ સત્યનામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ. ॥૧॥
અજ્ઞાન પાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ. ॥૨॥

*જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,*
જેના રોમ સુછિદ્રમાં અણુસમાં બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશિ સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષર ધામના અધિપતિ શ્રીસ્વામિનારાયણ. ૧

*આવી અક્ષર ધામથી અવનિમાં જે દેહ ધારી થયા,*
આપ્યાં સુખ અપાર ભક્ત જનને દીલે ધરીને દયા;
કીધાં ચારુ ચરિત્ર ગાન કરવા જેણે કરુણા કરી,
વંદુ મંગળ મુરતિ ઉર ધરી સર્વોપરી શ્રીહરિ. ૨

*જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લઈ તીર્થમાંહી ફર્યા,*
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી,
અંતર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી. ૩

*વંદુ શ્રી હરિકૃષ્ણ ધર્મસદને જઈ જન્મ જેણે ધર્યો,*
કૃત્યાનો વળી કાલીદત્ત ખળનો જેણે પરાજય કર્યો;



કીધાં બાળ ચરિત્ર અદ્ભૂત અતિ જઈને અયોધ્યા પ્રતિ,
માતાને પછી તાતને પણ દીધી દુર્લભ દિવ્યા ગતિ. ૪

*વંદુ શ્રી વર્ણીન્દ્ર વેશ ધરીને જઈ તીર્થમાંહી ફર્યા,*
દૈવી ને નિજ જ્ઞાન દાન દઈને દુષ્ટો વિનષ્ટો કર્યા;
હિમાદ્રી પુરુષોત્તમાખ્યપુરી જઈ શ્રી સેતુબંધે ગયા,
કાંચીથી ગુજરાત પ્રાંત થઈને જે લોજમાં જઈ રહ્યા. ૫

*વંદુ જે હરિ લોજમાંહી શિખવી અષ્ટાંગ યોગીકળા,*
રામાનંદ પ્રતિ સુપત્ર લખીયો જઈ પીપલાણે મળ્યા;
દેખાડ્યો ગુરુને પ્રતાપ નિજનો ને ત્યાંજ દીક્ષા લીધી,
સ્વામીએ ધૂર સંપ્રદાય તણી તો જઈ જેતપુરે દીધી. ૬

*વંદુ જે હરિએ પ્રતાપ નિજનો સૌરાષ્ટ્ર દેશે ઘણો,*
દેખાડ્યો કરી મગ્નિરામ જનને આશ્રિત પોતાતણો.
ધામો શુદ્ધ સમાધિમાં સુજનને દેખાડીયાં દ્રષ્ટિએ,
લાખો વિપ્ર જમાડિયા જન સુખી કીધાં કૃપા વૃષ્ટિએ. ૭

*વંદુ જે હરિ દુર્ગપત્તન રહી ત્યાં ભુપના ધામમાં,*
સ્થાપી ઉત્તમ વાસુદેવ પ્રતિમા રંગે રૂડા શ્યામમાં,
સૌરાષ્ટ્રાદિ વિશેષ દેશ ફરીને દુર્ગાખ્ય પુરે રહ્યા,
જેને આ જગમાંહી દુર્ગપુરના વાસી વિશેષે કહ્યા. ૮

*જેણે જેતલપત્તને મખ કર્યો લાચાર લોલંગરો,*
કીધો યજ્ઞ ડભાણમાં વળી ભલો વૌઠે સમૈયો કર્યો,
જઈને ધર્મપુરે સ્વધર્મ ચલવ્યો વૃત્તાલયે આવીને,
કીધા ઉત્સવ શ્રેષ્ઠ તેહ હરિને વંદુ દીલે લાવીને. ૯

*જેણે સુંદર શ્રેષ્ઠ ધામ રચિયાં આચાર્યજો સ્થાપિયા,*
શિક્ષાપત્રી રચી સ્વધર્મ સહુના જુદા કરી આપિયા,
કીધો સુરતમાં વિજયવળી ભલો વિવાહ રાજાતણો,
વંદુ તે પ્રભુને અખંડ ઉરમાં ઉત્સાહ આણી ઘણો. ૧૦

*વૃત્તાલે કરી પુષ્પદોલ વિચર્યા ભાવાખ્ય પુરે હરિ,*
ચૈત્રેથી ગઢડે રહ્યા વૃતપુરે જઇ કાર્તિકી ત્યાં કરી,
મુંબઈના પતિને મળ્યા નૃપગઢે આચાર્ય હસ્તે વળી,
સ્થાપ્યા શ્રી રણછોડજી વૃત્તપુરે તેને નમું છું લળી. ૧૧
*આવ્યા અક્ષરમુક્ત ત્યાં સ્તવન તો કીધું હરિનું ઘણું,*
ત્યારે ધામ વિષે સ્વયં વિચરવા લીધું ઉદાસીપણું,
દેહોત્સર્ગ કર્યો જણાય ન કર્યો પ્રત્યક્ષ દીઠા તદા,
લીલા અદભુતકારી કૃષ્ણ હરિને વંદુ સદા સર્વદા. ૧૨

ધાર્મિક સ્તોત્ર વસંતતિલકાવૃત્તમ્

શ્રીવાસુદેવ ! વિમલામૃતધામવાસમ્,
નારાયણં નરકતારણનામધેયમ્;
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે . . . ૧ ટેક.
શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણા-
મેકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્;
અષ્ટાંગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ . . . ત્વાં. ૨
શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્યા,
સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરુધા નિજસ્ય;
પૂરે ગતાગતજલામ્બુધિનોપમેયમ્ . . . ત્વાં. ૩
બાહ્યાન્તરિન્દ્રિયગણશ્વસનાધિદૈવ-
વૃત્યુદ્ભવસ્થિતિલયાનપિ જાયમાનાન્;
સ્થિત્વા તતઃ સ્વમહસા પૃથગીક્ષમાણમ્ . . . ત્વાં. ૪
માયામયાકૃતિતમોશુભવાસનાનામ્,
કર્તું નિષેધમુરુધા ભગવત્સ્વરૂપે;
નિર્બીજસાંખ્યમતયોગગયુક્તિભાજમ્ . . . ત્વાં. ૫
દિવ્યાકૃતિત્વસુમહસ્ત્વસુવાસનાનામ્,



સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌ રમાયાઃ;
સાલંબસાંખ્યપથયોગસુયુક્તિભાજમ્ . . . ત્વાં. ૬
કામાર્ત-તસ્કર-નટ-વ્યસનિ-દ્વિસંતઃ,
સ્વસ્વાર્થસિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ;
નારાયણં પરમયૈવ મુદા સ્મરન્તમ્ . . . ત્વાં. ૭
સાધ્વીચકોરશલભાસ્તિમિકાલકંઠ-
કોકા નિજેષ્ઠવિષયેષુ યથૈવ લગ્નાઃ;
મૂર્તૌ તથા ભગવતોત્ર મુદાતિલગ્નમ્ . . . ત્વાં. ૮
સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી,
યદ્વત્ ક્ષુધાતુરજનશ્ચ વિહાય માનમ્;
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથા ચરન્તમ્ . . . ત્વાં. ૯
ધર્મસ્થિતૈરુપગતૈર્બૃહતા નિજૈકયમ્,
સેવ્યો હરિઃ સિતમહઃસ્થિતદિવ્યમૂર્તિઃ;
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તમ્ . . . ત્વાં.૧૦
સદ્ગ્રંથનિત્યપઠનશ્રવણાદિસક્તમ્,
બ્રાહ્મીં ચ સત્સદસિ શાસતમત્ર વિદ્યામ્;
સંસારજાલપતિતાખિલજીવબંધો !, ત્વાં. ૧૧

-: ગુરુસ્તવન સ્તોત્ર :-

ભવસંભવભીતિભેદનં, સુખસંપત્કરુણાનિકેતનમ્;
વ્રતદાનતપઃક્રિયાફલં, સહજાનંદગુરું ભજે સદા. ૧
કરુણામયચારુલોચનં, શરણાયાતજનાર્તિમોચનમ્;
પતિતોદ્ધરણાયતત્પરં, સહજાનંદગુરું ભજે સદા. ૨
નિજતત્વપથાવબોધનં, જનતાયાઃ સ્વત એવ દુર્ગમમ્;
ઇતિ ચિન્ત્ય ગૃહીતવિગ્રહં, સહજાનંદગુરું ભજે સદા. ૩
વિધિશંભુમુખૈરનિગ્રહં, ભવપાથોધિપરિભ્રમાકુલમ્;
અપિધાર્ય મનો નરપ્રભં, સહજાનંદગુરું ભજે સદા. ૪

નિજપાદપયોજકીર્તનં, સતતં સ્યાદ્ભવજીવગોચરમ્;
ઈતિ યઃ કુરુતે ક્રતૂત્સવં, સહજાનંદગુરું ભજે સદા. ૫
બહિરીક્ષણલોકમાનુષં, નિજદત્તાંબકદર્શિનાં હરિમ્;
ભજનીયપદં જગદ્ગુરું, સહજાનંદગુરું ભજે સદા. ૬
શરણાગતપાપપર્વતં, ગણયિત્વા ન તદીયસદ્ગુણમ્;
અણુમપ્યતુલં હિ મન્યતે, સહજાનંદગુરું ભજે સદા. ૭
ભવવારિધિમોક્ષસાધનં, ગુરુરાજપ્રકટસ્વસંગમમ્;
પ્રકટીકૃતવાન્ કૃપાવશઃ, સહજાનંદગુરું ભજે સદા. ૮
ભગવન્ ! કૃપયા ત્વયા કૃતં,જનતાયામુપકારમીદૃશમ્;
ક્ષમતે પ્રતિકર્તુમત્ર કઃ, કુરુતે દીનજનસ્તતોંજલિમ્ ૯

*-: શ્રીનરનારાયણદેવપ્રાર્થનાસ્તોત્રમ્ :-*

અવતીર્ય નિજાક્ષરાત્પરાદિહ મૂર્ત્યાં બદરીવને સ્થિતઃ;
ભુવિ ભારતજીવશર્મણે, નરનારાયણદેવ ! પાહિ મામ્ ૧
યદુપર્યભવત્કૃપા તવ, સ નરો દૃષ્ટુમિહાર્હતીક્ષણમ્;
ન પરઃ સુરસત્તમોન્યથા, નરનારાયણદેવ ! પાહિ મામ્ ૨
પ્રથિતં ચ બૃહદ્વ્રતં ત્વયા, જનતાયાનિજધામલબ્ધયે;
અવબોધનમુત્તમં ભુવિ, નરનારાયણદેવ ! પાહિ મામ્ ૩
જગતો જનનં હિ પાલનં, પ્રલયં ચાપિ કરોષિ નિત્યદા;
રજસા તમસા ચ સત્ત્વતો, નરનારાયણદેવ ! પાહિ મામ્ ૪
ઋષિરૂપધરં તપશ્ચરં, હ્યવમન્યેત કદાપિ કશ્ચન;
સ ભવેત્સતતં ચ નારકી, નરનારાયણદેવ ! પાહિ મામ્ ૫
તવ મૂર્તિરિયં સુખાપ્તયે જનતાયાઃ કિલ તાપશાન્તયે;
મરણસ્ય જયાય નિત્યદા, નરનારાયણદેવ ! પાહિ મામ્ ૬
જગદન્યતનુસ્તથાવિતું, ધરસિ ત્વં ચ યુગે યુગેદ્ય વૈ;
હરિકૃષ્ણતનુસ્ત્વયા ધૃતા, નરનારાયણદેવ ! પાહિ મામ્ ૭
વિધિશંભુમુખામરવ્રજશ્ચરણૌ તે સતતં સમર્ચતિ;



પરમાદરતશ્ચ ચિન્તતિ, નરનારાયણદેવ ! પાહિ મામ્ ૮

માનસી પૂજા રાગ ઘોળ પદ-૧

શ્રી સહજાનંદ સ્વામીના દાસને રે, કરવી નિત્ય પ્રત્યે ઉઠી પ્રભાતરે,
પ્રભુની પૂજા માનસી રે, પહેલું શ્રીહરિનું રૂપ સંભારવું રે.
જેવા નિરખ્યા હોય સુંદરશ્યામ રે. પ્રભુ૦ ૧
ધરી ધ્યાન અચળ નિજ નાથનું રે,
પ્રેમે પૂજવા હરિ સુખધામ રે. પ્રભુ૦ ૨
દંત ધાવન આદિ ક્રિયા કરાવવી રે,
હરિને પાવલાં પહેરાવવાં પાય રે. પ્રભુ૦ ૩
સરવે સેવાની સામગ્રી પાસે રાખવી રે,
હરિની પૂજા મધ્યે વિઘન ન થાય રે. પ્રભુ૦ ૪
પહેલું સુગંધી તેલ અંગે ચોળવું રે,
ઢાળી ચંદન બાજોઠીયો સાર રે. પ્રભુ૦ ૫
પછે નીર ઉનેથી નવરાવવા રે,
હરિને સજવા સુભગ શણગાર રે. પ્રભુ૦ ૬
હરિને પીતાંબર વસ્ત્ર પહેરાવવું રે,
અંગે ઉપરણી સોનેરી શિર પાઘ રે. પ્રભુ૦ ૭
પ્રેમે ઢોલિયો ઢાળીને પધરાવવા રે,
કરવો શ્યામને ચંદન અંગરાગ રે. પ્રભુ૦ ૮
કંઠે પુષ્પતણા હાર પહેરાવવા રે,
હરિને ચોખા ચોડવા સુંદર ભાલ રે. પ્રભુ૦ ૯
માથે મોતીડાના તોરા ધરાવવા રે,
હરિને હસવા ટીબકડી કરવી ગાલ રે. પ્રભુ૦ ૧૦
મોંઘા મોતીડાના હાર આરોપવા રે,
હાથે હેમકડાં નંગ જડાવ રે. પ્રભુ૦ ૧૧
કાને મકરાકૃત કુંડળ ધરાવવાં રે,

બાંયે બાજુબંધ બાંધી શોભે માવ રે. પ્રભુ૦ ૧૨
હરિના ચરણને ચંદન ચડાવવું રે,
ચાંપી ઉરમાં પામવી ઘણી શાંત રે. પ્રભુ૦ ૧૩
ધરી બાળભોગ આરતી ઉતારવી રે,
કરવું સ્તવન પ્રદક્ષિણા બહુભાત રે. પ્રભુ૦ ૧૪
કરી અષ્ટ અંગે દંડવત દેવને રે,
પછી પૂજવા પ્રભુજી કેરા દાસ રે. પ્રભુ૦ ૧૫
હરિને ખટરસ ભોજન ભાવતાંરે,
પીરસી પ્રેમથી બેસવું પ્રભુ પાસ રે. પ્રભુ૦ ૧૬
ઘણી જુગતે જમાડી જગદીશને રે,
પ્રેમે પાનબીડી દેવી મુખવાસ રે. પ્રભુ૦ ૧૭
પ્રીતે પલંગે પોઢાડી પગ ચાંપવા રે,
હરિનો કરવો નિજમંદિર નિવાસ રે. પ્રભુ૦ ૧૮
રહેવું નિશદિન હરિની હજુરમાં રે,
કરવી પ્રભુના ચરણ કેરી સેવ રે. પ્રભુ૦ ૧૯
મુક્તાનંદ એવી રીતે પૂજા માનસી રે,
કરતાં ભવજળ તરે તતખેવ રે. પ્રભુ૦ ૨૦

પ્રભાતીયું

દાદાને દરબાર જાશું સવારમાં નિત્ય ઉઠીને,
માવાનું મુખડું જોશું, સવારમાં નિત્ય ઉઠીને.
હરશું ને ફરશું સ્મરણ કરશું, માવાનું મુખડું જોશું. સવારમાં૦
સંતો કહેશે તે સેવા રે કરશું, કહેશે તો સંજવારી લેશું. સવારમાં૦
ગોપીનાથજીના ગુણલા ગાશું, હાથ જોડીને ઉભા રહેશુ. સવારમાં૦
હરિકૃષ્ણજીને હેતેથી મળીએ, સંસારમાં શીદ ભળીએ. સવારમાં૦
માતાજી પાસે માગીને કહિએ, બાળકોની ખબરું લઈએ. સવારમાં૦
વાસુદેવજીને વારણે જઈએ, અમે તમારા એમ કહીયે. સવારમાં૦



ધર્મભક્તિને ભાળીને કહીએ, હવે જાવા નવ દઈએ. સવારમાં૦
રેવતીજીને હૃદયમાં ધરીએ, સૂર્યનારાયણ સમરીયે. સવારમાં૦
જદુપતિને જોવાને સારું, પાસે છે બળરામ ભઈએ. સવારમાં૦
આ દશ મૂર્તિનું જે દર્શન કરશે, ભવથી પાર ઉતરશે. સવારમાં૦
લીંબતરુની લીલા સંભારીયે, શ્રીજીનું ધ્યાન નિત્ય ધરીયે. સવાર૦
ઘેલા નદીના ઘાટને જોઈને, સ્નાન વિધિ અનુસરીએ. સવારમાં૦
આ દશ મૂર્તિ રહો મુજ આગે, ધીરૂભા એમ નિત્ય માગે. સવારમાં૦

રાગ : ધોળ - પ્રભાતી

સુતા ઊઠીરે, સમરું સહજાનંદ કે, વેણલાં ભલે વાયાં રે.
અંતર ઉપન્યો રે, અતીશે આનંદ કે. વેણેલાં૦ ૧
નયણે નિરખી રે, રંગભીનાનું રૂપ કે. વેણેલાં૦
પ્રીતે પોંખ્યા રે, બ્રહ્મમહોલનાભૂપ કે. વેણેલાં૦ ૨
ઉર્ધ્વરેખા રે, બે ચરણમાં જોઈ કે. વેણેલાં૦
તેને નિરખી રે, મનડું રહ્યું મોઈ કે. વેણેલાં૦ ૩
નખમણિયું રે, જુગલ ચરણની જોડ કે. વેણેલાં૦
ગોળ ઘુંટીયું રે, પૂરે મનડાંના કોડ કે. વેણેલાં૦ ૪
જંઘા જાનુ રે, જોયા સાથળ સાર કે. વેણેલાં૦
નાભી ઊંડી રે, અજ ઉપન્યા જે ઠામ કે. વેણેલાં૦ ૫
પેટ પોયણ રે, જોયા ત્રણે વળ કે. વેણેલાં૦
એવા ચિહ્નની રે, કૃષ્ણાનંદને કળ કે. વેણેલાં૦ ૬

પદ — ૨

હૃદયે જોયું રે, કમળા કેરું ધામ કે, વેણલાં ભલે વાયાં રે
કંઠ કંબુ રે, નીરખું આઠું જામ કે. વેણેલાં૦ ૧
દંત દેખી રે, દાડમકેરાં બીજ કે. વેણેલાં૦
જીહવા જોઈ રે, જાણે ઝબુકે વીજ કે. વેણેલાં૦ ૨
નાસા નીકટ રે, ટીબકડી છે શ્યામ કે. વેણેલાં૦

તેને જોતાં રે, નેણે નીંદ હરામ કે. વેણેલાં૦ ૩
વામ કરણે રે, તીલ શ્યામ સોહાય કે. વેણેલાં૦
તેને જોતાં રે, શોભે સંતોના રાય કે. વેણેલાં૦ ૪
ભાલ વચ્ચે રે, રેખા તિલક આકાર કે. વેણેલાં૦
મસ્તક ઉપર રે, ફુલડાં કેરા હાર કે. વેણેલાં૦ ૫
કર જુગલ રે, કોણીયું બે શ્યામ કે. વેણેલાં૦
કૃષ્ણાનંદની રે, પૂરી હૈડાંની હામ કે. વેણેલાં૦ ૬

રાગ : કેદારો : પદ-૧

કીજીએ ધ્યાન શ્રી ધર્મના કુંવરનું,
સર્વ પહેલાં ઉઠી પ્રાતઃકાળે, કીજી. ટેક૦
નીરખીએ રૂપ નખશિખ મહારાજનું, વાસના અશુભ તત્કાળ ટાળે. કી૦૧
સંત હરિભક્ત સૌ ઉંઘ આળસ તજી, ચિંતવીએ ચરણ અતિ પ્રીત આણી,
નીરખીએ નખ મણિ સીમા શોભા તણી, દુર્લભ દેવને એમ જાણી. કી૦૨
જમણા તે ચરણના અંગુઠા ઉપરે,નખમાંહી ચિહ્ન તે જોઇ રે'વું,
ચિહ્ન પર રક્ત રેખા અતિ શોભતી,મન તેમાં લઇ પ્રોઇ દેવું. કીજી૦ ૩
અંગુઠા આંગળીઓ ઉપર કેશ છે, સૂક્ષ્મ ચિહ્ન છે ચાખડીનાં,
અંગુઠા પાસની આંગળીએ તિલ છે, પ્રેમાનંદની જોયેલ આંખડીનાં. કી૦

પદ – ૨

મંગળમૂળ મહારાજના ચરણ છે, ચિંતવતાં ચિત્તમાં શાન્તિ થાયે,
કામ ને ક્રોધ મદ લોભ વ્યાપે નહિ, ઉરથકી સર્વ અજ્ઞાન જાયે. મંગ૦ ૧
જુગલ પદતળ વિષે ષોડશ ચિહ્ન છે, નામ તેનાં હવે કહું વિચારી,
સ્વસ્તિ જવ જાંબુ ધ્વજ અંકુશ અંબુજ,અષ્ટકોણ વજ્ર ઉર્ધ્વરેખા પ્યારી.મં૦
નવ ચિહ્ન ધારવાં જમણા તે ચરણમાં, વામ પાદમાં બીજાં સાત શોભે,
મીન ત્રિકોણને વ્યોમ ગોપદ કળશ, અર્ધચંદ્ર ધનુષ ચિત્ત લોભે. મંગ૦ ૩
જમણા તે ચરણની આંગળી છેલ્લીએ, તિલ એક અનુપમ આનંદકારી,
પાનીયું સુંદર ઘુંટી પિંડી પર, પ્રેમાનંદ તન મન જાય વારી. મંગળ૦ ૪



પદ – ૩

નીરખતાં નાથની જાનૂ છબી જીવમાં, સુખ થાયે દુઃખ સૌ દૂર વામે,
જમણા સાથળ વિષે ચિહ્ન એક અનુપમ, નીરખતાં ભક્ત મન મોદ પામે.ની૦
કેળના સ્થંભ જેવા સાથળ સુંદર, ગરુડની પીઠ પાવનકારી,
કટિતટ પીતપટ કસ્યો કરુણાનિધિ, શ્યામ શોભા કટી લાગે પ્યારી. નીર૦
નલિની સમ નાભી પર ત્રિવળી છબી ઉદરમાં, ઉન્નત ઉરમાંહી કેશ સોહે,
સ્તનપર શ્યામ છાપનાં ચિહ્ન છે, તિલ એક ઉર વિષે ચિત્ત મોહે. નીર૦
ઉર વિષે કૌસ્તુભ શ્રી વત્સ ચિહ્ન છે, વિનગુણ હારની શોભા સારી,
દક્ષિણ બાહુને નિકટ તિલ ચાર છે, પ્રેમાનંદ જોઇ જોઇ જાય વારી. નીર૦

પદ – ૪

અશરણ શરણ ભુજદંડ મહારાજના, ચિહ્ન તેમાં હવે કહું વખાણી,
ભુજમાં છાપનાં ચિહ્ન છે સુંદર, કોણીયું શ્યામ સુખધામ વાણી. અ૦ ૧
પોંચાથી ઉપરે છાપનાં ચિહ્ન છે, કાંડાં છે કઠણ બળવાન ભારી,
કરભ પર કેશ છે હથેળી રાતીયો, શ્યામ રેખા તેમાં ન્યારી ન્યારી. અ૦ ૨
રાતી છે આંગળીયું રાતા છે નખમણિ, ઉપડતા તીખા તે જોયા જેવા,
એવા જે કરવર ધરત જન શિરપર, આતુર અભય વરદાન દેવા. અ૦ ૩
જાનૂ પર્યંત ભુજ સરસ ગજસુંઢથી, ભક્તને ભેટવા ઉભા થાયે,
એવા ઘનશ્યામની ભુજ છબી ઉપરે, પ્રેમાનંદ તન મન વારી જાયે. અ૦ ૪

પદ – ૫

ચિંતવીએ ચિહ્ન મહારાજના અંગમાં, ભક્તજન ભાવશું વારવાર,
વામ ભાગે વળી કંઠને ભુજ વચ્ચે, ચૌદ તિલ સૂક્ષ્મ સરસ સાર. ચિંત૦
ડાબે પડખે વળી નવ તિલ નૌતમ,ત્રણ તિલ કાંખમાં કહું છું જોઇ,
એક તિલ અનુપમ કંબુ કંઠને વચ્ચે,નીરખતાં ભક્ત મન રે'છે મોઇ. ચિં૦
ચિબુક ને અધર પર કેશ રેખા છબી, અધર-પ્રવાળ જોઇ ચિત્ત લોભે,
કુંદની કળી સમ દીપે દશનાવળી, કનકની રેખામાંહી સરસ શોભે. ચિં૦
ડાઢમાં ચિહ્ન છે શ્યામ સોહામણું, મંદ મુખહાસ જોઇ લાજે કામ,

ઘેરે સાદે કરી બોલતા વચન હરિ, પ્રેમાનંદનો સ્વામી ઘનશ્યામ. ચિંત૦

પદ – ૬

વારી જાઉં વારણે વદનશશી ઉપરે, નીરખતાં નેણ નથી તૃપ્ત થાતાં,
અમૃત-વૃષ્ટિ કરે તાપ તનના હરે, હરે હરે કહે હરિ છીક ખાતાં. વારી૦
શોભા તે શી કહું નાસિકા શુક તણી, ગોળ કપોળ બહુ લાગે રૂડા,
નાસિકા ઉપર શીળીનાં ચિહ્ન છે, ચિતવતાં ઘાટ ન થાય કૂડા. વારી૦
જમણા કપોળમાં મોટો એક તિલ છે, તિલ એક મોટો છે ડાબે કાને,
જે જન નીરખીને ધારી લે ચિત્તમાં, તે નવ પડે માયા કાળ પાને. વારી૦
કાન વીંધ્યા તેનાં ચિહ્ન છે સુંદર, ચંચળ દગમાંહી રેખા રાતી,
પ્રેમાનંદ મીન અલિ ખંજન વારું લઇ, ઉપમા દેવા નથી બુદ્ધિ થાતી. વા૦

પદ – ૭

ભક્તમન રંજન ભ્રકુટિ ઘનશ્યામની, કામિની જોઇ તુરત થાય ઘેલી,
ભ્રકુટિને હેઠે ને નેત્રની ઉપરે, રેખા ઉઠે અતિ રસ ભરેલી. ભ૦
ભાલ વિશાળમાં પંચ રેખા ઉઠે, ઉભી છે બે ને ત્રણ ચંદ્રાકારે,
જમણી કોરે એક ચિહ્ન છે ભાલમાં, ભક્તજન નીરખે તે વારે વારે. ભ૦
સુંદર મસ્તક શ્રી મહારાજનું, શિખા સુંદર જેમાં જોઈજ રહીએ,
ત્રણ તિલ છે વળી શિખાને પાછળે, વામ ભાગે તેને ધારી લઈએ. ભ૦
મોટો એક તિલ છે વામ વાંસામાંહી, મોટો એક કેશ છે તેની પાસે,
જમણા વાંસામાંહી આઘો એક તિલ છે, પ્રેમાનંદ નીરખતાં દુઃખ નાસે. ભ૦

પદ – ૮

નખશિખ નીરખીને ચિહ્ન વર્ણન કર્યાં, સંત હરિભક્તને નિત્ય ગાવા,
ભક્તના ઉર વિષે શ્રીમહારાજની, સુંદર મૂર્તિ સાક્ષાત થાવા. નખ૦ ૧
પુષ્પનાં ભૂષણ વસન મહારાજનાં, એક પદમાં હવે કહું વખાણી,
ઉજ્જવલ પાઘ શિર શ્વેત પટકો ખભે, શ્વેત ધોતી પે'રી પ્રીત આણી. નખ૦
પુષ્પના હાર ઉર કંકણ પુષ્પના, પુષ્પના બાજુ તે બાંધ્યા બાંહે,
પુષ્પના ગુચ્છ તે ખોસ્યા બે કાનમાં, તોરા લટકે સુંદર પાઘમાંહે. નખ૦



એ પદ જે કોઇ શીખે ને સાંભળે, એ છબીનું નિત્ય ધ્યાન ધરશે,
પ્રેમાનંદ કહે તેના ઉરમાં આવીને, સ્વામી સહજાનંદ વાસ કરશે. નખ૦

રાગ : ભૈરવ : પદ ૧

અધ્ધમ ઉધારણ અવિનાશી તારા, બિરુદની બલિહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગીરધર, અવિચળ ટેક તમારી રે અ૦
ભરી સભામાં ભૂધરજી તમે, થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો, અવગુણિયાં વિસારી રે. અ૦ ૧
જેવો તેવો તોય પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે;
પેટ પડ્યો તે અવશ્ય પાળવો, વાલમ જુવોને વિચારીરે. અ૦ ૨
અનલ અહી જો ગ્રહે અજાણે, તો છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું, નહિ જગમાં હિતકારીરે. અ૦ ૩
બ્રહ્માનંદની એજ વિનંતિ, મન ધારીએ મોરારી રે;
પ્રીત સહિત દર્શપ્રસાદી, જોયે સાંજ સવારી રે. અ૦ ૪

પદ – ૨

મનમોહન સુંદરવર મારા, અવગુણિયાં વિસરાવા રે;
અધમોદ્ધારક પતિતજનપાવન, બિરુદ તમારું ચહાવા રે મ૦
સહુ દેખતાં શ્યામળિયા તમે, મા થયા છો માવા રે.
છોરુની ચિંતા રાખીને, માં દેશો મુંઝાવા રે. મ૦ ૧
બાળક હોય તે જેમ તેમ બોલે, લિયે કુટાણે ખાવા રે,
જનની દોષ ન લેખે જાણે, અણસમજુ હોય આવા રે. મ૦ ૨
શેરડીએ રમતાં અથડાતાં, છોરા રાખે દાવા રે,
સબળ થઈ કોઈ લિયે ચૂંટીઓ, તો માતા જાય મેલાવારે. મ૦ ૩
મનગમતું સર્વે મેલીને, એક તમને રીઝાવા રે,
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને, ગુણ તમારા ગાવા રે. મ૦ ૪

રાગ : ભૈરવી : પદ- ૧

મેરે તો એક તુમહી આધારા, નાવ કે કાગકી ગતિ ભઈ મેરી,

જહાં દેખું તહાં જલનીધિ ખારા. ૧
રસીક શીરોમણી તુમ બીન મોકું,
લગત હે જગસુખ જરત અંગારા. ૨
તુમ મોકું મીલીયો તો આનંદ અતિશે,
બીસરત સબદુઃખ વારમવારા. ૩
મુક્તાનંદ કહે અંતર જામી,
કહાં સમજાવું મેરે પ્રીતમ પ્યારા. ૪

રાગ : પ્રભાતી પદ -૧

મહી માખણ માગે રે માવો, મહી માખણ માગે,
પ્રભાતે ઉઠીને માવો, મહી માખણ માગે. ટેક૦
ઉંઘમાંથી અલબેલો ઉઠ્યા, નેણાં નિદ્રાળુ,
જમવા સારુ ઝઘડે ઉભા, ભૂધર ભૂખાળુ. પ્રભાતે૦ ૧
ગોકુળિયાની નારી સર્વે, આવી છે જોવા,
કજીઆળો કહાનુડો દે નહી, ગાવલડી દોવા. પ્રભાતે૦ ૨
માતાજી આ મહી તમારું, નાખીશ હું ઢોળી,
બ્રહ્માનંદના નાથે ઝાલી, મહીડાંની ગોળી. પ્રભાતે૦ ૩

પદ – ૨

માતા મનાવે હરિને માતા મનાવે,
પ્રભાતે ઉઠી હરિને, માતા મનાવે. ટેક૦
દાતણ પાણી પ્રથમ કરીને, ત્યાર પછી ખાઇએ,
ઝાઝાં માણસ જોઇને જીવન, ઘેલા ન થાઈએ. પ્રભાતે૦ ૧
તર્ત કરી આપું રોટલી, તાજી ઘીમાં ઝબોળી,
મેલો મારા લાલ મનોહર, મહીડાંની ગોળી. પ્રભાતે૦ ૨
સાસરીયાં તારાં સગપણ સારુ, આવી બેઠાં ડેલી,
બ્રહ્માનંદને નાથે ત્યારે, હસીને ગોળી મેલી. પ્રભાતે૦ ૩



પદ – ૩

મોહન મનાવ્યા રંગીલો, મોહન મનાવ્યા,
મીઠું બોલીને માતા જશોદાએ, મોહન મનાવ્યા. ટેક૦
કોમળ કાજુ જોઇ હરિને, દાતણીયું દીધું,
કંચન કેરી ઝારી લઈને, મુખ મંજન કીધું. મીઠું૦ ૧
નીર ઊને નવરાવ્યા મોહનને, અંગો અંગ ચોળી,
ચંદન કેરી કાંસકી સુંદર, લઇ ચોટલી ઓળી. મીઠું૦ ૨
કેસર કેરી આડ કરી, માળા ફુલડાંની ધારી,
બ્રહ્માનંદના વહાલાનું મુખ, નિરખે મહતારી. મીઠું૦ ૩

પદ – ૪

જુગતે જમાડે હરિને, જુગતે જમાડે,
માતા જશોદા મોહનજીને, જુગતે જમાડે. ટેક૦
જગનો જીવન જમવા બેઠા, ગોપી સર્વે ઝંખે,
ચંદન કેરો પંખો લઈને, માતા વા નાખે. માતા૦ ૧
શીરો પુરી સેવ સેવૈયા, જલેબી તાજી,
આરોગે અલબેલો બેઠા, રસિયાજી રાજી. માતા૦ ૨
બહુ પ્રકારનાં શાક બનાવ્યાં, માંહી નાખેલ મસાલો,
બ્રહ્માનંદ કહે તૃપ્ત થઈને ઉઠ્યા, વ્રજજીવન વહાલો. માતા૦ ૩

રાગ : રામગ્રી - પ્રભાતી પદ - ૧

મન રે માન્યું નંદલાલ શું, જોઇ પાઘ પેચાળી,
રીઝી રહી એના રૂપમાં, ભુધરજીને ભાળી. મન૦ ૧
ભાલ તિલક કોઈ ભાતનું, કેસરનું બિરાજે,
નયણાંની શોભા જોઇને, કોટી રતિ પતિ લાજે. મન૦ ૨
ફુલડાંના તોરા ઝુકી રહ્યા, ઝળકે કુંડળ કાને,
મુખડાની શોભા જોઇને, મોહી ભીનલે વાને. મન૦ ૩
હીંડલતા શુભ હારને, જોતાં રહી છું લોભાઈ,

મુક્તાનંદના નાથશું, કીધી અચળ સગાઇ. મન૦ ૪

પદ – ૨

જનમ સુફળ કર્યો માહરો, નટવર નંદલાલે,
સુખડું અલૌકિક શામળે, આપ્યું અતિઘણું વા'લે. જનમ૦ ૧
મનના મનોરથ પૂરીયા, ગુણવંત ગીરધારી,
માવ ઉપર મેં માહરું, નાખ્યું સરવસ વારી. જનમ૦ ૨
પરવશ થઇ હું તો પ્રેમમાં, શામળિયાને સંગે,
રસિક સલુણા વ્રજરાજને, રાચી હું તો રંગે. જનમ૦ ૩
જીતનો ડંકો વાગિયો, રીઝયા કુંજવિહારી,
મુક્તાનંદના નાથને, વરી થઇ જગ ન્યારી. જનમ૦ ૪

પદ – ૩

સગપણ કીધું મેં શ્યામશું, મનમાં સમજી વિચારી,
આશ તજી સંસારની, ધાર્યા ઉરમાં મોરારી. સગ૦ ૧
નિમિષ ન મેલું નાથને, નેણુંથી ન્યારા,
પરમ સ્નેહી શામળો, મુને પ્રાણથી પ્યારા. સગ૦ ૨
ભવબ્રહ્માદિક મહા મુનિ, તેને દુર્લભ વહાલો,
તે રસિયો મુજને મળ્યા, નટવર નંદલાલો. સગ૦ ૩
થઇ છું અધિક અલબેલડી, લજ્જા લોકની મેલી,
મુક્તાનંદના નાથ શું, બાંધી દ્રઢ કરી બેલી. સગ૦ ૪

પદ – ૪

આજ મારું ભાગ્ય ઉદય થયું, નીરખ્યા વ્રજપતિ વાલો,
છેલ છબીલો શામળો, લહેરી નંદજીનો લાલો . આજ૦ ૧
જરકશી પાઘના પેચમાં, તોરા અધિક વિરાજે,
મુખ શોભા જોઇ માવની, પૂરણ શશી લાજે . આજ૦ ૨
ભાલ વિશાળ વિરાજતું, નેણાં અતિ અણિયાળાં,
અતિ ચંચળ રસના ભર્યાં, કંકોળેલ કાળાં . આજ૦ ૩



અંગોઅંગ મુર્તિ માધુરી, રસિયો ગિરધારી,
મુક્તાનંદના નાથની, છબી પર બલિહારી . આજ૦ ૪

રાગ : ભૈરવ - પ્રભાતી : પદ - ૧

સ્વામિનારાયણનું સ્મરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે
નિગમ નિરંતર નેતિ કહી ગાવે, પ્રગટને પ્રમાણીરે-ટેક૦
મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે,
તપ તીર્થ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે. સ્વા૦ ૧
કથા ને કીર્તન કહેતા ફરે છે, કર્મતણી જેમ કહાણી રે,
શ્રોતાને વક્તા બેઉ સમજ્યા વિનાના, પેટને અર્થે પુરાણી રે. સ્વા૦ ૨
કાશી કેદાર કે દ્વારકા દોડે, જોગની જુક્તિ ન જાણી રે,
ફેરા ફરીને પાછો ઘરનો ઘરમાં, ગોધો જોડાણો જેમ ઘાણી રે. સ્વા૦ ૩
પીધા વિના પ્યાસ ન ભાગે, મર પંડ ઉપર ઢોળે પાણી રે,
મુક્તાનંદ મોહન સંગ મળતાં, મોજ અમૂલખ માણી રે. સ્વા૦ ૪

રાગ : ભૈરવી : પદ - ૧

પ્રાતઃ થયું મનમોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને,
વારંવાર કરું છું વિનતિ, જગજીવન કર જોડીને. પ્રાતઃ૦ ૧
ઘરઘરથી ગોવાળા આવ્યા, દર્શન કારણ દોડીને,
આંગણિયે ઉભી વ્રજઅબળા, મહી વલોવાં છોડીને. પ્રાતઃ૦ ૨
બહુરૂપી દરવાજે બેઠા, શંકર નેજા ખોડીને,
મુખડું જોવા આતુર મનમાં, જોરે રાખ્યા ઓડીને. પ્રાતઃ૦ ૩
ભૈરવ રાગ ગુણીજન ગાવે, તાન મનોહર તોડીને,
બ્રહ્માનંદના નાથ વિહારી, ઉઠો આળસ મોડીને. પ્રાતઃ૦ ૪

પદ – ૨

રસિયોજી રાય આંગણે બેઠા, કોમળ દાતણ કરવાને,
મખમલની ગાદી બહુમૂલી, પાટ ઉપર પાથરવાને. રસિયો૦ ૧
આછું જળ જમનાજીનું આણ્યું, કંચન ઝારી ભરવાને,

સોના કેરું પ્યાલું લાવ્યા, સુંદર આગે ધરવાને. રસિયો૦ ૨
દાસ મળ્યા સહુ દર્શન કારણ, જગને પાર ઉતરવાને,
દાતણ કરતા હરિને નિરખ્યા, તે નાવે ભવ ફરવાને. રસિયો૦ ૩
મુખમંજન કીધું મનમોહન, હરિજનનાં મન હરવાને,
બ્રહ્માનંદનો વહાલો ઉઠ્યા, સ્નાનવિધિ અનુસરવાને. રસિયો૦ ૪

પદ – ૩

બાજોઠ કનકતણે આવી બેઠા, નીર ગરમ હરિ નાહવાને,
શ્વેત વસ્ત્ર પહેર્યું એક સુંદર, ભૂધરજી ભીંજાવાને. બાજોઠ૦ ૧
અત્તાર તેલ ફુલેલ અનુપમ, મર્દન કરવા માવાને,
અંગ ચોળે ઢોળે જળ ઉપર, રસિયાજી રીઝાવાને. બાજોઠ૦ ૨
સ્નાન કરી ઉઠ્યા શામળિયો, પ્રેમીજન લલચાવાને,
લલિત નવિન તૈયાર કરી લાવ્યા, પીતાંબર પહેરાવાને. બાજોઠ૦ ૩
રત્નજડિત શુભ પાટ મનોહર, ગાદી નવલ બિછાવાને,
બ્રહ્માનંદના નાથને આવ્યા, ભોજનકાજ બોલાવાને. બાજોઠ૦ ૪

પદ – ૪

જમો જમો રે મારા જીવન જુગતે, ભોજનીયાં રસ ભરીયાં રે- ટેક.
પાક શાક તમ સારુ પ્રીતમ, કોડે કોડે કરીયાં રે, જમો૦ ૧
તળીયાં ગળીયાં તાજાં તાતાં, કનક થાળમાં ધરીયાં રે,
આરોગો મારા નાથ અલૌકિક, ઘૃત ઝાઝાં ઘેબરીયાં રે. જમો૦ ૨
કઢી વડી કારેલા કાજુ, રાઈતણા દહીથરીઆં રે,
જોઈએતો ઉપરથી લેજો મીઠું જીરું મરીઆં રે. જમો૦ ૩
બ્રહ્માનંદના નાથ શીરાવ્યા, દૂધ ભાત સાકરીયાં રે,
ચળુ કર્યું હરિ તૃપ્ત થઈને, નીરખી લોચન ઠરીયાં રે. જમો૦ ૪

રાગ : વિભાસ-પ્રભાતી : પદ - ૧

શોભા સાગર શ્યામ તમારી, મૂરતિ પ્યારી રે;
મૂરતિ પ્યારી રે, નાખું મારા, પ્રાણ વારી રે. શોભા સાગર૦ ટેક.



સુંદરતા જોઈ મુખની શશિ, સુર લજાઈ રે;
મુખ દેખાડી નવ શક્યા, વસ્યા ગગન જાઈ રે. શોભા સાગર૦ ૧
માન હર્યું મણીધરનું, શીખા કેશ કાળે રે;
અવની ઉપર રહી ન શક્યા ગયા પાતાળે રે. શોભા સાગર૦ ૨
ચંચળ લોચન જોઈને, લજ્જા પામ્યા તીન રે;
ખંજન કુરંગ વન વસ્યાં, જળે બુડ્યાં મીન રે. શોભા સાગર૦ ૩
ચાલ ચતુરાઈ જોઈને, ગજ કરે ધિક્કાર રે;
પ્રેમાનંદ કહે શિર નાખે, ધુળ વારંવાર રે. શોભા સાગર૦ ૪

પદ – ૨

વાલી લાગે વાલમ તારા, મુખની વાણી રે;
મુખની વાણી શ્રવણે સુંણી, હું લોભાણી રે. વાલી૦ ટેક.
મુખની વાણી સાંભળી, તજી ચંચળતાઈ રે;
સ્થિર થઈને સેવે ચરણ, રમા ડાહી રે. વાલી૦ ૧
મુખની વાણી સાંભળી રાચ્યા, સુંદર રૂપે રે;
જગત સુખને પરહરી, લીધો ભેખ ભૂપે રે. વાલી૦ ૨
વાણી સાંભળી સનકાદિકે, લીધી હૈયે ધારી રે;
ધરથી ઘર ન માંડ્યાં, રહ્યા બ્રહ્મચારી રે. વાલી૦ ૩
મુખની વાણી સાંભળી, મારે પ્રીત બંધાણી રે;
પ્રેમાનંદ કહે તન મન કરું, કુરબાણી રે. વાલી૦ ૪

પદ – ૩

ઓરા આવો છેલ તમારું, છોગલું જોઉં રે;
છોગલું જોઉં રે છેલા, મારા મનમાં પ્રોઉં રે. ઓરા૦ ટેક.
છોગલું તારું અટક્યું મારા, ઉરમાં આવી રે;
મોહન તારી મૂરતિ મારાં, મનમાં ભાવી રે. ઓરા૦ ૧
મુખતણે મરકલડે, મુને ઘેલડી કીધી રે;
સામું જોઈ તમે શામળા, શુદ્ધ બુદ્ધ લીધી રે. ઓરા૦ ૨

શુદ્ધ ભૂલી શરીરની, દીલ કયાંય ન ગોઠે રે;
મનડું વિંધ્યું માહેરું, નેણની ચોટે રે. ઓરા૦ ૩
એટલું હવે કરજો, માણીગર માવા રે;
પ્રેમાનંદના નેણાંમાં, રહો આવા ને આવા રે. ઓરા૦ ૪

પદ – ૪

કા'ન તમારે કારણે હું તો, ઘેલડી ડોલું રે;
ઘેલડી ડોલું રે, તમ વિના બીજું કાંઇ ન બોલું રે. કાન૦ ટેક.
લોકડીયાંની લાજ મેલી, સંસારથી તોડી રે;
મન કર્મ વચને માવજી, તમ સાથે જોડી રે. કાન૦ ૧
બીક મેં તો સંસારની સર્વે, કાઢી બારી રે;
રાજીવ લોચન રસિયા, થઇ રહી તમારી રે. કાન૦ ૨
તમે મારા હું તમારી, દુરિજન ન જાણે રે;
પ્રીતમ વાતું પ્રેમની, નવ મળે નાણે રે. કાન૦ ૩
રાજી રહો રસિયાજી, કહેવું ઘટે તે કહેજો રે;
પ્રેમાનંદના નાથજી, દર્શન દેજો રે. કાન૦ ૪

રાગ : બિભાસ - પ્રભાતી પદ - ૧

પ્રાતઃ ભયો પ્રાણ પ્યારે, જાગો ગિરધારી. પ્રાતઃ
સખા સબ આયે દ્વાર, લે લે કર પુષ્પહાર;
કૃષ્ણ કહી ટેરનહે, મંડલી તુમારી. પ્રાતઃ૦ ૧
સંગ લે પૂજાકો સાજ, ગ્વાલની આઇ મહારાજ;
સબહીકે હાથ સોહે, કંચનકી થારી. પ્રાતઃ૦ ૨
સંગ લે સખી સમાજ, આઇ હે દરશન કાજ;
દ્વારપે ખડી હે, વૃષભાનકી દુલારી. પ્રાતઃ૦ ૩
દરસકો દાન દીજે, નયનાં સુફલ કીજે;
મુક્તાનંદ વારવાર, જાત બલિહારી. પ્રાતઃ૦ ૪



રાગ : સામગ્રી : પદ - ૧

અધમ ઉદ્ધારણ આસમે, સહજાનંદ સ્વામી;
પ્રગટ્યા પૂર્વ દેશમેં, જન અંતરજામી. અધમ૦ ૧
કાઠી કોળી કળી કાળમાં, મહા પાપી અપાર;
તેને તાર્યા આ સમે, ગણતાં ન આવે પાર. અધમ૦ ૨
કણબી વરણ કોઇ કાળમાં, નથી પામ્યા કલ્યાણ;
તેવા અગણીત તારીયા, આજ શ્યામ સુજાણ. અધમ૦ ૩
ભ્રષ્ટમતી બહુ ભામીની, વેદ કર્મ વિહીણ;
ઓધારી અગણીતને, પ્રભુ પરમ પ્રવીણ. અધમ૦ ૪
એ આદિ કળી કાળમાં, નીચ જાતી અપાર;
અવિનાશાનંદ કહે તારીયા, આજ ધર્મકુમાર. અધમ૦ ૫

પદ – ૨

પતિતપાવન પ્રભુ આવિયા, નિજ બિરુદ વિચારી;
ભવસાગરથી તારવા, અગણીત નર નારી. પતિત૦ ૧
પ્રીત કરી બાંધી મહાપ્રભુ, પાંચ વરતની પાળ;
આંખો મીંચી ચાલ્યા જાય છે, વૃદ્ધ તરુણ ને બાળ. પતિત૦ ૨
સ્વામિનારાયણ નામને, જપે જાણે અજાણે;
પુંજ બળે તેના પાપનો, કવિ મુખથી વખાણે. પતિત૦ ૩
ગણિકા અજામેલ ગીધને, ગજ ગોપી ગોવાળ;
તાર્યા પૂર્વે તેહને, પ્રભુ પરમ કૃપાળ. પતિત૦ ૪
એવું વિચારીને આ સમે, દાસ પોતાનો જાણી;
તારો અવિનાશાનંદને, મતી મંદ પ્રમાણી. પતિત૦ ૫

પદ – ૩

હું બલિહારી શ્રીહરિ, તારા બિરુદને જોઇ;
થયો નથી થાશે નહીં, આવો અવતાર કોઇ. હું૦ ૧

કરણી ન જુઓ કોઈની, ગુણ ગ્રહો ગોપાલ;
દાસ ત્રાસ હરો દેખતાં, દયાસિંધુ દયાલ. હું૦ ૨
પરવત સમ પાપ દાસનાં, તેને અણુસમ જાણો;
અણુસમ દાસના ગુણને, પરવત પરમાણો. હું૦ ૩
અમૃત નિજગુણ ન તજે, પીયે જાણે અજાણે;
અમર કરે અગણીતને, વેદ શાસ્ત્ર પ્રમાણે. હું૦ ૪
પ્રભુતા પ્રભુ તેમ ન તજે, દીનબંધુ કહાવે;
અવિનાશાનંદના નાથને, ભજો ભવદુઃખ જાવે. હું૦ ૫

પદ – ૪

ગુણનિધિ ગરીબ નિવાજ છો, ગુણસાગર સ્વામી;
ગુણ ગાવે નીત ગણપતી, અગણીત બહુનામી. ગુણ૦ ૧
દાસ સુદામાને તારીયો, જમી તાંદુલ મેવા;
સુખ આપ્યું સહુ દેખતાં, મોલ કંચન રેવા. ગુણ૦ ૨
પુત્ર પૃથાના પાંચને, દેખી ગરીબ ઉદાસી;
છત્રપતી જગમાં છતાં, કીધાં કમલાનિવાસી. ગુણ૦ ૩
વિદુર વિભીષણ વિશ્વમાં, ચાવા કીધા છે તારું;
ગુણવંત ગરીબને તારવા, એવું બિરુદ તમારું. ગુણ૦ ૪
અગણિત ગરીબ ઓધારીયા, કહેતાં પારજ નાવે;
અવિનાશાનંદ અલબેલના, ગુણ નિશદિન ગાવે. ગુણ૦ ૫

રાગ - વિભાસ પદ ૧

લાલચ લાગી રે, બેની મને લાલચ લાગી રે;
જોઈને જાદવરાય, મને લાલચ લાગી રે. ટેક૦
સુંદર મુખ સોહામણું, શોભે સુંદર વાણી રે;
સુંદર વરની ચાલમાં, બેની હું લોભાણી રે. જોઈને૦ ૧
ગુણવંતાના ગીતમાં મારું, ચિત્ત ચોરાણું રે;
એ વિના હું બીજું બેની, કાંઈ ન જાણું રે. જોઈને૦ ૨



શાન કરી મને શ્યામળે, આવીને ઓરે રે;
દીલડું મારું ડોલ્યું, એના ફુલને તોરે રે. જોઈને૦ ૩
જમુના પાણી હું ગઈ, મળ્યા બીચમાં માવો રે;
બ્રહ્માનંદના નાથથી થયો, નેણ મેળાવો રે. જોઈને૦ ૫

પદ – ૧

ઉઠોરે સહજાનંદ સ્વામી, વેણેલાં વાયાં રે,
તમારે દર્શને સર્વે, સંત વૃંદ આવ્યાં રે;
સવારે નગારાં, સ્વામીજીનાં થાય રે,
સાધુ બ્રહ્મચારી ઘેલે, નાવાને જાય રે. ઉઠો રે૦ ૧
નારદ નાચે ને, વીણા બજાવે રે,
મુળજી બ્રહ્મચારી હરિની, આરતી ઉતારે રે. ઉઠો રે૦ ૨
એક હારે પૂજા, મહારાજની થાય રે,
પ્રેમસખી જોઈ, જોઈ વારી જાય રે. ઉઠો રે૦ ૩

મંગળા આરતી - રાગ ભૈરવ પદ-૧

આરતી ઉમંગ સહિત, મંગળા ઉતારું;
મંગળમય મૂરતિ પર તન મન ધન વારું. આરતી૦ ૧
મંગળમય મંડપમેં રાજત દોઉ ભાઈ;
નારાયણ નરસમેત સંતન સુખદાઈ. આરતી૦ ૨
મંગળમય મુનિજન સબ મંગળ ગુન ગાવે;
મંગળમય સબ સમાજ બરન્યો નહિ જાવે. આરતી૦ ૩
મંગળમય દરશ કરત સતી સમાજ આઈ;
મુક્તાનંદ મંગળમય પ્રભુ પદ બલજાઈ. આરતી૦ ૪

આરતી પદ-૧

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ, બળવંત બહુનામી. પ્રભુ જય૦ ૧
ચરણ સરોજ તમારાં, વંદુ કર જોડી;

ચરણે શીશ ધર્યાથી, દુઃખ નાખ્યાં તોડી. જય૦ ૨
નારાયણ નર ભ્રાતા દ્વિજકુળ તનુ ધારી;
પામર પતિત ઉધાર્યા, અગણિત નરનારી. જય૦ ૩
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી;
અડસઠ તીરથ ચરણે, કોટી ગયા કાશી. જય૦ ૪
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે;
કાળ કરમથી છુટી, કુટુંબ સહિત તરશે. જય૦ ૫
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી;
મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સિધી. જય૦ ૬

રાગ બિહાગ શિતળ આરતી

શીતળ આરતી કીજે, શ્રીકૃષ્ણકી શીતળ આરતી કીજે. ટેક૦
શોભાધામ શ્યામ મુખ નિરખત, જનમ સુફળ કરી લીજે. શ્રીકૃષ્ણ૦ ૧
અગ્રબાતી ઘૃતબાતી અનોપમ, સો પાવક સે પ્રજારી;
અંગો અંગ ભૂષન મની ઝળકત, ભઈ શોભા અતિભારી. શ્રીકૃષ્ણ૦ ૨
સુરનર મુનિ સબ આયે દરશહિત, બોલત જય જય બાની;
મધુર મધુર બાજીંત્ર બજાવત, હોવત ધુની સુખદાની. શ્રીકૃષ્ણ૦ ૩
શ્રીઘનશ્યામ પીયા છબી નિરખત, આનંદ ઉર ન સમાવે;
મુક્તાનંદ મદન મોહન પર, વાર વાર બલ જાવે. શ્રીકૃષ્ણ૦ ૪

સંધ્યા આરતી પદ - ૧

આરતી પ્રગટ પ્રભુજી કી કીજે;
ચરણકમલ લખી અંતર લીજે. આ૦ ૧
સનકાદિક નારદ ત્રિપુરારી; વિમલ નામ રટે વારમવારી. આ૦ ૨
અનંત કોટી ભુવનેશ ભવાની; સબવિધિ મહિમા શકત નહી જાની.૦ ૩
ધરત ધ્યાન દ્રઢ જોગ મુનીશ્વર; શેષ સહસ્ર મુખ રટત નિરંતર. આ૦ ૪
નર નાટક ક્ષર અક્ષર ન્યારા; પુરુષોત્તમ પુરણ જન પ્યારા. આ૦ ૫
નૌતમ રૂપ અકળ છબી ન્યારી; બ્રહ્માનંદ જાવત બલિહારી. આ૦ ૬



શ્રીહનુમાનજીની આરતી

જય કપી બલવંતા, પ્રભુ જય કપી બલવંતા,
સુરનર મુનિજન વંદિત (૨) પદરજ હનુમંતા; જય કપી બલવંતા-ટેક૦
પૌઢ પ્રતાપ પવનસુત, ત્રિભુવન જયકારી (૨)
અસુર રિપુમદગંજન, ભય સંકટહારી...જય૦ ૧
ભુતપિશાચ વિકટગ્રહ, પીડત નહિ જંપે (૨)
હનુમંત હાકસુણીને, થર થર થર કંપે...જય૦ ૨
રઘુવિર સહાય ઉલંઘ્યો, સાગર અતિ ભારી (૨)
સીતા શોધ લે આયે, કપી લંકા જારી...જય૦ ૩
રામચરણ રતિદાયક, શરણાગત ત્રાતા (૨)
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત વરદાતા....જય૦ ૪

શ્રી હનુમાન સ્તોત્રમ્

નીતિપ્રવિણ ! નિગમાગમશાસ્ત્રબુદ્ધે ! રાજાધિરાજ-
રઘુનાયક મંત્રીવર્ય ! સિન્દૂરચર્ચિતકલેવર નૈષ્ટિકેન્દ્ર !
શ્રી રામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ૧
સીતાનિમિત્તજરઘૂત્તમભૂરિકષ્ટ પ્રોત્સારણૈકકસહાય ! હતાસ્રપૌઘ !
નિર્દગ્ધયાતુપતિહાટકરાજધાને ! શ્રીરામ. ૨
દુર્વાર્યરાવણવિસર્જિતશક્તિઘાત કણ્ઠાસુલક્ષ્મણસુખાહૃતજીવવલ્લે !
દ્રોણાચલાનયનનન્દિતરામપક્ષ ! શ્રીરામ. ૩
રામાગમોક્તિતરિતારિતબન્ધ્વયોગદુઃખાબ્ધિમગ્નભરતાર્પિત-
પારિબર્હ ! રામાંઘ્રીપદ્મમધુપીભવદન્તરાત્મન્ ! શ્રીરામ. ૪
વાતાત્મકેસરિમહાકપિરાટ્તદીયભાર્યાંજનીપુરૂતપઃફલપુત્રભાવ !
તાર્ક્ષ્યોપમોચિતવપુર્બલતીવ્રવેગ ! શ્રીરામ. ૫
નાનાભિચારિકવિસૃષ્ટસવીરકૃત્યાવિદ્રાવણારુણસમીક્ષણદુઃપ્રધર્ષ્ય !
રોગઘ્નસત્સુતદવિત્તદમંત્રજાપ ! શ્રીરામ. ૬
યન્નામધેયપદકશ્રુતિમાત્રતોપિ યેબ્રહ્મરાક્ષસપિશાચગણાશ્ચ ભૂતાઃ તે

મારિકાશ્ચ સભયં હ્યપયાન્તિ સ ત્વં ! શ્રીરામ. ૭
ત્વં ભક્તમાનસસમીપ્સિતપૂર્તિશક્તો દીનસ્ય દુર્મદસપત્નભયાર્તિ-
ભાજઃ ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ ! શ્રીરામ. ૮

શ્રી ગણપતિજીની આરતી

જય ગણપતિ પ્યારા, જય ગણપતિ પ્યારા,
વિઘ્ન વિનાયક મૂર્તિ, સુખદાયક સારા. જય૦ ૧
જય જય શંભુકુમાર, શોક સદા હરતા,
દેવ વિશેષ વિચક્ષણ, રક્ષણના કર્તા. જય૦ ૨
ગૌરી પુત્ર ગણેશ, વંદુ કર જોડી,
સ્મરણ કરે છે તેનાં, દુઃખ નાખો તોડી. જય૦ ૩
લચપચતા લાડુનું, ભોજન બહુ ભાવે,
આપ બીરાજો છો ત્યાં, સંકટ નવ આવે, જય૦ ૪
સિદ્ધિ બુદ્ધિ બેઉ, શુભ પત્નિ સંગે,
શુભ કામે વિચરો છો, અતિશય ઉછરંગે. જય૦ ૫
સુરનર મુનિવર સર્વે, સેવે છે તમને,
મંગલકારી મૂર્તિ, આપો સુખ અમને. જય૦ ૬
જય સંકટ હર સુખકર, અરજી ઉર ધરજો,
વિશ્વ વિહારી કેરો, અભ્યુદય કરજો. જય૦ ૭

શ્રીગણપતિ સ્તોત્રમ્

વિઘ્નેશ ! વિઘ્નચયખંડનનામધેય ! શ્રી શંકરાત્મજ ! સુરાધિપવન્દ્યપાદ
દુર્ગામહાવ્રતફલાખિલમંગલાત્મન્! વિઘ્નં મમાપહર સિદ્ધિવિનાયક! ત્વમ્૦
સત્પદ્મરાગ મણિવર્ણ શરીરકાન્તિ : । શ્રી સિદ્ધિબુદ્ધિપરિચર્ચિતકુંકુમશ્રીઃ
દક્ષસ્તને વલયિતાતિમનોજ્ઞશુણ્ડો !. . . વિઘ્નં૦ ૨
પાશાંકુશાબ્જપરશૂંશ્ચ દધચ્ચતુર્ભિર્દોર્ભિશ્ચ શોણકુસુમસ્રગુમાંગજાતઃ
સિન્દુરશોભિતલલાટ વિધુપ્રકાશો. . . વિઘ્નં૦ ૩
કાર્યેષુ વિઘ્નચયભીતવિરંચિમુખ્યૈઃ । સંપૂજીતઃ સુરવરૈરપિ મોદકાદ્યૈઃ



સર્વેષુ ચ પ્રથમમેવ સુરેષુ પૂજ્યો !. . . વિઘ્નં૦ ૪
શીઘ્રાંચનસ્ખલનચુંચુરવોર્ધ્વકણ્ઠ । સ્થૂલોન્દુરુદ્રવણહાસિતદેવસંઘઃ
શૂર્પશ્રુતિશ્ચ પૃથુવર્તુલતુંગતુન્દો !. . . વિઘ્નં૦ ૫
યજ્ઞોપવિતપદલંભિતનાગરાજો । માસાદિપૂણ્યદદશીકૃતઋક્ષરાજઃ
ભક્તાભયપ્રદ ! દયાલય ! વિઘ્નરાજો !. . વિઘ્નં૦ ૬
સદ્રત્નસારતતિરાજીતસત્કિરીટઃ । કૌસુમ્ભચારુવસનદ્વય ઊર્જિતશ્રીઃ
સર્વત્રમંગલકરસ્મરણપ્રતાપો. . . વિઘ્નં૦ ૭
દેવાન્તકાદ્યસુરભીતસુરાર્તિહર્તા । વિજ્ઞાનબોધનવરેણ્ય તમોપહર્તા
આનંદિતત્રિભુવનેશ ! કુમારબંધો !. . . વિઘ્નં૦ ૮

થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી. જમો૦ ૧
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી. જમો૦ ૨
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી. જમો૦ ૩
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપુવા કઢી;
પુરી પોંચી થઈ છે ઘીમાં ચઢી. જમો૦ ૪
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી. જમો૦ ૫
ચળુ કરો લાવું જળ ઝારી, એલચી લવીંગ સોપારી;
પાન બીડી બનાવી સારી. જમો૦ ૬
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
બેસો સિંહાસને રાજી થઈને. જમો૦ ૭
કમરે કસીને ફેટો, રાજેશ્વર ઓઢીને રેટો;
ભૂમાનંદના વાલા ભેટો. જમો૦ ૮

મેવાનો થાળ

(જમો થાળ જીવન જાઉં વારી, એ રાગ.)

જમો થાળ મેવાનો શ્રીજી, ઠંડાં જળપાન કરોજી...ટેક.
સીતાફળ કેળાં સોનેરી, જામફળ પપૈયાં કેરી;
લીલી દ્રાક્ષ જમોને લ્હેરી... જમો૦ ૧
સંતરાં ચીકુ સફરજન, મોસંબી દાડમ મનરંજન;
જમો મેવા દુઃખ ભંજન... જમો૦ ૨
તરબુચ ફણસ ને તળીયાં, મનોહર ચીભડાં મળીયાં;
કાકડી ચોળા મગફળીયાં... જમો૦ ૩
ખારેક ખજુર ખલેલાં, કરમદાં રાણું સુધારેલાં;
જમો આપ જાંબુ અલબેલા... જમો૦ ૪
પોંક ઘઉં બાજરીનો તાજો, ઝીંઝરાં ઓળા જમી લેજો;
કૃપા કરી જોઈએ તે કહેજો... જમો૦ ૫
ટોપરાં સાકર પતાસાં, કાજુ આલુ અંજીર લાસાં;
બદામ પીસ્તાના મુખવાસ... જમો૦ ૬
સુકા લીલા મેવા સહુ લેજો, રાજેશ્વર રાજી રાજી રહેજો;
દાસ માવ પ્રસાદી દેજો... જમો૦ ૭

રાગ ગરબી થાળ પદ ૧

વ્હાલા આવો અમારે ઘેરરે, વારી જાઉં વાલમજી.
સેવા કરશું સારી પેર રે, વારી જાઉં૦
કાંઈ નિર ઉંને નવરાવું રે, વારી જાઉં૦
કાઈ જાુગતે કરીને જમાડું રે, વારી જાઉં૦ ૧
કાંઈ કંચન થાળ કટોરા રે, વારી જાઉં૦
પાસે પાણી પીધાના અબખોરા રે, વારી જાઉં૦ ૨
કંસાર ને ચુરમા ચોળી રે, વારી જાઉં૦
રસ રોટલી ઘીએ ઝબોળી રે, વારી જાઉં૦ ૩



ભાજી તાંદળજાની સારી રે, વારી જાઉં૦
માહીં ચોળાફળી છમકારી રે, વારી જાઉં૦ ૪
કાજુ આદાં કેરીનાં અથાણાં રે, વારી જાઉં૦
લીંબુ મરચાં જોયે તો મેં આણ્યાં રે, વારી જાઉં૦ ૫
તમે ચોખા ને દુધ શીરાવો રે, વારી જાઉં૦
માંહી સાકર બેક નખાવો રે, વારી જાઉં૦ ૬
તમે જમોને ઢોળું હું તો વાય રે, વારી જાઉં૦
ત્યારે કાંઈક ટાઢું મારે થાય રે, વારી જાઉં૦ ૭
જળ જમુનાની ભરી ઝારી રે, વારી જાઉં૦
તમને ચળુ કરાવે બ્રહ્મચારી રે, વારી જાઉં૦ ૮
કાથોચુનો પાનલવીંગ સોપારી રે, વારી જાઉં૦
તમે મુખવાસ લ્યોને મુરારી રે, વારી જાઉં૦ ૯
પ્રભુ પલંગ ઉપર પોઢાડું રે, વારી જાઉં૦
ઝાઝીવાર થાય તો જગાડું રે, વારી જાઉં૦ ૧૦
ઘેલું ઘેલું બોલીને સુખ દેજો રે, વારી જાઉં૦
કાંઈ કહેવાનું હોય તો કહેજો રે, વારી જાઉં૦ ૧૧
આપો અબળાને આનંદ રે, વારી જાઉં૦
બલિહારી બ્રહ્માનંદ રે, વારી જાઉં૦ ૧૨

મોટો થાળ રાગ : ગરબી

અવિનાશી આવોરે જમવા શ્રીકૃષ્ણ હરિ,
શ્રી ભક્તિ ધર્મ સુતરે જમાડું પ્રીત કરી. ૧
શેરડીઓ વાળીરે ફુલડાં વેર્યાં છે,
મણીયાગર મંદિર રે લીપ્યાં લેર્યાં છે. ૨
ચાખડીયો પહેરી રે પધારો ચટકંતા,
મંદિરીયે મારે રે પ્રભુજી લટકંતા. ૩
બાજોઠે બેસારી રે ચરણ કમળ ધોવું,

પામરીયે પ્રભુજી રે પાવલીયાં લોવું. ૪
ફુલેલ સુગંધી રે ચોળું શરીરે,
હેતે નવરાવું રે હરિ ઉને નીરે. ૫
પહેરાવું પ્રીતે રે કે પીતાંબર ધોતી,
ઉપરણી ઓઢાડું રે અતિ ઝીણી પોતી. ૬
કેસર ચંદનનું રે ભાલે તિલક કરૂં,
વંદન કરી વિષ્ણુ રે ચરણે શીશ ધરું. ૭
ઉર હાર ગુલાબી રે ગજરા બાંધીને,
નિરખું નારાયણ રે દ્રષ્ટિ સાંધીને. ૮
શિતળ સુગંધી રે કળશ ભર્યા જળના,
ઉલેચ બાંધ્યા છેરે ઉપર મખમલના. ૯
કંચન બાજોઠે રે બિરાજો બહુનામી,
પકવાન પીરસી રે થાળ લાવું સ્વામી.૧૦
મોતૈયા લાડુ રે સેવૈયા સારા,
તમકાજ કર્યા છે રે લાખણ સાઈ પ્યારા.૧૧
મગદળ ને સેવદળ રે લાડુ દળના છે,
ખાજાં ને ખુરમાં રે ચુરમાં ગોળના છે. ૧૨
જલેબી ઘેબર રે બરફી બહુ સારી,
પેંડા પતાસાં રે સાટા સુખકારી. ૧૩
મરકી ને મેસુબ રે જમો જગવંદનજી,
સુતરફેણી છે રે ભક્તિનંદનજી.૧૪
ગગન ને ગાંઠીયા રે ગુંદવડાં વહાલા,
ગુલાબપાક જમજો રે ધર્મતણા લાલા. ૧૫
એલાયચી દાણા રે ચણા છે સાકરીયા,
ગુંદરપાક સુંદર રે જમજો ઠાકરીયા. ૧૬
ટોપરાપાક ટાઢો રે સકરપારા સારા,



સેવો ઘી સાકર રે તમે છો જમનારા. ૧૭
કેસરીયો બિરંજ રે ગળ્યો ને મોળો છે,
સાકરનો શીરો રે હરિસો ધોળો છે. ૧૮
લાપસી કંસારમાં રે ઘી બહુ રસબસ છે,
ખીર ખાંડ ઘી રોટલી રે જમો બહુ સરસ છે. ૧૯
બદામ ચારોળી રે દ્રાક્ષ તે નાખીને,
દુધપાક કર્યો છે રે જુઓ હરિ ચાખીને. ૨૦
પુરી કચોરી રે પૂરણપોળી છે,
રોટલીઓ ઝીણી રે ઘીમાં બોળી છે. ૨૧
પાપડ ને પુડલા રે મીઠા માલપુડા,
માખણ ને મીસરી રે માવો દહીંવડાં. ૨૨
ઘઉંની છે બાટી રે બાજરાની પોળી,
ઝાઝીવાર ઘીમાં રે હરિ મેં ઝબકોળી. ૨૩
તલસાંકળી સુંદર રે બીજી ગોળપાપડી,
ગાંઠિયા ને કળી રે ત્રીજી ફુલવડી. ૨૪
ભજીયાં ને વડાં રે સુંદર દહીં થરિયાં,
વઘાર્યા ચણા રે માંહી મીઠું મરિયાં. ૨૫
ગુંજા ને મઠિયાં રે ફાફડા ફરસા છે,
અળવી આદાનાં રે ભજીયાં સરસાં છે. ૨૬
કંચન કટોરે રે પાણી પીજોજી,
જે જે કાંઇ જોઇએ રે તે માગી લેજોજી. ૨૭
રોટલી રસ સાકર રે જમજો અલબેલા,
રાયણ ને રોટલી રે ખાંડ કેળાં છેલા. ૨૮
મુરબ્બા કર્યા છે રે કેરી દ્રાક્ષ તણા,
સુંદરવર જમજો રે રાખશો માં મણા. ૨૯
કટોરા પૂર્યા રે સુંદર શાકોના,

કેટલાક ગણાવું રે છે ઝાઝા વાના. ૩૦
સુરણ તળ્યું છે રે સુંદર ઘી ઝાઝે,
અળવી રતાળુ રે તળ્યાં છે તમકાજે. ૩૧
મેં પ્રીત કરીને રે પરવળ તળીયાં છે,
વંતાક ને વાલોળ રે ભેળાં ભળીયાં છે. ૩૨
કંકોડાં કોળાં રે કેળાં કારેલાં,
ગલકાં ને તુરીયાં રૂડાં વઘારેલાં. ૩૩
ચોળા વાલોળો રે પ્રીત કરી તળીયો,
દુધિયાં ને ડોડા રે ગુવારની ફળીયો. ૩૪
લીલવા વઘાર્યા રે થયા છે બહુ સારા,
ભીંડાની ફળીયો રે તળિયો હરિ મારા. ૩૫
ટાંકો તાંદળજો રે મેથીની ભાજી,
મુળા મોગરીયો રે સુવાની તાજી. ૩૬
ચણેચી ડોડી રે ભાજી સારી છે,
કઢી ને વડી રે સુંદર વઘારી છે. ૩૭
નૈયાનાં રાયતાં રે અતિ અનુપમ છે,
મીઠું ને રાઈ રે માંઇ બે સમ છે. ૩૮
કેટલાક ગણાવું રે પાર તો નહીં આવે,
સારું સારું જમજો રે જે તમને ભાવે. ૩૯
ખારૂં ને મોળું રે હરિવર કહેજોજી,
મીઠું મરી ચટણી રે માગી લેજોજી. ૪૦
અથાણાં જમજો રે સુંદર સ્વાદુ છે,
લીંબુ ને મરચાં રે આંબળાં આદુ છે. ૪૧
રાયતી ચીરી રે કેરી બોળ કરી,
ખારેક ને દ્રાક્ષમાં રે નાખ્યાં લવીંગ મરી. ૪૨
કેરાં ને કરમદાં રે તળી છે કાચરીયો,



બીલાં બહુ સારાં રે વાંસ ને ગરમરીયો. ૪૩
પંખાળીના ભાતમાં રે સુંદર સુગંધ ઘણો,
એલાયચીનો પીરસ્યો રે આંબા મોરતણો. ૪૪
મેં કઠણ કરી છે રે દાળ હરિ તુવેરની,
પાતળી પીરસી છે રે દાળ હરિ મસુરની. ૪૫
મગ ને અડદની રે કરી છે ધોઇને,
ચોળા ને ચણાની રે ઘીમાં કરમોઇને. ૪૬
દાળ ને ભાત જમજો રે તમને ભાવે છે,
ચતુરાઇએ જમતાં રે પ્રીતિ ઉપજાવે છે. ૪૭
દહીં ને ભાત જમજો રે સાકર નાખી છે,
દુધ ને ભાત સારું રે સાકર રાખી છે. ૪૮
દુધની તર સાકર રે ભાત જમો પહેલાં,
સાકર નાખીને રે દુધ પીઓ છેલા. ૪૯
જે જે કાંઇ જોઇએ રે તે કહેજો અમને,
કાંઇ કસર કરો તો રે મારા સમ તમને. ૫૦
જીવન જમીને રે ચળુ કરો નાથ,
ચંદન ગારેસું રે ધોવરાવું હાથ. ૫૧
તજ એલચી જાયફળ રે જાવંતરી સારી,
કાથો ને ચુનો રે સારી સોપારી. ૫૨
નાગરવેલીનાં રે પાન લાવી પાકાં,
ધોઇને લુછ્યાં છે રે અનુપમ છે આખાં. ૫૩
માંહી ચુરણ મેલી રે બીડી વાળી છે,
લલિત લવીંગની રે ખીલી રસાળી છે. ૫૪
મુખમાં હું મેલું રે બીડી પ્રીત કરી,
આરતી ઉતારું રે પ્રભુજી ભાવભરી. ૫૫
ફુલ સેજ બિછાવું રે પોઢો પ્રાણ પતિ,

પાવલીયાં ચાંપું રે હૈડે હરખ અતિ. ૫૬
થાળ ગાયો પ્રીતે રે ધર્મકુળ મુકુટ મણી,
આપો પ્રેમાનંદને રે પ્રસાદી થાળ તણી. ૫૭

થાળ

જમોને જમાડું રે જીવન મારા, હરિ રંગમાં રમાડું રે. જીવન મારા. ૧
વાલાજી મારા સોનાનો થાળ મંગાવું,મોતીડે વધાવું રે. જીવન મારા. ૨
વાલાજી મારા ઘેબર જલેબી ને લાડુ, જમોને થાય ટાઢું રે. જીવ૦ ૩
વાલાજી મારા ગૌરીનાં ઘૃત મંગાવું, માંહી સાકર નંખાવું રે. જીવ૦ ૪
વાલાજી મારા દૂધ કઢેલ ભલી ભાતે, જમોને આવી ખાંતે રે. જીવ૦ ૫
વાલાજી મારા પાપડ પતાસાં ને પોળી, જમોને ગળી મોળી રે. જીવ૦ ૬
વાલાજી મારા તુવેરની દાળ ચઢી ભારી, વિશેષે વઘારી રે. જીવ૦ ૭
વાલાજી મારા કઢી કરી છે બહુ સારી, જમોને ગિરધારી રે. જીવ૦ ૮
વાલાજી મારા આદાં કેરીનાં અથાણાં, છે વાલ ને વટાંણાં રે. જીવ૦ ૯
વાલાજીમારા જે જે જોઈએ તે માગી લેજો, ખારું ને મોળું કહેજો રે.જી.
વાલાજી મારા જળરે જમુનાની ભરી ઝારી, ઉભા છે બ્રહ્મચારી રે.જી૦૧૧
વાલાજી મારા લવીંગ સોપારી તજ તાજાં, જમોને લાવું ઝાઝાં રે. જી૦૧૨
વાલાજી મારા પ્રેમાનંદના સ્વામી, છો અંતરજામી રે. જીવ૦ ૧૩

રાત્રીના ભોજનનો થાળ પદ - ૧

રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી રે, રૂડી૦
ચોખા દાળ જતન કરી જોઇ, નિર્મળ નીરે ધીરેધોઇ;
મધુરે મધુરે તાપે માખણ શી ચડી રે. રૂડી૦ ૧
ઘી ઘણું જમો અલબેલા, અથાણાં પાપડ રંગ છેલા;
ચોપે શું ચોળાની કાજુ કરી વડી રે. રૂડી૦ ૨
દૂધ કઢીને દહીં જમાવી, લલિત લવીંગે શું છમકાવી;
ભુધરને જમવાને કાજે કરી કઢી રે. રૂડી૦ ૩
શીતલ જલ જમુનાનાં લાઉં, પ્રેમેથી જલ પાન કરાવું;



મનગમતા મુખવાસ લીયો હરિહેતથી રે. રૂડી૦ ૪
દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી;
મોહનવરને હાથે મુજને મોજમળીરે. રૂડી૦ ૫

રાગ : સામેરી થાળ પદ - ૧

વાલા ભોજનિયાં બહુ ભાત, જમો ગિરધારી રે,
તમને જોવા કારણ આજ, આવી વ્રજનારી રે,
સોના કેરો પાટલો રે, સોના કેરો થાળ,
જળ જમુનાનાં નીરની, ઝારી ભરી મૂકી તતકાળ. જમો૦ ૧
ઘેબર બહુ ઘીમાં કર્યા રે, લાડુ સાકરના સાર,
સેવ સુંવાળી લાપસી, માંય ઘી ઘુંણીયલ ધાર. જમો૦ ૨
બરફી પેંડા ને મોતિયા રે, જલેબી જગદીશ,
સુતરફેણી શ્યામળા, કરી દળી ઝીણે અતિ પીશ. જમો૦ ૩
દુધપાક ને પુરીઓ રે, માલપુડા મેસુબ,
કેળાં સાકર રસ રોટલી, આરોગો આજ હરિ ખૂબ. જમો૦ ૪
ભજીયાં વડાં ને રાયતાં રે, વાલોળ ને વંતાક,
કંકોડાં કારેલડાં, છમકાર્યાં સલુણાં શાક. જમો૦ ૫
ટીંડોરાં ને તુરિયાં રે, ગલકાં પરવળ પરબ્રહ્મ,
તુવેરની તમ કારણે, વાલા દાળ કરી છે નરમ. જમો૦ ૬
વડી કડી સર્વે શાકમાં રે, વઘાર્યા વાલમ,
આરોગો અલબેલડા, શરમ રાખો તો મારા સમ. જમો૦ ૭
નૈયા સુરણનું શાક મેં રે, કીધું તમારે કાજ,
ફુલવડી ફળી ગ્વારની રે, તળી ઘીમાં મેં મહારાજ. જમો૦ ૮
ભાજી ભૂધર બહુ ભાતની રે, અથાણાં અપાર,
દુધ ભાતમાંય ધોબલે, નાખું સાકર વારંવાર. જમો૦ ૯
તૃપ્ત થઈ ચળુ કરો રે, આત્માના આધાર,
પે'રાવું અતિ પ્રીતશું, ચંપા ચમેલીના હાર. જમો૦ ૧૦

લવીંગ સોપારી ને એલચીરે, કાથો ચુનો ને પાન,
ત્યાગાનંદના વાલમા, મુખવાસ કરો ભગવાન. જમો૦ ૧૧

મુખવાસનું પદ - ૧

લેતા જાઓ રે સાવરિયા બીડી પાનનકી
બીડી પાનનકી,નાગર વેલનકી, લેતા જાઓ રે સાવરિયા બીડી - ટેક૦
કાથો ચુનો વારી લવીંગ સોપારી, એલચી મંગાવું મુલતાનનકી;લેતા૦
એક એક બીડી મોરી સાસું નણંદકી; દૂસરી બીડી મોરે લાલનકી.લેતા૦
આવો શ્રીકૃષ્ણ હરિ પાટે બેસારું, બાજી ખેલાવું સારી રેનનકી. લેતા૦
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી; એટલી અરજ તોરે દાસનકી. લેતા૦

(ગોડી સંગ્રહ) ગોડી પદ-૧

શ્યામની છબી રે, સખી શ્યામની છબી,
જોને ફુલડેથી છાઈ, સખી શ્યામની છબી. ટેક૦
ફુલોના તોરાની ફોરે, ભ્રમર કરે ગુંજાર;
અંગોઅંગ હરિને ઓપે, ફુલડાંના શણગાર. શ્યામની૦ ૧
કાનુમેં ફુલડાંના કુંડળ, ફુલોના ભુજબંધ;
ફુલતણા ગજરા ફાવે છે, સુંદર માંહી સુગંધ. શ્યામની૦ ૨
ફુલતણો શિર મુગટ જોઈને, મગન ફીરે વ્રજનાર;
ફુલતણી શોભાપર જાયે, બ્રહ્માનંદ બલિહાર. શ્યામની૦ ૩

પદ — ૨

ફુલની માળા રે, શોભે ફુલની માળા
બેની સુંદરવરને શોભે ગળે, ફુલની માળા. ટેક૦
નવલ કલંગી પટકા ઉપર, તોરે હદ વાળી;
ફુલની પછેડી ઓઢી, ઉભા વનમાળી. ફુલની૦ ૧
ફુલડાંની વૈજયંતી માળા, હરિવરને ફાવે;
એ માળાને જોવા સારુ, ઈન્દ્રાદિક આવે. ફુલની૦ ૨
ફુલ કલંગી માથે લટકે, છબી નૌતમ સારી;



બ્રહ્માનંદ કહે નટવર મૂરતિ, નેણુંમાં ધારી. ફુલની૦ ૩

પદ — ૩

ફુલની બાંધી રે પોંચી, ફુલની બાંધી;
હેલી નટવરજીને હાથે, પોંચી ફુલની બાંધી. ટેક૦
ફુલતણાં છોગલીયાં ફરતાં, મેલ્યાં મરમાળા;
કાનું ઉપર ફુલડાં ખોસ્યાં લાગે રૂપાળાં. ફુલ૦ ૧
ફુલદડો ઉછાળે વહાલો, લટકે મન લેવા;
એ લટકાંને જોવા આવે, ભવબ્રહ્મા જેવા. ફુલ૦ ૨
ફુલડાંની ટોપી ગુંથીને, પ્રેમે પેરાવી;
બ્રહ્માનંદ કહે એ છબી મેંતો, અંતર ઠેરાવી. ફુલ૦ ૩

પદ — ૪

મન મારું મોહ્યું રે આલી, મન મારું મોહ્યું;
એની ફુલડાંની શોભા જોઈને, મન મારું મોહ્યું. ટેક૦
ફુલડાં કેરા ગજરા ધાર્યા સુંદરવર છેલે;
તે ગજરાની ફોરે ભમરા, કેડો નવ મેલે. મન૦ ૧
ફુલડાં કેરા તોડા પહેર્યા, વ્રજજીવન વાલે;
ભૂધરજી ફુલડાંને ભારે લટકંતા ચાલે. મન૦ ૨
અલબેલાને સર્વે અંગે, ફુલી ફુલવાડી;
બ્રહ્માનંદ કહે એ છબી જોવા, આવીશ હું દાડી. મન૦ ૩

ગોડી પદ - ૧

લગની લાગી રે મારે લગની લાગી;
સખી શામળીઆ સંગાથે મારે, લગની લાગી. ટેક૦
મીઠે સ્વરે મોહનજીની, મોરલી વાગી;
સાંભળતામાં ચટકી લાગી, ઝબકી જાગી. લગની લાગી૦ ૧
વૃંદાવનની વાટે ચાલી, કુળ લજ્જા ત્યાગી;
વાંસળી વગાડતાં જોયા, શ્યામ સોહાગી. લગની લાગી૦ ૨

રસિયા સંગે રમતાં સર્વે, ભ્રમણા ભાંગી;
મેં તો અખંડ સોહાગ લીધો, મુખડે માગી. લગની લાગી૦ ૩
મુક્તાનંદ કે' પલ એક ન્યારો, ન મેલું વા'લો;
શિરને સાટે ક્યાંથી મળે, નંદનો લાલો. લગની લાગી૦ ૪

પદ – ૨

ગિરધારી રે સખી!, ગિરધારી,
મારે નિરભે અખુટ, નાણું ગિરધારી. ટેક૦
ખરચ્યું ન ખૂટે એને, ચોર ન લુંટે;
દામની પેઠે એ ગાંઠે, બાંધ્યું નવ છૂટે. ગિરધારી૦ ૧
અણગણ નાણું સંચી અંતે, નિરધનીયાં જાયે;
તેની પેઠે નિરભે નાણું, દૂર ન થાયે. ગિરધારી૦ ૨
સંપત વિપત સર્વે, સ્વપ્નું જાણું;
હરિના ચરણની સેવા, પુરણ ભાગ્ય પરમાણું. ગિરધારી૦ ૩
મુક્તાનંદ કહે મોહનવરને ઉરમાં ધારી;
હવે દુઃખ ને દારિદ્ર થકી થઇ રહી હું ન્યારી. ગિરધારી૦ ૪

પદ – ૩

સુખ પામી રે સખી!, સુખ પામી;
હું તો શામળીયાને શરણે, જાતાં સુખ પામી. ટેક૦
શરણાગતને પાળે સદા, બહુનામી;
મારે હરિનો ઉપર હાથ, કશી ન રહી ખામી. સુખ પામી૦ ૧
તપ ને તીરથ મેં તો, કાંઇ નવ કીધું;
મારે ઘેર બેઠાં શ્યામ થકી, કારજ સીધું. સુખ પામી૦ ૨
સંસારીનું સુખડું જુઠું, આવે ને જાયે;
હરિનો અખંડ સોહાગ, કેદી કાળ ન ખાયે. સુખ પામી૦ ૩
મુક્તાનંદ કે' હરિ હરિજનની, ગતી છે ન્યારી;
તેને દેહદરશી દેખે, પોતા જેવા સંસારી. સુખ પામી૦ ૪



પદ – ૪

છેલ છોગાળો રે, મીઠી મોરલીવાળો;
મારે મંદિરયે પધારે, નિત્ય છેલ છોગાળો. ટેક૦
હસતાં હસતાં મુજને દેખી, આનંદ પામે;
એની કરુણાની દષ્ટિ, સર્વે દુઃખડાં વામે. છેલ છોગાળો૦ ૧
મોતીડાંની માળા પે'રી, મલપંતો આવે;
ગાવું ત્યાં સંગાથે મારે, પ્રેમ શું ગાવે. છેલ છોગાળો૦ ૨
મેં વાલો વશ કીધા, મુજને વાલે વશ કીધી;
આમાસામી પાનબીડી, દીધી ને લીધી. છેલ છોગાળો૦ ૩
મુખડેથી તંબોળ મુજને, મહેર કરી દીધો;
મુક્તાનંદ કહે મોહનસંગે, લાવ ઘણો લીધો. છેલ છોગાળો૦ ૪

ગોડી પદ - ૧

સંત સમાગમ કીજે હો, નિશદિન સંત સમાગમ કીજે.
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે. હો નિશ૦ ૧
અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે. હો નિશ૦ ૨
ભવ દુઃખ ટળે બળે સબ દુષ્કિત, સબવિધિ કારજ સીજે. હો નિશ૦ ૩
બ્રહ્માનંદ સંતનકી સોબત, જન્મ સુફળ કરી લીજે. હો નિશ૦ ૪

પદ – ૩

સંત પરમ હીતકારી, જગતમાંહી સંત પરમ હીતકારી,
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મીટાવત ભારી. જગત૦ ૧
પરમ કૃપાળુ સકળ જીવન પર, હરિસમ સબ દુઃખહારી. જગત૦ ૨
ત્રિગુણાતીત ફીરત તન ત્યાગી, રીત જગતસેં ન્યારી. જગત૦ ૩
બ્રહ્માનંદ સંતનકી સોબત, મીલત હે પ્રગટ મુરારી. જગત૦ ૪

પદ – ૩

હરિ ભજતાં સુખ હોય, સમજ મન હરિ ભજતાં સુખ હોય.
હરિ સમરન બિન મૂઢ અજ્ઞાની, ઉમર દીની ખોય. સમજ૦ ૧

માત પિતા જુવતી સુત બંધવ, સંગ ચલત નહિ કોય. સમજ૦ ૨
ક્યું અપને શિર લેત બુરાઇ, રહેના હૈ દીન દોય. સમજ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ભજી લે, હિતકી કહત હું તોય. સમજ૦ ૪

પદ – ૪

યું હી જન્મ ગુમાત, ભજન બીન યું હી જન્મ ગુમાત.
સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાળ નીકટ ચલી આત. ભજન૦ ૧
ભયોરી બેહાલ ફીરત હે નિશદીન, ગુન વિષયનકે ગાત. ભજન૦ ૨
પરમારથકો રાહ ન પ્રીછત, પાપ કરત દિન રાત. ભજન૦ ૩
બ્રહ્માનંદ કહે તેરી મૂરખ, આયુષ્ય વૃથાહી જાત. ભજન૦ ૪

ગોડી પદ - ૧

હિતકારી હરિ રે, સખી હિતકારી હરિ;
છપૈયામાં પ્રિતે પ્રગટ્યા, હિતકારી હરિ - ટેક૦
અક્ષરવાસી અલબેલોજી કરુણા કરી;
ધર્મ ને ભક્તિ થકી, દુર્લભ દેહ ધરી. હિતકારી૦ ૧
બાળ સ્વરૂપ બનાવ્યું, વ્હાલે સૌને અનુસરી;
મોહનજીનું મુખડું જોતાં, નેણાં રે ઠરી. હિતકારી૦ ૨
ભવ બ્રહ્માદિક જેવા જેને, ભજે પ્રેમ ભરી;
કાળ કઠોર કહાવે તે તો, ભાગે દૂર ડરી. હિતકારી૦ ૩
આશ્રિત જનના ટાળે વાલો, અંતરના અરી;
દયાનંદ કહે નિર્ભય થાવું, એ વાલો વરી. હિતકારી૦ ૪

પદ – ૨

લટકાળો લહેરી રે, સખી લટકાળો લહેરી;
છપૈયામાં રમે છેલો, લટકાળો લહેરી... ટેક૦
અનુપમ અંગી પ્યારે, પ્રીતશું પહેરી;
જીવનજીને જોવા ઉભા, જન ઘણા ઘેરી. લટકાળો૦ ૧
મરમાળાની મૂર્તિ સૌના, મનમાં ઠેરી;



વ્હાલ વધારી બોલે વ્હાલો, વાંણી મુખ ઘેરી. લટકાળો૦ ૨
પ્રાણપતિને કાજે આવે, કફની પહેરી;
શિવજી સરખા હેયે હરખે, શ્યામને હેરી. લટકાળો૦ ૩
છબી અલૌકિક અંતર ધારો, છોગાળા કેરી;
દયાનંદ કહે આવો અવસર, નહિ આવે ફેરી. લટકાળો૦ ૪

પદ – ૩

જીવનજી જોવા રે સખી, જીવનજી જોવા,
છપૈયામાં ચૂંપે ચાલો, જીવનજી જોવા..ટેક૦
પ્રેમવતી સુત પાતળીયાને, ચિત્તામાં પ્રોવા;
શામળીયા સંગાથે રહીએ, મનના મળ ધોવા. જીવન૦ ૧
નૌતમ મૂર્તિ નટવરજીની, નેણામાં ઠોવા;
ખોટો ખેલ સંસારી કેરો, ખાંતે શું ખોવા. જીવનજી૦ ૨
શ્રી ઘનશ્યામ સલુણાજીને, હેત તણો હેવા;
દર્શન કારણ દોડી આવે, સનકાદિક જેવા. જીવનજી૦ ૩
બાળચરિત્ર કરે છે મોહન, મનડાંને મોહોવા;
દયાનંદ કહે હેતે જાઈએ, હરિનાં હોવા. જીવનજી૦ ૪

પદ – ૪

મનડે ભાવી રે સખી, મનડે ભાવી;
સહજાનંદ સલુણી છબી, મનડે ભાવી.. ટેક૦
પશ્ચિમ દેશ પધાર્યા પ્યારો, દયા દિલ લાવી;
અનંતજન ઓધાર્યા વ્હાલે, પાપ નશાવી. મનડે૦ ૧
મુક્તિ કેરો મારગ મોટો, ચલાવ્યો આવી;
શરણાગતને સુખિયા કીધા, અમૃતરસ પાવી. મનડે૦ ૨
હરિજન હરખે સુંદર વસ્ત્ર, પ્રેમે પહેરાવી;
પાઘ મનોહર મસ્તક ધારી, તોરા લટકાવી. મનડે૦ ૩
વેદ મગન થઇ હરિમૂર્તિનો, મહિમા ગાવી;

દયાનંદ કહે એ મૂર્તિ મેં, દીલમાં ઠેરાવી. મનડે૦ ૪

રાગ : ગોડી પદ-૧

નરતન ભવતરન નાવ, દાવ દુર્લભ આયો,
નયન શ્રવણ નાસિકા, મુખ બહુ વિધિ બનાયો.. ટેક૦
સદ્‌ગુરુ શુભ કરનધાર, હરિજન મન અતિ ઉદાર,
વચન કહત વારવાર, પારહું પમાયો. નરતન૦ ૧
જનમ મરણ જગત જાલ, કરમ ભરમ કઠીન કાલ;
માધવ મેટત દયાલ, ભેટત મન ભાયો. નરતન૦ ૨
મનુષ્ય તન મોક્ષદ્વાર, સમજત અસાર સાર;
અંતર પ્રભુ રહે અપાર, પુરન સુખ પાયો. નરતન૦ ૩
રાજકાજ લોકલાજ, સુપન જાની ધનસમાજ;
દેવાનંદ દેખી આજ, ગોવિંદ ગુન ગાયો. નરતન૦ ૪

પદ — ૨

હરિ ભજ તજ હરખ શોક, લોકલાજ ત્યાગી;
માત તાત ભગિનિ ભ્રાત, જાત જોને જાગી. ટેક૦
ગયે અનેક રહત એક, ધરમ ઉપર ધરહું ટેક;
વારવાર કર વિવેક, અંધ નર અભાગી. હરિભજ૦ ૧
જોબન ધન કરત નાશ, ફીરત કાલ આસપાસ;
પકરત અબ વરસ માસ, દેવત મુખ આગી. હરિભજ૦ ૨
સંતન કર સુભગ સાથ, ગોવિંદ ગુણ કરહું ગાથ;
રીઝત રંગરેલ નાથ, નિરભે નોબત વાગી. હરિભ૦ ૩
ચંચલ નર ચેત ચેત, હરિસંગ કર હેત હેત;
દેવાનંદ લેત લેત, મોજ ચરન માગી. હરિભજ૦ ૪

પદ — ૩

પ્રભુ પદ કર પ્રિત નિત જનમ જીત જાવે;
સ્વારથ સંસાર લાર, દિન દિન દુઃખ આવે. ટેક૦



અતિ અજાન મમતવાન, તાતે ગુપ્ત ગ્રહમેં તાન;
ભૂલી કે ભગવાન માન, અંતર અકુલાવે. પ્રભુ૦ ૧
પરધન પરનારી આશ, બિન બિચારે બાર માસ;
દામ સહિત કામ દાસ, પરસમેં લપટાવે. પ્રભુ૦ ૨
જુઠ જાપ જપત આપ, તનમેં તપન ત્રિવિધ તાપ;
પામર નર કરત પાપ, અપના બુઝાવે. પ્રભુ૦ ૩
હરિ રીઝાવ દુર્લભ દાવ, તામેં તિવ્ર ભક્તિભાવ;
દેવાનંદ દુઃખ નશાવ, ચરન નાવ પાવે. પ્રભુ૦ ૪

પદ — ૪

મુરખ મતિમંદ નર, મુકુંદ ક્યું વિસારે;
ભૂલી કે ભગવાન આનંદ, બહુ ઉરમેં ધારે. ટેક૦
સદાશિવ ઈન્દ્રજાસ, બ્રહ્મા ભવ વિષ્ણુ પાસ;
ઉત્પતિ પાલન વિનાશ, કરત ન્યારે ન્યારે. મુરખ૦ ૧
મારુત અરૂ મેઘમાલ, વરસત ભૂપર વિશાલ;
સૂરજ શશિ ડરત કાલ, ભય ગોપાલ ભારે. મુરખ૦ ૨
માયા પતિ અતિ પ્રવીન, સ્થાવર જંગમ સૌ કીન;
ભક્ત જક્ત ભીન ભીન, જીન આધીન પ્યારે. મુરખ૦ ૩
અક્ષર કોટિ અપાર, સમરત પ્રભુ સારસાર;
દેવાનંદ વારવાર, વંદત મતવારે. મુરખ૦ ૪

ધૂન્ય

રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ !
હરે રામ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ !
નારાયણ ! હરે ! શ્રીમન્નારાયણ ! હરે !
શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ ! હરે !
કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ ! હરે !
જય જય કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે !

વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે !
જય જય વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે !
વાસુદેવ ગોવિન્દ જય જય વાસુદેવ ગોવિન્દ !
જય જય વાસુદેવ ગોવિન્દ જય જય વાસુદેવ ગોવિન્દ
રાધે ગોવિન્દ, જય રાધે ગોવિન્દ (૨)
વૃન્દાવનચન્દ જય રાધે ગોવિન્દ (૨)
માધવ મુકુંદ જય માધવ મુકુન્દ (૨)
આનંદકન્દ જય માધવ મુકુન્દ
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ!

શ્રીરાધિકાકૃષ્ણાષ્ટક

નવીનજીમૂતસમાનવર્ણં, રત્નોલ્લસત્કુંડલશોભિકર્ણમ્
મહાકિરીટાગ્રમયૂરપર્ણં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૧
નિધાય પાણિદ્વિતયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્
નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૨
વિશુદ્ધહેમોજ્જવલપીતવસ્ત્રં, હતારિયુથં ચ વિનાપિ શસ્ત્રમ્
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૩
અધર્મતિષ્યાર્દિત સાધુપાલં, સદ્ધર્મ વૈરાસુર સંઘકાલમ્
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૪
ગોપીપ્રિયારમ્ભિત રાસ ખેલં, રાસેશ્વરી રંજનકૃત્ પ્રહેલમ્
સ્કન્ધોલ્લસત્કુંકુમચિહ્નચેલં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૫
વૃન્દાવને પ્રીતતયા વસન્તં, નિજાશ્રિતાનાપદઉદ્ધરન્તમ્
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારિ જીવાશ્રયણીયસારમ્
સદૈવ સત્પુરૂષસૌખ્યકારં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નન્દાદિસન્દર્શિત દિવ્યલોકમ્



વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૮

પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ ૧
મોહિમેં તવ ભકતપનો, તામેં કોઈ પ્રકાર
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર ૨
તુમારો તવ હરિભકતકો, દ્રોહ કબુ નહિ હોય
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય ૩
નાથ નિરંતર દર્શતવ, તવ દાસનકો દાસ
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ ૪
હેકૃપાળુ ! હે ભકતપતે !, ભકતવત્સલ ! સુનોબાત
દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત ૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ
તાકુ હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ ૬
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય
તાકી વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય ૭
હિંસા ન કરની જંતુકી, પરત્રિયા સંગકો ત્યાગ
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડ ભાગ્ય ૮
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત ૯
નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત
વિમુખ જીવકે વદનસેં, કથા સુની નહિ જાત ૧૦
એહી ધર્મ કે નિયમમેં, બરતો સબ હરિદાસ
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ ૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગ જીત ૧૨

ધ્યેયં સદા પરિભવઘ્નમભિષ્ટદોહં, તિર્થાસ્પદં શિવવિરંચિનુતં શરણ્યં।
ભૃત્યાર્તિહં પ્રણતપાલભવાબ્ધિપોતં વંદે મહાપુરુષ ! તે ચરણારવિંદમ્

શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટાનાં પદો - ૧

પ્રથમ શ્રી હરિને રે, ચરણે શિશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાવું. ૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાઈ વનને. ૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે. ૩
સહજ સ્વભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતાં સજની રે, બીક મટાડે જમની. ૪
ગાવું હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી. ૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જયારે;
તુલસીની માળા રે, કર લઇ ફેરવે ત્યારે. ૬
રમૂજ કરતા રે, રાજીવ નેણ રૂપાળા;
કોઇ હરિજનની રે, માગી લઇને માળા. ૭
બેવડી રાખી રે, બબે મણકા જોડે;
ફેરવે તાણી રે, કંઇક માળા તોડે. ૮
વાતો કરે રે, રમૂજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા. ૯
ક્યારેય મીંચી રે, નેત્ર કમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી. ૧૦

પદ — ૨

સાંભળ સૈયર રે, લીલા નટ નાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખ સાગરની. ૧



નેત્ર કમળને રે, રાખી ઉઘાડાં કયારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે. ૨
કયારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતાં જીવન રે, જન્મ મરણ દુઃખ ભાગે. ૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામુ જોઇ રહે છે. ૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે. ૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજાં;
તેમને જોઇને રે, મગન થાય મહારાજા. ૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નિરખી રાજી થાય. ૭
કયારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી. ૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જયારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે. ૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદનો સ્વામી. ૧૦

પદ — ૨

મનુષ્ય લીલા રે, કરતા મંગલકારી;
ભક્ત સભામાં રે, બેઠા ભવભય હારી. ૧
જેને જોતાં રે, જાયે જગ આશક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ. ૨
તે સંબંધી રે, વાર્તા કરતા ભારી;
હરિ સમજાવે રે, નીજ જનને સુખકારી. ૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાન્ત;

એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત. ૪
ક્યારેક હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે. ૫
જાણી પોતાના રે, સેવક જન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી. ૬
ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ. ૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નીજ જનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઈન્દ્રિય મનને. ૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ. ૯
પહેલી આંગળી રે, નેત્ર તણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન. ૧૦

પદ – ૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી. ૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે. ૨
શીતળ જાણી રે, લીબું હાર ગુલાબી;
તેને રાખે રે, આંખ્યું ઉપર દાબી. ૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોય;
વાતો કરે રે, કથા વંચાય તોય. ૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે. ૫
હાર ચડાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે. ૬



કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે. ૭
ભાન કથામાં રે, બીજી ક્રિયા માંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય. ૮
થાય સ્મૃતિ રે, પોતાને જયારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બેની. ૯
એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદ રસ વરસાવે;
એ લીલા રસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે. ૧૦

પદ – ૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મુરારી;
કરે ચરિત્ર રે, મનુષ વિગ્રહ ધારી. ૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજ જનને સુખ દેવા. ૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણ કામ. ૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે. ૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકીયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી. ૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને. ૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી. ૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહે રે, ચરણ કમળ દે નાથ. ૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરિધારી;

ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી. ૯
કયારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્ત તણા પ્રતિપાળ. ૧૦

પદ – ૬

એવાં કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી. ૧
કયારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે. ૨
છીંક જયારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાય રે, મુખ પર આડો દઈને. ૩
રમુજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ. ૪
કયારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ. ૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખ હારી રે, વારી બહુ નામીનો. ૬
કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય. ૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણા દ્રષ્ટિ રે, દેખી વાનજ વાળે. ૮
ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી. ૯
કયારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વાલો રે, પ્રેમાનંદનો હેલી. ૧૦

પદ – ૭

નિત્ય નિત્ય નૌત્તમ રે, લીલા કરે હરિરાય;



ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય. ૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વ્હાલે. ૨
કયારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે. ૩
ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી. ૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ. ૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ. ૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં. ૭
પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે જયારે;
દાતણ કરવા રે, ઉઠે હરિ તે વારે. ૮
નાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશ્યો રે, જળ ઢોળે વનમાળી. ૯
કોરે વસ્ત્રો રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુએ. ૧૦

પદ – ૮

રૂડા શોભે રે, નાહીને ઉભા હોય;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે. ૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારીપેઠે તાણી. ૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વ્હાલે;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે. ૩

માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા. ૪
જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી. ૫
જમણા પગને રે, રાખી ઉભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ. ૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ. ૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા. ૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે. ૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ. ૧૦

પદ – ૯

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને. ૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે. ૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો. ૩
વર્ષાઋતુને રે, શરદઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી. ૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ. ૫
બહુ જળ ક્રિડા રે, કરતા જળમાં ન્હાય;



જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય. ૬
ન્હાઈને બારે રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગ લહેરી. ૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે. ૮
ગઢપુરવાસી રે, જોઈને જગ આધાર;
સુફળ કરેછે રે, નેણાં વારંવાર. ૯
આવી બિરાજે રે, ઓસરીએ બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી. ૧૦

પદ – ૧૦

નિજ સેવકને રે, સુખદેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ. ૧
ફળિયા માંહિ રે, સભા કરી બીરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે. ૨
બ્રહ્મરસ વરસે રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને. ૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઉભી રાખી ફેરે. ૪
સુતાં સુતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત ફેરવે ચિત્ત દઈને. ૫
ભુલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ. ૬
ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય. ૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ. ૮

એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર. ૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે.૧૦

રાગ : ગરબી પદ-૧

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વ્હાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા.૧
ચિહ્ન અનુપમ અંગો અંગનાં, સુરતે સંભારું વ્હાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વ્હાલા. ૨
અરુણ કમલસમ જુગલચરણની, શોભા અતિસારી વ્હાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા. ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વ્હાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા. ૪
અંગુઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મનભાવી વ્હાલા. ૫
જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા. ૬
અષ્ટકોણ ને ઉર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વ્હાલા;
વજ્ર અંકુશ ને કેતુ પદ્મ, જમણે પગે નવ વ્હાલા. ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ્ય ને મીન વ્હાલા;
અર્ધ ચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા. ૮
જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા.૯
એજ અંગુઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વ્હાલા ;
પ્રેમાનંદ કહે નિરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વ્હાલા. ૧૦



રાગ : ધોળ પદ- ૧

હવે મારા વ્હાલાને નહિ રે વિસારું રે;
શ્વાસઉચ્છવાસે તે નિત્ય સંભારું રે. ૧
પડ્યું મારે સહજાનંદજી શું પાનું રે;
હવે હું તો કેમ કરી રાખીશ છાનુંરે. ૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે;
એ વર ન મળે ખરચે નાણું રે. ૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે;
એ સ્નેહ લગ્ન વિના નવ આવેરે. ૪
દુરીજન મન રે માને તેમ કહેજો રે;
સ્વામી મારા હ્દીયાની ભીંતર રહેજો રે. ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે;
મળ્યા મુને નિષ્કુળાનંદનો સ્વામી રે. ૬

પદ — ૨

હવે મારા વ્હાલાનાં દર્શન સારું;
હરિજન આવે હજારે હજારું. ૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી;
પૂરણ પુરુષોત્તમ અંતર જામી. ૨
સભા મધ્યે બેઠાં મુનિનાં વૃંદ;
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચન્દ. ૩
દુર્ગપુર ખેલ રચ્યો અતિ ભારી;
ભેળા રમે સાધુ ને બ્રહ્મચારી. ૪
તાળી પાડે ઉપડતી અતિસારી;
ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી. ૫
પાઘલડીમાં છોગલીયું અતિ શોભે;
જોઈ જોઈ હરિજનનાં મન લોભે. ૬

પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશી;
સહજાનંદ સ્વામી અક્ષરધામના વાસી. ૭
ભાંગી મારી જન્મો જન્મની ખામી;
મળ્યા મુને નિષ્કુળાનંદનો સ્વામી. ૮
રાગ-બિહાગ
પોઢે પ્રભુ સકલ મુનિકે શ્યામ, નરનારાયણ દિવ્ય મુરતિ;
સ્વામિનારાયણ દિવ્ય મુરતિ, સંતનકે વિશ્રામ. પોઢે૦ ૧
અક્ષર પર આનંદ ઘન પ્રભુ, કિયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા, લહત અક્ષર ધામ. પોઢે૦ ૨
શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ;
જાસ પદરજ શીષ ધરી ધરી, હોવત જન નિષ્કામ. પોઢે૦ ૩
પ્રેમકે પર્યંકપર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરણ ઢીગ ગુણ, ગાવત આઠું જામ. પોઢે૦ ૪
રાગ : ગરબી પદ - ૧
રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું. રે શ્યામ૦ ૧
રે તમ વિના સુખસંપત કહાવે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ ન આવે .રે શ્યામ૦ ૨
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મન વૃત્તિ અટકી. રે શ્યામ૦ ૩
રે અખંડ અલૌકિક સુખ તારૂં, તે જોઈ જોઇ મન મોહ્યું મારૂં;
ધરા ધન તમ ઉપર વારૂં. રે શ્યામ૦ ૪
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જુઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું. રે શ્યામ૦ ૫
રાગ : ગરબી પદ - ૧
વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.૧


સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ. ૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ. ૩
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશીખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમીરે લોલ. ૪
પદ — ૨
આવો મારા મોહન મીઠડા લાલ કે, જોઉં તારી મુરતિ રે લોલ;
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ. ૧
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ. ૨
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તીલક રૂડાં કર્યાં રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ. ૩
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ કે, ચિત મારાં ચોરીયાં રે લોલ. ૪
પદ — ૩
વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વાલમાં રે લોલ;
મન મારું તલપે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ. ૧
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ;
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ. ૨
વહાલા તારા દંત દાડમનાં બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ. ૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારું પ્રેમસખીના નાથ કે, તમ કેડે ભમે રે લોલ. ૪
પદ — ૪
રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;

વહાલા મારું મનડું મળવા ચ્હાય કે, જાય ચિતડું ચળીરે લોલ. ૧
વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડાં તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તીલ એક, અનુપમ સાર છે રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ. ૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ. ૪

પદ – ૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ. ૧
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણી જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ. ૩
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળુ ભરી બાથજી રે લોલ. ૪

પદ – ૬

વહાલા તારી મુરતિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ. ૧
વહાલા મારે સુખ સંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવન પ્રાણ, હસીને બોલાવતા રે લોલ. ૨
વહાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂરતિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ. ૩
આવો મારા રસિયા રાજીવ નેણ, મરમ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ. ૪



પદ – ૭

વાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોવું સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ. ૧
વાલા તારી નાભિ નૌતમ રૂપ, ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મનરંગ ચોળ છે રે લોલ. ૨
વાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વાલા નિત્ય નીરખું પીંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ. ૩
વાલા તારા ચરણ કમલનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ. ૪

પદ – ૮

વાલા તારાં જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ. ૧
વાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વાલા છેલી આંગળીયે તિલ એક, જોવાને મન દીન છે રે લોલ. ૨
વાલા તારા નખની અરુણતા જોઈ, શશીકળા ક્ષીણ છે રે લોલ;
વાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવિણ છે રે લોલ. ૩
વાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ. ૪

રાગ - ગરબી

પોઢો પોઢો સહજાનંદ સ્વામી રે,
 તમારી અખિયાંમાં નિંદરા ભરાણી રે. પોઢો૦ ૧
હાંરે તમે માથેથી પાઘ ઉતારો રે,
 પછી તમે બનાતની ટોપી ધારો રે-પોઢો૦ ૨
હાંરે તમે જરકસી જામો ઉતારો રે,
 પછી હીરકેરી ધોતી ધારો રે-પોઢો૦ ૩
હાંરે તમે કેડનો પટકો છોડો રે,

પછી શાલ દુશાલા ઓઢો રે-પોઢો૦ ૪
હાંરે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે,
હું તો જોઈ જોઈ આનંદ પામી રે-પોઢો૦ ૫

એકાદશીનાં પદો

રાગ : ગરબી પદ - ૧

એકાદશી આજનો દિન સારો રે, ગાઈએ નટવર નંદ દુલારો. એકા૦
એના વ્રતનો મહિમા ભારી રે, જાણે બ્રહ્માદિક ત્રિપુરારી રે;
મળે પ્રગટ પ્રમાણ મુરારી. એકાદશી૦ ૧
વ્રત રાખીને હરિવર વરીએ રે, દઢ અંતર આંટી ધરીએ રે;
કોડે આનંદ ઉત્સવ કરીએ. એકાદશી૦ ૨
બ્રહ્માનંદ કહે એ વ્રત રહ્યા છે રે, તે તો પાર સંસાર થયા છે રે;
એમ ઉદ્ધવ કહી ગયા છે. એકાદશી૦ ૩

પદ – ૨

એકાદશી ઉત્સવનો દિન રૂડો રે, કોડે નીરખીએ છેલ કાનુડો . એકાદ૦
રસિયા સંગ રંગભર રમીએ રે, દેહ પ્રાણ ઇંદ્રિય મન દમીએ રે;
ત્યારે ગીરધરને મન ગમીએ. એકાદશી૦ ૧
નિત્ય પ્રેમ સુધારસ પીજે રે, કરી વ્રત નવ રાચીએ બીજે રે;
રસિયો નટનાગર રીઝે. એકાદશી૦ ૨
જેણે વચન થકી વ્રત કીધું રે, તેનું સઘળું તે કારજ સીધું રે;
બ્રહ્માનંદ કહે જન્મ ફળ લીધું. એકાદશી૦ ૩

પદ – ૩

એકાદશી ઉત્સવનો છે દહાડો રે,
ખૂબ રમીએ તે રંગ અખાડો. એકાદશી ૦
કરીએં વ્રત અતિ ઉછરંગે રે, પહેરી વસ્ત્ર આભૂષણ અંગે રે;
રમીએ શ્યામ સુંદરવર સંગે. એકાદશી૦ ૧
સખિ શ્યામચરણ ચિત્ત લઈએ રે, વિષરૂપ વિષય વિસરાઈએ રે;



ગિરીધર નટનાગર ગાઈએ. એકાદશી૦ ૨
એનો મહિમા કહ્યામાં ન આવે રે, મોટા મોટા મુનિવર ગાવેરે;
બ્રહ્માનંદ કહે હરિને મિલાવે. એકાદશી૦ ૩

પદ – ૪

એકાદશી પ્રગટ પ્રભુજીને પ્યારી રે,
સર્વે હરિજનને સુખકારી. એકાદશી૦
રહેશે વ્રત જે વચન પ્રમાણે રે, એમાં અસત્ય ભાવ નવ આણે રે;
તે તો મોક્ષ મહાપદ માણે. એકાદશી૦ ૧
કાજુ સબ જગ મંગલકરણી રે, દુઃખ શોક સંતાપની હરણી રે;
સાચી મોક્ષ તણી નીસરણી. એકાદશી૦ ૨
બ્રહ્માનંદ કહે ટળે ભવભીતિ રે, રહે વ્રત સનાતન રીતિ રે;
થાય પૂરણ હરિપદ પ્રીતિ. એકાદશી૦ ૩

રાગ : ગરબી પદ-૧

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે... કોડે૦૧
એવું વ્રત કરે તે ધન્ય માનવી રે,
તેતો નાહ્યો કોટિકવાર જાહ્નવી રે... કોડે૦૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે,
તેણે કારજ પોતાનું સરવે કર્યું રે... કોડે૦૩
એનો મહીમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે... કોડે૦૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસીરે,
કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે... કોડે૦૫

પદ – ૨

હરિજન હોય તે હરિને ભજે રે,
વ્રત એકાદશી તે કદી નવ તજે રે... હ૦૧

જાણે માત સમાન પર નારને રે,
ગણે તુચ્છ સરીખો સંસારને રે... હ૦૨
મદ્ય માંસ હરામ જેને નવ ખપેરે,
જીભે રાત દિવસ પ્રભુને ભજેરે... હ૦૩
માયા જીવ ઈશ્વરના જાણે મર્મને રે,
રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે... હ૦૪
બ્રહ્માનંદના વહાલાની છબી ઉર ધરે,
મતવાલો થઈને જગમાં ફરેરે... હ૦૫

પદ – ૩

ભલે આવી અનુપમ એકાદશી રે,
મારે વહાલે મુજ સામું જોયું હસી રે... ભ૦ ૧
આજ વાધી આનંદ કેરી વેલડી રે,
થઈ રસીયા સંગાથે રંગ રેલડી રે... ભ૦૨
લટકાળા કુંવર નંદલાલની રે,
ચિત્તડામાં ખુતીછે છબી ચાલની રે... ભ૦૩
રંગ ભીનો રમે રસ રંગમાં રે,
અતિ આનંદ થયો છે મારા અંગમાં રે... ભ૦૪
પ્રીતિ જાણી રસીલો વચને પડ્યા રે,
બ્રહ્માનંદનો વ્હાલો મુજને મળ્યા રે... ભ૦૫

પદ – ૪

ધન્ય ધન્ય એકાદશી આજની રે,
રૂડી નિરખી છબી વ્રજરાજની રે... ધ૦૧
ફુલડાંનાં છોગાં તે શિરપર ધર્યાં રે,
તે જોઈને મારાં નેણાં ઠર્યાં રે... ધ૦૨
ભાળી કેસર તિલક રૂડું ભાલમાં રે,
મારી લગની લાગી છે નંદલાલમાં રે... ધ૦ ૩



વાંકી ભ્રકુટીમાં મન મારું ભમે રે,
હવે બીજાું દીઠું તે મને નવ ગમે રે... ધ૦ ૪
બ્રહ્માનંદ કહે રૂપાળી એની આંખડી રે,
પ્યારી લાલ કમળ કેરી પાંખડી રે... ધ૦ ૫

રાગ : પૂરવ પદ-૧

ઉચ્છવની પ્યારી કેશવની, આજ એકાદશી ઉચ્છવની;
કોટિક ગૌ કેરાં દાન કરે પણ, નાવે તોલે એના લવની-આજ૦ ૧
મંગળરૂપ સદા સુખ કારી, વા'લી નિધિ જન વૈષ્ણવની-આજ૦ ૨
વચન પ્રમાણે કરે વ્રત તેને, ત્રાસ મટે મૃત્યુ ભવની-આજ૦ ૩
બ્રહ્માનંદ કહે વ્રત કરવું, એમ આજ્ઞા સ્વામી ઉદ્ધવની-આજ૦ ૪

પદ – ૨

હરખ અતિ ભેટ્યા કૃષ્ણપતિ, આજ એકાદશી હરખ અતિ;
મનમોહન મારે મંદિરે આવ્યા, અધિક થઈ હું તો પુણ્યવતી-આ૦ ૧
પીતાંબર આભૂષણ પે'રી, ચાલંતા વા'લો હંસગતિ-આજ૦ ૨
પુરુષોત્તમ પુરણ વર પામી, રહી નહિ ખામી હવે એક રતિ-આજ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિવર વરતાં, ચૌદ ભુવનમાં હું થઈ રે છતી-આજ૦ ૪

પદ – ૩

માવ મળ્યા તન તાપ ટળ્યા, આજ એકાદશી માવ મળ્યા;
પૂર્વ જન્મની પ્રીત જાણીને, આવીને અમપર અઢળ ઢળ્યા-આજ૦
મુનિવર ધ્યાન ધરી ધરી થાક્યા, કોઈથી વા'લો નવ જાય કળ્યા-આજ૦
મારુ મંદિરિયું પોતાનું રે જાણી, ભૂધર સુખ દુઃખ માંહી ભળ્યા-આજ૦
બ્રહ્માનંદ કહે હરિવર પામી, આનંદ કેરા ઓઘ વળ્યા-આજ૦

પદ – ૪

સુફળ ફળી હું તો હરિને મળી, આજ એકાદશી સુફળ ફળી;
ચોપ કરી નટનાગર સારું, સેજ સજી કાજુ કુસુમ કળી-આજ૦
રસ બસ હોઈ રહી રસિયા સંગ, જયું મીસરી પયમાંહી ભળી-આજ૦

નિત્ય નિત્ય પ્રેમ રહું ઉર ધરતી, હરિચરણે મન વૃત્તિ હળી-આજ૦
બ્રહ્માનંદ કહે હરિવર વરિયા, જન્મ મરણ કેરી શંકા ટળી-આજ૦

રાગ : ગરબી પદ ૧

અલબેલાજી પ્રાણ આધાર રે, તમ પર વારી રે,
તારે નેણે તે નંદકુમાર રે, મોહી વ્રજનારી રે . . .૧
છોગાંવાળા મનોહર છેલ રે, નંદજીના લાલા રે,
ગુણવંતા આવીશ તારે ગેલ રે, વ્રજપતિ વહાલા રે . . .૨
મીઠાબોલા રંગીલા માવ રે, લાગ્યો છે નેડો રે,
નહિ મેલું હું નટવર નાવ રે, કાન તારો કેડો રે . . .૩
છબી જોઈને અલૌકિક શ્યામ રે, મોહ્યું મન મારું રે,
બ્રહ્મમુનિ કહે તન ધન ધામ, તારા નામ પર વારું રે . . .૪

પદ – ૨

મારા જન્મ સંગાથી જદુરાય રે, ગિરિવર ધારી રે,
તારી મૂર્તિ વસી છે મનમાંય રે, ન મેલું ઘડી ન્યારી રે . . .૧
તમ સાથે રંગીલા નાથ રે, બાંધી છે બેલી રે,
મારો હેતે ઝાલ્યો છે તમે હાથ રે, માં દેશો મેલી રે . . .૨
મારા પ્રીતમ જીવન પ્રાણ રે, જીવું છું જોઈને રે,
તમ સંગે કરી છે ઓળખાણ રે, લોકલજ્જા ખોઈને રે. . .૩
રસિયાજી મારે ઘેર રાત રે, આવીને રહોને રે,
બ્રહ્મમુનિ કહે દીલડાની વાત રે, એકાંતે આવી કહોને રે. . .૪

પદ – ૩

આજ ગઈ'તી કાલિંદીને તીર રે, ભરવાને પાણી રે,
મેંતો જોયા ત્યાં બળભદ્રવીર રે, મોહન દાણી રે. . . ૧
શોભે ફુલડાનો તોરો એને શીશ રે, કસુંબલ ફેંટો રે,
ઊભા ડોલરિયો જગદીશ રે, રંગીલો ઓઢી રેંટો રે. . . ૨



કર્યું તિલક કેસર કેરું ભાલ રે, ફુલડાની માળા રે,
વ્હાલો ચાલે છે હંસ કેરી ચાલ રે, લાગે છે રૂપાળા રે. . . ૩
ખેલે સર્વે ગોવાળાને સાથ રે, આનંદી અલબેલો રે,
જોયા બ્રહ્મમુનિનો નાથ રે, રંગડાનો રેલો રે. . . ૪

પદ – ૪

તારી નવલ છબી નંદલાલ રે, પ્રીતમ પ્યારા રે,
હું તો નિરખીને થઈ છું નિહાલ રે, જીવન મારા રે . . . . ૧
મુખે બોલો મનોહર વેણ રે, અતિ સુખકારી રે,
મારી લગની લાગી છે દિનરેણ રે, કુંજવિહારી રે . . . . ૨
શોભે સોનેરી શિર પાઘરે, કાનમાં મોતી રે,
મારા રસિયા માણિગર માવ રે, રહું છું નિત્ય જોતી રે . . . . ૩
મારા હૈડામાં નાથ હમેશ રે, દર્શન દેજો રે,
બ્રહ્મમુનિ કહે નટવરવેશ રે, આંખડલીમાં રહેજો રે . . . . ૪

રાગ : ગરબી પદ - ૧

આવોને ઓરા છેલછબીલા મારી શેરીએ,
આવોને ઓરા હેત કરીને સામું હેરીએ . . ૧
આવોને ઓરા લા'વો મળ્યાનો આપણ લીજીએ,
આવોને ઓરા કાના એકાંતે વાતું કીજીએ . . ૨
આવોને ઓરા ખાંતે કરીને આપણ ખેલીએ,
આવોને ઓરા માથે કલંગી સુંદર મેલીએ . . ૩
આવોને ઓરા ફુલડે બિછાવી મેં તો સેજડી,
આવોને ઓરા હાથ જોડીને આગે છું ખડી . . ૪
આવોને ઓરા મનડાં મલ્યાં તે નથી છુટતાં,
આવોને ઓરા દુરિજન દેખીને છોને કુટતાં . . ૫
આવોને ઓરા પ્રગટ થયા અમારે કારણે,
આવોને ઓરા બ્રહ્માનંદ જાય તમારે વારણે . . ૬

પદ – ૨

પધારો નાથ વાટ જોઇને ઉભી કયારની,
પધારો નાથ શંકા તજી છે મેં સંસારની . . ૧
પધારો નાથ મંદિર અમારે રંગ માણિએ,
પધારો નાથ અવગુણ અમારા ચિત્ત ન આણીએ . . ૨
પધારો નાથ તમને વધાવું મોતીડે કરી,
પધારો નાથ પ્યારા રાખીશ હૈયા ઉપરી . . ૩
પધારો નાથ માથા સાટે વરી છું રાજને,
પધારો નાથ મેલી લોકડીયાની લાજને . . ૪
પધારો નાથ ચિત્તડું મોહ્યું તમારી ચાલમાં,
પધારો નાથ ભૂધર લખ્યા છો મારા ભાલમાં . . ૫
પધારો નાથ  છેલછબીલા કુંવર નંદના,
પધારો નાથ વા'લા રસિલા બ્રહ્માનંદના . . ૬

પદ – ૩

છબીલા છેલ દૂર ફરો છો શીદ ડોલતા,
છબીલા છેલ અમથી શામાટે નથી બોલતા . . ૧
છબીલા છેલ અમને તમારો એક આશરો,
છબીલા છેલ મનમાં ન ગોઠે પિયર સાસરો . . ૨
છબીલા છેલ વાલપ લાગી તમારા વેણમાં,
છબીલા છેલ આવોને રાખશું જો નેણમાં . . ૩
છબીલા છેલ મુજને લાગી તમારી આંખડી,
છબીલા છેલ પ્યારા પધારો પે'રી ચાખડી . . ૪
છબીલા છેલ ભાવ કરીને આવો ભેટવા,
છબીલા છેલ મનડાંની દાઝું સર્વે મેટવા . . ૫
છબીલા છેલ આળસ મેલીને હવે આવીએ,
છબીલા છેલ બ્રહ્માનંદને હસીને બોલાવીએ . . ૬



પદ – ૪

રંગીલા કાન અરજી અમારી એક ઝીલીએ,
રંગીલા કાન મનની આંટી તે હવે મેલીએ . . ૧
રંગીલા કાન રહોને આવીને અહીં રાતડી,
રંગીલા કાન વાલપની કરીએ જો વાતડી . . ૨
રંગીલા કાન ઝાઝું તમને શું કહી દાખીએ,
રંગીલા કાન રાંકુંથી રીસ નવ રાખીએ . . ૩
રંગીલા કાન છેટે રે'વું તે વારી નવ ઘટે,
રંગીલા કાન  મળ્યા વિના તે પીડા નવ મટે . . ૪
રંગીલા કાન પ્રીત કરીને અમને પરહર્યા,
રંગીલા કાન કૂબજાનાં ઘર તે પોતાનાં કર્યા . . ૫
રંગીલા કાન બ્રહ્માનંદની અરજી તે સાંભળો,
રંગીલા કાન આવી એકાંતે મુજને મળો . . ૬

રાગ - ગરબી પદ - ૧

સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ;
રમે રાસ રંગીલો રંગમાં રે. ટેક.
ચહુકોરે સખાની મંડળીરે, ઉભા વચમાં છેલો અલબેલ. રમે૦ ૧
સખી ચાલોને જઈએ દેખવારે, વા'લે પહેર્યા છે વસ્ત્ર શોભિત.રમે૦ ૨
તાળી પાડે રૂપાડી તાનમાંરે, મુખે ગાવે મનોહર ગીત. રમે૦ ૩
શોભા બની સલુણા શ્યામની રે, ઉભી વ્રજની નારી જોવા કાજ. ર૦ ૪
હસી હેરે છબીલો હેતમાં રે, બ્રહ્માનંદનો વહાલો વ્રજરાજ. રમે૦ ૫

પદ – ૨

સખી નંદમહરને આંગણે રે, ગોપી આનંદ મંગળ ગાય,
છબી જોને સ્નેહી શ્યામની રે - ટેક.
મરમાળે અખાડો માંડીયો રે, કાજુ આસોપાલવની છાંય - છબી૦ ૧
વા'લે પ્રિત કરીને પહેરીયો રે, રૂડો સોનેરી સુરવાળ - છબી૦ ૨

સખી ફરતાં લાગે છે ફુટડી રે, ઝીણી અંગરખીની ચાળ - છબી૦ ૩
બહુ મૂલી મોળીડું બાંધીયું રે, કાજુ ચળકે સોનેરી કોર - છબી૦ ૪
રૂડાં લટકાં કરે છે હાથનાં રે, બ્રહ્માનંદનો વા'લો ચિત્તચોર - છબી૦ ૫

પદ – ૩

સખી જોને ગોવાળોના સાથમાં રે, વાલો ફરે અલૌકિક ફેર,
કહી શોભા ન જાય પ્યારા કાનની રે - ટેક૦
છેલો ઠમકે માંડે પાવ ઠાવકા રે, વાજે ઘુઘરડીનો ઘેર - કહી૦ ૧
છાયું નવલમોળીડું ફુલ છોગલે રે, રાજે નવલકલંગી છબીદાર- કહી૦
રૂડો જામો પહેર્યો છે જરકસી રે, શોભે અંગોઅંગ શણગાર - કહી૦ ૩
રંગભીના કા'ના કેરી રાસની રે, છબી જોવા આવ્યા સુરવૃંદ - કહી૦ ૪
સખીનવલ રંગીલી છબી ઉપરે રે, વારી જાય છે બ્રહ્માનંદ - કહી૦ ૫

પદ – ૪

સખી આજ ગઈ'તી હું તો પાણીએ રે, ઉભો છોગાંવાળો રંગછેલ,
મુને વહાલો લાગે કુંવર નંદનો રે ટેક૦
સખી જમુનાને આરે ઝીલતો રે, જોઈ ભરવી ભુલી જળહેલ - મુને૦ ૧
સખી મંત્ર ભણીને નાખી મોહનીરે, થઈ થકીત ન ચાલે મારા પાવ-મુ૦
સખી શું રે જાણું મુને શું કર્યું રે, મરમાળે રંગીલે માવ - મુને૦ ૩
સખી એની અલૌકિક આંખડીરે, મારે ચોટી છે ચિત્તડામાંય - મુ૦ ૪
બ્રહ્માનંદના વહાલાની મૂર્તિ રે, ઘડી છેટે મેલી કેમ જાય - મુને૦ ૫

રાગ ગરબી પદ - ૧

વાલા લાગો છો વિશ્વ આધાર રે સગપણ તમ સાથે,
મેં તો સર્વે મેલ્યો સંસાર રે. સગ૦ ૧
મારા મનમાં વસ્યા છો આવી શ્યામ રે. સગ૦
તમ સારું તજ્યું ધન ધામ રે. સગ૦ ૨
મારું મનડું લોભાણું તમ પાસ રે. સગ૦



મુને નથી બીજાની આશ રે. સગ૦ ૩
મારે માથે ધણી છો તમે એક રે રે. સગ૦
મારી અખંડ નિભાવજો ટેક રે. સગ૦ ૪
મેં તો દેહ ધર્યો છે તમ કાજ રે. સગ૦
તમને જોઈ મોહી છું વ્રજરાજ રે. સગ૦ ૫
હું તો હેતે વેચાણી તમ હાથ રે. સગ૦
છો બ્રહ્માનંદના નાથ રે. સગ૦ ૬

પદ – ૨

મારે આવ્યો અલૌકિક દાવ રે, કોઈ મને શું કરશે,
માથા સાટે વર્યા મેં તો માવ રે. કોઈ૦ ૧
હવે બળે છે જગમાં બલાય રે. કોઈ૦
મેંતો ભેટયા છે ભૂધરરાય રે. કોઈ૦ ૨
અતિ આનંદ થયો છે મારે અંગ રે. કોઈ૦
લાગ્યો રસિયાજીનો રંગ રે. કોઈ૦ ૩
થઈ જગમાં અલૌકિક જીત રે. કોઈ૦
લાગી પૂરણ સલુણા સાથે પ્રીત રે. કોઈ૦ ૪
મારે વાલે દીધું મુને માન રે. કોઈ૦
મુને કીધી સોહાગણ કાન રે. કોઈ૦ ૫
હવે થયો સંસારીડો ઝેર રે. કોઈ૦
બ્રહ્માનંદને વહાલે કીધી મહેર રે. કોઈ૦ ૬

પદ – ૩

જોઈ છેલ છબીલાની ચાલ રે, મન મારું લોભાણું,
વળી ભૂરકી નાખી છે નંદલાલ રે. મન૦ ૧
સહુ ઘેલી કહે છે સંસાર રે. મન૦
મેં તો નીરખ્યા છે નંદકુમાર રે. મન૦ ૨
કોઈ શાને કરો છો મારી છેડ રે. મન૦

નહિ મેલું કાનુડાની કેડ રે. મન૦ ૩
સર્વે ભૂલી છું ઘરડાંનું કાજ રે. મન૦
એક વહાલા કીધા છે વ્રજરાજ રે. મન૦ ૪
હવે રટના લાગી છે દિનરાત રે. મન૦
થઇ શીર સાટાની વાત રે. મન૦ ૫
મુને કીધી માનેતી સહુ માંય રે. મન૦
બ્રહ્માનંદને વહાલે ઝાલી બાંય રે. મન૦ ૬

પદ – ૪

બા'રી કાઢી જગતની બીક રે, વરી હું તો વનમાળી,
મેં તો સમજી વિચારી કીધું ઠીક રે. વરી૦ ૧
તુચ્છ જાણીને કીધું સર્વે ત્યાગ રે. વરી૦
મોહી રસિક સલુણાને રાગ રે. વરી૦ ૨
મુને ચટકી લાગી છે ચિત્તમાંય રે. વરી૦
બીજું વહાલા વિના ન સોહાય રે. વરી૦ ૩
મુને કાંઇ નવ સૂઝે કામ રે. વરી૦
થયું હરિ વિના સર્વે હરામ રે. વરી૦ ૪
હવે નિઃશંક થઇ છું નચિંત રે. વરી૦
થઇ જગમાં અલૌકિક જીત રે. વરી૦ ૫
સમજી કીધું છે તન કુરબાન રે. વરી૦
બ્રહ્માનંદના વહાલાથી બાંધ્યા પ્રાણ રે. વરી૦ ૬

રાગ : ગરબી પદ -૧

નંદલાલો રે નંદલાલો, છે જો પ્રાણ થકી મુને વહાલો રે. નંદ૦ ૧
એના ચરણ કમલની રેખું, જોઇ જન્મ સુફળ મારો લેખું રે. નંદ૦ ૨
નખમંડળ અધિક તેજાળું, અંતરમાં કરે છે અંજવાળું રે. નંદ૦ ૩
પગ ઘૂંટી અજબ ગોળ પ્યારી, એનું ધ્યાન ધરે છે ત્રિપુરારી રે. નંદ૦ ૪
ગિરિધરની નવલ પીંડી ગોરી, બ્રહ્માનંદની છે જીવનદોરી રે. નંદ૦ ૫



પદ – ૨

રંગભીનો રે રંગભીનો, એનો નિત્ય નિત્ય ભાવ નવીનો રે - રંગ૦ ૧
જાનુ જુગલ જોઇને સુખી થાયે, નિત્ય કમલા ચાંપે છે ચતુરાયે રે- રં૦૨
દીલ હરખ વાધે છે ઉરૂ દીઠે, તે તો શોભે ગરુડ કેરી પીઠે રે - રંગ૦ ૩
કટિ નવલ પીતાંબર ભારી, કંદોરો જડિત સુખકારી રે - રંગ૦ ૪
નાભી અજને થયાનું ઠેકાણું, બ્રહ્માનંદનું ત્યાં મન લોભાણું રે - રંગ૦ ૫

પદ – ૩

અલબેલો રે અલબેલો, છોગાવાંળો તે છેલછબીલો રે - અ૦ ૧
દુંદ ત્રિવળી અધિક રૂપાળી, જોઇ મગન રહેછે મહીવાળી રે - અ૦ ૨
પેટ નરમ પોયણ કેરૂં પાનું, માંહી રહેછે બ્રહ્માંડજુથ છાનું રે - અ૦ ૩
છબીદાર ઉપડતી પહોળી છાતી, રહે લક્ષ્મી અખંડ રંગરાતી રે - અ૦૪
કંઠ શંખ સરીખો કાજુ શોભે, બ્રહ્માનંદનું તે મનડું લોભે રે - અ૦ ૫

પદ – ૪

ગિરધારી રે ગિરધારી, એની મૂર્તિ લાગે છે મને પ્યારી રે - ગિ૦ ૧
ભુજદંડ પ્રચંડ શોભે ભારી, કંઠ નાખી ડોલેછે વ્રજનારી રે - ગિ૦ ૨
રૂડાં કુંડળ જડાઉ કાને રાજે, મુખ જોઇ કમળ શશી લાજે રે - ગિ૦ ૩
તિલ ત્રાજું છે ગૌર કપોળે, સુખ અનંત રહ્યાં છે એને ઓળે રે - ગિ૦ ૪
નાસા નેણ તિલક છબી જોઇને, બ્રહ્માનંદ કહે રાખું છું ચિત્ત પ્રોઇને રે.

રાગ : ગરબી પદ - ૧

વાલા મારી શુદ્ધ બુદ્ધ તેં હરિ લીધી રે,
તારે લટકે વેરાગણ કીધી - - વાલા૦ ટેક.
તારી નવલ કલંગી દીઠી રે, મનડામાં લાગે અતિ મીઠી રે;
જાણે જબર જાદુડાની ચીઠી. વાલા૦ ૧
જોયું મોળીડું આંટે ફરતું રે, પળ એક નથી વિસરતું રે;
મારું હેડું ધીરજ નથી ધરતું. વાલા૦ ૨
ભાલે આડ કેસર કેરી ભાળી રે, રેખું ત્રણ ઉપડતી રૂપાળી રે;

જાણે મન પકડ્યાની છે જાળી. વાલા૦ ૩
વાંકી ભ્રકુટી ઘણી મન ભાવી રે, બ્રહ્માનંદને વસી ઉર આવી રે;
જાણે શ્યામ કબાણ ચઢાવી. વાલા૦ ૪

પદ – ૨

પ્યારા તારી પ્યારી લાગે છે પાંપણિયાં રે,
જોઈ ભેખ લાધો મેં જોગણિયાં - - પ્યારા૦ ટેક
તારાં લોચનબાણ તીખડીયાં રે, ઘણાં જાદુ હથોડીનાં ઘડીયાંરે;
આવી ઓચિંતાં મુજ પર પડીયાં. પ્યારા૦ ૧
તારી નાસિકા સુંદર નમણી રે, છે જો દીપક કીર લજમણી રે;
એ તો જીવન દોરી છે અમણી. પ્યારા૦ ૨
કાને કુંડળ નૌતમ ધરીયાં રે, ભારે નંગ વળી રંગ ભરીયાં રે;
આવી અંતરમાં ઊંડાં ગરીયાં. પ્યારા૦ ૩
દીઠું મુખડું ચંદા કેરે ડોળે રે, તિલ દક્ષિણ ગૌર કપોળે રે;
બ્રહ્માનંદ કહે મુનિ તેને ખોળે. પ્યારા૦ ૪

પદ – ૩

રૂડીતારી મુછની રેખા ઉપડતી રે, ચિત્તચોર્યું ચાલ લડથડતી. રૂડી.ટેક.
હૈડામાં વસી મારે હાંસી રે, એને સમરે છે જોગ અધ્યાસી રે;
જાણે પ્રેમતણી માંડી ફાંસી. રૂડી૦ ૧
હેતે દંત બત્રીસી હેરી રે, ઠીક થઈને વૃતિ મારી ઠેરી રે;
કાજુ કળિયું તે દાડમ કેરી. રૂડી૦ ૨
વાલા મોરલી ધીરે સ્વરે વાજોરે, પ્રિતે અધર અમૃતરસ પાજો રે;
જ્યાં જાઓ ત્યાં સાથે તેડી જાજો. રૂડી૦ ૩
જ્યારે ચાવોછો પાનસોપારી રે, છોળો આવે તંબોળની બા'રી રે;
તેનો બ્રહ્માનંદ અધિકારી. રૂડી૦ ૪

પદ – ૪

કાના તારો કંઠ કહ્યામાં ન આવે રે;



એ તો કૌસ્તુભમણિને શોભાવે. કાના૦ ટેક
હૈડે પહેર્યા છે હાર હજારી રે, ભુજદંડ પ્રચંડ છે ભારી રે;
નાખી કંઠ જીવે વ્રજનારી. કાના૦ ૧
શોભે કમરે રેંટો સુધો સારો રે, જ્ઞાની ધ્યાનીનો દિવસ ગુજારો રે;
ચાલ જોઈ લાજે હંસ બિચારો. કાના૦ ૨
રૂડી લાગે છે પગની આંગળીયું રે, નખતેજ જાયે નહીં કળીયું રે;
જાણે ચંદ્ર તણી રે મંડળીયું. કાના૦ ૩
રાજે ચરણે લાંબી ઉર્ધ્વરેખું રે, હું તો ધ્યાન વિના એને દેખું રે;
બ્રહ્માનંદ કે' જન્મ ધન્ય લેખું. કાના૦ ૪

રાગ : ગરબી પદ - ૧

તારે ચટક રંગીલો છેડલો અલબેલા રે,
કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે;
શિર અજબકલંગી શોભતી-અલ૦ હૈડામાં રાખ્યાલાગ. રંગના૦ ૧
મોળીડું છાયું મોતીએ-અલ૦ ફુલડાંની સુંદર ફોર. રંગના૦ ૨
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના-અલ૦ જોઈ ભ્રમર ભમે તે ઠોર. રંગના૦ ૩
તારી પાઘડલીના પેચમાં-અલ૦ મારું ચિત્તડું થયું ચકચુર. રંગના૦ ૪
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ-અલ૦ વણદીઠે ઘેલી તૂર. રંગના૦ ૫

પદ – ૨

કેસરનું તિલક સોહામણું ગિરધારી રે,
ઝળકે છે સુંદર ભાલ જાઉં બલિહારી રે,
રસ રેખડલી વિલસી રહી-ગિર૦ નીરખીને થઈ છું નિહાલ. જાઉં૦ ૧
વારી બેહદ ભ્રકુટી વાંકડી- ગિર૦ જાણે કરડી શ્યામકબાણ. જાઉં૦ ૨
રૂપાળી ટસરૂં રાતડી-ગિર૦ લોચનીયાં તીખાં બાણ. જાઉં૦ ૩
નાસા અણિયાળી નમણી- ગિર૦ જોઈ લાજે દીપક કીર. જાઉં૦ ૪
બ્રહ્માનંદ કહે જોઈ રહેતી નથી- ગિર૦ ઉર દેવત્રિયાને ધીર. જાઉં૦ ૫

પદ — ૩

કુંડળ બેઉ રાજે કાનમાં વ્રજ ચંદા રે,
સુંદર માંહી બિંદુ શ્યામ નંદના નંદા રે,
રંગભીના તારા રૂપને- વ્રજ૦ જોઈ લાજે કોટીક કામ. નંદ૦ ૧
તિલનું એક નૌતમ ત્રાજવું- વ્રજ૦ કંકોળેલ ગૌર કપોળ. નંદ૦ ૨
તારા અધર પ્રવાળા સરખા-વ્રજ૦ છબીવદન કમળની ગોળ. નંદ૦ ૩
તારા દંત ડોલરીયાની કળી-વ્રજ૦ વળી દાડમ કેરાં બીજ. નંદ૦ ૪
બ્રહ્માનંદ કહે હાસ્ય વિલાસમાં-વ્રજ૦ રહી વ્રજનારી રંગભીંજ. નં૦ ૫

પદ — ૪

બાંયે બાજુ કાજુ બેરખા મને પ્યારા રે,
બહુમૂલી લટકે બોર કામણગારા રે,
હાથોમાં પોંચી હેમની-મને૦ ખાસી તન ચંદન ખોર. કામ૦ ૧
બની શોભા વીંટી વેઢની-મને૦ હૈયે નવલ ગુલાબી હાર. કામ૦ ૨
તારું રૂપ જોઈ ઘેલી ફરે-મને૦ ગોકુળીયાં કેરી નાર. કામ૦ ૩
જોઈ તેજ અલૌકિક અંગનું-મને૦ થયા ઝાંખા સુરજ ચંદ. કામ૦ ૪
તારી નવલ છબીની ઉપરે-મને૦ બલિહારી બ્રહ્માનંદ. કામ૦ ૫

રાગ : ગરબી પદ - ૧

સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હૈડે હરખ રહ્યો ઉભરાય. સજની૦
નેણે આંસુંની ધારા વહેરે, વિરહે મનડું વ્યાકુળ થાય. સજની૦ ૧
સુંદર મૂર્તિ શ્રી મહારાજનીરે, સુંદર કમળ સરીખાં નેણ. સજની૦ ૨
સુંદર કરતા લટકાં હાથનાંરે, સુંદર અમૃત સરીખાં વેણ. સજની૦ ૩
શી કહું શોભા અંગો અંગતણીરે, નીરખી લાજે કોટિક કામ. સજની૦ ૪
હસતા હસતા હેત વધારતા રે, એવા સુખનિધિ શ્રી ઘનશ્યામ. સજ૦ ૫
સદા શ્વેતાંબર શ્રીજી ધારતારે, અંબર જરકસિયા કોઈ વાર. સજ૦ ૬
ગુચ્છ કલંગી તોરા ખોસતારે, ગજરા બાજુ ગુલાબી હાર. સજની૦ ૭
એ છબી જોવા તલપે આંખડીરે, મધુરાં વચન સાંભળવા કાન. સજ૦ ૮



એ હરિ મળવાને હૈડું તપે રે પ્રેમાનંદના જીવન પ્રાણ. સજની૦ ૯

પદ — ૨

મનડું મૂર્તિમાં વળગી રહ્યુંરે, ચિંતવન કરવા ચિત્ત આતુર. મનડું૦
તરૂણ મનોહર મૂર્તિ નાથનીરે, રાજીવ લોચન જોબન પુર. મનડું૦ ૧
સોળે ચિહ્ન સહિત અતિ શોભતીરે, સુંદર ચરણ કમળની જોડ. મનડું૦ ૨
હળવી રહીને હેતે ચાંપતીરે, ક્યારે હવે પુરશે મનના કોડ. મનડું૦ ૩
પીંડી જાનું નિત્યે નીરખતીરે, રૂડા સાથળ ચિહ્ન સહિત. મનડું૦ ૪
શ્યામ કટી જોઈ જાદવરાયનીરે, નિત્ય નિત્ય નૌતમ ઉપજે પ્રીત.મનડું૦૫
ઉંડી નાભી કમળ સરીખડી રે, ત્રિવળી નીરખી ઉદરમાંય. મનડું૦ ૬
છાતી ઉપડતી અતિ ઓપતી રે, હવે ક્યારે ભુજ ગ્રહી બાથ ભરાય. મનડું
મુખની શોભા જોઈ મહારાજની રે, લાજે પંકજ પૂરણચંદ. મનડું૦ ૮
નાસા નેણ ભૃહ જોઈ ભાલનેરે, જાય બલિહારી પ્રેમાનંદ. મનડું૦ ૯

પદ — ૩

સજની નિમખ ન વિસરે નાથજીરે, નિત્ય નવા તરુણપણાના ખેલ. સજ૦
આ ઓસરીએ આવી બેસતા રે, આ ઢોલીડે નટવર છેલ. સજની૦ ૧
આ તકિયો તે વાંસે મેલતારે, આ માળા ફેરવતા શ્યામ. સજની૦ ૨
ગાતા ગોઠીડાના સાથમાંરે, ઘેરે સાદે પૂરણ કામ. સજની૦ ૩
આ મોજડીયું વહાલો પહેરતારે, આ છડી લેતા કરવરમાંય. સજની૦ ૪
આ પાદુકા પહેરી આવતારે, મારે મંદિર મુનિના રાય. સજની૦ ૫
આ ફળીયાંમાં ઘોડી ફેરવતારે, માણકી મતવાલી મહારાજ. સજની૦૬
સંતની સભા કરી આંહી બેસતારે, શ્રીહરિ સુરનર મુનિ શિરતાજ. સજની૦
કીર્તન મુનિવરને ગવરાવતારે, ભેળા ગાતા શ્રીવ્રજચંદ. સજની૦ ૮
એવા ધર્મકુંવર હરિ ઉપરેરે, તન મન વારી પ્રેમાનંદ. સજની૦ ૯

પદ — ૪

લટકાં લટકાળા ઘનશ્યામનાં રે, ખટકે ઉંડાં અંતરમાંય. લટકાં૦
પ્રીત કરી મુજને બોલાવતારે, તે સંભાળી બહુ દુઃખ થાય. લટકાં૦ ૧
આ સજ્યા તે શ્રી મહારાજનીરે, આ બાજોઠે બેસતા લાલ. લટકાં૦ ૨

આ ઠેકાણે જમવા બેસતા રે, જમતા વિધ વિધનાં પકવાન. લટકાં૦ ૪
સુંદર શાક કરી વૈતાકનાં રે, જમીને દેતા પ્રસાદી કાન. લટકાં૦ ૫
આ ખળખળીએ નાતા નાથજીરે, નાહીને હરિજન મુનિલઈ સાથ. લટકાં૦
આવતા માણેક ચોકમાં મલપતારે, પુરજન થાતાં જોઈ સનાથ. લટકાં૦૭
વાલો બેસતા જઈ ફુલ બાગમાં રે, પેરતા ગજરા ગુલાબી હાર. લટકાં૦૮
જેમ જેમ સાંભરે તેમ થાય વેદના રે, પ્રેમાનંદના પ્રાણ આધાર. લટકાં૦૯

રાગ : ગરબી પદ- ૧

લાગ્યો મારે નટવરથી નેડો, હવે મેં તો શિર નાખ્યો છેડો રે .લાગ્યો૦
કે સહુ મળીને મુજને વારી, કે અટકી મનવૃત્તિ મારી;
કે ધણી મેં તો ધાર્યા ગિરધારી રે. લાગ્યો૦ ૧
કે શું મતલબ મારે કોઈ સાથે, કે મેણું મારે મોહનનું માથે;
કે હરિવરે મને ઝાલી હાથે રે. લાગ્યો૦ ૨
કે મોડું વેલું સૌ જાવાનું, કે તેને ખીજ્યે તે શું થાવાનું;
કે મેણું મારે અવિચળ માવાનું રે. લાગ્યો૦ ૩
કે કોઈ કહી મુજને શું કરશે, કે ગજ ચડી શંકા કોણ ધરશે;
કે શ્વાન ભસી ભસીને મરશે રે. લાગ્યો૦ ૪
કે સમજીને મેં તો પગ ભરીયા, કે સરવે વિષયરસ વીસરિયા;
કે બ્રહ્માનંદનો વહાલો વરિયા રે. લાગ્યો૦ ૫

પદ — ૨

લાગી મારે નટવરથી લગની, કે મરજાદા મેલી જગની રે લાગી૦
કે એક ટેક અંતર ધારી, કે સગાં કુટુંબ સહુ વિસારી;
કે મન કર્મ વરીયા મોરારી રે. લાગી૦ ૧
કે કર્યું મેં તો તનમન કુરબાણી, કે હરિવિના ન વદું અન્ય વાણી;
કે કાન કુંવરથી અટકાણી રે. લાગી૦ ૨
કે સુખ મેં તો સંસારી છોડયું, કે સહુ સાથે સગપણ તોડયું;
કે જગ જીવન સાથે જોડ્યું રે. લાગી૦ ૩



કે મેણાં જગકેરાં સહીને, કે સ્થિર મન મતવાલી થઈને;
કે ચાલી હું તો શિર કરમાં લઈને રે. લાગી૦ ૪
કે બેઠી હું તો ભય જગનો ખોઈને, કે મન નિશદિન રહ્યું છે મોહીને;
કે બ્રહ્માનંદનો વહાલો જોઈને રે. લાગી૦ ૫

પદ — ૩

મોહી હું તો નટવરને વાને, કે કીધી વશ ડોલરીયે કાને રે. મોહી૦
કે ચિત્તડામાં લાગી ચટકી, કે લોકતણીલજ્જા પટકી;
કે નંદના નંદન સાથે અટકી રે. મોહી૦ ૧
કે જીવ જીવને શું પરણું, કે જેના શિર ઉપર મરણું;
કે સમરથનું લીધું શરણું રે. મોહી૦ ૨
કે થઈ પુરુષોત્તમથી પ્રીતિ, કે નથી હું તો લોક થકી બીતી;
કે જગપતિ વરી હું તો જગજીતી રે. મોહી૦ ૩
કે અચલ વાત મને ઓળખાણી, કે થઈ મારે સર્વે દુઃખની હાણી;
કે પ્રીતમ મુખ રાખ્યું પાણી રે. મોહી૦ ૪
કે સ્થિર થઈ અંતરમાં ધરીયું, કે કા'ને મારું મન ગમતું કરીયું;
કે બ્રહ્માનંદનું કારજ સરીયું રે. મોહી૦ ૫

પદ — ૪

કે વર્યા મેં તો રંગભર વાલાને, કે લટકાળા નંદલાલાને રે. વર્યા૦
કે કીધું મેં તો નિશ્ચય વિચારી, કે દુરિજન થાક્યાં મુને વારી;
કે ધર્યા વર એક ગિરધારી રે. વર્યા૦ ૧
કે જેમ રણશૂરાની લગની, કે ઉડે જેમ તોપ બાણ અગ્નિ;
કે પાની ન ધરે પાછી પગની રે. વર્યા૦ ૨
કે સતી જેમ પાછું નવ ભાળે, કે તન કેરાં સુખને ટાળે;
કે અગ્નિમાં અંગ પરજાળે રે. વર્યા૦ ૩
કે શૂરો કાયર થાય ડરી, કે સતી ઘેર આવે પાછી ફરી;
કે માત પિતામાં ખોટ ખરી રે. વર્યા૦ ૪

કે બ્રહ્માનંદ એમ જોવું પહેલું, કે દેખીને નવ થાવું ઘેલું;
કે કામ કઠણ છે નથી સહેલું રે. વર્યા૦ ૫

રાગ સોલા પદ - ૧

મારે મહોલે આવો હસીને બોલાવો, રે રંગભીના છેલા નંદજીના. છોજી૦
પાઘલડી પેચાળી, બાંધી છે રૂપાળી, રે લટકાળા, મોતીડાંવાળા. છો૦૨
કાના ગિરધારી, મૂરતિ તારી, રે મન માની, છેલ ગુમાની. છો૦૩
બ્રહ્માનંદના પ્યારા, શોભોછો સારા, રે કેસરિયા, રંગના ભરિયા. છો૦

પદ – ૨

નંદજીના લાલા, લાગોછો વહાલા, રે નવરંગી, લેર તોરંગી. છો૦ ૧
નેણુંનો નજારો, મને અતિ પ્યારો, રે અળવીલા, છેલછબીલા. છો૦ ૨
કુંજના વિહારી, મૂરતિ તારી, રે હરિ મોરી, જીવનદોરી. છો૦ ૩
બ્રહ્માનંદ કહે છે, મન મારું રહે છે, રે વેણાંમાં, તારા નેણામાં. છો૦ ૪

પદ – ૩

આંખ્યું અણિયાળી, માવા મરમાળી, રે કાંઇ કીધું, મનમારું લીધું. છો૦૧
મંદિર પધારો, જન્મ સુધારો, રે છોગાં મેલી, બળવંત બેલી. છો૦ ૨
સુંદર સોહાગી, લગની લાગી, રે તમ સંગે, ભીના રંગે. છો૦ ૩
બ્રહ્માનંદ ગાવે, મૂરતિ સોહાવે, રે રહો તાજા, વ્રજના રાજા. છો૦ ૪

પદ – ૪

શોભે માથે તોરા, આવોને ઓરા, રે ધીરે ગાતા, રંગના રાતા. છો૦ ૧
કોટે પરવાળાં, લાગેછે રૂપાળાં. રે નેણું ઘેરી, લાલજી લહેરી. છો૦ ૨
શ્યામ સલુણા, નેણુંમાં ટુણા, રે વ્રજદાણી, હું લોભાણી. છો૦ ૩
બ્રહ્માનંદ વારું, તનમન મારું, રે તમ માથે, સદા મારે સાથે. છો૦ ૪

રાગ : સોલા પદ - ૧

પ્યારા ઘનશ્યામ, પૂરણકામ,
રે આવો ઓરા, ખોસું માથે તોરા- મારારાજ. ૧
ધર્મકુમાર, જાઉં બલિહાર, રે લાગે પ્યારી, મૂરતિ તમારી. મા૦ ૨



નખશિખ જોવું, ચિત્તડું પરોવું, રે ચરણોમેં, કરું પરણામ. મા૦ ૩
ઉર્ધ્વરેખા રૂડી, અંત સમે મૂડી, રે નખમાંહી, ચિહ્ન સુખદાઇ. મા૦ ૪
જોઇ પ્રેમાનંદ, આનંદ કંદ, રે નખમણિ, શોભા જગ તણી. મા૦ ૫

પદ – ૨

કૃષ્ણ શ્રીહરિ, ઉભા રહોને જરી, રે નેણાં આગે, મન મારું લાગે. મા૦ ૧
જોઉં ફણા ઘુંટી, પીંડી સાથળ ડુંટી, રે શ્યામ કટિ, જાય દુઃખ મટી. મા૦૨
ઉદર નીરખી, કરું માંહી બકી, રે વળી વળી, નીરખું ત્રિવળી. મા૦ ૩
હૃદય વિશાળ, માંહીમોતી માળ, રે અતિ શોભે, જોઇ મન લોભે. મા૦૪
જોવા છાપ ચિહ્ન, પ્રેમાનંદ દીન, રે સ્તન શ્યામ, અતિ સુખધામ. મા૦૫

પદ – ૩

નારાયણ નામ, રટું આઠો જામ, રે મારા સ્વામી, અંતરજામી. મા૦ ૧
શોભાના ભંડાર, જાઉં બલિહાર, રે ભુજા જોઇ, મન રહ્યું મોહી. મા૦ ૨
અભય ઉદાર, ચિહ્ન તે અપાર, રે જોઇ બળ, જન્મ સુફળ. મા૦ ૩
કરી કર સમ, ઓધાર્યા અધમ, રે માથે મેલી, ચાંપ્યા મેં સાહેલી. મા૦૪
રાતી હથેળીમાં, રેખા સુખસીમા, રે નખચંદ,નીરખે પ્રેમાનંદ. મા૦ ૫

પદ – ૪

નમું કરજોડી, બુદ્ધિ છે થોડી, રે શું ગાઉં, પાર ન પાઉં. મા૦ ૧
જોઇ કંબુકંઠ, મદન અટંટ, રે થયો દીન, પરમ પ્રવીણ. મા૦ ૨
વદન વિલોકી, ભક્તજન કોકી, રે જોઇ ફુલ્યા, તન શુદ્ધ ભૂલ્યા. મા૦૩
ચંદ્રનો પ્રકાશ, શશી મુખ હાસ, રે કુંદકળી, દંત આવળી. મા૦ ૪
અધર પ્રવાળ, રૂપની જાળ, રે નાની રેખે, પ્રેમાનંદ દેખે. મા૦ ૫

પદ – ૫

મળ્યા ભક્ત ટોળે, જમણે કપોળે, રે તિલજોવા, ચિત્તમાં પરોવા. મા૦૧
નાસિકા નમણી, સીમા શોભાતણી, રે અણિયાળાં, નેણાં મરમાળા૦૨
નેણુંને ચાળે, ભ્રકુટિ ઉલાડે, રે ઘેલાં કીધાં, ચિત્ત ચોરી લીધાં. મા૦ ૩
ભાલ વિશાળ, તિલક રસાળ, રે કેસરનું, શોભે હરિવરનું. મા૦ ૪

શિખા છબીદાર, નીરખે વારંવાર, રે એક મન, પ્રેમાનંદ ધન્ય. મા૦ ૫

રાગ : ગરબી પદ - ૧

મન લીધું મોરલડીના તાનમાં રે,
હું તો મોહી છું છેલાજીના વાનમાં રે. મન૦ ટેક.
સખી આજ ગઈ'તી હું તો પાણીએ રે,
વાલે મુજને બોલાવી મીઠી વાણીએ રે. મન૦ ૧
વાલો ઉભા ગોવાળોના સાથમાં રે,
લીધી બંસી મનોહર હાથમાં રે. મન૦ ૨
રૂડાં છોગાં મેલ્યાં તે રળિયામણાં રે,
ભાળી લીધાં ભૂધરજીનાં ભામણાં રે. મન૦ ૩
મારી લગની લાગી છે નંદલાલમાં રે,
બ્રહ્માનંદને વા'લે જોયું વા'લમાં રે. મન૦ ૪

પદ – ૨

ઓરા આવોને નાગર નંદના રે,
આવી વાળોને ઓઘ આનંદના રે. ઓરા૦
વા'લા હોંસ ઘણી છે મારા મનમાં રે,
તમ આવ્યે ટાઢું થાયે તનમાં રે. ઓરા૦ ૧
વા'લા એકલાં તે કેમ કરી રીઝીયે રે,
કાના આવોને ગોઠડી કીજીએ રે. ઓરા૦ ૨
તમ સાથે બંધાણી પ્રીત ઘાટડી રે,
મારી ઉઘડી હૈયા કરી હાટડી રે. ઓરા૦ ૩
બ્રહ્માનંદના તે શ્યામ સુજાણ છો રે,
પ્યારા પરમ સ્નેહી મારા પ્રાણ છો રે. ઓરા૦ ૪

પદ – ૩

મનમાની મોહન તારી મૂરતી રે,
એક નિમિષ ન મેલું મારા ઉરથી રે. મન૦ ટેક.



મને નેહડો જણાણો તારા નેણમાં રે,
રઢ લાગી ન ભુલું દિન રેણમાં રે. મન૦ ૧
જોયું રૂપ તારું રળિયામણું રે,
બીજું સરવે થયું છે અળખામણું રે. મન૦ ૨
હું તો ગરક થઈ તારા ગીતમાં રે,
ચઢ્યો કેફ અલૌકિક ચિત્તમાં રે. મન૦ ૩
પિયા પ્રેમેથી સેજ પધારજો રે,
બ્રહ્માનંદને ઘડી ન વિસારજો રે. મન૦ ૪

પદ – ૪

વહાલી લાગે વા'લા તારી વાતડી રે,
છેલા મળીને ઠરે છે મારી છાતડી રે. વા'લી૦
રંગ ભીના રંગાણી તારા રંગમાં રે,
અતિ આનંદ થયો છે મારા અંગમાં રે. વા'લી૦ ૧
હું તો જીવું મોહન તુને જોઈને રે,
છેલા રાખું આંખલડીમાં પ્રોઈને રે. વા'લી૦ ૨
કહાના નેણુંમાં કામણ કીધલાં રે,
રૂડાં લટકાં કરી મન લીધલાં રે. વા'લી૦ ૩
વારી એકાંતે રંગભેર આવજો રે,
બ્રહ્માનંદને હસીને બોલાવજો રે. વા'લી૦ ૪

રાગ - ગરબી પદ - ૧

જાવા દેને રે જાવા દેને, કાના ગાળ્યું બોલે છે આવી કેને રે. જાવા.એ ટેક.
અમે કંસ તણા મૈયારાં, તે માટે ન રહીએ રોકયાં તારાં રે. જાવા૦ ૧
વાટે દુધ દહીંનું દાણ કેવું, જોજે થાશે એમાંથી જોયા જેવું રે. જાવા૦ ૨
તારે લુંટી લીધાનો પડ્યો હેવા, સારી પેઠે કરીશ તારી સેવા રે. જા૦ ૩
બ્રહ્માનંદ કહે ઘણા દિ'અમે સાંખ્યું, નથી બીતી જોઈને તારી આંખ્યું રે. જા૦

પદ – ૨

દાણ દેને રે દાણ દેને, તારો રાજા હોયતો લાવ તેને રે. દાણ૦
આ વાટે અમારું દાણ લાગે, જુની રીત હશે તે નહીં ભાંગે રે. દાણ૦ ૧
દાડી ચોરીચોરીને દાણ જાતી, આજ શીતલ કરીશ તારી છાતી રે. દાણ૦૨
હવે ઝાઝે દા'ડે તે હાથ આવી, એલી ચોરી થઈ છે તારી ચાવીરે રે દાણ૦૩
બ્રહ્માનંદ કહે મહી દઈ જાને વુંઢી, શીદ ચુંદડી ફડાવીશ ગુઢી રે. દાણ.૪

પદ – ૩

તુંને જાણું રે તુંને જાણું, શાને કાજે કરે છે ધિંગાણું રે. તુંને૦
તું તો નંદ મહરનો છોરો, ઠાલો રાજા થયાનો હિંસોરો રે. તુંને૦ ૧
આપણ વાંસે રાજાને સર્વે રહીએ, તેમાં નાનું મોટું કેને કહીએ રે. તુંને૦૨
કોણે રાજગાદીનું ટીલું કીધું, તારે બાપે કે દા'ડે દાણ લીધું રે. તુંને૦ ૩
બ્રહ્માનંદ કહે લક્ષણ તારાં આવાં, થાશે જશોદા નંદ જગ ચાવાં રે. તું.૪

પદ – ૪

મહીવાળી રે મહીવાળી, મૂખે બોલ તું વેણ સંભાળી રે . . મહી૦
તારી બોલી જણાય છે બહુ તીખી, તું તો રીત રાજાઓની કે'દી શીખી રે. મ૦
અમે ગોકુળ ગામના રાજા, તારા બાપ જેવા તે લોક ઝાઝા રે. મહી૦ ૨
અમે આદ્ય જગતના દાણી, આવું હલકું બોલે છે શું જાણી રે. મહી૦ ૩
બ્રહ્માનંદ કહે તું થઈ મદમાતી, ત્યારે મુંઘી થાયે છે મરડાતી રે. મહી૦૪

પદ – ૫

દૂર રહીએ રે દૂર રહીએ, એવી વાતે ફજેત કાના થઈએ રે. દૂર૦
અમે રાજાપણું તમારું ભાળ્યું, ગાયો વાંસે ફરે ખાયછે ગાળ્યું રે. દૂર૦૧
કે'દી બાપે તમારે લોક ધાર્યાં, આજ સુધી પરાયાં ઢોર ચાર્યાં રે. દૂર૦૨
હમણે થયું છે દુઝાણું ઘેર ભારી, તે જોઈને ફાટીછે આંખ તારી રે. દૂ૦
બ્રહ્માનંદ કહે આમથાં ખોટી થાશો, ખુબ દાણ સાટેતે ગાળ્યું ખાશોરે.દૂ૦

પદ – ૬

કજિયાળી રે કજિયાળી, કેવાં વેણ લાવે છે ટાળી ટાળી રે. કજી૦



વઢવેડ કર્યાની વાત લાવે, એવે વેણે તે રીસ કેને નાવે રે. કજી૦ ૧
અમે રાજા આહીરની તું છોડી, સામું બોલે નાખીશ માટ ફોડી રે. ક૦
મસ્તાની થઈ છે છાશ પીને, ત્યારે દે છે તુંકારા નંદજીને રે. કજી૦ ૩
બ્રહ્માનંદ કહે ધીરી રહે સારું થાશે, તું સોતી મટુકી તારી જાશે રે. કજી૦૪

પદ – ૭

ખોટી થામાં રે ખોટી થામાં, કાના મગને ભરોસે મરી ખામાં રે. ખોટી૦
મુને છાશ પીતાં તે કયારે ભાળી, તારે કે'દીઆવે સોનાની થાળી રે. ખો૦
તારા ડારા થકી હું નથી ડરતી, નથી જાત અમારી તુંથી નરસી રે. ખોટી૦
પરનારીને કેડે નવ પડીએ, એમાંથી તે ચોવટે ચડીએ રે. ખોટી ૦
બ્રહ્માનંદ કહે કરીએ ઠાલી વાતું, હોય રીત જુની તો કાઢ ખાતું રે. ખોટી૦

પદ – ૮

હરિ રીઝ્યા રે હરિરીઝ્યા, ભાળી ભાવ ગોપીનો પ્રેમે ભીંજ્યારે. હરિ૦
હસી બોલ્યા સલુણો ગોપી સાથે, હેતે મટુકી ઉતારી લીધી હાથેરે. હ૦૧
જેને યજ્ઞનું હોમ્યું નવ ભાવે, તેને ગોપી પુરણ મહી પાવેરે. હરિ૦૨
પોતે પીધું બીજાને પાયું પ્રીતે, રાજી કીધી ગોપીને રૂડી રીતેરે. હરિ૦૩
બ્રહ્માનંદના વા'લાની લીલા એવી, હરિજનને અમૃતરસ જેવીરે. હ૦૪

રાગ : ઘોળ પદ-૧

મેંતો સરવે સંઘાથે તોડી રે, સાહેલી૦
એક જગના જીવન સાથે જોડી રે. સાહેલી૦ ૧
શું કરશે પિયર સાસરિયાં રે, સાહેલી૦
મેંતો સમજીને પગલાં ભરિયાં રે. સાહેલ૦ ૨
મેંતો નિશ્ચે કર્યું મનમાંથી રે, સાહેલી૦
શિર સાટે એ વર ક્યાંથી રે. સાહેલી૦ ૩
પહેલું માથું પાસંગમાં મેલ્યું રે, સાહેલી૦
પછી વરવાનું બીડુ ઝીલ્યું રે. સાહેલી૦ ૪
હું તો રહું નહિ કોઈની વારી રે, સાહેલી૦

ધાર્યા એક ધણી ગિરધારી રે. સાહેલી૦ ૫
છાની વાત નહિ એતો છાવી રે, સાહેલી૦
બ્રહ્માનંદના વાલાની કાવી રે. સાહેલી૦ ૬

પદ – ૨

જોયું સરવે જગત તપાસી રે. રઢ લાગી૦
એક પુરુષ દીઠા અવિનાશી રે. રઢ લાગી૦ ૧
બીજી અબળાની સરવે ટોળી રે, રઢ લાગી૦
દીઠું ચૌદ ભુવન લગી ખોળી રે. રઢ લાગી૦ ૨
અબળા અબળાને શું પરણું રે, રઢ લાગી૦
માટે બળિયાનું લીધું શરણું રે. રઢ લાગી૦ ૩
કાન કુંવરથી સગપણ કીધું રે, રઢ લાગી૦
એનું મેણું મેં માથે લીધું રે. રઢ લાગી૦ ૪
શીર નાખ્યો હવે મેંતો છેડો રે, રઢ લાગી૦
લાગ્યો નંદના નંદન સાથે નેડો રે. રઢ લાગી૦ ૫
સરવે અવર પુરુષ પર હરીયા રે, રઢ લાગી૦
બ્રહ્માનંદના વાલાને વરિયા રે. રઢ લાગી૦ ૬

પદ – ૩

શું કરશે સંસારી કહિને રે, હરિ વરિયા૦
ચાલી જગ માથે પગ દઈને રે. હરિ વરિયા૦ ૧
જેમ શૂરો રણમાં ખેલે રે, હરિ વરિયા૦
શત્રુ સનમુખ પગલાં મેલે રે. હરિ વરિયા૦ ૨
થઈ નિશંક લડાઈ લેવે રે, હરિ વરિયા૦
કેદી પાછા પગ નવ દેવે રે. હરિ વરિયા૦ ૩
એમ સમજીને હું તો ચાલી રે, હરિ વરિયા૦
મનમાં વરવાની આંટી ઝાલી રે. હરિ વરિયા૦ ૪
સૌ સાથે તે નાતો તોડ્યો રે, હરિ વરિયા૦



હથેવાળો તે હરિ શું જોડ્યો રે. હરિ વરિયા૦ ૫
બ્રહ્માનંદ કહે થઈ મતવાલી રે, હરિ વરિયા૦
માથે સાટે વર્યા વનમાળી રે. હરિ વરિયા૦ ૬

પદ – ૪

એવી અંતર આંટી પાડી રે. સુણ બેની૦
ઉખડે નહિ કોઈની ઉખાડી રે. સુણ બેની૦ ૧
જેમ ચાતક આંટી રાખે રે, સુણ બેની૦
વિના સ્વાતિ નીર નવ ચાખે રે. સુણ બેની૦ ૨
જેમ કેસરી ઘાસ ન ખાય રે, સુણ બેની૦
સો લાંઘણ કરી મરી જાય રે. સુણ બેની૦ ૩
એમ નિશ્ચય વિઠ્ઠલને વરવું રે, સુણ બેની૦
નહિતો સાવ કુંવારાં મરવું રે. સુણ બેની૦ ૪
બીજા પુરુષ સામું નવ જોવું રે, સુણ બેની૦
ચિત્ત પાતળિયામાં પ્રોવું રે. સુણ બેની૦ ૫
બ્રહ્માનંદ કહે પહેલું વિચારી રે, સુણ બેની૦
પછી વાત કાઢી મેં બારી રે. સુણ બેની૦ ૬

રાગ : ઘોળ પદ - ૧

ગોપીનાથ આવો મારે ઓરડે;
તમ સાથે રે વાધ્યો પૂરણ પ્યાર. નાથ૦ ટેક.
મેં તો શેરી વળાવીને સજ્જ કરી;
શેરડીએ રે વેર્યાં ફુલ અપાર. નાથ૦ ૧
મેં તો મોતીડે ચોક પુરાવીયો;
પ્રેમે બાધ્યાં રે તરીયાં તોરણ દ્વાર. નાથ૦ ૨
મેં તો જુગતેથી તમને જમાડવા;
ભાવે ભોજન રે કીધાં વિવિધ પ્રકાર. નાથ૦ ૩
મેં તો પલંગ બિછાવ્યો પ્રિતશું;

વેગે સજીયા રે સોળે શણગાર. નાથ૦ ૪
હું તો ચાતક સરખી થઈ રહી;
તમ કારણે રે પ્યારા પ્રાણ આધાર. નાથ૦ ૫
મારે તમ સંગ પૂરણ પ્રીતડી;
તેણે વિખ સમ રે થયો સર્વે સંસાર. નાથ૦ ૬
મુક્તાનંદના શ્યામ સુજાણ છો;
હવે શું કહું રે ઘણું વારંવાર. નાથ૦ ૭

પદ — ૨

ગોપીનાથ રહો મારા મહોલમાં;
સુખ દાયક રે પ્યારા શ્રી ઘનશ્યામ. નાથ૦ ટેક.
મેં તો તન ધન તમ અર્થે કર્યું;
મારી પુરો રે હૈડા કેરી હામ. નાથ૦ ૧
મેં તો શંકા તજી રે સંસારની;
તમ સાથે રે કીધી પૂરણ પ્રીત. નાથ૦ ૨
હું તો હાથ જોડી હાજર રહું;
તમને સેવું રે રસિયા રસ રીત. નાથ૦ ૩
એક નિમિષ ન મેલું વેગળા;
કરી રાખું રે મારા હૈયાના હાર. નાથ૦ ૪
મારે તમથી કોઈ વહાલું નથી;
પુરૂષોત્તમ રે પ્યારા પ્રાણ આધાર. નાથ૦ ૫
ક્યારે મરજી લેશ લોપું નહિ;
જે જે જોઈએ રે તે તે રાખીશ તૈયાર. નાથ૦ ૬
મુક્તાનંદના શ્યામ છબીલડા;
તમ સાથે રે વાધ્યો પ્રેમ અપાર. નાથ૦ ૭

પદ — ૩

પ્યારા મુજને લાગી તારી મોહની;



રસિયા વર રે તારૂં જોઈને રૂપ. મુજ૦ ટેક.
તારાં નેણ ચપળ ચિત્તને હરે;
મીઠી મુખની રે સુણી વાણી અનુપ. મુજ૦ ૧
વાંકી પાઘમાં તોરા ઝુકી રહ્યા;
જોતાં હૈડે રે ફુલડાં કેરા હાર. મુજ૦ ૨
અંગોઅંગમાં આભ્રરણ ફુલનાં;
તેને નીરખી રે વાધ્યો વિરહ અપાર. મુજ૦ ૩
તારા મુખ પંકજને માવજી;
જોતાં નેણાં રે મારા તૃપ્ત ન થાય. મુજ૦ ૪
તમને અણ દીઠે થાઉં આંધળી;
જોતાં રસિયા રે હૈડે હરખ ન માય. મુજ૦ ૫
હું તો પ્રેમદીવાની થઈ રહી;
તેણે ભુલી રે જુઠો જગ વ્યવહાર. મુજ૦ ૬
મુક્તાનંદના પ્રીતમ નહી તજું;
કરી રાખીશ રે મારા હૈડાના હાર. મુજ૦ ૭

પદ — ૪

મારાં નેણાં ઠરે છે જોઈને;
મનમોહન રે તારું રૂપ રસાળ નેણાં૦ ટેક.
માથે મોર મુગટ સોહામણો;
કાને કુંડળ રે મોતીની માળ. નેણાં૦ ૧
રૂડું મંદ હાસ્ય મનને હરે;
વાકી ભ્રકુટિ રે શોભે ભાલ વિશાળ. નેણાં૦ ૨
તારાં લોચનની છબી લાલજી;
જોતાં રસિયા રે વશ થઈ તત્કાળ. નેણાં૦ ૩
કોટિ પતિતને પાર ઉતારવા;
દ્રગ ગોચર રે રસિયા તારું રૂપ. નેણાં૦ ૪

મને પ્રગટ મળ્યા તમે માવજી,
સુખદાયક રે કોટિ ભુવનના ભૂપ. નેણાં૦ ૫
મારું મન તમસાથે માનીયું;
મુને લાગ્યો રે રસિયા તારો રંગ. નેણાં૦ ૬
મુક્તાનંદના નવલ સ્નેહીડા;
મારા ઉરમાં રે ન સમાય ઉમંગ. નેણાં૦ ૭

રાગ : ગરબી પદ - ૧

ધર્મ કુંવર ઘનશ્યામજી, મારા પ્રાણતણા આધાર; જોઈને જીવુંછું.
તન મન ધન તમ ઉપરે, લઈ વારૂં વાર હજાર. જોઈ૦ ૧
સુંદર મૂર્તિ મોહની, મારા મનમાં ખુંતી રાજ. જોઈ૦
તમ વિના મને કાનજી, બીજું કાંઈ નવ સુઝે કાજ. જોઈ૦ ૨
પાંપણ પર આંટો દઈ, તમે બાંધી પાઘ અનુપ. જોઈ૦
કોટિક કંદર્પ વારણે, લઈ વારૂં એવું રૂપ. જોઈ૦ ૩
ભાલ તિલક શોભે ઘણું, જાણે ભ્રકુટિ કામ કબાણ. જોઈ૦
કમળનયન કટાક્ષમાં, મારા તાણી લ્યો છો પ્રાણ. જોઈ૦ ૪
મધુર મધુર હસવું જોઈને, વાધે પ્રેમ અપાર. જોઈ૦
ત્રિભુવનમાં એવી કોણ છે, જે વશ નવ થાયે નાર. જોઈ૦ ૫
વામ કરણમાં શ્યામ છે, તિલ નિરખ્યા જેવો નીત. જોઈ૦
તિલ જોઈ જમણા ગાલમાં, વાધે પ્રેમાનંદને પ્રીત. જોઈ૦ ૬

પદ – ૨

શીકહું શોભા અંગની, જોઈ લોચનીયાં લોભાય. ચિત્તડું ચોરે છે.
નિરખી નાસાકીરની, મારાં ભવનાં પાતક જાય. ચિત્ત૦ ૧
અધર પ્રવાળાની ઉપમા, જાણે કુંદ કળી સમ દાંત. ચિત્ત૦
ચિબુકતણી શોભા ઘણી, કંબુ કંઠ જોયાની ખાંત. ચિત્ત૦ ૨
વક્ષસ્થળ વહાલું ઘણું, મને મળવા વાધે પ્રીત. ચિત્ત૦



આજાનબાહુ ઉર ધરી, આવો મળીએ મોહન મીત. ચિત્ત૦ ૩
ઉદરમાંહી ત્રિવળી પડે, ઉંડી નાભી નોતમ જોઈ. ચિત્ત૦
શ્યામ કટિ સોહામણી, ઉરુમાંહી રહ્યું મન મોઈ. ચિત્ત ૪
જાનું જુગલ છબી જોઈને, મારો સુફળ થયો અવતાર. ચિત્ત૦
પીંડી પાની નીરખતાં, મારો દૂર થયો સંસાર. ચિત્ત૦ ૫
સોળે ચિહ્ને જુક્ત છે, એવી જુગલ ચરણની જોડ. ચિત્ત૦
અખંડ રહો આવી ઉરમાં, પૂરો પ્રેમાનંદના કોડ. ચિત્ત૦ ૬

પદ – ૩

નવલ સનેહી નાથજી, રૂપાળા રાજીવ નેણ, વહાલા લાગો છો.
હસતા હસતા હેતમાં, બોલો છો મીઠાં વેણ. વહાલા૦ ૧
આંખડલી અમૃતે ભરી, કાંઈ કરુણા કહી નવ જાય. વહાલા૦
ચિત્ત ચોરાણું ચાલમાં, મરકલડે મન લોભાય. વહાલા૦ ૨
આતુરતા નથી અંગમાં, દીસે છે શીલ સ્વભાવ. વહાલા૦
પ્રેમ તણો પ્રવાહ વહે, નેણામાં નટવર નાવ. વહાલા૦ ૩
ભૂધર ભાવિક ભાવના, નથી અર્થાઅર્થી શ્યામ. વહાલા૦
પરમારથને કારણે, પધાર્યા પૂરણકામ. વહાલા૦ ૪
દીન ઉપર દયા કરી, તમે દુર્લભ દર્શન દેવ. વહાલા૦
કલ્પતરુ છો કાનજી, જાણે મોટા મુનિવર ભેવ. વહાલા૦ ૫
કરુણાનિધિ કરુણા કરી, છોગાળા રંગ છેલ. વહાલા૦
પ્રેમાનંદ કહે અખંડ રહો, આંખડલીમાં અલબેલ. વહાલા૦૬

પદ – ૪

ધર્મકુવર શ્રીકૃષ્ણજી તમે ભક્તપતિ ભગવાન, એ વર માગું છું.
દયાનિધિ તમે દાસને, નિત્ય આપો છો એ દાન. એ વર૦ ૧
નિર્વિકલ્પ ઉત્તમ અતિ, એવો નિશ્ચય થાય તમારો. એ વર૦
અલબેલા તમ આગળે, હું અરજ કરું એ સારું. એ વર૦ ૨
માહાત્મ્ય જ્ઞાને સહિત હરિ, એવી એકાંતિકી ભક્તિ. એ વર૦

પ્રીત રહે તવ ચરણમાં, બીજે રહે સદા વિરક્તિ. એ વર૦ ૩
હું માં તમારું ભક્તપણું, હરિ એમાં કોઈ પ્રકાર. એ વર૦
દોષ ન રહે કોઈ જાતનો, એ આપો ધર્મકુમાર. એ વર૦ ૪
તમારા કોઈ ભક્તનો, મારે દ્રોહ કયારે નવ થાય. એ વર૦
સંગ એકાંતિક ભક્તનો, મને નિત્ય આપો મુનિરાય. એ વર૦
દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજુર. એ વર૦
પ્રેમાનંદની વિનતિ, સાંભળજો શ્યામ જરૂર. એ વર૦ ૬

રાગ : ગરબી પદ - ૧

પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ,
કાંઈ કહ્યામાં ના’વે વાત, મારી બે’ની. ! પ્રગટ૦
આજ દીન બંધુ અઢળક ઢળ્યા રે લોલ,
પોતે પુરુષોત્તમ સાક્ષાત્, મારી બે’ની. ! પ્રગટ૦ ૧
એ તો પ્રકૃતિ પુરુષ થકી પર છે રે લોલ,
એ તો અક્ષર તણા આધાર, મારી બે’ની. ! પ્રગટ૦ ૨
એ તો રાધારમાના વર છે રે લોલ,
એનો નિગમ ન પામે પાર, મારી બે’ની. ! પ્રગટ૦ ૩
એ તો રાજાધિરાજ પણે રાજતા રે લોલ,
એ તો ત્રિભુવન પતિ ભગવાન, મારી બે’ની. ! પ્રગટ૦ ૪
એ તો સુરનર મુનિ શીર છાજતા રે લોલ,
મનમોહન રૂપ નિધાન, મારી બે’ની. ! પ્રગટ૦ ૫
મહામુક્ત પૂજે જેની પાદુકા રે લોલ,
એવા પરમ પુરુષ મહારાજ, મારી બે’ની. ! પ્રગટ૦ ૬
જેને ઘડીએ ન મેલે રમા રાધિકા રે લોલ,
એવા દુર્લભ સુલભ થયા આજ, મારી બે’ની. ! પ્રગ૦ ૭
નર વિગ્રહ ધર્યો કરુણા કરી રે લોલ,
લીધો દ્વીજકુળે અવતાર, મારી બે’ની. ! પ્રગટ૦ ૮


પ્રેમાનંદનો સ્વામી આજ શ્રીહરિ રે લોલ,
મુક્તિ આપી કરે ભવપાર, મારી બે’ની. ! પ્રગટ૦ ૯

પદ – ૨

પ્રભુ પ્રગટ થયા છે આ સમે રે લોલ,
શ્રીકૃષ્ણ કમળદળનેણ. અવિનાશી પ્રભુ૦
જેને સુરપતિ નરપતિ સહુ નમે રે લોલ,
એવા ધર્મકુંવર સુખદેણ. અવિનાશી પ્રભુ૦ ૧
જે ગોકુલચંદ નંદલાડીલો રે લોલ,
તેજ ભક્તિધર્મસુત શ્યામ. અવિનાશી પ્રભુ૦ ૨
તેણે મુક્તિનાં દ્વાર ઉઘાડિયાં રે લોલ,
નરનારીને દેવા નિજધામ. અવિનાશી પ્રભુ૦ ૩
શુદ્ધ ધર્મ ધરાપર સ્થાપવા રે લોલ,
ઉખાડવા અધર્મનાં મૂળ. અવિનાશી પ્રભુ૦ ૪
નિજજનને અખંડ સુખ આપવા રે લોલ,
પાવન કરવા ભક્તિ ધર્મકુળ. અવિનાશી પ્રભુ૦ ૫
આજ મોક્ષ આપવાને આવીયા રે લોલ,
બ્રહ્મ મહોલવાસી હરિરાય. અવિનાશી-પ્રભુ૦ ૬
મોટા મુક્ત મુનિ સાથે લાવીયા રે લોલ,
જેનાં દર્શન કર્યે પાપ જાય. અવિનાશી-પ્રભુ૦ ૭
મોક્ષપતિ કુંવર ભક્તિ ધર્મના રે લોલ,
હરિકૃષ્ણ નારાયણ નામ. અવિનાશી-પ્રભુ૦ ૮
વા’લો તરત કાપે છે બંધ કર્મના રે લોલ,
પ્રેમાનંદનો સ્વામી ઘનશ્યામ. અવિનાશી-પ્રભુ૦ ૯

પદ – ૩

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર. નરનારી જેને૦ ટેક.

આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,
વહાલો તરત ઉતારે ભવપાર. નરનારી જેને૦ ૧
જન્મ મૃત્યુના ભય થકી છુટવા રે લોલ,
શરણે આવો મુમુક્ષુ જન. નરનારી જેને૦ ૨
શીદ જાઓ છો બીજે શીર કુટવા રે લોલ,
હ્યાં'તો તરત થાશો પાવન. નરનારી જેને૦ ૩
ભૂંડા શિદને ભટકો છો મત પંથમાં રે લોલ,
આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ. નરનારી જેને૦ ૪
આણો પ્રેમ પ્રતીત સાચા સંતમાં રે લોલ,
થાશે મોક્ષ અતિશે અનુપ. નરનારી જેને૦ ૫
જુવો આંખ ઉઘાડી વિવેકની રે લોલ,
શીદ કરો છો ગોળ ખોળ એકપાડ. નરનારી જેને૦ ૬
લીધી લાજ બીજા ગુરૂ ભેખની રે લોલ,
કામ ક્રોધે લગાડી છે રાડ. નરનારી જેને૦ ૭
એવા અજ્ઞાની ગુરૂના વિશ્વાસથી રે લોલ,
જાશો નરકે વગાડતા ઢોલ. નરનારી જેને૦ ૮
વાલો તરત છોડાવે કાળપાસથી રે લોલ,
પ્રેમાનંદ કહે આપે છે હરિ કોલ. નરનારી જેને૦ ૯

પદ – ૪

જાઉં ધર્મકુવરને વારણે રે લોલ,
ભવ બુડતાં ઝાલી મારી બાંય. અલબેલે જાઉં૦ ટેક.
બાંહ્ય ઝાલીને તાણી લીધી બારણે રે લોલ,
નહિ તો વહી જાત કયાંયની કયાંય. અલબેલે જાઉં૦
વા'લો ઘોર કળીમાં કરુણા કરી રે લોલ,
લીધો ધર્મગૃહે અવતાર. અલબેલે જાઉં૦ ૨
પોતે અક્ષરપતિ આવ્યા શ્રીહરિ રે લોલ,



કરવા અધમ તણો ઓધાર. અલબેલે જાઉં૦ ૩
વા'લે પ્રગટ પ્રતાપ જણાવિયો રે લોલ,
મેટ્યા લખ્યા વિધાતાના લેખ. અલબેલે જાઉં૦ ૪
જીવ જમના તે હાથથી છોડાવીયા રે લોલ,
મારી કર્મની રેખ પર મેખ. અલબેલે જાઉં૦ ૫
ચાર વર્ણ ને આશ્રમ ચારના રે લોલ,
સ્થાપ્યો અચળ ધરા પર ધર્મ. અલબેલે જાઉં૦ ૬
મધ માંસ ચોરી ફેલ જારના રે લોલ,
નરનારીનાં મેલાવ્યાં કર્મ. અલબેલે જાઉં૦ ૭
કીધાં શુદ્ધ અંતર નરનારીનાં રે લોલ,
ધર્મ ભક્તિ પધરાવ્યાં માંહ્ય. અલબેલે જાઉં૦ ૮
એવાં દિવ્ય ચરિત્ર ગિરિધારીનાં રે લોલ,
પ્રેમાનંદ જોઈને વારી જાય. અલબેલે જાઉં૦ ૯

રાગ : ગરબી પદ - ૧

ઓરા આવો મારા લેરખડા લેરી, કીધો તમ સારું મેં જગવેરી. ઓ૦૧
કાજુ નૌતમ જામા જરકસિયા, શોભે પાઘડલી શિર સોનેરી. ઓ૦ ૨
નંગ જડિયલ બાજુ બેરખડા, કર પોંચી હેમકડાં પે'રી. ઓ૦ ૩
તમે રસિયા રંગડાના ભરિયા, મુખ મોરલડી વાતા ઘેરી. ઓ૦ ૪
બ્રહ્માનંદના છેલાછોગાળા, ચાલોચાલ મલપતા ગજ કેરી. ઓ૦ ૫

પદ – ૨

મરમાળા મનમાન્યા માવા, રો'ને આંખડલી આગે આવા. મર૦ ૧
તારાં મનમોહન મીઠાં વેણાં, આવો શ્યામ તમે મને સંભળાવા. મર૦
નિત્ય વાલમ આવો મારે મંદિરીયે, રૂડી ચાલ ચતુરાઈ શિખાવા. મર૦
તમે નાવો તો હું નંદજીને ફળિયે, બહુ હેત કરીને આવું બોલાવા. મ૦ ૪
બ્રહ્માનંદના બાળ સનેહીડા, રાખું જોર કરીને નહીં દઉં જાવા. મર૦ ૫

પદ – ૩

વહાલું લાગે મુને મોહન મુખ તારું, છે જો પૂરણ ચંદ્રથકી સારુ.વા૦ ૧
તારા મુખડાંની મીઠી લાવણ્યતા, જોઇ કોટિ કોટિ કંદર્પ વારું. વા૦ ૨
શુભ ગૌર કપોળે તિલ ત્રાજુ, તેમાં લોભાણું મનડું મારું. વા૦ ૩
તારા મુખની શોભા મરમાળા, નિત્ય નીરખી અંતરમાં ધારું. વા૦ ૪
બ્રહ્માનંદ કહે વશ કીધી મુજને, છે જો કોડીલું કામણગારું. વા૦ ૫

પદ – ૪

તારી મૂર્તિ મન માની મારે, હવે શંકા જગની કોણ ધારે. તા૦ ૧
લટકાળા તમને લાડકડા, મેં તો દીઠેલ જમુનાને આરે. તા૦ ૨
મનમોહન સુંદર મોળીડે, તોરા ફુલ તણા ઝુકિયા તારે. તા૦ ૩
શુભ નાસા દીપ સમાન બણી, કાજુ નેણ કમળ કેરે અનુસારે. તા૦ ૪
બ્રહ્માનંદના હાર હજારીડા, હું તો જીવું છું તુને દેખું જ્યારે. તા૦ ૫

રાગ : ગરબી પદ - ૧

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે,
વિપતે વરચી રે, કેદી દીન વચન નવ ભાખે .
જગનું સુખ દુઃખ રે, માયિક મિથ્યા કરી જાણે,
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે. ૧
પર ઉપકારી રે, જન પ્રેમ નિયમમાં પૂરા,
દૈહિક દુઃખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા. ૨
હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરીયા,
સર્વે તજીને રે, નટનાગર વહાલા કરીયા. ૩
બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી,
મસ્તક જાતાં રે, નવમેલે ટેક વિચારી. ૪

પદ – ૨

ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી,
ત્રિવિધિ તાપે રે, કેદી અંતર ડોલે નાહી,



નિધડક વર્તે રે, દઢ ધીરજ મનમાં ધારી,
કાળ કર્મની રે, શંકા તે દેવે વિસારી. ૧
મોડું વહેલું રે, નિશ્ચય કરી એક દિન મરવું,
જગ સુખ સારું રે, કેદી કાયર મન નવ કરવું. ૨
અંતર પાડી રે, સમજીને સવળી આંટી,
માથું જાતાં રે, મીલે નહિ તે નર માટી. ૩
કોઇની શંકા રે, કેદી મનમાં નવ ધારે,
બ્રહ્માનંદના રે, વહાલાને પળ ન વિસારે. ૪

પદ – ૩

જો હોય હિંમત રે, નરને ઉરમાંહી ભારી,
દઢતા જોઇને રે, તેની મદદ કરે મોરારી.
બીક તજીને રે, નિત્ય હિંમત સોતો બોલે,
મસ્તક માયા રે, સર્વે તૃણ જેવું તોલે. ૧
કેસરી સિંહને રે, જેમ શંકા મળે નહિ મનમાં,
એકાએકી રે, નિરભે થઇ વિચરે વનમાં. ૨
પંડે છોટો રે, મોટા મેંગળને મારે,
હિંમત વિનાનો રે, હાથી તે જોઇને હારે. ૩
બ્રહ્માનંદ કહે રે, એમ સમઝે તે જન શૂરા,
તન કરી નાખે રે, ગુરુવચને ચૂરેચૂરા. ૪

પદ – ૪

પેટ કટારી રે, પહેરીને સનમુખ ચાલ્યા,
પાછા ન વળે રે, કોઇના તે ન રહે ઝાલ્યા.
આમાસામા રે, ઉડે ભાલાં અણિયાળાં,
તે અવસરમાં રે, રહે રાજી તે મતવાલા. ૧
સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે,
જીવત જુઠું રે, મરવું તે મંગળ જાણે. ૨

તેની પેરે રે, હરિજન પણ જોઇએ તીખા,
અંતરશત્રુને રે, લાગે અતિ વજ સરીખા. ૩
માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે,
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિ મન ભાવે. ૪

રાગ : ગરબી : પદ-૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવીયા રે, સુંદર છોગાંવાળો છેલ. ૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ. ૨
ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે ચરણે લાગી વારંવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહો ને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેંટો જોયા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય. ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમુલ્ય;
કોટિક રવિ શશિ રે, તે તો નાવે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ. ૯

પદ — ૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ. ૧



પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપુરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત;
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત. ૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળ નયનની કોર. ૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણા કંદ. ૬
અદ્ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વ્હાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગો અંગમાં રે, જાણે ઉગીયા અગણીત સૂર. ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

પદ — ૩

બોલ્યા શ્રી હરિ રે,સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન.૧
મારી મૂર્તિ રે, મારાં લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાંતો જોયાની છે જુક્ત.૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ.૩
અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય.૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;

દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર.૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન.૬
અગણિત વિશ્વની રે, ઉત્પતિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી.૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ.૯

પદ – ૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનૂપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ.૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ.૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ.૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર.૪
સૌ તમે પાળજો રે, સર્વે દ્રઢ કરી મારા નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ.૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ.૬
નિજજન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ.૭
શોભે સંતમાં રે, જેમ કોઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવા જનનાં કાજ.૮



એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર.૯

*રાગ : ગરબી પદ - ૧*

લટકાળા તારે લટકેરે, લેરખડા હું લોભાણી ;
વાંસલડી કેરે કટકે રે, ચિત્તડાં ને લીધું તાણી. ૧
છોગલિયું તારું છેલા રે, આવી અટક્યું અંતરમાં ;
વણદીઠે રંગના રેલા રે, બેઠી અકળાઉં ઘરમાં. ૨
રાતી આંખલડીની રેખું રે, મનડાંમાં ખૂંતી મારે,
ડોલરીયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે. ૩
મરમાળી મૂરતિ તારી રે, વાલમ મારે ચિત્ત ચડી ;
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી. ૪

પદ – ૨

રૂડું ભાલ તિલક રૂપાળું રે, કોડે કીધું કેસરનું ;
ભાવે હું સુંદર ભાળું રે, કામડલું મેલી ઘરનું. ૧
વાંકી ભ્રકુટિ જોઈ વનમાળી રે, મારું લોભાણું મનડું ;
મોહન નાસા મરમાળી રે, દોયલી વેળાનું ધનડું. ૨
તારાં લોચનીયાં નંદ લાલા રે, રંગભીના રંગનાં ભરીયાં ;
વ્રજજીવન નટવર વહાલા રે, ગુણીયલ અંતરમાં ગરીયાં. ૩
લટકાળા મોહની લાગી રે, ભાવે મુખડું ભાળીને ;
બ્રહ્માનંદના શ્યામ સુહાગી રે, બેઠી જગભય ટાળીને. ૪

પદ – ૩

માણીગર મોળીડું તારું રે, સુંદર ફુલડેથી છાયું ;
મોહન તેમાં મન મારું રે, ઠીક કરીને ઠેરાયું. ૧
રૂપાળું રંગનું ભરીયું રે, શોભે કોર્યું સોનેરી ;
છોગલિયું નૌતમ ધરીયું રે, લાડકળા વાલમ લહેરી. ૨
કાજુનવલ કલંગી નીરખી રે, ચિત્તડામાં લાગી ચટકી ;

થઈ ગઈ દીવાની સરખી રે, લોકલજ્જા સર્વે પટકી. ૩
બહુ અંતરમાં રસ બસીયું રે, ગરક કસુંબી બોળીડું ;
બ્રહ્માનંદના મનમાં વસીયું રે, મોહન તારું મોલીડું. ૪

પદ — ૪

વ્રજ જીવન શ્યામ વિહારી રે, લાવણમાં હું લેવાણી ;
મેં તો મેલ્યો જગ વિસારી રે, કાનડ તારી કેવાણી. ૧
સુંદર વર રંગડો ચડીયો રે, મરમાળા મોહન તારો ;
જગ તૃણ સરખો ત્રેવડીયો રે, કોણ માને એનો ડારો. ૨
મારે તમથી પ્રીત બંધાણી રે, કોઈની શંકા કેમ ધરૂં ;
ચિંતામણી સુંદર લાધી રે, રાંક થઈને શીદ ફરૂં. ૩
તમ સાથે રંગના ભીના રે, દિલડું માન્યું ડોલરીયા ;
બ્રહ્માનંદના નાથ નવીના રે, વાલમ મેં તમને વરીયા. ૪

રાગ : પરજ પદ - ૧

હૈડાનો હાર હરિ રે, મારે રંગભીનો, હૈડાનો હાર હરિ. ટેક૦
મંદિરમાં પધરાવી મોહનને, ભેટું હું અંક ભરી રે.. મારે ૦ ૧
જગના જીવનને હું નહીં દેઉં જાવા, રાખીશ જતન કરીરે.. મારે ૦ ૨
રસિક નવલ વર રાજેશ્વરને, નીરખીને નયણાં ઠરીરે.. મારે ૦ ૩
બ્રહ્માનંદના નાથને સજની, મન કર્મ વચને વરીરે.. મારે ૦ ૪

પદ — ૨

વર નંદલાલ વરું રે, સખી અલબેલો, વર નંદલાલ વરું. ટેક૦
મૂરખ લોક દાઝીછોને મરતા, કોઈની શંકા ન ધરું રે. સખી૦ ૧
કાન કુંવર સંગે નેહ કરીને, જગથી તે શીદ ડરું રે. સખી૦ ૨
પરણું તો વર પુરુષોત્તમ પરણું, નહીં તો કુંવારી મરું રે. સખી૦ ૩
બ્રહ્માનંદના નાથને માથે, તન કુરબાન કરું રે. સખી૦ ૪

પદ — ૩

ધોળી હું ગિરધરીયા રે, માથે તારે મોહન, ઘોળી હું ગિર. ટેક ૦



પ્રાણજીવન મારે, મહોલ પધારો, ભૂધર રંગ ભરીયા રે. માથે૦ ૧
પહેલી પ્રિત કરીને મારા, પ્રાણ તમે હરીયા રે. માથે૦ ૨
મસ્તકને સાટે મેં તમને, વાલમજી વરીયા રે. માથે૦ ૩
બ્રહ્માનંદ કહે એક ઘડી દૂર, રહો માં ડોલરીયા રે. માથે૦ ૪

પદ — ૪

લાગેલ રંગઝડી રે, મારે રસિયાજી શું લાગેલ રંગઝડી. ટેક૦
મોહનલાલ રગીંલાની મૂરતિ, જીવડલામાં જડી રે. મારે૦ ૧
પ્રાણજીવન પાતળીયાની આગે, હાથ જોડીને ખડી રે. મારે૦ ૨
મીટ થકી ક્ષણ દૂર ન મેલું, પ્રેમને પાશ પડી રે. મારે૦ ૩
બ્રહ્માનંદના નાથને ભેટી, ધન્ય ધન્ય આજ ઘડી રે. મારે૦ ૪

રાગ ગરબી પદ - ૧

વાલા રમઝમ કરતા કા’ન, મારે ઘેર આવો રે;
મારા પુરા કરવા કોડ, હસીને બોલાવો રે. ૧
મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે;
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે. ૨
વાલા અબળા ઉપર મહેર, કરજો મોરારી રે;
હું તો જન્મોજન્મની નાથ, દાસી તમારી રે. ૩
મારા પ્રાણ તણા આધાર, પ્રીતમ પ્યારા રે;
પળ રહો માં નટવર નાવ, મુજથી ન્યારા રે. ૪
આવો છોગાં મેલીને શ્યામ, ધડક મ ધારો રે;
મેં તો ફુલડે સમારી સેજ, શ્યામ સુધારો રે. ૫
વાલા નયણાંતણું ફળ આજ, મુજને આપો રે;
મુક્તાનંદ કહે મહારાજ, દુ:ખડાં કાપો રે. ૬

પદ — ૨

હુંતો છું ઘણી નગણી નાર, તોય તમારી રે ;
તમે ગુણસાગર ગોપાળ, દેવ મોરારી રે. ૧

મુને કરી પોતાની કહાન, દોષ ન જોયા રે ;
તમે ગુણગ્રાહક ગોપાળ, મુજપર મોહ્યા રે. ૨
તમે શ્યામસુંદર સુખરૂપ, કુંજ વિહારી રે ;
મારે મંદિર આવો માવ, તમપર વારી રે. ૩
મુને કરી કૃતારથ કહાન, શ્યામ સોહાગી રે ;
મારે ભવની ભાવટ આજ, સર્વે ભાગી રે. ૪
મારે અમૃત વર્ષ્યા મેહ, થઈ અનુરાગી રે ;
મારી તમ સંગ ત્રિભુવનરાય, લગની લાગી રે. ૫
મારા પુણ્યતણો નહિ પાર, તમ સંગ મળતાં રે ;
મુક્તાનંદ કહે મહારાજ, અંતર ટળતાં રે. ૬

પદ — ૩

મારું મનગમતું કરી માવ, સુખડું દીધું રે;
મારું મંદિરીયું મહારાજ, વૈકુંઠ કીધું રે. ૧
હવે રહો રસિયા દિનરાત, કરી મન હેઠું રે;
મુને મળી ચિંતામણી શ્યામ, દુઃખ નહીં વેઠું રે. ૨
મને સરવે સૈયરમાં શ્યામ, કીધી સમોતી રે;
મારા હૈડા કેરી હામ, સર્વે પોતી રે. ૩
વાલા મુજ નગણી પર નાથ, અઢળક ઢળીયા રે;
તમે એકાંતે અલબેલ, આવીને મળીયા રે. ૪
મુને મુખથી દીધો તંબોળ, હસિને બોલાવી રે;
મારા મનની ઈચ્છા આજ, સઘળી ફાવી રે. ૫
તમ રસિયાજી રસરીત, શું સુખ આપ્યું રે;
મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડું કાપ્યું રે. ૬

પદ — ૪

મારા મંદિરીયાંમાં માવ, મોજું માણો રે;
મને શું કરશે સંસાર, ધડક મ આણો રે. ૧



હુંતો તરણા તુલ્ય સંસાર, સઘળો જાણું રે ;
વાલા એક તમારી બીક, ઉરમાં આણું રે. ૨
તમે ભૂપ તણા છો ભૂપ, મહા સુખકારી રે;
વાલા તન મન ધન પરિવાર, તમપર વારી રે. ૩
તોય અધર અમૃતથી નાથ, હું ન ધરાઉં રે;
વાલા નિત્ય નૌતમ શણગાર, સજી સુખ આપું રે. ૪
તમે રસિયા રંગની રેલ, વાલમ વાળી રે ;
હુંતો મગન થઈ મસ્તાન, મુખડું ભાળી રે. ૫
મને આપ્યો અંખડ સુહાગ, કુંજવિહારી રે ;
મુક્તાનંદ કહે મહારાજ, જાઉં બલિહારી રે. ૬

રાગ ગરબી પદ - ૧

મારે આજ પ્રીતમ ઘેર આવશે રે,
મુને હેતે કરીને બોલાવશે જીરે. મારે આજ૦
એના સાથીડાને સાથે લાવશે રે;
કરી લટકાં તાળી દઈ ગાવશે જીરે. મારે આજ૦ ૧
હરિ હેતે કરીને સામું ભાળશે રે;
રંગડાની તે રેલું વાળશે જીરે. મારે આજ૦ ૨
કરી ખ્યાલ અલૌકિક ખેલશે રે;
માથે ફુલડાંનાં છોગલાં મેલશે જીરે . મારે આજ૦ ૩
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળો રે;
સુખદેશે આવીને ઉતાવળો જીરે. મારે આજ૦ ૪

પદ — ૨

જોઈ રહી છું પ્રીતમજીની વાટડી રે;
મેંતો ખાંતે ઢાળી છે ખાટડી જીરે. જોઈ૦
અગર ચંદને લીપાવું ઓરડા રે;
જળકુંભ ભરાવું કોરડા જીરે. જોઈ૦ ૧

રૂડાં ભોજન કર્યાં છે રસેભર્યાં રે;
તાજાં તરત તૈયાર ઢાંકી ધર્યાં જીરે. જોઇ૦ ૨
મેં તો સજ્જ કરાવી શેરીયાં રે;
ચોકે ચોકે તે ફુલડાં વેરીયાં જીરે. જોઇ૦ ૩
બ્રહ્માનંદના સ્વામીને કોડલે રે;
મેંતો તોરણ બંધાવ્યાં ટોડલે જીરે. જોઇ૦ ૪

પદ — ૩

ધન્ય ધન્ય ઘડી છે આજની રે;
રૂડી ખબર આવી મહારાજની જીરે. ધન્ય૦
સખી હળી મળી મંગળ ગાય છે રે;
અતિ આનંદ ઉભરાયો જાય છે જીરે. ધન્ય૦ ૧
મોતી થાળ ભરી ટોળે મળી રે;
સખી હરીને વધાવા થઈ આકળી જીરે. ધન્ય૦ ૨
સર્વે ઘરનો તે ધંધો વિસરી રે;
હરિને મળવા આતુર થઈ સુંદરી જીરે. ધન્ય૦ ૩
ઘરમાંથી આવી ઊભી બારણે રે;
બ્રહ્માનંદના સ્વામીને કારણે જીરે. ધન્ય૦ ૪

પદ — ૪

મારે આજ પ્રીતમ ઘેર આવીયા રે;
ભરી મોતીડે થાળ વધાવીયા જીરે. મારે આજ૦
પહેલાં નીર ઉને નવરાવીયા રે;
પછી પ્રીતમ માંહી પધરાવીયા જીરે. મારે આજ૦ ૧
મેં તો ભોજન જમાડચાં ભાતભાતનાં રે;
વહાલે આપ્યાં તે સુખ એકાંતનાં જીરે. મારે આજ૦ ૨
પે'લું પરઠચું હતું તે વેણે પળ્યા રે;
વાલો હેત કરીને મુજને મળ્યા જીરે. મારે આજ૦ ૩



બ્રહ્માનંદ કહે આજની ધન્ય ઘડી રે;
મારો વહાલોજી પધાર્યા સેજડી જીરે. મારે આજે૦ ૪

રાગ : ગરબી પદ - ૧

તારા મુખની લાવણ્યતા મીઠી રે, મોહન વનમાળી ;
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મુરતિ મરમાળી .
ચટક રંગીલા તારા મોળીડાને છેડે, મનડું ડોલે છે કેડેકેડે રે. મો૦
રંગડો જામ્યો છે ફુલડાંને તોરે, ભ્રમર ભમે છે ચહુકોરે રે. મો૦
ભાલ તિલક કેસર કેરું રાજે, મુખ જોઈ શશિયર લાજે રે. મો૦
બ્રહ્માનંદ કહે સરવસ વારું, રૂપ જોઈને વહાલા તારું રે. મો૦

પદ — ૨

તારાં લટકાં પ્યારાં મુને લાગે રે, લહેરી લટકાળા ;
હુંતો રીઝી સલુણા ઘેરે રાગે રે, છેલા છોગાળા.
સુંદર નેણ કમલદળ જેવી, ભ્રકુટી ભ્રમર રહ્યા સેવી રે. લહેરી૦
ગૌર કપોળ સુભગ તિલ ત્રાજુ, કોમળ નાસા કાજુ રે. લહેરી૦
અધર ઉપર જાણે કુંકુમ ઢળીયું, દંત દાડમ કેરી કળીયું રે. લહેરી૦
બ્રહ્માનંદ કહે સામું જોઈને, મનડું લીધું છે મારું પ્રોઈને રે. લહેરી૦

પદ — ૩

વહાલી લાગે છે મુખડાંની વાણી રે, પ્રીતમજી પ્યારા ;
મીઠે મરકલડે લોભાણી રે, સુંદરવર સારા.
નટવર આડી નજરે નિહાળી, રંગડાની રેલું વાળી રે. પ્રીત૦
મધુર મધુર મુખ હાસ કરીને, લીધા છે પ્રાણ હરીને રે. પ્રીત૦
મનમોહન તારી નૌત્તમ મુરતિ, નિમખ ન મેલું મારા ઉરથી રે. પ્રીત૦
બ્રહ્માનંદ કહે રીઝી તારે રાગે, અહોનિશ રહેજો મારેઆગે રે. પ્રીત૦

પદ — ૪

તારાં છોગલીયાંની છબી ભારી રે, કુંવર કાનુડા ;
છેલા ગુણવંતા ગિરધારી રે, લાગો છો રૂડા.

પ્રાણજીવન શિરકેશ રૂપાળા, કાળા ખીંટલીયાળા રે. કુંવર૦
લાલકસુંબી તારા મોલીડાને ચટકે, જોઇને મોહીછું કરલટકે રે. કુંવર૦
કુંડળની છબી નથી રે કહેવાતી, નીરખી ઠરે છે મારી છાતી રે. કુંવર૦
બ્રહ્માનંદ કહે રહોને રંગીલા, આંખલડીમાં અલબેલા રે. કુંવર૦

રાગ : ગરબી પદ ૧

હું તો જાઇશ ગિરિધર જોવા રે, મા મુને વારિશ માં ;
માર ઉરમાં છબીલાજીને પ્રોવા રે, મેણલે મારીશ માં૦ ટેક.
જાઇશ જોવા હુંતો નંદજીનો લાલો,
હાંરે મને પરમ સનેહી લાગે વહાલો રે. મા મુને૦ ૧
છેલ છબીલો વા'લો કુંજનો વિહારી,
હાંરે એતો જીવન દોરી છે મારી રે. મા મુને૦ ૨
વારીશ માં રે તુંને કહું છું રે વહેલું,
હાંરે હું તો માથું જાતાં નહિ મેલું રે. મા મુને૦ ૩
પ્રેમાનંદના સ્વામીને સારુ,
હાંરે કુરબાન કર્યું છે જીવત મારું રે. મા મુને૦ ૪

પદ — ૨

હાંરે મેં તો જોયા ચતુર નંદલાલ રે, ઊભા ઓશરીએ ;
હાંરે કર્યું તિલક કેસર કેરું ભાલ રે, સુંદરવર હરિએ. ટેક.
શ્વેત પાઘ શીર ઉપર શોભે,
હાંરે જોઇ છોગલીયાં ચિત્ત લોભે રે. ઊભા૦ ૧
શ્વેત હાર પહેર્યા ઉર પર કાજુ,
હાંરે બાંધ્યા શ્વેત ફુલોના બાજુ રે. ઊભા૦ ૨
શ્વેતાંબર સર્વે અંગે બિરાજે,
હાંરે જોઇ કોટિક કામ છબી લાજે રે. ઊભા૦ ૩
પ્રેમાનંદ કહે પલવટ વાળી,
હાંરે ચડયા ઘોડલીયે વનમાળી રે. ઊભા૦ ૪



પદ — ૩

વા'લો ઘોડલાં ખેલાવે ઘનશ્યામ રે, બાઇ મારે આંગણીયે;
મારું ચિત્તડું ચોરે છે સુખધામ રે આંખલડીની અણીએ.ટેક.
ઘોડલાં ફેરે ને વાલો મુજ સામું હેરે,
હાંરે મુને ન્યાલ કીધી છે આણી ફેરે રે. બાઇ૦ ૧
ચપળ તુરંગ અતિ વેગે ફરે છે,
હાંરે એતો ગરુડનો ગર્વ હરે છે રે. બાઇ૦ ૨
સુરનર મુનિજન નિરખે છે પ્રીતે,
હાંરે જાણે ચિત્ર આલેખ્યાં છે ભીંતે રે. બાઇ૦ ૩
રૂડો લાગે છે ખભે ફરકે છે પટકો,
હાંરે રીઝ્યો પ્રેમાનંદ જોઇ લટકો રે. બાઇ૦ ૪

પદ — ૪

હાંરે સખી નાવા પધાર્યા મહારાજ રે, જીવન જમુનામેં ;
સાથે લીધો છે સર્વે સમાજ રે, વ્રજને વિસામે. ટેક.
હળવા તે હળવા વાલો હાલે બજારે,
હાંરે ઊભાં નગરવાસી પ્રાણ વારે રે. જીવન૦ ૧
છત્રા ચમર શિર ઉપર રાજે,
હાંરે આગે અગણીત વાજાં વાજે રે. જીવન૦ ૨
ઉતર્યા ગોવિંદ જમુનામાં નાવા,
હાંરે આવ્યા સુરમુનિ પુષ્પે વધાવા રે. જીવન૦ ૩
ગિરધર નહાય ને ગોપીઓ ગાય,
હાંરે જોઇ પ્રેમાનંદ વારી જાય રે. જીવન૦ ૪

રાગ : ગરબી પદ - ૧

મોહન મો'લે પધારો રંગભીના રે, મોહન મો'લે પધારો;
મો'લે પધારો મારો જનમ સુધારો. રંગ૦ ટેક.
ગજગતિ ચાલે ગુલતાન થઇછું હુંતો,

ચિત્તને ચોરે છે રાવળો કમર કટારો. રંગ૦ ૧
આડી આડી મીટે જોતાં, મનડાંને મો'તા વારી,
નિપટ લાગે છે વા'લો નેણુંનો નજારો. રંગ૦ ૨
નવલ કલંગી ચંગી રસિક રસીલી લાગે,
મોલીડું શોભે છે જાણે ફુલડાંનો ભારો. રંગ૦ ૩
બ્રહ્માનંદના રે વા'લા છેલ છબીલા વારી,
આવી મારા તનડાં કેરા તાપ નિવારો. રંગ૦ ૪

પદ – ૨

મોહન મનડું હરો છો મરમાળા રે, મોહન મનડું હરો છો;
મનડું હરો છો છેલા રંગમાં ફરો છો. મર૦
મોરલી વજાડતા ઘેરી, લાલ તોરંગી લે'રી,
રંગના રંગીલા મારા ઉરમાં ગરો છો. મર૦ ૧
જરકસી પહેરી જામા, આવો છો સામા વારી,
ભાવ સહિત પ્રેમે પગલાં ભરો છો. મર૦ ૨
પાઘડલી પેંચાળી બાંધી, રો'છો દ્રૃગ સાંધી વાલા,
રંગના રંગીલા છોગાં શીશ ધરો છો. મર૦ ૩
બ્રહ્માનંદના રે વા'લા છેલ ગુમાની લાલા,
લોચન અમારાં તમે સુફળ કરો છો. મર૦ ૪

રાગ ગરબી પદ - ૧

એકલડાં કેમ રે'વાય તમ વિના વા'લાજી, મંદિરીયું ખાવા ધાય તમ૦૧
હૈયાની કોણ પૂરે હામ- તમ૦ મારે હાથ ન લાગે કામ. તમ૦ ૨
કોણ જાણે દીલની વાત- તમ૦ સુખ ના'વે દિને રાત. તમ૦ ૩
મારી જુગ તુલ્ય રજની જાય- તમ૦ મહા દુ:ખ છે હૈયા માંય. ત૦ ૪
બ્રહ્માનંદના સ્વામી જાણ - તમ૦ હું કેમ કરી રાખું પ્રાણ. તમ૦ ૫

પદ – ૨

મરમાળા મારેમો'લ આવો અલબેલા, છોગાળા સુંદર છેલ. આ૦ ૧



હુંતો સજી રહી શણગાર- આવો૦ મારા પ્રાણ તણા આધાર. આ૦ ૨
હુંતો જોઇ રહી છું વાટ- આવો૦ મેં ખાંતે ઢાળી ખાટ. આ૦ ૩
જાણો છો રસની રીત- આવો૦ પાતળીયા તમ શું પ્રીત. આ૦ ૪
બ્રહ્માનંદ કહે મચ્યો ખેલ- આવો૦ રંગડાની કરવા રેલ. આ૦ ૫

પદ – ૩

નયણાંને ચાળેનાથ, પ્રીતમ પાતળીયા, મન ફરે તમારે સાથ પ્રીત૦ ૧
કામણીયાં કીધાં કોય- પ્રીત૦ વણ દીઠે સુખ નવ હોય. પ્રીત૦ ૨
મારે હાથ ન લાગે કામ- પ્રીત૦ શું કીધું સુંદર શ્યામ. પ્રીત૦ ૩
કારણ છે મોરલી માંય- પ્રીત૦ સાંભળતાં સુધ વિસરાય. પ્રીત૦ ૪
બ્રહ્માનંદના સ્વામી છેલ- પ્રીત૦ હું આવીશ તારે ગેલ. પ્રીત૦ ૫

પદ – ૪

આવોને રમીએ આજ, જગના જીવનજી; રસમાં ચતુરાછો રાજ-જ૦૧
સેજલડી બની છે સાર- જ૦ મોજ માણોને નંદકુમાર. જ૦ ૨
મુજ દાસી ઉપર મહેર- જ૦ આવી કરોને લીલા લહેર. જ૦ ૩
મારું તનડું ટાઢું થાય- જ૦ હૈયામાં હરખ ન માય. જ૦ ૪
બ્રહ્માનંદ કહે વારંવાર- જ૦ તમ સાથે લાગ્યો પ્યાર. જ૦ ૫

રાગ કાફી પદ – ૧

કાનુડા કેડે ફરવું રે કોઇથી ન ડરવું - કાનુડા૦
દૂરિજન લોક દૂર્ભાષણ બોલે, તે હેડે નવ ધરવું રે. કોઇ૦ ૧
સગાં કુટુંબી સરવે સંગાથે, હેતડલું પરહરવું રે. કોઇ૦ ૨
સંસારીથી સગપણ તોડી, કાનકુંવરથી કરવું રે. કોઇ૦ ૩
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને, વ્રજજીવનજીને વરવું રે. કોઇ૦ ૪

પદ – ૨

કાનુડા કેડે જાવું રે, સમજી છું આવું - કાનુડા૦
મોહનનું મેણું મારે માથે, કોઈ દી ' બીજાની નહિ કા'વું રે. સમ૦૧
ચૌદ લોકમાં સર્વે અબળા, તેને વરીને ખોટી થાવું રે. સમ૦ ૨

વરીએ તો નટનાગર વરીએ, અંખડ એવાતન છાવું રે. સમ૦ ૩
બ્રહ્માનંદ કહે અવરપુરુષને, વરવાથી રૂડું વિખ ખાવું રે. સમ૦૪

પદ — ૩

કાનુડા કેડે ચાલી રે, થઇ મતવાલી રે - કાનુડા
હું જાણું લોકડીયાં કાલાં રે, લોક કહે છે મુને કાલી રે. થઈ૦ ૧
જે ચાલે કાનુડાની કેડે, તેની ખેપ ન જાય કેદી ખાલી રે. થઈ૦ ૨
શિર જાતાં નટવર નહીં છોડું, ટેક અચળ ઉર ધારી રે. થઈ૦ ૩
બ્રહ્માનંદના નાથ સંગાથે, લાગી છે રંગડાની તાળી રે. થઈ૦ ૪

પદ — ૪

કાનુડા કેડે જાઇએ રે, શીદને લજાઇએ - કાનુડા૦
લાજ વિના લોકડિયાં તેથી, દુર્બળ થઇ ન દબાઇએ રે. શીદ૦ ૧
વ્રજજીવનને ભજતાં જે વારે, નામ તેનું લઈ નાહીએ રે. શીદ૦ ૨
કહોને સારુ શું રે થવાનું, લોક તણી મોટાઇએ રે. શીદ૦ ૩
બ્રહ્માનંદ કહે નિઃશંક થઈને, ગોવિંદના ગુણ ગાઈએ રે. શીદ૦૪

રાગ : કાફી પદ - ૧

વા'લીડા કુંજવિહારી, વદનકમળ પર વારી રે. વા'લી૦
અજબ અલૌકિક મસ્તક ઉપર, સુંદર પાઘ સમારી રે. વા'લી૦ ૧
ફુલતણાં છોગલીયાં ફરતાં, ધાર્યા ગિરિવરધારી રે. વા'લી૦ ૨
અંતરમાંહે વસી છે આવી, મુરતિ મનોહર તારી રે. વા'લી૦ ૩
બ્રહ્માનંદ કહે વ્રજજીવન, મોહન છો નિધિ મારી રે. વા'લી૦ ૪

પદ — ૨

છેલા તારું છોગું ભાળી, મોહી છું હું વનમાળી રે. છેલા૦
વ્રજવાસી નંદલાલ વિહારી, ચાલ તારી લટકાળી રે. છેલા૦ ૧
રસિક પિયા તારે ચટક રંગીલે, મોલીડે હદ વાળી રે. છેલા૦ ૨
લેરખડા જોઇ લગની લાગી, કોઇની રહું ન હવે ખાળી રે. છેલા૦ ૩
બ્રહ્માનંદ કહે પરવશ થઇ છું, પગભર ડોલું કેડે પાળી રે. છેલા૦ ૪



પદ — ૩

કાને મુને કીધી ઘેલી, હાથ ન રહ્યું મન હેલી રે. કાને૦
શેરડીયે મળ્યો મુને સામો, મોહન છોગલાં મેલી રે. કાને૦ ૧
નીરખતાં મન વશ કરી નાખ્યું, આંખ્યું મર્મ ભરેલી રે. કાને૦ ૨
ભૂલી ચીર શરીરતણી શુધ, હૈડાંની ધીરજ હરેલી રે. કાને૦ ૩
બ્રહ્માનંદ કહે એની છબીમાં, પ્રોવાણી જોયા પે'લી રે. કાને૦ ૪

પદ — ૪

સ્યાને હવે રાખું છાની, મુરતિ તમારી મન માની રે. શ્યાને૦
દુરીજનિયાં પાડોશી દેખીને, છોને બળીને થાતાં વાની રે. શ્યાને૦ ૧
નટવર તમથી નેહ કરીને, પાછી ન ધરું પગપાની રે. શ્યાને૦ ૨
રસિક સલુણા પિયા તમસંગ રમવું, નથી વાતલડી એ નાની રે. શ્યા૦૩
બ્રહ્માનંદના નાથ તમારો, મહિમા જાણે છે મોટા જ્ઞાની રે. શ્યાને૦ ૪

રાગ : પરજ પદ - ૧

અમે કહો વ્રજમાં કેમ રૈયે, મૈયારે તારો લાલ અટારો. ટેક૦
રાત દિવસ મારી કેડે પડ્યો છે, કેટલુંક આવીને કૈયે. મૈયારે૦ ૧
ચોરી કરે મારાં ઘરમાં છાની, દાડીનાં દુઃખ કેમ સૈયે. મૈયારે૦ ૨
ખેલ કરે જમુનાજીને આરે, આવી બાઝે મારે મૈયે. મૈયારે૦ ૩
બ્રહ્માનંદ કહે ગોકુલ મેલી, કહો તો મથુરામાં જૈયે. મૈયારે૦ ૪

પદ - ૨

મારી આળ કરે શીદ આવી, એને રે તમે વારો જસોદા - ટેક૦
પાણીલું ભરતાં પાલવ ઝાલે, છાની નહીં વાત છાવી. એને રે૦ ૧
મારગ જાતાં મૈડું લુંટે છે, છોરાને સાથે બોલાવી. એને રે૦ ૨
તમારી પાસે સાચો રે થાવા, વાત કરે છે બનાવી. એને રે૦ ૩
બ્રહ્માનંદ તણે એ વાલે, અમને તે હાર મનાવી. એને રે૦ ૪

પદ — ૩

જોઇ મુરતિ મનોહર તારી, માવારે મારાં નેણાં લોભાણાં - ટેક૦

પાઘડલી ઉપર શોભે છે, નવલ કલંગી અતી સારી. માવારે૦ ૧
હેત કરીને હૈડા ઉપર રાખું, પહેરાવું મોતીની માળા ભારી. માવા૦ ૨
અતિ શોભે છે છાતી ઉપડતી, ચાલ જગતથી ન્યારી. માવા૦ ૩
બ્રહ્માનંદ કહે સરસવ લઈને, તમપર નાખું વારી. માવારે૦ ૪

પદ – ૪

તારી લાવણ્યમાં લેવાણી, વા'લારે મારા નવલ વિહારી - ટેક૦
મુરતિ મનોહર જોઈને તારી, ભૂલી હું ભરવું પાણી. વા'લા૦ ૧
પુરણચંદ્ર સરીખું મુખડું, ભ્રકુટિમાં ભરમાણી. વા'લા૦ ૨
છોગલિયે ચકચૂર થઈ છું, ડોલરીયા વ્રજદાણી. વા'લા૦ ૩
બ્રહ્માનંદ કહે જોઈ તારાં નેણાં, વેણાંમેં વેંધાણી. વા'લા૦ ૪

વિરહનું પદ - ૧

મુને મેલી ગયા રે મહારાજ, કોને કેમ કીજીયે. ટેક.
કેમ રે કરીને દિન કાપશું, કરશે કુણ હવે કાજ. કોને કેમ૦૧
પાટે બેસી સુખ આપતા, કાપતા કષ્ટ કલેશ;
રમુજ કરીને બોલાવતા, હેતે હરખી હમેશ. કોને કેમ૦ ૨
આધિ વ્યાધિ ઉપાધિ ને, નાશ કરતા નેદાન;
ખાન પાન સનમાનને, દેતા થઈ ગુલતાન. કોને કેમ૦ ૩
કરી આવતા કાંઈ કામને, જયારે જન સુજાણ;
બહુ હેતે ભરી બાથમાં, મળતા કરતા વખાણ. કોને કેમ૦૪
પ્રીત કરીને પૂછતા, સરવે સુખ સમાચાર;
તેરે દિવસ ઘણા સાંભરે, ઉરમાં વારંવાર. કોને કેમ૦ ૫
જયારે જયારે મુને જીવમાં, સૂરત સાંભરે શામ;
આવે હૈયું ઉભરાઈને, જંપ નહિ આઠુંજામ. કોને કેમ૦ ૬
સુખ સરવે સંસારમાં, ઉરથી થયાં ઉદાસ;
અવિનાશાનંદ કે આ સમે, સુખ છે શ્રીહરિ પાસ. કોને કેમ૦ ૭



રાગ : માઢ પદ - ૧

દુઃખી દિવસ ને રાત શ્રીજી વિના, દુઃખી દિવસ ને રાત;
સાંભળ સખી મુજ વાત, શ્રીજી વિના દુઃખી દિવસ ને રાત. ટેક.
ઘડીયો જુગ જેવી થઈ રે, દિવસ કલ્પ સમાન;
માસ પક્ષ જાતા નથી રે, મને ભાવે ન ભોજન-પાન. શ્રીજી૦ ૧
ચિત્ત મારું અતિ ચરચરે રે, આંખે આંસુડાંની ધાર;
પંથ નિહાળું પ્રેમથી રે, ક્યારે આવશે ધર્મકુમાર. શ્રીજી૦ ૨
અવગુણ અબળા રાંકના રે, શો સમજ્યા હશે શ્યામ;
કાંતો કર્યા વશ કોઈએ રે, કાંતો ભૂલી ગયા મુજ નામ. શ્રીજી૦ ૩
બાળપણામાંથી તજ્યાં રે, નિર્દય થઈને નાથ;
મહા વગડામાં મેલીયાં રે, કોઈ નહિ સંગાથ. શ્રીજી૦ ૪
કોમળ કમળાનાથ છો રે, કઠણ થયા કેમ આજ;
શ્રીજી વિના સાહેલડીરે, આપે કોણ મુને સુખસાજ. શ્રીજી૦ ૫
એક ભરોસો એહનો રે, ચાતક સરખી ટેક;
રાત દિવસ સંભારીએં રે, એના અખંડ ગુણ અનેક. શ્રીજી૦ ૬
મંગળ મૂર્તિ વિશ્વમાં રે, વિશ્વવિહારીજી લાલ;
પ્રેમ સહિત નિત્ય પાળશે રે, સમે તે લેશે સંભાળ. શ્રીજી૦ ૭

રાગ : ગરબી પદ - ૧

નવલ સ્નેહી નાથજી જીરે, પ્રેમી જનના છો પ્રાણ(૨)નવલ ટેક.
વ્હાલા સાંભળજો વિનતિ(૨)જીરે, છોજી જાણ સુજાણ. નવ૦ ૧
મેલી વનમાં એકલી જીરે, ગયા ધરમકુમાર(૨)
ન ઘટે તમને નાથજી(૨) જીરે, અમે અબળા અવતાર. નવ૦ ૨
આવ્યા તમારે આશરે જીરે, મેલી કુટુંબ પરીવાર(૨)
જાણ્યું અમને પાળશો(૨) જીરે, હરિવર હૈડાના હાર. નવ૦ ૩

તમે કરી જે આ સમે જીરે, એવી ન કરે કોઇ નાથ(૨)
પડ્યાં મેલ્યાં આભથી(૨) જીરે, બળવંત ઝાલીને હાથ. નવ૦ ૪
બહુ દયાળુ જાણતાં જીરે, કઠણ થયા કેમ આજ(૨)
પ્રેમાનંદના નાથજી (૨) જીરે, દયા આણો મહારાજ. નવ૦ ૫

પદ – ૨

પ્રાણજીવન ઘનશ્યામજી જીરે, આવો ભક્ત પ્રતિપાળ(૨)પ્રા૦ ટેક.
દાસ તમારા દુઃખીયા(૨)જીરે, દરશન વિના દયાળ. પ્રાણ૦ ૧
તમ વિના અમે દુઃખની જીરે, કેને કહીએ હરિ વાત(૨)
મીન વછોયાં નીરથી (૨) જીરે, એમ જાય દિન રાત. પ્રાણ૦ ૨
સુંદર મૂર્તિ સાંભરે જીરે, સુંદર કરતા વિહાર (૨)
કામ રહે સૌ હાથમાં (૨) જીરે, નેણે આંસુની ધાર. પ્રાણ૦ ૩
ઘેરે સાદે બોલતા જીરે, દેતા સાદ લઈ નામ (૨)
તે જ્યારે અમને સાંભરે (૨) જીરે, ખટકે ઉરમાં ઘનશ્યામ. પ્રા૦૪
ચટચટ બાજતી ચાખડી જીરે, જાણ્યું આવ્યા અલબેલ (૨)
ઊઠી ઉતાવળી હેરતી (૨) જીરે, પ્રેમાનંદના રંગછેલ. પ્રાણ૦ ૫

પદ – ૩

લોચન વ્યાકુળ કાનજી જીરે, જોવા ગજગતિ ચાલ (૨)
સામા મળતા શેરીએ(૨)જીરે, હસીને કરતા નિહાલ. લો૦ ૧
રૂમાલ જમણા હાથમાં જીરે, કટિપર ડાબો કર મેલી (૨)
ખેસ ખભે હરિ ઓઢતા (૨) જીરે, માથે પાઘ અલબેલી. લો૦ ૨
આવી ઓસરીએ બેસતા જીરે, દરશન દેવા ને દાન (૨)
તેદી' ક્યારે દેખાડશો (૨) જીરે, સહજાનંદ ભગવાન. લો૦ ૩
હાર પેરાવી હેતમાં જીરે, મુખડું જોતી મુનિરાય (૨)
એ સુખ જ્યારે સાંભરે (૨) જીરે, કરવત મેલ્યું ઉરમાંય. લો૦ ૪
નૌતમ નિતનિત દેખતી જીરે, લટકાં કરતા હો લાલ (૨)
પ્રેમાનંદકહે વિધિ પાપીએ (૨) જીરે, એ દુઃખ લખ્યું મારે ભાલ. લો૦૫



પદ – ૪

વા'લા તારી વાટડી જીરે, જોઉં વારંવાર (૨) વા'લા. ટેક૦
વહેલા આવો વરતાલથી (૨)જીરે,રસિયા ધર્મકુમાર. વા'લા૦ ૧
તમ વિના ઘનશ્યામજી જીરે, જીવમાં જંપ નવ થાય(૨)
વિરહ તણી બહુ વેદના (૨)જીરે, પાપી પ્રાણ ન જાય. વા'લા૦ ૨
ઓસરીએ ઉભી એકલી જીરે, મુખડું જોવા જીવન (૨)
ફાળ પળે અતિ ઉરમાં(૨)જીરે, રોતાં જાય રાત-દિન. વા'લા૦ ૩
મુનિ સભામાં બેસતા જીરે, મારા પિયુનો પર્યંક (૨)
સાંભરતાં શુધ વિસરે(૨)જીરે, રોઉં થઈને નિશંકઃ. વા'લા૦ ૪
મુજ દુઃખણીના દુઃખનો જીરે, નાવે અંત ઘનશ્યામ (૨)
પ્રેમાનંદ કહે નાથજી(૨)જીરે,લેજો સાર સુખધામ. વા'લા૦ ૫

*રાગ : ગરબી પદ - ૧*

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું, રે સગ૦
રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા એક વનમાળી. રે સગ૦ ૧
રે સ્થિર નહિ આવરદા થોડી, રે તુચ્છ જાણી આશા તોડી;
મેં જગના જીવન સાથે જોડી. રે સગ૦ ૨
રે ફોગટ કેરા નવ ફરીએ, રે પર ઘર પાણી શું ભરીએ;
રે વરીએ તો નટવરને વરીએ. રે સગ૦ ૩
રે ભૂધર ભેટ્યા ભય ભાગ્યો, રે સહુ સાથે તોડ્યો ધાગો;
એ રસિક રંગીલાથી રંગ લાગ્યો. રે સગ૦ ૪
રે એવું જાણીને સગપણ કીધું, રે મહેણું તે શિર ઉપર લીધું;
બ્રહ્માનંદનું કારજ સીધું. રે સગ૦ ૫

પદ – ૨

રે લગની તો હરિવરથી લાગી, મેં તન ધનની આશા ત્યાગી. રેલ૦
રે વાત કહું સુણ સાહેલી, રે બળિયોજી કીધા બેલી;

માથું પહેલું પાસંગમાં મેલી. રે લગનીo ૧
રે ન ડરું હું લોકતણી લાજે, રે શિર ઉપર ગિરિધર ગાજે;
આ દેહ ધર્યો નટવર કાજે રે લગનીo ૨
રે શિર પર જો બીજો ધારૂં, રે તો બગડે જીવતર મારૂં;
હું જીતી બાજી તે કેમ હારૂં રે લગનીo ૩
રે હરિ વીના બીજાને વરવું, રે ગજ તજી ખરચડીને ફરવું;
એ જીવ્યાથી રૂંડું મરવું રે લગનીo ૪
રે મરજાદા જગની મેટી, રે બાંધી મેં પ્રેમ તણી પેટી;
બ્રહ્માનંદનો વહાલો ભેટી રે લગનીo ૫

પદ – ૩

રે શિર સાટે નટવરને વરીએ, રે પાછાં તે પગલાં નવભરીએ.રે
રે અંતરદૃષ્ટિ કરી ખોળ્યું, રે ડહાપણ ઝાઝું નવ ડોળ્યું;
એ હરિ સારુ માથું ઘોળ્યું. રે શિરo ૧
રે સમજ્યા વિના નવ નીસરીએ, રે રણમધ્યે જઈને નવ ડરીએ;
ત્યાં મુખપાણી રાખીને મરીએ. રે શિરo ૨
રે પ્રથમ ચડે શૂરો થઈને, રે ભાગે પાછો રણમાં જઈને;
તે શું જીવે ભુંડું મુખ લઈને. રે શિરo ૩
રે પહેલું જ મનમાં ત્રેવડીએ, રે હોરે હોરે યુદ્ધે નવ ચડીએ;
જો ચડીએ તો કટકા થઈને પડીએ. રે શિરo ૪
રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હટીએ;
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ. રે શિરo ૫

પદ – ૪

રે ધરીયા અંતર ગિરધારી, શું કરશે ઘોળ્યાં હવે સંસારી .રે ધરિo
રે હું કોઈની ન રહું ઝાલી, રે વહાલાને થાવા વાલી;
રે શિર કરમાં લઈને ચાલી. રે ધરિયાo ૧
રે જેમ ગજ જાય બજારે ધસી, રે શ્વાન મરે બહુ ભસીરે ભસી;



તે હાથીને નહીં શંકા કશી. રે ધરિયાo ૨
રે બળવા ગઈ જો સતી સાચી, રે રોમરોમ પિયાસંગ રાચી;
તે પળમાં જઈ ન વળે પાછી. રે ધરિયાo ૩
રે પળથી જો પાછી આવે, રે લાજ તજી મન લલચાવે;
તે સતી મટીને કુત્તી કા'વે. રે ધરિયાo ૪
રે બ્રહ્માનંદ એમ વિચારી, રે બીક સર્વે કાઢી બારી ;
રે મળીયા મોહન સુખકારી. રે ધરિયાo ૫

*રાગ : ગરબી પદ - ૧*

ભજો ભાવશું અખંડ જપમાળા રે,
માળા ટાળે છે મન કેરા ચાળા રે. ભજોo ૧
હરિનું એક એક અંગ ઉર ધારો રે,
સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે. ભજોo ૨
જપો જુગલ ચરણ સુખકારી રે,
ઉર્ધ્વરેખાદિ ચિહ્ન સંભારી રે. ભજોo ૩
દશ આંગળીની માળા દશ જાણો રે,
ફણા જુગલની જુગલ પ્રમાણો રે. ભજોo ૪
પાની જુગલ ગુલફ જુગ શોભે રે,
માળા ચાર ફેરી જનમન લોભે રે. ભજોo ૫
જંઘા જુગલને જાનુ જુગ વંદે રે,
માળાચાર ફેરી સંત આનંદે રે. ભજોo ૬
ઉરુ જુગલની માળા જુગ ફેરે રે,
નાભી વર્તુલ સમાન પ્રીતે હેરે રે. ભજોo ૭
નાભી ઉદર જુગલ સ્તન જોઈરે,
માળા ચાર ફેરી રહે જન મોહી રે. ભજોo ૮
ભુજ જુગલ હરિના સુખકારી રે,
માળા ફેરી જાય દાસ બલીહારી રે. ભજોo ૯

કર આંગળીની માળા દસ કા’વે રે,
જોતાં ભક્તને આનંદ ઉપજાવે રે. ભજો૦ ૧૦
કંઠ ચિબુકની માળા જુગ ફેરી રે,
મુખ પંકજ ઉમંગે રહે હેરી રે. ભજો૦ ૧૧
મુખ નાસિકા જુગલ દગ હેરે રે,
માળા ચાર ચારે અંગ જોઇ ફેરે રે. ભજો૦૧૨
કાને કુંડલ વહાલાને જુગ કા’વે રે,
ફેરી માળા ઉભે દાસ મન ભાવે રે. ભજો૦૧૩
જોતાં જુગલ ભ્રૂકુટિ ડરે કાળ રે,
પ્રેમે જોઇ દાસ જપે જુગ માળ રે. ભજો૦ ૧૪
ભાલ તિલક સહિત વ્હાલું લાગે રે,
જપે માળા એક દાસ અનુરાગે રે. ભજો૦ ૧૫
માથે પાઘ તોરા સહિત રૂપાળી રે,
ફેરે માળા જન જુએ વનમાળી રે. ભજો૦ ૧૬
એવી રીતે થઇ માલિકા પચાસ રે,
જપે જન્મ મરણ કરે નાશ રે. ભજો૦ ૧૭
સ્વામિનારાયણ દેવે માળા દીધી રે,
પ્રેમે મુક્તાનંદે ઉર ધરી લીધી રે. ભજો૦ ૧૮

પાંચ મિનિટ ધૂન કરવી

(૧) સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ...

*રાગ ગરબી પદ – ૧*

હરિ હેયાના હાર છો, જીરે તમે હરિ હેયાના હાર છો;
સેજ તણા શણગાર છો. જીરે૦ટેક.
મુખથી શું ઘણું કહીએ મોહન રે, પ્રાણ તણા આધાર છો. જીરે૦-૧
વાલપણામાં અતિશે વહાલારે, નટવર નંદકુમાર છો. જીરે૦-૨
દુરિજનિયાંને દૂર ઘણા છો રે, પ્રેમી તે જનના પ્રાણ છો. જીરે૦-૩



મુક્તાનંદ કે’ નરનાટક ધરી રે, શરણાગતના સાર છો. જીરે૦-૪

પદ – ૨

નયણાં ઠરે છે જોઇને રે, મારાં નયણાં ઠરે છે જોઇને;
રહી છું મોહન સંગ મોહીને રે. મારાં૦ ટેક.
જે દિનમાં દર્શન નવ પામું રે, તે દિન વીતે રોઇને રે. મારાં૦ ૧
લોકડિયાંની લાજ ન રાખું રે, કે મર વેણ વગોઇને રે. મારાં૦ ૨
શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે,રંગે ન રાચું કોઇને રે. મારાં૦ ૩
મુક્તાનંદ મોહનવર પામી રે, કુળ મરજાદા ખોઇને રે. મારાં૦ ૪

પદ – ૩

મોહ્યું નયનની સાનમાં રે,મન મોહ્યું નયનની સાનમાં;
વાંસલડીના તાનમાં રે. મન૦ ટેક.
કામને કાજ મુને કાંઇ નવ સૂઝેરે, ગિરધરજીના ગાનમાંરે. મન૦ ૧
આંખડલી અણીયાળી જોઇને રે, કુંડળની છબી કાનમાં રે. મન૦ ૨
મન ગમે તેમ મુખથી બોલું રે, જાણે બેઠી છું રાનમાં રે. મન૦ ૩
મુક્તાનંદ કહે થઇ મતવાલી રે, વાલમજીના વાનમાં રે. મન૦ ૪

પદ – ૪

કાનુડા સંગ મન લાગ્યું સૈયર મારું, કાનુડા સંગ મન લાગ્યું;
વિરહનું બાણ ઉર વાગ્યું. સૈયર૦ ટેક.
શ્યામ વિના હું ચૌદભુવનમાંરે, અળગી તે નવ અનુરાગું. સૈયર૦ ૧
મોહનવર સાથે મન માન્યું રે, બીજું તે કાંઇ નવ માગું. સૈયર૦ ૨
ફુલડે સેજ સમારી સુંદર રે, વાટડી જોઇ જોઇ જાગું. સૈયર૦ ૩
મુક્તાનંદ મોહનવર મળતાં રે, જન્મમરણ દુઃખ ભાગ્યું. સૈયર૦ ૪

*રાગ મલાર પદ - ૧*

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;

હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

*રાગ મલાર પદ - ૧*

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગ શીદ રહીએ રે. . .ટેક.
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેસું હૈયું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે. તેને૦ ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ભુરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે. તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે. તેને૦ ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતીયાં કહે છે માયા રે. તેને૦ ૪

*રાગ : માઢ પદ - ૧*

પધારોને સહજાનંદજી હો ગુના કરીને માફ. ગુના૦૧
પ્રણામ છે ધર્મતાતને ભક્તિમાતને પ્રણામ,
પ્રણામ છે જયેષ્ઠ ભ્રાતને ઈચ્છારામને પ્રણામ. ગુના૦૨
પતિ મેલ્યા પિયુ તમ કારણે મેલી કુળ મરજાદ,
માત પિતા મેલ્યાં છે સ્વામી એક તમારે કાજ. ગુના૦૩
ગરુડ તજીને પાળા પધાર્યા ગજ સારુ મહારાજ,
એવી રીતે તમો આવો દયાળુ કરવા અમારાં કાજ. ગુના૦૪



અમ જેવા તમને ઘણા પણ તમો અમારે એક,
પ્રેમસખી વિનંતિ કરે છે રાખો અમારી ટેક. ગુના૦૫

*રાગ : કાલિંગડાની ગરબી પદ - ૧*

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી,
શોભે રૂળી કરમાં લગામ રૂપાળી. માણકી૦ ટેક.
માણીગર સૌને કહે છે થાઓ તૈયાર, મુનિ વરણી પદાતી ને અસવાર;
વ્રતપુરી જાવા કર્યો નિરધાર. માણકી૦ ૧
કેસર બેરી બોદલી ને ફુલમાળ, તાજણ તીખી વાંગળીનો ઘણો તાળ;
શોભે ઘણા વા'લા લાગે છે મરાળ. માણકી૦ ૨
પ્રેમીભક્ત વિનંતિ કરે દોડી દોડી, લોહચુંબક તુલ્ય વૃત્તિ મુરતીમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી. માણકી૦ ૩
આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી, જાવો પ્રભુ રામનવમી નથી દુરી;
સેવક દાસ પ્રેમાનંદ હજુરી. માણકી૦ ૪

પદ — ૨

વા'લમજી વે'લા વળજો ગઢપુર, વ્રતપુરી નથી દેશાંતર દુર. વાલ૦
માણકીનો વેગ દેખ્યો સુણ્યો કોઈ, આકાશેથી તારો ખર્યો જાણ્યું જોઈ;
ગરુડલાજ લોપી માણકીએ સોઈ. વાલમજી૦ ૧
મનવેગે ગાંફ જઈ રહ્યા રાત, સીંજીવાડે સ્વામી ગયા પ્રભાત;
હાં હાં કરતાં વડતાલમાં ગઈવાત. વાલમજી૦ ૨
વ્રતપુરી હાલ કિલોલ આનંદ, સામૈયે ચાલો આવ્યા જગવૃંદ;
ભલે ભલે સ્વામી તમે સહજાનંદ. વાલમજી૦ ૩
વાજાંવાગે આવ્યા નારાયણસ્વામી, સભામધ્યે શોભેહેલી બહુનામી;
પ્રેમાનંદ કહે અક્ષરધામનાધામી. વાલમજી૦ ૪

પદ — ૩

ડોલરિયો જમવા ઉઠ્યા રંગરેલ,
માણીગર અવળ ભર્યો અલબેલ. ડોલ ટેક.

જમ્યા વ્હાલો સંતને પીરસવા આવ્યા, મોતી ચુર થાળ ભરીને મંગાવ્યા;
પાંચવાર ફરી સંતોને હરાવ્યા. ડોલરીયો૦ ૧
પોઢ્યા વહાલો બંગલેજઇ સુખકારી, જાગ્યાસાંજે સભાકરી ઓટે સારી;
ધન્ય ધન્ય બે આંબા અઘહારી. ડોલરીયો૦ ૨
યુગલ કુંડ રંગના કરાવેલ તાલ, ત્યાંતો શોભે ઉર્વી ઘણી રે વિશાળ;
આવ્યા સંઘ ઘણાઘણા સાયંકાળ. ડોલરીયો૦ ૩
દર્શન બહુ આપ્યાં તમે સુખધામ, ઘોડે ચડી સંઘમાં ફર્યા ઘનશ્યામ;
પ્રેમાનંદ કહે બંગલે ગયા ભગવાન. ડોલરીયો૦ ૪

પદ — ૪

સવારે ગોમતી ગયા ભગવાન, રટે ત્રણલોક નારાયણ નામ.સ૦
આજ રામનવમી જનનો હિલોલ, સત્સંગી સર્વે કરેછે કિલોલ;
ગાન તાન ઉત્સવ ઝાંઝ ઝકોળ. સવારે૦ ૧
આવ્યા હેલી મંદિરમાં મતવાલો, સંતસભા મધ્યે શોભે ધર્મલાલો;
સત્સંગી પૂજા કરવાને ચાલો. સવારે૦ ૨
પૂજા કરી આરતી ભક્ત ઉતારે, સંતસભા મૂર્તિ અંતરમાં ધારે;
રઢીયાળો લટકાં કરીને રીઝાવે. સવારે૦ ૩
દસ દિવસ જમી જમાડી સીધાવ્યા, વ્રતપુરીવાસી ગઢપુરે આવ્યા;
પ્રેમાનંદ કહે મોંઘે મોતીડે વધાવ્યા. સવારે૦ ૪

રાગ : ગરબી પદ - ૧

જનમ સુધાર્યો રે મારો, મળિયા નટવર નંદદુલારો; ૧
કરુણા અતિશે રે કીધી, ભવજળ બૂડતાં બાંહ્ય ગ્રહી લીધી. ૨
મુજ પર અઢળક રે ઢળિયા, કરુણા કરી ઘેર બેઠાં મળિયા. ૩
મન દૃઢ કરિયું રે મુરારી, હવે હું થઇ રહી જગથી ન્યારી. ૪
આનંદ ઉરમાં રે ભારી, શિરપર ગાજે ગિરિવરધારી. ૫
નિરભેની નોબત રે વાગી, કહે મુક્તાનંદ ભ્રમણા ભાંગી. ૬



પદ — ૨

ભ્રમણા ભાંગી રે હૈયાની, નથી એ કેને વાત કહ્યાની; ૧
વીતી હોય તે રે જાણે, અણસમજ્યા મર ઈર્ષ્યા આણે. ૨
જે રસ મુનિવર રે માણે, વાલે મારે સુગમ કર્યો આ ટાણે. ૩
પ્રેમી જનનો રે પ્યારો, મુજને મળિયા નંદદુલારો. ૪
મહારસ મુજને રે આપ્યો, સંશય ભ્રમ સમૂળો કાપ્યો. ૫
હવે હું મહાસુખ રે પામી, મળીયા મુક્તાનંદના સ્વામી. ૬

પદ — ૩

મહાસુખ મુજને રે આપ્યું, જોને સંકટ જનમ દુઃખ કાપ્યું. ૧
પુણ્ય પુરવનાં રે મળિયાં, મળતાં તાપ હૃદયના ટળિયા. ૨
દરશન દુર્લભ રે પામી, હવે મારી સકળ વેદના વામી. ૩
આનંદ ઉરમાં રે ભારી, હવે હું ન રહું કોઈની વારી. ૪
હરિ સંગે હેતે રે બંધાણી, હવે મુને ન ગમે બીજી વાણી. ૫
અખંડ એવાતન રે દીધું, કહે મુક્તાનંદ કારજ સીધું. ૬

પદ — ૪

બાંહ્યગ્રહી છે રે વ્હાલે કરુણા કરી નટવર નંદલાલે ૧
હવે નહીં કોઈની રે ઓશિયાળી, શિરપર વિઠ્ઠલવર વનમાળી. ૨
ભવબ્રહ્માના રે સ્વામી, મુજને મળિયા અંતરજામી. ૩
ઘેર ઘેર લોકડાં રે કહે છે, મેણું મુને નંદનાનંદનનું દેછે. ૪
લાજ ન મનમાં રે આણું, અતિશે ભાગ્યભલું કરી જાણું. ૫
કોઈ વિધિ ન રહી રે ખામી, મળિયા મુક્તાનંદના સ્વામી. ૬

*રાગ : ખમાય પદ - ૧*

આજની ઘડી રે ધન્ય આજની ઘડી;
મેં નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી. ટેક.
કામ ક્રોધ લોભ વિષય ન શકે નડી;
માવજીની મૂર્તિ મારા હૃદયમાં ખડી રે. ધન્ય૦ ૧

જીવની બુદ્ધિ જાણી ન શકે, એ મોટી અડી;
સદ્ગુરુની દૃષ્ટિ થાતાં, વસ્તુ એ જડી રે. ધન્ય૦ ૨
ચોર્યાસી ચહુ ખાણમાં, હું તો થાક્યો આથડી;
અંતર હરિશું એકતા થાતાં, દુગ્ધા દૂર પડી રે. ધન્ય૦ ૩
જ્ઞાન કૂંચી ગુરુ ગમસેં, ગયાં તાળાં ઉઘડી;
લાડુ સહજાનંદ નિરખતાં, ઠરી આંખડી રે. ધન્ય૦ ૪

*રાગ : ખમાય - પદ - ૧*

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે. રૂડા ટેક.
જરકસીયો જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી;
ગૂઢો રેંટો ઓઢી, મન લલચાવતા રે. રૂડા૦ ૧
હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે. રૂડા૦ ૨
કનક છડી સુંદર કર લઈને, ગજગતી ચાલો હળવા રહીને;
ચિત્તડાંને ચોરો છો મીઠું મીઠું ગાવતા રે. રૂડા૦ ૩
પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી;
હેતે શું બોલાવી તાપ સમાવતા રે. રૂડા૦ ૪

પદ – ૨

વહાલી લાગે છે વરણાગી તારી વાંકડી રે - વહાલી ટેક.
લલિત ત્રિભંગી સુંદર શોભે, સુરનર મુનિના મનને લોભે;
ચાલો ચાલ ચટકતી, પહેરી ચાખડી રે. વહાલી૦ ૧
સુંદર હસિત વદનની વાણી, સુણતાં વ્રજ વનિતા લલચાણી;
જોઈને મોહી અણિયાળી ચંચળ આંખડીરે. વહાલી૦ ૨
નવલ મનોહર સુંદર છેલા, ઓરા આવોને અલબેલા;
મળીયે મોહન બાંધી બાંયે રાખડી રે. વહાલી૦ ૩
શ્રી ઘનશ્યામ છબીના ધામ, પ્રેમાનંદ ભજે આઠો જામ;
જોયાની લાગી છે નિશ દિન ધાખડી રે. વહાલી૦ ૪



પદ – ૩

તારી બાનકની બલિહારી મારા નાથજી રે. તારી૦ ટેક.
સુંદર રૂપ કહ્યામાં નાવે, શેષ સહસ્રમુખ પાર ન પાવે;
કોટિક કામ લજાઈ જોડે હાથજી રે. તારી૦ ૧
મોહ્યું મન મુખને મરકલડે, ગિરધરજી ગમીયા છો દીલડે;
ક્ષણું ન મેલે સાગર તનયા સાથજી રે. તારી૦ ૨
રૂપ શીલ ગુણ રસના સાગર, તરુણ કિશોર સદા નટનાગર;
વ્રજ વનિતાના પ્રાણજીવન સુખપાથજી રે. તારી૦ ૩
કરુણા રસમય જોવું હસવું, કરુણા કરી જન ઉરમાં વસવું;
પ્રેમાનંદ નિત્ય ગાવે એ ગુણ ગાથજી રે. તારી૦ ૪

પદ – ૪

વારે વારે જાઉં વહાલાજી તારે વારણે રે. વારે૦ ટેક.
આદિપુરુષ ઈશ્વર અવતારી, કરુણા રસમય મૂર્તિધારી;
પતિતપાવન પ્રગટ્યા આજ અમ કારણે રે. વારે૦ ૧
નરનારી અગણિત અથડાતાં, ભવસાગરમાં ડુબકાં ખાતાં;
બળવંત બાંહ્ય ગ્રહીને કાઢ્યાં બારણે રે. વારે૦ ૨
અધમ ઉધારણ ધામના ધામી, બિરુદ તમારું સદાયે સ્વામી;
કીધું સત્ય કળીમાં બહુજન તારણે રે. વારે૦ ૩
મળીયા પુરુષોત્તમ એમ જાણી, અચળ આસરો ઉરમાં આણી;
પ્રેમાનંદ ઠરીને બેઠો ઠારણે રે. વારે૦ ૪

*રાગ :-ગરબી પદ ૧*

સોનાનાં બોર ઝુલે નંદકિશોર, પ્યારાને પારણે સોનાનાં બોર. ટેક.
હિરા માણેક બહુ જડીયા પારણીયે,
કાજુ શોભે છે રૂડી મોતીડાંની કોર. પ્યારા૦ ૧
કોઈક કા'નાને નેણે સારે કાજળીયું,
કોઈક બનાવે કસ્તુરીની ખોર. પ્યારા૦ ૨

હીલો ગાવે ને માતા હરિને ઝુલાવે,
હાથે ગ્રહી છે રૂડી હીરલાની દોર. પ્યારા૦ ૩
બ્રહ્માનંદ કહે મુખ રસીયા વહાલમનું,
ગોપી જુવે છે જેમ ચંદ્રચકોર. પ્યારા૦ ૪

પદ – ૨

નંદકુમાર મારા હૈડાનો હાર,ઝુલે પારણીએ નંદકુમાર;
કંકુડાવરણું કહાન કુંવરનું મુખડું,
જોઈને મોહી છે વ્રજડાની નાર. ઝુલે૦ ૧
કોડે કોડે રે ઝાઝું હેત કરીને,
લુણ ઉતારે માતા વારમવાર. ઝુલે૦ ૨
હીલો ગાવેને ગોપી હરિને ઝુલાવે,
ભીડ મચી છે નંદજીને રે દ્વાર. ઝુલે૦ ૩
બ્રહ્માનંદનો વા'લો લટકાળો લાલો,
અજબ રંગીલો છેલો પ્રાણ આધાર. ઝુલે૦ ૪

પદ – ૩

સંતોના શ્યામ દોયલી વેળાનું દામ,
પોઢ્યા પારણીએ સંતોના શ્યામ. ટેક.
મુખડું જોવા માવાનું આવે મુનીશ્વર,
અરજ કરે છે નંદજીને રે ધામ. પોઢ્યા૦ ૧
વારા ફેરી ઝુલાવે રસિયા વહાલમને,
ગોપી મેલીને ઘરડાનાં રે કામ. પોઢ્યા૦ ૨
કાલું બોલે છે વા'લો મનડાંને મોહતા,
રોતા રહે છે છાના રાધાને રે નામ. પોઢ્યા૦ ૩
બ્રહ્માનંદનો વા'લો જન્મસંગાથી,
વ્રજના વાસીને ઠરવાનું છે ઠામ. પોઢ્યા૦ ૪



પદ – ૪

બાલુડે વેશ માથે શોભે છે કેશ,
વહાલો રમે છે મારો બાલુડે વેશ. ટેક.
અખિલ બ્રહ્માંડનો કર્તા અખંડિત,
નાથ કરે છે લીલા નંદજીને નેશ. વહાલો૦ ૧
રસિયા પ્રીતમને ગોપી તેડી રમાડે,
જેના મહિમાનો પાર પામે ન શેષ. વહાલો૦ ૨
દેખી પંખીને મારો શ્યામ ડરે છે,
ધ્યાન ધરે છે જેનું શિવજી હમેશ. વહાલો૦ ૩
બ્રહ્માનંદનો પ્યારો જીવન મારો,
લાલ આંખડલીમાં રાખીને લેશ. વહાલો૦ ૪

*રાગ :- ગરબી પદ ૧*

આજ મેંતો દીઠા વહાલાને વાટ વહેતા;
નેણાં રોક્યાં નથી રહેતાં રે બેની. આજ૦ ટેક.
પાઘડી બાંધી છે ત્રિલોક થકી ન્યારી;
ધીરજ રહેતી નથી મારી રે બેની. આજ૦ ૧
ચોળ રંગીલો રૂડો મોલીડાનો છેડો;
ભૂલી ભાળીને જળબેડો રે બેની. આજ૦ ૨
ટુણાં ભર્યાં છે એના ફુલડાંને તોરે;
મનને તાણે છે જોરે જોરે રે બેની. આજ૦ ૩
બ્રહ્માનંદનો વહાલો કુંજનો વિલાસી;
હૈડે વસી છે એની હાંસી રે બેની. આજ૦ ૪

*પદ – ૨*

આજ વહાલો ઊભા છે જમુનાને આરે;
મૂર્તિ વસી છે મન મારે રે હેલી. આજ૦ ટેક.
કેસરની આડ રૂડી નલવટ કીધી;

આંખ્યું વેચાતી કરી લીધી રે હેલી. આજ૦ ૧
વાંકડી ભ્રકુટિ મને લાગે અતિ વહાલી;
સર્વે મેલીને જાઉં ચાલી રે હેલી. આજ૦ ૨
લોચન રંગીલાં તીખાં બાણ જેમ લાગ્યાં;
ઊંડાં ગરી ગયાં આઘાં રે હેલી. આજ૦ ૩
બ્રહ્માનંદનો વહાલો કુંજનો વિહારી;
છબીપર જાઉં બલીહારી રે હેલી. આજ૦ ૪

પદ – ૩

આજ મુને સામો મળ્યો છે અલબેલો ;
છોગાંવાળો રંગ છેલો રે આલી. આજ૦ ટેક.
મોંઘા મૂલી રે પહેરી મોતીડાંની માળા;
ભાલ કપોળ કેસરાળા રે આલી. આજ૦ ૧
ગજરા પહેર્યા છે ઘેરા રંગના ગુલાબી;
શોભા ત્રિલોક કેરી દાબી રે આલી. આજ૦ ૨
બાજુ કાજુ રે લીધા ફુલડાના બાંધી;
ભ્રમર ભમે છે તાર સાંધી રે આલી. આજ૦ ૩
બ્રહ્માનંદનો વહાલો રંગડાનો ભરીયો;
લઈને હૈયામાં ધરીયો રે આલી. આજ૦ ૪

પદ – ૪

આજ મારે નંદનો નંદન ઘેર આવ્યા;
મોંઘે મોંઘે મોતીડે વધાવ્યા રે સૈયરો. આજ૦ ટેક.
હસીને બોલાવી મુને હેતમાંઇ હેરી;
રેંટો બાંધેલ સોનેરી રે સૈયરો. આજ૦ ૧
સોનેરી કોરનું નાખેલ ખભે શેલું;
રસિયે કીધેલ રંગરેલું રે સૈયરો. આજ૦ ૨
ફુલડાંનાં મેલ્યાં માથે છોગલાં રે ફરતાં;



મુને નથી વિસરતાં રે સૈયરો. આજ૦ ૩
બ્રહ્માનંદના વહાલાથી પ્રીતડી બંધાણી;
મહેણું લીધું છે માથે તાણી રે સૈયરો. આજ૦ ૪

રાગ ધોળ પદ – ૧

આનંદ આપ્યો અતિઘણોરે,
આ સમામાં અલબેલ; પુરુષોત્તમ પ્રગટી રે ।
અમૃતના સિંધુ ઉલટ્યારે, રંગડાની વાળી છે રેલ; પુરુષોત્તમ૦ ૧
નિર્ભયની નોબત્યો વાગિયોરે, મળીયા મોહનરાય; પુરુષોત્તમ૦ ૨
વિધવિધ થયાં વધામણાંરે, કસર ન રહી કાંય; પુરુષોત્તમ૦ ૩
ખોટ્ય ગઇછે ખોવાઈનેરે, જિત્યનાં જાંગિર ઢોલ; પુરુષોત્તમ૦ ૪
દુઃખ ગયું બહુ દનનુંરે, આવિયું સુખ અતોલ; પુરુષોત્તમ૦ ૫
કળશ ચઢાવ્યો કલ્યાણનોરે, સહુના મસ્તક પર મોડ; પુરુષોત્તમ૦ ૬
ધન્ય ધન્ય આ અવતારનેરે, જોવા રાખી નહી જોડ; પુરુષોત્તમ૦ ૭
સહુને પાર સહુ ઉપરેરે, એવી ચલાવી છે રીત; પુરુષોત્તમ૦ ૮
નો'તી દિઠી નો'તી સાંભળીરે, પ્રગટાવી એવી પુનિત; પુરુષોત્તમ૦ ૯
સર્વના સ્વામી જે શ્રીહરિરે, સર્વના કાવિયા શ્યામ; પુરુષોત્તમ૦ ૧૦
સર્વેના નિયંતા નાથજીરે, સર્વેનાં કરિયાં કામ; પુરુષોત્તમ૦ ૧૧
સ્વામિનારાયણ નામનોરે, શક્કો બેસારિયો આપ; પુરુષોત્તમ૦ ૧૨
એ નામને જે આશર્યારે, તેના તે ટાળિયા તાપ; પુરુષોત્તમ૦ ૧૩
ધામી જે અક્ષરધામનારે, તેણે આપ્યો છે આનંદ; પુરુષોત્તમ૦ ૧૪
અખંડ આનંદ આપી જીવનેરે, કાપ્યાં ભારે ભવફંદ; પુરુષોત્તમ૦ ૧૫
ખાતાં વળાવ્યાં છે ખોટ્યનાંરે, ખરી કરાવી છે ખાટ્ય; પુરુષોત્તમ૦૧૬
બંધ કિધાં બીજાં બારણાંરે, વે'તી કિધી અક્ષર વાટ્ય; પુરુષોત્તમ૦ ૧૭
તમ ટાળ્યું ત્રિલોકનુંરે, પ્રકાશી પૂરણબ્રહ્મ; પુરુષોત્તમ૦ ૧૮
અંધારું રહ્યું તું આવરીરે, તે ગયું થયું સુગમ; પુરુષોત્તમ૦ ૧૯
સૂરજ સહજાનંદજીરે, આપે થયા છે ઉદ્યોત; પુરુષોત્તમ૦ ૨૦

પૂર્વની દિશાયે પ્રગટીરે, ખોટા મોટા તે કર્યા ખદ્યોત; પુરુષોત્તમ૦ ૨૧
અષાડિ મેઘે આવી કર્યાંરે, ઝાઝાં બીજાં ઝાકળ; પુરુષોત્તમ૦ ૨૨
પુર ચાલ્યાં તે પૃથવીયેરે, ધોયા ધરતીના મળ; પુરુષોત્તમ૦ ૨૩
ગાજ વીજ ને વર્ષવુંરે, અગમ સુગમ કર્યું સોય; પુરુષોત્તમ૦ ૨૪
સહુ જનને સુખ આપિયાંરે, દુઃખી રહ્યું નહિ કોય; પુરુષોત્તમ૦ ૨૫
શર્મનો ઢોલ સુણાવિયો રે, દેવા લાગ્યા પોતે દાત પુરુષોત્તમ૦ ૨૬
દુર્બળનાં દુઃખ કાપીયાં રે, ન જોઇ જાત કુજાત પુરુષોત્તમ૦ ૨૭
ધન્ય ધન્ય મારા નાથજી રે, ધન્ય ઉદ્ધારિયા જન પુરુષોત્તમ૦ ૨૮
ધન્ય ધન્ય આ અવતારનેરે, ભલે મળ્યા ભગવાન; પુરુષોત્તમ૦ ૨૯
વારે વારે જાઉં વારણેરે, કર્યાં અમારાં કાજ; પુરુષોત્તમ૦ ૩૦
ઘણે હેતે ઘનશ્યામજીરે, મળ્યા અલબેલો આજ; પુરુષોત્તમ૦ ૩૧
કહીયે મુખેથી કેટલુંરે, આપિયો છે જે આનંદ; પુરુષોત્તમ૦ ૩૨
નિષ્કુલાનંદ જાય વારણેરે, સે'જે મળ્યા સહજાનંદ; પુરુષોત્તમ૦ ૩૩

*રાગ : પરજ પદ -૧*

મેં હું આદિ અનાદિ, આતો સર્વે ઉપાધિ;
સદ્ગુરુ મીલ્યા અનાદિ, મીટ ગઇ સર્વે ઉપાધિ. - ટેક.
કહાં કાષ્ટ ને કહાં કુહાડા, કહાં હે ઘડનરહારા;
જબસે મોહે સદ્ગુરુ મીલ્યા, મીટ ગયા સર્વે ચાળા. મેં હું૦ ૧
કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત;
કોણ ભાઇ ને કોણ ભગીની, બ્રહ્મ હમારી જાત. મેં હું૦ ૨
નહિ રહ્યા મેં નહિ ગયા મેં, નહિ સુધર્યા નહિ બીગડા;
હમેં હમારા કુળ સંભાર્યા, મત કરના કોઇ ઝગડા. મેં હું૦ ૩
પાણીમેંસે પુરુષ બનાયા, મલમૂત્રકી ક્યારી;
મીલ્યા રામ ને સર્યાં કામ, અબ ન રહી કોઉંસે યારી. મેં હું૦ ૪
આગે તપસી તપસા કરતા, રહ ગઇ કિંચિત કામા;
તે કારણ આ નરતન ધરીયો, સો જાનત હૈ રામા. મેં હું૦ ૫



જે કારણ આ નરતન ધરીયો, તે સર્યું છે કામ;
નિષ્કુળાનંદ કહે પ્રગટ મળ્યા મોહે, ટળ્યું નામને ઠામ. મેં હું૦ ૬

*રાગ : ધોળ પદ-૧*

સર્વે સખી જીવન જોવાને ચાલો રે,
શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે. ૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે,
જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે. ૨
રોઝે ઘોડે રાજેશ્વર બીરાજે રે,
છબી જોઇ કોટિક કંદર્પ લાજે રે. ૩
મળ્યાં આવે મહા મુનિનાં વૃન્દ રે,
તેમાં શોભે તારે વીટ્યો જેમ ચંદ રે. ૪
શુક સનકાદિક ઉત્તામ યશ ગાવે રે,
નૃત્ય કરી નારદ વિંણા વજાવે રે. ૫
નિજ સખા ચમર કરે લઇ હાથ રે,
આજો આવ્યા ભૂમાનંદના નાથ રે. ૬

પદ — ૨

જુઓ છબી શ્યામ સુંદર વર કેરી રે,
હીરની નાડી સૂથણલી સોનેરી રે. ૧
જરકસિ જામો બુટ્ટાદાર રે,
કસિયો કમર સોનેરી કટાર રે. ૨
શિરપર પાઘ પેચાળી નવરંગી રે.
કાંને ગુચ્છ ગુલાબી માથે કલંગી રે. ૩
ગજરા તોરા ગળે ગુલાબના હાર રે,
આવી ઉપર ભમર કરે છે ગુંજાર રે. ૪
પોચીં કડાં બાંયે બાજુબંધ રે,
નંગ જડયાં કુડળ મોતીનાં વૃન્દ રે. ૫

વેગે જુવો વરણાગિયો વનમાળી રે,
શીતળ થાયે ભૂમાનંદ કહે ભાળી રે. ૬

પદ – ૩

મૂરતિ ચંચળ જુઓ ચટકંતી ચાલ રે,
નેતર છડી કરમાં ફુમકિયાળી લાલ રે. ૧
મંદ હાસ ચપળ નેણાં ચિત્ત ચોરે રે,
કરનાં લટકાં કરી કાળજડાંને કોરે રે. ૨
મીઠા બોલો ઘેરે રાગે ગાય રે,
અધર ધરી મોરલી મનોહર વાય રે. ૩
ઝળકે ભાલ વિશાળ શોભાનુ ધામ રે,
નાશા અણિયાળી ભ્રમર અતિ શ્યામ રે. ૪
અધર લાલ માંહી મધુરી હાસ્ય રે,
દંતપંક્તિ કરે છે અતિશે પ્રકાશ રે. ૫
જમણે ગાલે ટીબકડી રૂપાળી રે,
તાપ ટળ્યા ભૂમાનંદ કહે ભાળી રે. ૬

પદ – ૪

ઘેરે ચાલી આવ્યા છે ગોલોક વાસી રે,
જેને કહેછે અક્ષરાતીત અવીનાશી રે. ૧
જુઓ જીવ મોહ-નિદ્રામાંથી જાગી રે,
વરી એને થાઓ અખંડ સોહાગી રે. ૨
જોતાં વાટ આવી મારી જાન રે,
પોતે વર પુરુષોત્તમ ભગવાન રે. ૩
શુક સનકાદિક ધરે જેનું ધ્યાન રે,
મારાં લોચન કરે તે મુખડાંનું પાન રે. ૪
એની સર્વે દેખી અલૌકિક રીત રે,
ચોટ્યું મારું સુંદરવરમાં ચિત્ત રે. ૫



હથેવાળો હરિ સંગાથે મેં કીધો રે,
ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે.૬

*રાગ : લાવણી પદ - ૧*

મારે મંદિર ધાર્યા શ્યામ, થઈ બડભાગી;
મારે હરિવર સાથે, હેતશું લગની લાગી. ૧
મારા મનની પૂરી હામ, કૃતારથ કીધી;
ભવ ડુબતાં મારી બાંહ્ય, ગ્રહીને લીધી. ૨
મારા મનમાં વસીયા માવ, તાપ સર્વે ટાળ્યા;
મને મગન કરી મહારાજ, દુરગપુર ચાલ્યા. ૩
મને કરવું ન સુજે કામ, કહો કેમ કરીએ;
જબ મીલે ન સહજાનંદ, ઠામ કયાં ઠરીએ. ૪
એ સુખની શી કહું વાત, કહી નથી જાતી;
એ સુખ સંભારતાં આજ, ફાટે મારી છાતી. ૫
કહે યોગાનંદ મુનિરાય, ભજી લ્યો પ્રીતે;
નહિ આવે જમના દૂત, શાસ્ત્રની રીતે. ૬

*રાગ : ગરબી પદ - ૧*

પ્રભુ તમ વિના મારું કોણ છે, તમે જાણો છો હરિ હરિ. ટેક.
પરિવારમાં તમે સાર છો, સંસારના આધાર છો;
મારા પ્રાણતણા તમો પ્રાણ છો - તમે૦ ૧
આ લોકમાં તમે આપ છો, પરલોકમાં મા બાપ છો;
સર્વે જગતના પ્રતિપાળ છો - તમે૦ ૨
મારી આશ તણી તમે વાસ છો, અતિ કુડથી તમો દૂર છો;
મંજુકેશાનંદના નાથ છો - તમે૦ ૩

*રાગ : ગરબી પદ - ૧*

અરજ કરે છે અબળા તે ઉર ધારો રે વ્હાલાજી;
વાલપણું વાલમજી માં વિસારો મારા વ્હાલાજી. ટેક.

પડવે મારા પ્રાણ લઈને પધાર્યા રે વ્હાલાજી;
મને રડતી મેલી ન રહ્યા કોઈના વાર્યા મારા વ્હાલાજી. ૧
બીજે કયાં જઈ વશીયા રંગના રસીયા રે વ્હાલાજી ;
ઉદે થયા આવીને ગોકુળ વસીયા મારા વ્હાલાજી. ૨
ત્રીજે તમને જોવાને જીવન રે વ્હાલાજી;
આકુળ વ્યાકુળ થાયછે મારૂં મન મારા વ્હાલાજી. ૩
ચોથે તમને ચારે દિશે જોઉં રે વ્હાલાજી;
વ્રેહની મારી વ્યાકુળ થઈને રોવું મારા વ્હાલાજી. ૪
પાંચમે પધારો મારે ઘેર રે વ્હાલાજી;
અબળા ઉપર રાખો કાંઈક મહેર મારા વ્હાલાજી. ૫
છઠ્ઠે આવો છેલા છોગલાં મેલી રે વ્હાલાજી;
જોવા સારુ તલખે સહુ સાહેલી મારા વ્હાલાજી. ૬
સાતમે આવો તો શોભા કરીએ રે વ્હાલાજી;
હાર પહેરાવી સુંદર છોગલાં ધરીએ મારા વ્હાલાજી. ૭
આઠમે આવોને પ્રાણ આધાર રે વ્હાલાજી;
કાંઈ કરુણા રાખો કેસરના અસ્વાર મારા વ્હાલાજી. ૮
નોમે નવલા નેહ વધારો આવી રે વ્હાલાજી;
સુખ આપો શામળીયાજી બોલાવી મારા વ્હાલાજી. ૯
દશમે દુઃખીયાં કીધાં બહુ નરનારી રે વ્હાલાજી;
આ ક્યાંથી આવી પૂતના સમ હત્યારી મારા વ્હાલાજી. ૧૦
એકાદશીનો ઉત્સવ આવ્યો આજ રે વ્હાલાજી;
આવો મુનિમંડળને દર્શન દેવા કાજ મારા વ્હાલાજી. ૧૧
બારસે બહુ ભાતે કર્યા મેં થાળ રે વ્હાલાજી;
તમે જમવા સારુ આવો દિનદયાળ મારા વ્હાલાજી. ૧૨
તેરસે તમ કાજે ઢોલિયો ઢાળી રે વ્હાલાજી;
વાટડલી જોઉં છું ચોક વાળી મારા વ્હાલાજી. ૧૩



ચૌદસે મને ચિંતા થાય છે ભારી રે વ્હાલાજી;
હરિ નવ આવ્યા મને શે વાંકે વસારી મારા વ્હાલાજી. ૧૪
પુનમે પધારો પુરણચંદ રે વ્હાલાજી;
વદન વિલોકી સહુ પામે આનંદ મારા વ્હાલાજી. ૧૫
મનના મનોરથ કરજો મારા પુરા રે વ્હાલાજી;
નીજજનનાં કારજ કરવામાં છો શૂરા મારા વ્હાલાજી. ૧૬
તીથીયો ગાઈને પ્રેમાનંદ એ માગે રે વ્હાલાજી;
રહો સહજાનંદજી આંખડલીની આગે મારા વ્હાલાજી. ૧૭

*રાગ : પદ - ૧*

ધીરજ ધર તું અરે અધીરા, ઈશ્વર પુરે અન્ન જોને;
ખલક તણો ખટકો પ્રભુને, સાચું માને મન જોને. ૧
જન્મ્યું તેને જીવાડવાને, ઉપાય શોધ્યો શુદ્ધ જોને;
હાડ માંસના હૈયા મધ્યે, દેવે સરજ્યાં દૂધ જોને. ૨
કીડીને કણ હાથીને મણ, ચાર પગાને ચાર જોને;
કોશીટામાં કીટ વસે છે, ઈશ્વર પૂરે આહાર જોને. ૩
મસીદ કેરા કોટ મીનારા, ઉપર ઊગ્યાં ઝાડ જોને;
પથ્થર ઉપર પાણી વરસે, તે ઈશ્વરનો પાળ જોને. ૪
અરણ્ય મધ્યે અજગર રહે છે, ડગલું ન ભરે દોટ જોને;
વિશ્વંભરનું બિરુદ વિચારો, ખાવાની શી ખોટ જોને. ૫
અનળ પક્ષી રહે આકાશે, મદઝર ભરખે મોટા જોને;
પરમેશ્વરની કૃપા વડેતો, બનિયા જળના ગોટા જોને. ૬
મરાળને મોતીનો ચારો, વખતે આપે વહાલો જોને;
દેવાનંદ કહે દેવ ભરોસે, મગન થઈ ને માલો જોને. ૭

પદ — ૨

ધન્ય છે ધીરજ ધારે તેને, બની શકે બે ભાન જોને;
પાંડવ જ્યારે વન પરવરિયા, દુઃખને દીધાં માન જોને. ૧

હરિશ્ચંદ્રરાયને હરિવર સાથે, લગની કેવી લાગી જોને;
અંત્ય વરણને ઘેર વેચાણા, તો ભવની ભાવટ ભાંગી જોને. ૨
પ્રહ્લાદજીને પીડા બહુ વિધ, દૈત્યપતિએ દીધી જોને;
સુખડાં જેવી સહન કરી તો, કેશવ રક્ષા કીધી જોને. ૩
શહેર મળ્યું નહિ સુદામાને, તો પણ આનંદ તેવો જોને;
મોળી ભાજી વિદુરજીની, સુતર જેવી સેવો જોને. ૪
મયુરધ્વજ રાયે મસ્તક ઉપર, કરવત લીધું કોડે જોને;
સગળશાએ સુત વધેર્યો, ત્યાગી દીધા હોડ જોને. ૫
રંતીદેવના હૃદયા મધ્યે, જરણા કેરો જોગ જોને;
માધવદાસે માગી લીધો, રાજી થઈને રોગ જોને. ૬
દુઃખને દેખી હરિજન ન ડરે, કરે ફિકરના ફાંફા જોને;
દેવાનંદ કહે દેવ ભરોસે, કાળ તણા એ કાકા જોને. ૭

પદ — ૩

બાળક રૂએ લવા માંહે, માતા સમજે મર્મ જોને;
રાણીની એમ મરજી પરખે, ધરણીધરનો ધર્મ જોને. ૧
ચાંચ બનાવી તેને ચિંતા, કાયર મન શીદ કરીએ જોને;
પેટ પડ્યું તે પોષણ કરશે, ફીકર તજીને ફરીએ જોને. ૨
હીરા મોતી મોંઘાં કીધાં, ધનથી સોંઘાં ધાન્ય જોને;
અમૃત જેવાં અમથાં પાણી, દીનબંધુનાં દાન જોને. ૩
સૂરજ સર્વેને પ્રકાશ આપે, દમડી ન પડે દેવી જોને;
વગર બદામે વાય વાયરો, તે કેશવ કરુણા કેવી જોને. ૪
સુર પંખીને સો મણ ટંકે, ખાવા જોઈએ ખીર જોને;
દૂધડલાના દરિયા કાંઠે, સરજ્યાં તેનાં શરીર જોને. ૫
જન્મ્યું તેને જીવાડવાને, માવતરને મમતા જોને;
સૌના પિતા વિશ્વંભર છે, શાથી ન ભરો સમતા જોને. ૬



અજબ દયાળુ છે અલબેલો, હૈયું રાખો હાથ જોને;
દેવાનંદ કહે પ્રતીત રાખો, બેલી બદ્રીનાથ જોને. ૭

પદ — ૪

શું કરવા તું સુખને માટે દે છે દોટા દોટ જોને;
તારાં સુખતો તુજને શોધે, સુઈ રે તાણી સોડ જોને. ૧
માગ્યા વિના મળે મેહુલા, માગ્યા મળે તો માગ જોને;
મોત સરીખુંયે માગ્યું ન મળે, જીવલડા તું જાગ જોને. ૨
અવસર વિના ફળ ન આવે, સો મણ પાણી સીંચી જોને;
પુત્ર વિના પારણિયું ખાલી, સો મણ સાકર વહેંચી જોને. ૩
ભાગ્ય વિનાનું સુખ ન મળે, સંકટ આવે શાથી જોને;
પારણિયામાં સર્વે ઝુલાવત, હેમ ભરેલા હાથી જોને. ૪
જગમાં સર્વે હેમ ઝુલાવત, વાંઝણી ન રહેત વનિતા જોને;
લાલચ રાખે લાભ મળે તો, કોઈ ન દાખાત દીનતા જોને. ૫
ભાગ્ય વિના ભોગવવાનું સુખ, શીદને થાયે અળગું જોને;
કોટિ ઉપાયે કેડ ન મેલે, વજ્ર થઈને વળગ્યું જોને. ૬
હિંમત રાખી હરિ ભજીલ્યો, બીજી આશા ખાલી જોને;
દેવાનંદ કહે સુખ દુઃખ રચના, ભાવે કરીને ભાળી જોને. ૭

રાગ : માઢ પદ - ૧

આવો પ્રીતમ પ્યારા ધર્મ દુલારા, સર્વથી સારા શ્યામ;
છોજી આપ અમારા, નેણાનાં તારા, નર જગ ન્યારા નામ. આવો૦
ધર્મના નંદન, છો જગ વંદન, ચંદન ચર્ચિત અંગ;
દુઃખ નિકંદન, ખળબળ ખંડન, મંડન મુક્ત ઉમંગ રે. આવો૦ ૧
શામ સોહાગીમાં, લગની લાગી, ભાંગી મહા ભ્રમજાળ;
આપ વિષે હું થયો અનુરાગી, ત્યાગી કપટ તત્કાળ રે. આવો૦ ૨
પ્યારી તારી છબી ગિરધારી, છે મારી જીવનદોર;
વારીજ નેણતણી બલિહારી, છો મારા ચિત્તના ચોર રે. આવો૦ ૩

અંગ ઉમંગ ઉત્તમ થયો છે જોઇ છબી નવરંગ;
રંગ અભંગ રહે સત્સંગનો, ભીતિ તણો થાય ભંગ રે. આવો૦૪
લક્ષણ ઉત્તમ લક્ષ પ્રકારે, છોજી વિચક્ષણ સુર;
ભક્ષણ કાળતણાથી તતક્ષણ, રક્ષણ કરજો જરૂર રે. આવો૦૫
ભાળી રૂપાળી છબી મરમાળી, ટાળી ત્રિવિધના તાપ;
હે વનમાળી તમે હદ વાળી, દીધાં પ્રજાળી પાપ રે. આવો૦૬
દાન તમે નિજ જ્ઞાનનું દીધું, ભાન દઇ ભગવાન;
માન તજી ગુણગાન કરું છું, ધરી ધરી તવ ધ્યાન રે. આવો૦૭
ચંદ્રવદન સુખકંદ તમારું, વંદે સદા મુનિવૃંદ;
નંદતણા પણ નંદન તે તમે, કહે જગદીશાનંદ રે. આવો૦૮

રાગ : ભૈરવી - ૧

પ્રાણ સ્નેહી ધરું આવો અબ પિયરા,
હીયરા ઘીર ધરત નહી મેરા. પ્રાણ૦ -ટેક.
દરશ વિના દિલદાહ ન બૂઝત, નહીં સુજત કછુકાજ અનેરા. પ્રાણ૦ ૧
રસિક પ્રિયા ઘનશ્યામ મનોહર, રજનીદિવસ રહો દગનેરા. પ્રાણ૦૨
ચાતક નિરંતર ચિત્તમેં તલખત, નામ રટત હરિ તેરા. પ્રાણ૦૩
બ્રહ્માનંદ ઉર નેહ વધારન, ભવજળ તારન હો તુમ બેરા. પ્રાણ૦૪

પદ — ૨

છેલ ચતુર ઘનશ્યામ સ્નેહી,
પ્રાણજીવન મેરે ભુવન પધારો. છેલ૦ ટેક.
દુર રહે દુઃખ હોત હે પ્રીતમ, નિકટ આયે તન તાપ નિવારો. છેલ૦૧
દીનબંધુ સુખસિન્ધુ સાંવરે, અશરણ શરણ હે નામ તુમારો. છેલ૦ ૨
ખાન પાન ધનધામ ધરાદિક, તુમબીન સબસુખ લગત નકારો. છેલ૦૩
બ્રહ્માનંદ કહત હરિ મેરો, દરશપરશ કરી જનમ સુધારો. છેલ૦ ૪

પદ — ૩

શ્યામ ચતુર બ્રજરાજ પધારો,



તુમ બિન વિરહ અગ્નિ તનતાવે. શ્યામ૦ ટેક.
ઝંખી ભઇ હેરત પંથ અખીયાં, ભોજન પાન કછુ નવ ભાવે. શ્યામ૦ ૧
મીલન કાજ તલખત મન મેરો, બીન દેખે અતિશય અકુલાવે. શ્યામ૦ ૨
જ્યું મચ્છી જલસેં હોય ન્યારી, પયહુસે કછુ શાન્તિ ન પાવે. શ્યામ૦ ૩
બ્રહ્માનંદ કહત હરિ તુમબીન, અંતરકો દુઃખ કોન મીટાવે. શ્યામ૦ ૪

પદ — ૪

સુખ સાગર ઘનશ્યામ છબીલે,
તુમ જીયકે સાચે હિતકારી. સુખ૦ ટેક.
શરણ આયેકી હોત સહાઇ, ભવસંકટ મેટન ભયહારી. સુખ૦૧
નિજજનકે ગુનકે તુમ ગ્રાહક, અવગુન સબવીધિ દેત બીસારી. સુખ૦૨
જઠર અગ્નિસેં જતનકિયે તુમ, આજ હું અન્નજળ દેત સંભારે. સુખ૦૩
પ્રાનપ્રીયા તેરી કરુણાકે પર, બ્રહ્માનંદ જાત બલહારી. સુખ૦૪

*રાગ : ગરબી પદ- ૧*

રહ્યું છે મારા હૃદિયામાં રૂપ તમારું. ટેક.
રૂપ તમારું એક હૃદિયામાં રાખ્યું, મેં તો બીજું સર્વે કાઢ્યું છે બારું;
જગના જીવન વાલા તમને જોઈને, વારી મનડું લોભાણું છે મારું. રહ્યું૦૧
તમ વિના શ્યામળિયા રે સ્નેહી, વાલા બીજું નથી લાગતું સારું;
દુરિજન લોક ઘોળ્યાં દાઝીમરે છે, તેની ધડક હૈયામાં શીદ ધારું. રહ્યું૦૨
માથું જાતાં મન માન્યા રે માવા, કેદી હેતમાંથી નવ હારું;
બ્રહ્માનંદના વાલા પ્રાણ સંગાથી, ઘડી તમને તે કેમ વિસારું. રહ્યું૦૩

પદ — ૨

હૈડામાં મુને વાલા લાગો છો વનમાળી. ટેક.
વાલા લાગો છો લટકાળારે લાલા, મારાં નેણાં ઠરે છે ભાળી ભાળી;
આઠો પહોર આવી વસી અંતરમાં, વાલા મૂરતિ તમારી મરમાળી.હૈ.૧
બાંધ્યા છે બાજુ કાજુ ફુલડાંની માળા,ગળે લાગે છે અતિ રૂપાળી;
મનડાં હરો છો તમે મોરલી વજાડતાં, વળી ગાતાં નાખોછો રંગઢાળી.હૈ.

શુંરે કરે સંસારીડો કુડો, મેંતો લોક લજ્જા સર્વે ટાળી;
બ્રહ્માનંદના વાલા તમ સંગ રમતાં, મારે દાડી દાડી તે દીવાળી. હૈ. ૩

પદ – ૩

ભુધરજી આવી મનડે અમારે તમે ભાવ્યા. ટેક.
અક્ષરાતીત અલબેલા રે, વાલા તમે અમ કારણે વ્રજ આવ્યા;
મનડાં અમારાં તમે લેવાને કાજે, માથે ફુલડાંના તોરા લટકાવ્યા. ભુ૦૧
એક ઘડી શ્યામળીયા રે સ્નેહી, વારી વિસરો નહીં વિસરાવ્યા;
સર્વે તે લોકમાં સહું જાણે છે કાના, કંથ અમારા તમે કાવ્યા. ભુધ૦૨
માયાના જીવ તે તો મર્મ ન જાણે, તેણે સહુ સરખા ઠેરાવ્યા;
બ્રહ્માનંદના વાલા શ્યામ ચતુરવર, જેવા છો તેવા અમને ફાવ્યા. ભુધ.૩

પદ – ૪

પ્રીતમજી પ્યારા જીવું છું તમને જોઈને. ટેક.
મુરતી તમારી મરમાળી રે, વાલા તેમાં હેતે રહી છું ચિત્ત પ્રોઈને;
તમસાથે મારે નેણો બંધાણો, તેની ખબર નથી બીજા કોઈને. પ્રી૦ ૧
નિઃશંક થઈ માથે છેડો રે નાખ્યો, છોને કહેતાં તે લોક વગોઈને;
માથાસાટે તમને વર્યા મોરારી, વારી કુળમરજાદા સર્વે ખોઈને. પ્રી૦ ૨
સમજી વિચારી મેંતો પગલાં ભર્યાં છે, ચાલી મન મતવાલી હોઈને;
બ્રહ્માનંદના વાલા તમને જોઈને, મારું મનડું રહ્યું છે જો મોહીને. પ્રા૦ ૩

*રાગ : મેવાડી - પદ - ૧*

મુખડાંની માયા લાગી, મુખડાંની માયા લાગી;
મુખડાંની માયા લાગીરે, મોહન તારા મુખડાંની માયા લાગી. ટેક.
મુખડાંની મીઠી વાણી, તેણે મન લીધું તાણી;
ઝબકીને સૂતી જાગી રે. મોહન૦ ૧
મુખડું મેં જોયું તારું, બીજું સર્વે થયું ખારું;
હવે હું તો બળભાગી રે. મોહન૦ ૨
મુખડું જોવાને માટે, સહી કીધું શિર સાટે;



મહેણું મેં તો લીધું માગી રે. મોહન૦ ૩
બ્રહ્માનંદ જાય વારી, આશા એક મુને તારી;
તરછોડી મ થાશો ત્યાગી રે. મોહન૦ ૪

પદ – ૨

વર્યા મેં તો વનમાળી , વર્યા મેં તો વનમાળી;
વર્યા મેં તો વનમાળી રે, શિરને સાટે વર્યામેં તો વનમાળી. ટેક.
તનડાંની આશા ત્યાગી, લગની એ સાથે લાગી;
મોહી હું ભૂધર ભાળી રે. શિર૦ ૧
સંસારનાં સુખ એવાં, ઝાંઝવાનાં પાણી જેવાં;
તુચ્છ જાણી આશા ટાળી રે. શિર૦ ૨
પરણી પ્રીતમ પ્યારો, અખંડ સોહાગ મારો;
રંડાપાની બીક ટાળી રે. શિર૦ ૩
બ્રહ્માનંદ કેરે વહાલે, કર સહાયો નંદલાલે;
થઈ હું તો મતવાલી રે. શિર૦ ૪

પદ – ૩

મનડું લોભાણું મારું, મનડું લોભાણું મારું;
મનડું લોભાણું મારુંરે, સલુણો જોઈને મનડું લોભાણું મારું. ટેક.
શું કરે સંસારી ખોટા, પાણી કેરા પરપોટા;
તેની બીક શીદ ધારું રે. સલુણો૦ ૧
શ્યામળો સ્નેહી ભેટી, જગ કેરી શંકા મેટી;
સર્વે મુને થયું ખારું રે. સલુણો૦ ૨
બંધાણું હરિથી બેલું, શિર જાતે નવ મેલું;
વહાલા માથે તન વારું રે. સલુણો૦ ૩
બ્રહ્માનંદ કેરે નાથે, હેત કરી ઝાલી હાથે;
સુધર્યું કારજ સારું રે. સલુણો૦ ૪

પદ – ૪

વરીએ તો શ્યામળીયો વરીએ, વરીએ તો શ્યામળીયો વરીએ;
વરીએ તો શ્યામળીયો વરીએ રે, ચતુરવર વરીએ ટેક.
તેનું તો એવાતન કાચું, પરણી રંડાવું પાછું;
તેને ઘર શું પાણી ભરીએ રે. ચતુરવર૦ ૧
જેને પરણે દુઃખ જાયે, અખંડ સોહાગ થાયે;
તેને સંગે પ્રીતિ કરીએ રે. ચતુરવર૦ ૨
સર્વે સંસારી જુઠાં, શું થાવાનું રૂઠ્યાં ત્રુઠ્યાં;
તેને તુચ્છ જાણી ફરીએ રે. ચતુરવર૦ ૩
બ્રહ્માનંદ કેરે વહાલે, લટકાળે નંદલાલે;
હાથ મારો સહાયો હરિએ રે. ચતુરવર૦ ૪

*રાગ : ગરબી પદ - ૧*

કાળનાં ગડે નગારાં કાળનાં ગડે;
આગળ ધેં ધેં ધેં ધેં, નગારાં કાળનાં ગડે.
ઢોલ ને રણતુર વાગે, ઝાંઝ ખડ ખડે;
નેજા ને નિશાન દિસે, ફોજું બહુ ફરે. આગળ૦ ૧
નાળું ને જંજાળું સરવે, કડે ને ધડે;
આંખ્યો મીંચી બેઠો અંધો, મનસુબા ઘડે. આગળ૦ ૨
કઠણ વેળા કાળ આવી, ઓચિંતો અડે;
જળ થોડામાં જીવ જેમ, પુરો તરફડે. આગળ૦ ૩
ચેતવું હોય તો ચેતી લેજો, બીજું રહ્યું નડે;
દેવાનંદનો નાથ ભજ્યા વિના, નરકે જઈપડે. આગળ૦૪

પદ – ૨

પછી નહિ મળે રે તુંને પછી નહિ મળે,
કાંઈક લે લે લે લે ને લાવ પછી નહિ મળે. ટેક.
મોતી સરખો કણ લઈ મુરખ, ઘંટીમાં દળે,



બાવળીયાનું બી બોયે, આંબો કેમ ફળે. કાંઈક૦ ૧
કસ્તુરી ને કેવડો લૈ, તેલમાં તળે,
મનુષ્યદેહ દુર્લભ પામી, વિષયમાં મળે. કાંઈક૦ ૨
ખેલ અખેલા ખેલતાં અંતે, જોજે જે મળે,
એકડા વિનાનાં મીંડાં તેમાં, તારું નહિ વળે. કાંઈક૦ ૩
અનેક જનમનાં પાપ તે તો, સત્સંગે બળે,
દેવાનંદ કહે ગધો કૂત્તો, થાવું તો ટળે. કાંઈક૦ ૪

પદ – ૩

પાપનો ભરે રે માથે પાપનો ભરે,
પાપી કે કે કે કે ને કેમ પાપનો ભરે. ટેક.
જુવાનીમાં આગ લાગી, પરત્રિયા હરે,
દેવ સાધુ ને બ્રાહ્મણ તેની, નિંદા બહુ કરે. પાપી૦ ૧
ચોરી ને અવેરી કરે, મરડાતો ફરે,
માંસ ને મદિરા પીએ, તેમાં નવ ડરે. પાપી૦ ૨
ભાંડ ભવાઈને હાંસી બાજી, કરતો નવ ડરે,
વસુ પશુ વાહન હરે, અગ્નિ તે ધરે. પાપી૦ ૩
એ પાપે કરી રવિ કિંકર, ઝાલ્યા તે નરે,
દેવાનંદ કહે માર તડાતડ, વણમોતે મરે. પાપી૦ ૪

પદ – ૪

નીમમાં રે'ને રે તું તો નીમમાં રહેને,
પ્રાણી રે રે રે રે ને તું તો નીમમાં રહેને. ટેક.
ચારે નિયમ પાળી નિત્ય, નામને લેને,
સ્વામિનારાયણ નામ તારા, મુખ થી કે'ને. પ્રાણી૦ ૧
સાધુ સેવા વચન માનજે, કોય કહે તેને,
અજામેલ અઘ છુટ્યો, નારાયણ વેને. પ્રાણી૦ ૨
કાયા માયા કૂડી છે નિત્ય, દાનને દેને,

અમુલખ દેહ આવ્યો, સૂતો કેમ ઘેને. પ્રાણી૦ ૩
લખ ચોરાશી ફેરા ટળે, સત્સંગી તેને,
દેવાનંદ કહે કાળો કળેળાટ, જમ મારે જેને. પ્રાણી૦ ૪

પદ – ૫

વિખને પીધું રે તેં તો વિખને પીધું,
ઘેલા જો જો જો જો ને તેં તો, વિખને પીધું. ટેક.
કામી ક્રોધી લોભી લંપટનું, શરણું જઇ લીધું,
રળી ખપી ધન ભેળું કરી, તેને તેં દીધું. ઘેલા૦ ૧.
અંધ ગુરુએ કાન ફુંક્યા, બહેરા શું લીધું,
દામ વામના ચોર સેવી, તેં તો શું કીધું. ઘેલા૦ ૨
પંચ વિષય ઝેર તેં તો, હળાહળ પીધું,
વીંછણ કેરા વેતર પાળી, કારજ ન સીધું. ઘેલા૦ ૩
ઉરવી ઉપર રવિ દેખે, પ્રકાશે વિધું,
દેવાનંદ કહે જમાન આવ્યા, જમ ખરા ખેધું. ઘેલા૦ ૪

પદ – ૬

તીરથે જાને રે તું તો, તીરથે જાને,
મૂઢ જા જા જા જા રે તું તો, તીરથે જાને. ટેક.
કપટ માન મેલી દાસ, પ્રભુનો થાને,
ભાંગ હોકો ને અફિણ તજી, હરિગુણ ગાને. મૂઢ૦ ૧
સંત સાચાની વાત કથા, સાંભળને કાને,
નારાયણનું નામ લે તો ગંગાજી ન્હાને. મૂઢ૦ ૨
બાલપણું ને જોબન ગયું, વૃદ્ધ થયો વાને,
પ્રગટ ભજી પાર પામે, ભટકે છે શાને. મૂઢ૦ ૩
પદ છમાં શિખામણ દીધી, સુખ લેવા ધાને,
દેવાનંદ કહે ઝેર તજી અમૃત પાને. મૂઢ૦ ૪



*રાગ : ગરબી પદ - ૧*

શેરી ભલી પણ સાંકડી રે, નગર ભલાં પણ દૂર રે કેસરીયા;
એકવાર ગઢડે પધારજો રે. ટેક.
શેરીએ આવતા શોભતા રે, ઘોડલીએ અસવાર રે. કેસરિયા૦ ૧
માણેકચોકમાં મલપતા રે, ઉડે છે અબીલ ગુલાલ રે. કેસરિયા૦ ૨
ઓશરીએ ઢોલિયો ઢળાવતા રે, બેસતા બહુવાર રે. કેસરિયા૦ ૩
ગોપીનાથનાં મંદિરીયાં રે, તમ વિના સૂનાં દેખાય રે. કેસરિયા૦ ૪
સહજાનંદજી સુજાણ છો રે, બ્રહ્માનંદના રાય રે. કેસરિયા૦ ૫

પદ – ૨

સૂનું મુક્યું તમે ગઢડું રે, ક્યાં ગયા ધર્મકુમાર રે શામળિયા;
સુણો કહું એક વિનતી રે....... ટેક.
ઉન્મત્ત ગંગાના નીરમાં રે, લીલા કરતા અપાર રે. શામળિયા૦ ૧
તમ વિના પુરના જનને રે, અન્ન તે વિષતુલ્ય થાય રે. શામળિયા૦ ૨
અક્ષરઓરડીમાં પોઢતા રે, તમ વિના સુની દેખાય રે. શામળિયા૦ ૩
રાજ માર્ગમાં ચાલતા રે, સર્વે મુનિ ચારે પાસ રે. શામળિયા૦ ૪
બ્રહ્માનંદના નાથજી રે, આવો વહેલા અવિનાશ રે. શામળિયા૦ ૫

પદ – ૩

સહજાનંદજી સુખરૂપ છો રે, શોભા તણા શણગાર રે;
મોહનવર દયા કરી દર્શન આપજો રે. ટેક.
પૂર્વે કહ્યું તું ઉદ્ધવને રે, લઈશ બીજો અવતાર રે. મોહનવર૦ ૧
પુરુષોત્તમ તમે પ્રગટીરે, કર્યાં તે સહુનાં કાજ રે. મોહનવર૦ ૨
સુખસાગર ઘનશ્યામજી રે, દેતા સુખ જહાજ રે. મોહનવર૦ ૩
શ્રીજીતમે ભક્તિધર્મથીરે, ભૂપર ધર્યો અવતાર રે. મોહનવર૦ ૪
બ્રહ્માનંદ કહે મારે તમથકીરે, અંતરે સુખ અપાર રે. મોહનવર૦ ૫

પદ – ૪

સ્વામિનારાયણ સત્ય છો રે, પ્રગટ થયા પરબ્રહ્મ રે;

પુરુષોત્તમ અક્ષરપતિ અલબેલડા રે. ટેક.
કૌશલદેશથી આવિયા રે, આંહી રહ્યા પુરણકામ રે. પુરુ૦ ૧
સહજાનંદજી હું તમ વિના રે, ઘેલી ફરું જગમાંય રે. પુરુ૦ ૨
મુજને સંભાળજો શામળા રે, રહેજો મારા અંતરમાંય રે. પુરુ૦ ૩
તમ વિના મારા નાથજી રે, કોઈનો નહિ મારે ભાર રે. પુરુ૦ ૪
બ્રહ્માનંદના શામળા રે, મેલોમાં ઘડી દૂર રે. પુરુ૦ ૫

*રાગ : જંગલી પદ - ૧*

મુને સ્વપ્ને ન ગમે રે સંસાર કો'ને કેમ કીજીએ;
વમન થયું મન ઉતર્યું, એવો જાણ્યો રે સંસાર. કો'ને૦ ૧
સેજ પલંગ ને પોઢણાં કોઈ તળાંસે પાવ;
પતંગ પડ્યો તે ઉપરે, માથે જમ કેરો દાવ. કો'ને૦ ૨
મૃગરાજના મુખમાં, જે કોઇ જાયે જરુર;
ખાનપાન સર્વે વિસરી, મરવું દેખે હજુર. કો'ને૦ ૩
સ્વાર્થે સહુ કોઇ મળી, વિધ વિધ કરે વાત;
અંતરમાં કેમ ઉતરે, નજરે દીઠેલ ઘાત. કો'ને૦ ૪
સમજી વિચારી જે કરો, તજો ખલકની આશ;
નિષ્કુલાનંદ નિશ્ચે કર્યું, સુખ તો સદ્‌ગુરુ પાસ. કો'ને૦ ૫

*રાગ : વણઝારો પદ - ૧*

સખી વાત વિતી કહું મારી, મળ્યા વાટમાં કુંજવિહારી. ટેક.
દસ વીશ સખા લઈ સંગે, પીળી પામરી ઓઢી અંગેરે;
રોક્યો મારગ આવી મોરારી,મળ્યા વાટમાં૦ ૧
મારે માથે હતી મહી ગોળી, નાખી નાનકડે તે ઢોળીરે;
મને મુખથી બોલ્યા ધુતારી. મળ્યા વાટમાં૦ ૨
મારો હાથ ઝાલ્યો જદુનાથે, કર્યો ઝગડો મુજ સંગાથે રે;
લીધો કંઠથી હાર ઉતારી. મળ્યા વાટમાં૦ ૩
હતી છબી એની મરમાળી, જાણે મન પકડ્યાની જાળી રે;



લીધી મુરતિ મનમાં ઉતારી. મળ્યા વાટમાં૦ ૪
છે એ જાદુગર જગદીશ, કર્યું જાદુ એણે ધરી રીશ રે;
મારી શુધબુધ સઘળી વિસારી. મળ્યા વાટમાં૦ ૫
હવે રોગ થયો છે ઉર એવો, દાડી દાડી જદુપતિ જોવો રે;
વધે છે ઉર પ્રેમ ખુમારી, મળ્યા વાટમાં૦ ૬
કાંતો બુટી કશીક સુંઘાડી, મને પ્રેમના પાશમાં પાડી રે;
બહુ નામી ઉપર બલિહારી. મળ્યા વાટમાં૦ ૭
રઘુવીર સુત સુતના સ્વામી, વસ્યા ઉરમાં અંતરજામી રે;
અમે જીવીએ એને સંભારી. મળ્યા વાટમાં૦ ૮

*રાગ : વણઝારો પદ - ૧*

નમું પ્રેમવતીના પ્યારા, જયજીવન જગદાધારા;
અતિ અકળ ગતી છે તમારી, ત્યાં મતિ નહિ પહોંચે અમારી;
અમે સેવીયે ચરણ તમારા. જય જીવન૦ ૧
પ્રભુ પ્રૌઢ તમારો પ્રતાપ, છે અપાર ને અમાપ રે;
સઘળી સૃષ્ટિ સર્જનહારા. જય જીવન૦ ૨
માયા આદિક શક્તિ તમારી, છે જીવને બંધનકારી રે;
તેના પ્રેરક તે થકી ન્યારા. જય જીવન૦ ૩
છો કાળના કાળ કૃપાળ, શરણાગત જનપ્રતિ પાળ રે;
કોટી કારજના કરનારા. જય જીવન૦ ૪
થાકે વેદ વર્ણવી અનૂપ, એવું દિવ્ય તમારું સ્વરૂપ રે;
તમને જાણે શું જીવ બિચારા. જય જીવ૦ ૫
તમે ભૂપર ધરી અવતાર, કર્યો વેદધર્મ વિસ્તાર રે;
માર્યા અસુર દુઃખ દેનારા. જય જીવન૦ ૬
કાઠી કોળી કુર અપાર, કર્યો ઉદ્ધાર એનો આ વાર રે;
એવા છો તમે અધ્ધમોધારા. જય જીવન૦ ૭
આણી અંતર કરુણા આજ, મળ્યા અમને શ્રીમહારાજ રે;

દીનબંધુ ધર્મ દુલારા. જય જીવન૦ ૮
જય જય જય વિશ્વવિહારી, અવતાર તણા અવતારી રે;
છો ઈષ્ટ અભીષ્ટ અમારા. જય જીવન૦ ૯

*રાગ : ગરબી પદ - ૧*

વસ્યો છે છોગલાંવાળો, મારે મન વસ્યો છે છોગલાંવાળો. ટેક.
છેલ છબીલોને અજબ રંગીલો, એનો ચપળછે નેણાનો ચાળો. મા૦
જરકસી જામો ને પાઘ કસુંબી, કમર કસ્યો છે કટારો;
કાને કુંડળ કંઠે મોતિડાંની માળા, એના સુરવાળનો ઝબકારો. મા૦
કપુરની માળા કંઠે વિરાજે, હમકડાં બે હારો;
જમણી આંગળીએ વેઢવિંટી વિરાજે, એનોતોરો કસુંબીન્યારો. મા૦
હૈડા ઉપર હેમચંદ્ર બીરાજે, પાયે પાવડી ઘૂઘરીનો ઘમકારો;
અટક મટક એની ચાલ ચટક, બ્રહ્મચારી જેરામનો પ્યારો. મા૦

પદ — ૨

આવજો છોગલાં ધારી, મારે ઘેર આવજો છોગલાં ધારી. ટેક.
લાડુ જલેબીને સેવ સુંવાળી, હુંતો ભાવે કરી લાવી છું ભારી. મારે૦
સુરણ પૂરણ ને ભાજી કારેલાં, પાપડ વડી વઘારી;
વેંતાક વાલોળનાં શાક કર્યાં, મેંતો ચોળાફળી છમકારી. મારે૦
કાજુ કમોદનો ભાત કર્યો, મેંતો દાળ કરી બહુ સારી;
લીંબુ કેરીનાં લેજો અથાણાં, કઢી કરી છે કાઠિયાવાડી. મારે૦
લવીંગ સોપારી ને પાનબીડી વારી, તજ એલચી જાવંતરી સારી;
નિશદિન આવોતો ભાવેકરી ભેટું, એમ માગે જેરામ બ્રહ્મચારી. મારે૦

*રાગ : ઝુલડીનો - ૧*

દીયરજી દૂર ન ફરજો, વાલમજી વાર ન કરજો;
આપો મારી અંગુઠડી. ટેક.
એમાં હીરો એક જડેલો, કિંમતવાળો ક્રોડે;
અંગુઠડી કોઈ અન્ય ન આવે, જગમાં એની જોડે. દીયરજી૦ ૧



હવે હઠીલા હઠ કરશો તો, બહુ ખીજાશે બાપો;
ઝક ઝાઝી ન કરો સમજીને, શ્યામ અંગુઠી આપો. દીયરજી૦ ૨
વઢશે ભાઈ તમારા તમને, માટે ખોલો મુઠી;
શાણા સરલ પણાથી આપો, એ મારી અંગુઠી. દીયરજી૦ ૩
આ ઘડીએ અંગુઠી લઈને, જો કદી નાસી જાશો;
દેવી પડશે દીયર અંગુઠી, પછી બહુ પસ્તાશો. દીયરજી૦ ૪
આજ થકી ઘનશ્યામ તમે જો, આવો કરશો અન્યાય;
ચોરીનો ગુન્હો શિર ઠરશે, નહિ કોઈ આપે કન્યા. દીયરજી૦ ૫
વણ કન્યાએ વાલમ રહેશો, ભવ આખો બ્રહ્મચારી;
ગૃહસ્થની ગણતીમાં તમને, ગણશે નહિ સંસારી. દીયરજી૦ ૬
લક્ષણવંતા લાલ થશો તો, કન્યા ક્યાંથી જડશે;
ઘર મુકી ઘનશ્યામ પછી તો, વનમાં ફરવું પડશે. દીયરજી૦ ૭
આપો શ્રી ઘનશ્યામ અંગુઠી, અવિનાશી અવિકારી;
વદનકમળ પર પ્રીત કરી, જગદીશાનંદ બલિહારી. દીયરજી૦ ૮

*ઉપદેશનાં પદો*

*રાગ : ગરબી પદ - ૧*

મોહનને ગમવાને ઈચ્છો માનની,
ત્યાગો સર્વે જુઠી મનની ટેક જો;
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો,
હરિચરણે રહેજો અબળા થઈ છેક જો. મોહનને૦ ૧
વળી એક વાત કહું છું અધિક વિવેકની,
સાંભળ બેની તારા સુખને કાજ જો;
હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી,
ત્યાગો મદ મત્સર જુઠી કુળ લાજ જો. મોહનને૦ ૨
સુખદાયક તું જાણે સુંદર શ્યામને,
અતિ દુઃખદાયક મન પોતાનું જાણજો;

મુક્તાનંદનો નાથ મગન થઈ સેવજો,
સમજી વિચારી બોલો અમૃત વેણ જો. મોહનને૦ ૩

પદ – ૨

સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વૈર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળીયું પયસાકરમાં અહિઝેર જો. સાંભળ૦ ૧
દાસી થઈ તું રહેજે દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો;
ભવ બ્રહ્માદિકને નિશ્ચય મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો. સાંભળ૦ ૨
પ્રીત કરે પુરુષોત્તમ સાથે નિત્ય નવી,
દાઝીશમાં દેખી કેનું સન્માન જો;
મુક્તાનંદનો નાથ મગન થઈ સેવજો,
તો રીઝે રસિયો સુંદરવર કહાન જો. સાંભળ૦ ૩

પદ – ૩

કહાન કુંવરની રીત સુણી મનમાં ધરો,
તો તમે રહેશો મગન સદા હરિ સંગજો;
પુરુષોત્તમને નથી કોઈ પર પોતાતણું,
પુરણકામ ન રાચે કેને રંગ જો. કહાન૦ ૧
કરુણાનિધિમાં કામાદિક વ્યાપે નહિ,
ઈર્ષ્યા માન તણો નહિં અંતર લેશ જો;
કડવાં વેણ કહે પોતાના દાસને,
ઔષધસમ આપે ઉત્તમ ઉપદેશ જો. કહાન૦ ૨
જે જે વચન કહે સુંદરવર શ્યામળો,
સુખ ઉપજે તેમ કરવો શુદ્ધ વિચાર જો;



મુક્તાનંદનો નાથ સદા સુખદાઈ છે,
એવું જાણી કરજો પૂરણ પ્યાર જો. કહાન૦ ૩

પદ – ૪

સુખસાગર હરિવર સંગે સુખ માણજો,
અતિ ઘણી મહેર કરી છે શ્રીમહારાજ જો;
પુરુષોત્તમ સાથે પૂરણ સગપણ થયું,
આપણ તુલ્ય નહિ કોઈ બીજું આજ જો. સુખસાગર૦ ૧
રવિમંડળમાં રાતતણું દુઃખ નવ નડે,
પારસ પામ્યે ધન દુર્બળતા જાયજો;
તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,
તેનો મહિમા ભવબ્રહ્માદિક ગાય જો. સુખસાગર૦ ૨
તન અભિમાન તજે પૂરણસુખ પામીએ,
શામળીયા સંગ વાધે સાચી પ્રીત જો;
મુક્તાનંદ કહે મર્મ ઘણો છે એ વાતમાં,
જાણી લેજો અતિ ઉત્તમ રસરીત જો. સુખસાગર૦ ૩

*રાગ : કાફી પદ - ૧*

સહજાનંદ હરિ પ્રગટ થયા, સહજાનંદ હરિ. ટેક.
વ્યાસ મુનિએ જે પૂર્વે કહી'તી, તે વાત સાચી કરી. પ્રગટ૦ ૧
કૌશલ દેશમાં પ્રગટ્યા પોતે, દ્વિજકુળ દેહ ધરી. પ્રગટ૦ ૨
અધર્મ કેરાં મુળ ઉખાડી, સદ્ધર્મ સ્થાપ્યો ફરી. પ્રગટ૦ ૩
નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા, નિરખ્યા મેં નેણાંભરી. પ્રગટ૦ ૪

પદ – ૨

સહજાનંદ હરિ ભજી લ્યોને, સહજાનંદ હરિ. ટેક.
દારૂ ને માટી ચોરી અવેરી, એ ચારેનો ત્યાગ કરી. ભજી૦ ૧
જન્મ મરણનું સંકટ મોટું, તે થકી મનમાં ડરી. ભજી૦ ૨
નારાયણનું નામ જ લેતાં, ભવજળ જાશો તરી. ભજી૦ ૩

નિષ્કુળાનંદ કહે નિઃશંક થઈને, માનજો વાત ખરી. ભજી૦ ૪

પદ – ૩

જાવું જરૂર મરી મેલીને સર્વે, જાવું જરૂર મરી. ટેક.
રાતદિવસ રળ્યો ધનને કાજે, સમર્યા નહિ ઘડીએ હરિ. મેલીને૦ ૧
મેળી મંદિરને માલ ખજીના, સંપત રહેશે ધરી. મેલીને૦ ૨
સગાસબંધી સહુ જોઈ રહેશે, કેનું ન ચાલે જરી. મેલીને૦ ૩
નિષ્કુળાનંદ કહે જોને વિચારી, રહે નહિ દેહ ધરી. મેલીને૦ ૪

પદ – ૪

મનમાં વિચારી જરી જોયું નહિ, મનમાં વિચારી જરી. ટેક.
સાધુ જનની વાત ન માની, પાપીની સોબત કરી. જોયું૦ ૧
નારાયણનું નામ ન લીધું, મનુષ્ય દેહ ધરી. જોયું૦ ૨
જુવાનીમાં જોરે ભરીયો, ચોરી અવેરી કરી. જોયું૦ ૩
નિષ્કુળાનંદ કહે માગીને લીધી, માથે ચોરાશી ફરી. જોયું૦ ૪

*રાગ : ગરબી પદ - ૧*

ભજ્યો નહિ ભગવાનને રે, મળ્યો માણસનો દેહ;
પ્રીત કરી પરનારમાં, હાંરે નીચ સોબત સનેહ. ભજ્યો૦ ૧
મિથ્યા માયાના જોરમાં રે,થયો અંધ અજાણ;
લાજે વીંટાણો લોકની, હાંરે કરે આપ વખાણ. ભજ્યો૦ ૨
ચિંત્તા ઘણી ચિત્તમાં ભરી રે, હાલ ભૂંડા હેરાન;
ફુટેલ હૈયું ને ફેલ આવડે, હાંરે મિથ્યામોટપનું માન. ભજ્યો૦૩
જુઠા બોલો નથી જાણતો રે, માથે મરવાની ઘાત;
દેવાનંદ કહે જમ આવશે, હાંરે માર મુરખ ખાત. ભજ્યો૦ ૪

પદ – ૨

અંતે જાવું છે એકલા રે, સંગે આવે નહિ કોઈ,
માતપિતાને ભાઈ દીકરા, હાંરે નારી કુટશે રોઈ. અંતે૦ ૧
ભૂખે મરીને ભેળી કરે રે, માયા લાખ કરોડ;



દાટી રહેશે દરબારમાં, હાંરે જોને આંખ્યું કાં ફોડ. અંતે૦ ૨
જીવ સંગાથે જાય છે રે, પુણ્ય પોતાનાં પાપ;
સુખદુઃખ ફળ તેનાં ભોગવે, હાંરે જમપુરીમાં આપ. અંતે૦ ૩
રાજા ધર્મની આગળે રે, ખાશો મુરખ માર;
દેવાનંદ કહે દેહ ધારશો, હાંરે લખ ચોર્યાશી વાર. અંતે૦ ૪

પદ – ૩

ભૂલી ગયો ભગવાનને રે, ગયું જોબન બાળ;
આવ્યું બુઢાપણ અંગમાં, હાંરે કેડે આવે છે કાળ. ભૂલી૦ ૧
ઘરનાં માણસ જાણે ઘેલડો રે, કોઈ માને નહિ વાત;
અક્કલ ઘટી ને વધી આપદા, હાંરે કેદી મરશે કુજાત. ભૂલી૦૨
મનમાં અતિ ધન ધાખડી રે, વ્હાલા વિષય વિકાર;
આડા બોલોને અફીણિયો, હાંરે દુઃખ પામે અપાર. ભૂલી૦ ૩
શરીરનું ચામડું સુકાઈ ગયું રે, થયો અંધ અધીર;
દેવાનંદ કહે હરિ ન ભજ્યા, હાંરે બહુનામી બળવીર. ભૂલી૦૪

પદ – ૪

પ્રભુ ભજી લેને પ્રાણીયા રે, ધન દોલત ને નાર;
અંતે જાવું તજી એકલા, હાંરે સગાં કુટુંબ સંસાર. પ્રભુ૦ ૧
જેણે ભજ્યા જગદીશને રે, ભવ પામ્યા તે પાર;
એને વિસારીને આથડે, હાંરે ગોથાં ખાશે ગમાર. પ્રભુ૦ ૨
લક્ષ ચોરાશી જાતના રે, આવે દેહ અપાર;
જન્મ મરણ ગર્ભવાસનું, હાંરે દુઃખ વારંવાર. પ્રભુ૦ ૩
વૈદ્ય કોટિ વાંસે ફરે રે, કરે ઔષધ અનેક;
રંચ ન ટાળે રોગને, હાંરે દેવાનંદ કહે વિવેક. પ્રભુ૦ ૪

*રાગ : ગરબી પદ - ૧*

હૈયાના ફુટ્યા હરિ સંગે હેત ન કીધું. . . ટેક.
લખ ચોરાશી કેરૂં લગડું, માથે તાણી લીધું રે. હૈયાના૦ ૧

પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જોયું;
ચાર દિવસના જીવતર સારું, મન માયામાં મોહ્યું રે. હૈયા૦૨
જન્મ મરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકિયો ટાળી;
માતપિતા જુવતી સુત સંગે, વિસાર્યા વનમાળી રે. હૈયા૦ ૩
આળસ ને અજ્ઞાન અતિશે, કામ બગાડ્યું તારું;
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારું રે. હૈયા૦ ૪

પદ – ૨

દુનિયામાં ડાહ્યો ડહાપણમાં દુઃખ પામ્યો . . . ટેક.
ભવતારણ ભગવાન વિસારી, ચડિયો ઠાલે ભામે રે. દુનિયા૦૧
મનુષ્ય દેહ મળ્યો અતિ મોટો, ખોટો જાણી ખોયો;
ચોરે ચૌટે જુઠુ બોલ્યો, નાહક નીર વલોયો રે. દુનિયા૦ ૨
હરિ હરિજન સંગે હેત ન કીધું, પીધું વિખનું પાણી;
સુખ સંસારી પામ્યા સારુ, મૂઆ લગે ઘરતાણી રે. દુનિયા૦ ૩
હર્ષ શોકની નદીઓ મોટી, તેમાં જાય તણાણો;
દેવાનંદ કહે હરિ ભજ્યા નહિ, ઘણે દુઃખે ઘેરાણો રે.દુનિયા૦૪

પદ – ૩

અજ્ઞાની તારા અંતરમાં દેખ વિચારી. . . . ટેક.
અંત સમે કોઈ કામ ન આવે, સગાં કુટુંબ સુતનારી રે. અજ્ઞાની૦ ૧
જોબન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતો;
કાળકરાળ કઠણ શીરવેરી, દિલમાં કેમ નથી ડરતો રે. અજ્ઞાની૦ ૨
માલ ખજીના મંદિર મેલી, મૂઆ ભૂપ મદમાતા;
શ્વાન સુકરના દેહ ધરીને, ઘર ઘર ગોથાં ખાતારે. અજ્ઞાની૦ ૩
આજ અમુલખ અવસર આવ્યો, હરિ ભજવાનું ટાણું;
દેવાનંદ કહે દેહ મનુષ્યનો, ન મળે ખરચ્યે નાણુંરે. અજ્ઞાની૦ ૪

પદ – ૪

પામર તેં પ્રાણી વિસાર્યા વનમાળી. ટેક.



મિથ્યાસુખ માયામાં મોહ્યો, મૃગતૃષ્ણાજળ ભાળીરે. પામર૦૧
આઠે પહોર અંતરમાં બળિયો, ઘણા ઘણાને ધાયો;
રળી ખપી ધન ભેગું કીધું, ના ખરચ્યો ના ખાયોરે. પામર૦ ૨
નારી આગળ નિર્લજ્જ થઈને, બીતો બીતો બોલે;
હડકલાવે હસી બોલાવે, કરે તૃણને તોલે રે. પામર૦ ૩
સાસુ સસરો સગાં સબંધી, તેની સેવા કીધી;
દેવાનંદ કહે સાધુ જનની, તેં સેવા તજી દીધી રે. પામર૦ ૪

રાગ : ગરબી પદ – ૧

કર પ્રભુ સંગાથે દઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઈનું રે. ટેક.
સંસ્કારે સંબંધી સર્વે મળ્યાં રે, એ છે જાુઠી માયા કેરી જાળ. અં૦
મારું મારું કરીને ધન મેળવ્યું રે, તેમાં તારું નથી તલભાર. અં૦
સુખ સ્વપ્રા જેવું છે સંસારનું રે, તેને જાતાં ન લાગે વાર. અં૦
માટે સેવ તું સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધિના તાપ. અં૦
અતિ મોટા પુરુષને આશરે રે, બળે પૂર્વ જનમનાં પાપ. અં૦
એવું સમજીને ભજ ભગવાનને રે, સુખકારી સદા ઘનશ્યામ. અં૦
દેવાનંદનો વહાલો દુઃખ કાપશે રે, મનવાંછિત પૂરણ કામ. અં૦

પદ – ૨

મળ્યો મનુષ્યનો દેહ ચીંતામણીરે, તારા અંગમાં છે રોગ અસાધ્ય;
નથી લેતો નારાયણ નામને રે - ટેક.
માથે જન્મમરણ મોટું દુઃખછેરે,તારા અંતરમાં હરિને આરાધ્ય. નથી૦
ઘણું સૂઝે છે કામ સંસારનું રે, કરે સગાંનું બહુ સન્માન. નથી૦
હેત કરતો નથી હરિદાસમાંરે, હૈયા ફુટ્યાં તું લુણહરામ. નથી૦
પરનારી સંગાથે કરી પ્રીતડીરે, તારો એળે ગયો અવતાર. નથી૦
બહુનામીની બીક નથી રાખતોરે, ખરેખાંતે મરીશ ખુવાર. નથી૦
અતિ કઠણવેળા છે અંતકાળનીરે, પછી થાશે તને પસ્તાવ. નથી૦

દેવાનંદની શીખામણ માનજેરે, તારા અંતરમાં કરીને ઉછાવ. નથી૦

પદ – ૩

તારા મનમાં જાણે મરવું નથી રે, એવો નિશ્ચે કર્યો નિર્ધાર;
તેમાં ભૂલી ગયો ભગવાનને રે. ટેક.
ધનદોલત નારીને ઘણા દિકરારે, ખેતીવાડી ઘોડી ને ઘરબાર. તેમાં૦
મેડી મંદિર ઝરૂખાને માળિયાંરે, સુખદાયક સોનેરી સેજ. તેમાં૦
ગાદીતકીયાને ગાલમસુરયિાંરે, અતિ આડ્ય કરે છે એજ. તેમાં૦
નીચું કાંધ કરીને નમતો નથીરે, એવું સાધુસંગાથે અભિમાન. તેમાં૦
મરમાળી મોહનજીની મૂરતિરે, તેની સાથે ન લાગેલ તાન. તેમાં૦
પાપ અનેક જન્મનાં આવી મળ્યાંરે, તારી મતિ મલિન થઈ મંદ. તેમાં૦
દેવાનંદના વહાલાને વિસરી ગયોરે, તારે ગળે પડ્યો જમફંદ. તેમાં૦

પદ – ૪

તારે માથે નગારાં વાગે મોતનાંરે, નથી એક ઘડીનો નિરધાર;
તોય જાણ્યા નહિ જગદીશને રે. ટેક.
મોટા મેલીને રાજ મરી ગયારે, જોને જાતાં ન લાગે વાર. તોય૦
તારું જોબન ગયું જખ મારતુંરે, માથે કાળા મટી ગયા કેશ. તોય૦
અંતકાળે લેવાને જમ આવીયારે, તેનો ભારી ભયંકર વેશ. તોય૦
રોમકોટી વીંછીતણી વેદનારે, દુઃખ પામ્યો તું દૈવના ચોર. તોય૦
સગાં સ્વાર્થી મળ્યાં સહુ લુંટવારે, કેનું જરા ન ચાલે જોર. તોય૦
જીભ ટુંકીપડી ને તુટી નાડીઓરે, થયું દેહ તજ્યાનું તત્કાળ. તોય૦
દેવાનંદકહે ન જાણ્યા મારા નાથનેરે, મળ્યો માણસનો દેહ વિશાળ-તો૦

*રાગ : પરજીઓ પદ - ૧*

અંતે જાવું છે ઉઠી એકલારે, સંગે આવે ન કોઈ;
પંડિત રંક ને રાય કે, હાંરે લાખું લખપતિ હોય. અંતે ટેક.
કુંભ કાચો કાયા જાણવી રે, તેનો નહિ નિરધાર;
નાશ પામે પળ એકમાં, કરીએ કોટિ પ્રકાર. અંતે૦ ૧



માત પિતા સુત નારીઓ રે, સંગે ચાલે ન કોય;
અંત સમે તો સંગાથમાં, પુણ્ય પાપ જ હોય. અંતે૦ ૨
મોટા મોટા તો મરી ગયા રે, છોટા મન મલકાય;
મરણ તો સ્વપ્ને ન સાંભળે, અતિ ઉર હરખાય. અંતે૦ ૩
બાંધવને બાળી આવીને, ભાઈ સંભાળે ભાગ;
મિલ્કતનો તે માલિક બને, એ આશ્ચર્ય અથાગ. અંતે૦ ૪
પસ્તાવો લેશ પામે નહિ રે, ઉર નહિ અફસોસ;
અવિચળ જાણી મેડ્યો રહે, ઉર એજ આલોચ. અંતે૦ ૫
નિત્ય જ્યાં નોબતો વાગતી રે, રૂડા રાગ સદાય;
એ સ્થળ આજ ઉજ્જળ પડ્યાં, જોયાં નજરે ન જાય. અંતે૦ ૬
એ જોઈને ઉદાસી અતિ રે, મન આવે છે ઉર;
આલોકમાંથી ઉઠી જવું, એ તો જાણો જરૂર. અંતે૦ ૭
મરણ છે માથે માણસને રે, ખરેખરું ખચિત;
જગીશાનંદનું તે થકી, ક્યાંઇ ચોટ્યું ન ચિત્ત. અંતે૦ ૮

*રાગ : ગરબી પદ - ૧*

સુણો ચતુર સુજાણ, (૨)એમ ન ઘટે રે તમને દીનાનાથજી;
મારા પ્રાણના આધાર, જેમરાખો તેમ રહિએ વચનને સાથજી. ટેક.
અમે તમકારણ સહ્યાં મેણાં, નાથ નિરખવાને સુણવા વેણાં;
અમે તૃપ્ત નવ કીધાં નેણાં. સુણો૦ ૧
અમે લોકલાજ કુળની લોપી, કહેવાયા ગિરધરની ગોપી;
અમેતમ કારણ પહેરી ટોપી. સુણો૦ ૨
પહેલી પ્રીત કરી શીદને આગે, દૂધ દેખાડીને માર્યા ડાંગે;
પછી તેને તે કેવું વસમું લાગે. સુણો૦ ૩
કાંઈ દયા આવેતો દર્શન દેજો, નહિ તો અંખડ અંતરમાં રહેજો;
એમ શ્રીરંગના સ્વામીને કહેજો. સુણો૦ ૪

*રાગ : પરજ ખમાય પદ - ૧*

આંગણીયે ઝાઝું શું ભણીએ, આવો કાના મારે આંગણીએ;
ભાવકરી નટનાગર ભેટ્યા, હૈડાનાતાપ પિયા હણીએ. આવો૦ ૧
હાથકડાં મોતીડાં કેરી માળા, સુંદર છેલ બણી ઠણીએ. આવો૦ ૨
નૌતમ સુંદર પાઘલડીના, પેંચઝુક્યા આવી પાંપણીએ. આવો૦ ૩
બ્રહ્માનંદ કહે પ્રેમ કરીને, તૃપ્ત કરું મહી માખણીએ. આવો૦ ૪

પદ – ૨

ઓસરીએ મનડાં હરિએ, આવો પ્યારા મારી ઓસરીએ;
મારું મંદિરીયું તે શ્યામ તમારું, છેટે છેલા શીદને ફરીએ. આવો૦ ૧
પ્રીતમ નૌતમ પાઘલડીમાં, સુંદર છોગલિયાં ધરીએ. આવો૦ ૨
ફુલડાંના હાર અનુપમ પહેરી, કોડે કોડે લટકાં કરીએ. આવો૦ ૩
બ્રહ્માનંદના નાથ છબી તારી, જોઈજોઈ અંતરમાં ઠરીએ. આવો૦ ૪

પદ – ૩

ડોલરિયા રંગના ભરીયા, હસીને બોલો હરિ ડોલરિયા;
નટવર સુંદર નાથજી રે, તમને મેં અંતરમાં ધરીયા. હસિ૦ ૧
મિથ્યા જગનીમેં લાલચ મેલી, પ્રાણથકી પ્યારા કરીયા. હસિ૦ ૨
જગજીવન તારા રૂપને જોઈને, સર્વે વિષયરસ વિસરીયા. હસિ૦ ૩
બ્રહ્માનંદના છેલછબીલા, કહાન ચતુરવર કેસરિયા. હસિ૦ ૪

પદ – ૪

વાતડલી રહોને રાતડલી, વા'લા પૂછું એક વાતડલી;
પીતાંબર સાટે મારા પ્રીતમ, સાડી લાવ્યા નવી ભાતડલી. વા'લા૦ ૧
મોરલડી લઈને મનમોહન, દીધું વેલણ કોણે દાતડલી. વા'લા૦ ૨
જેને ઘેર રજની તમે જાગ્યા, કોણ હતી તેની જાતડલી. વા'લા૦ ૩
બ્રહ્માનંદકહે સંશય થયો નહિ, ધન્ય છે તમારી છાતડલી. વા'લા૦ ૪

*રાગ : ગરબી પદ - ૧*

વા'લો વધાવું મારો, વા'લો વધાવું;
આજની ઘડી રળીયામણી રે, મારો વા'લો વધાવું. . ટેક



પ્રાણજીવન મારેમંદિરે પધાર્યા, હાર પેરવું હીરામણીરે. મારો૦
કાનકુંવર અલબેલાને કારણે, જતને રાખ્યાંછે દહીં જામણીરે. મારો૦
ચોખા રાંધીને કાજુ આપીશ સવારમાં, સાકર ને દૂધની શીરામણીરે. મા૦
બ્રહ્માનંદના રંગભીના વા'લાની કરું, પ્રીતે સહિત પધરામણીરે. મારો૦

પદ – ૨

કાન રંગીલો છેલો કાન રંગીલો;
આજ મારે ઘેર આવિયારે, છેલો કાન રંગીલો. ટેક.
ટોડલે ટોડલે તોરણ બંધાવિયાં, ફુલડે ચોક પુરાવિયારે. છેલો૦
ગજ મોતીડાંનો થાળ ભરીને મેંતો, સર્વે પેલાં જઈ વધાવિયારે. છેલો૦
અગર ચંદન કેરીગાર કરી બેની, પ્રીતકરી ઓરડા લીપાવીયારે. છેલો૦
બ્રહ્માનંદનો વા'લો છેલ ચતુરવર, મંદિરમાં પધરાવિયારે. છેલો૦

પદ – ૩

શ્યામ સલુણો આવ્યા શ્યામ સલુણો;
ધન્ય ઘડી છે આજનીરે, આવ્યા શ્યામ સલુણો . . ટેક.
વાલો પધાર્યા એવી સાંભળી વધામણી, સુરતભુલી ઘરકાજનીરે. આ૦
સામૈયું લઈને ચાલી વાલાને વધાવવા, શંકા ન રાખી લોકલાજનીરે-૦
વાજાં નગારાં ઢોલ શરણાઈ વજાડીએ, કરો ધૂન તાલ પખાજનીરે. આ૦
બ્રહ્માનંદ કહે આવી વસી મારે અંતરે, મૂરતિ રસિક વ્રજરાજનીરે. આ૦

પદ – ૪

વા'લો પધાર્યા તે વા'લો પધાર્યા,
જેની નિત્ય વાટડી હેરતાંરે, તે વા'લો પધાર્યા. ટેક.
કાનકુંવરના સમાચાર કારણે, વટેમાર્ગુને જઈ ઘેરતાં રે. તે૦
દર્શન કારણે દિલગીર થઈ અંતરે, જેનેકાજે આંસુડાં ખેરતાં રે. તે૦
કાગ ઉડાડતાં ને જોશ જોવરાવતાં, માળા જેના નામની ફેરતાં રે. તે૦
બ્રહ્માનંદના વા'લાની વધામણી, સુણી ફુલ શેરીએ વેરતાં રે. તે૦

રાગ : ગરબી પદ - ૧

લટકાળો લટકંતો રે આવે, મોહન મોરલી વાતો રે. ટેક.
સખાને સંગે અતિ ઉછરંગે, ગીત મધુરાં ગાતો રે. લટ ૧
કેસરીએ વાઘે કસુંબલ પાઘે, કેસર રંગમાં રાતો રે. લટ ૨
ફુલડાંના તોરા ગજરા ને ટોપી, ફુલડાંને હારે ફુલાતો રે. લટ ૩
નિષ્કુળાનંદનો સ્વામી શામળીયો, આવે અમીરસ પાતો રે. લટ ૪

પદ — ૨

શામળીયો સ્નેહનો બાંધ્યો, આવે છે અલબેલો રે- શામ ટેક.
રંગમાં રાતો ને વાંસલડી વાતો, છોગાળો છેલછબીલોરે. શામ૦ ૧
અતિ પ્રસન્નવદન વાલાનું, અળવે ભર્યો અલબેલોરે. શામ૦ ૨
દર્શન દેવાને કાંઈક કેવા, રસબસ કરવા રસિલોરે. શામ૦ ૩
નિષ્કુળાનંદનો સ્વામી શામળીયો, આવે વાલપશું વહેલોરે. શામ૦ ૪

પદ — ૩

છબીલાની છબી જોઈને, મોહી રહ્યું મન મારું રે. ટેક.
નેણાં વિશાળ ને વાણી રસાળ, તે પર તન મન વારુંરે. છબી૦ ૧
વા'લાનું વદન સુખનું સદન, શોભે છે સુંદર સારુંરે. છબી૦ ૨
જીવન જોઈ હું મનમાં મોહી, મીટે મટકું ન મારુંરે. છબી૦ ૩
નિષ્કુળાનંદના નાથને નિરખી, અંતરમાં ઉતારુંરે. છબી૦ ૪

પદ — ૪

છોગાળા તારાં છોગલાં ઉપર, વાલમજી જાઉં વારી રે. ટેક.
નટવર નાગર સુખના સાગર, મન માન્યા મોરારી રે. છોગા૦ ૧
કા'ન ગોવાળ ને વાંસળીવાળા, તમે મીરાંત્ય છો મારી રે. છોગા૦ ૨
નંદનાલાલા લાગો અતિ વાલા, ગુણવંતા ગિરધારી રે. છોગા૦ ૩
નિષ્કુળાનંદના સ્વામી શામળીયા, હું છું દાસી તમારી રે. છોગા૦ ૪

રાગ : પરજ પદ - ૧

સ્નેહ ભર્યાં નયને નિહાળતા હો, વંદન આનંદ ઘનશ્યામને.



અમીમય દ્રષ્ટિએ નિહાળતા હો, વંદન આનંદ ઘનશ્યામને. ટેક.
છપૈયાપુરમાં વાલો આપે પ્રગટ થયા,
ધર્મભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા;
સંતોને આનંદ ઉપજાવતા હો, વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહ૦ ૧
બાળચરિત્ર કરી આપે વન વિચર્યા,
તિર્થોમાંહિ ફરી જીવો પાવન કર્યા;
નીલકંઠ નામ ધરાવતા હો, વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહ૦ ૨
વલ્કલ વસ્ત્ર ધરી પુલહાશ્રમે રહ્યા,
બ્રહ્મરૂપ તેજ કરી મોટાયોગી થયા;
નિજ સ્વરૂપ સમજાવતા હો, વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહ૦ ૩
લોજપુરધામ રહી સરયુદાસ કાવીયા,
સર્વોપરી જ્ઞાન કહી સંતોને રીઝાવીયા;
મુક્તાનંદ પ્રેમથકી પૂજતા હો, વંદન આનંદ ઘનશ્યામને. સ્નેહ૦ ૪

રાગ : પરજ પદ - ૧

સંતો સાંભળો સાચી વાર્તા, નથી લીધો ભુખ્યે આ ભેખ રે;
જનુનીનો જાયો કહું છું, અવશ્ય હતો હું એક રે. સંતો૦ ૧
ગાડું બળદ ગાય ને ઘોડી, ડોબાં હતાં દશ બાર રે;
પાંચ મળીને પુછતા મુને, કરતો હું કારભાર રે. સંતો૦ ૨
અન્ન ધન ધામ ને ધરણી, પરણી હતી ઘેર રે;
છોટાં છોટાં છોકરાં હતાં, હતી માતાજીની મેર રે. સંતો૦ ૩
ખાવા પીવાનું ખૂબ જડતું, વસ્ત્રનો નહિ પાર રે;
જોઈએ તેવા જોડા જડતા, તકે તકે તૈયાર રે. સંતો૦ ૪
એટલું મેલી અહીં આવ્યો છું, ઊર કરી વિચાર રે;
ભૂખે મરતાં ભેખ લીએછે, ગણશો નહિ એની હાર રે. સંતો૦ ૫
જ્ઞાન વૈરાગ્યે ગળે ઝાલ્યો, ક્યાંઈ ન ચોટ્યું ચિત્ત રે;
નિષ્કુળાનંદ કહે નહિ કહું તો, જોડશે મારું ગીત રે. સંતો૦ ૬

રાગ : મેવાડી પદ - ૧

સહજાનંદ સુખકારી (૨) સહજાનંદ સુખકારી,
સલુણી છબી સહજાનંદ સુખકારી રે. ટેક.
વેદાંતી અરૂપી કે'છે, ન્યાય અનુમાની લે છે;
તે વહાલો સંતોમાં રે છે રે. સલુણી૦ ૧
નિગમ કહે અનુમાને, મુનિવરને નાવે ધ્યાને;
વહાલો તે આ ભીને વાને રે. સલુણી૦ ૨
સર્વ કરતાં સર્વાધારો, સર્વમાંહી સર્વથી ન્યારો;
પ્રગટ રૂપ તે આ પ્યારો રે. સલુણી૦ ૩
જગજીવન અંતરજામી, નામ સર્વનો છે નામી;
તે આ બ્રહ્માનંદનો સ્વામી રે. સલુણી૦ ૪

રાગ : ગરબી પદ - ૧

હતી મારા વાલા હતી મારા વાલા, કેમ કહો છો ગાય નહોતીરે;
નંદના ગોવાળિયા તુજને ભળાઇ, કેમ કહો છો ગાય નહોતીરે. ટેક.
સોના શીંગળીએ ને રૂપાની ખરીએ, હીરની મોહોરીયે હતીરે. ૧
આંખે છે આંજળીને મોઢે છે મુંજણી, હીરા સફેદ ગાય હતી રે. ૨
ચારો રે ચરતીને પાણીલાં પીતી, નિત્ય દર્શન હું કરતી રે. ૩
હાથે છે કંકણી ને ઘુંટણમાં દોહણી, લાડે કોડે ગાય દોતી રે. ૪
સોનાની ગોળી ને રૂપાં રવાઈયો, નેત્રાં લઇ વલોતી રે. ૫
ગોકુળ જોયું વૃન્દાવન જોયું, જમનાં તીરે ગાય હતી રે. ૬
બ્રહ્માનંદનો સ્વામી શામળીયો, ઘેર લાવ્યા ગાય ગોતી રે. ૭

રાગ : ગરબી પદ - ૧

નંદના નાનકડા નિર્લજ છોરા કેમ રોકો પરનારી રે;
કેમ રોકો પરનારી ગિરધારી. કેમ૦ ૧
દા'ડી ઉઠીને અમે જાઇએ ગોકુળથી, મહી વેંચવા મહીયારી રે;
મહીં વેચવા મહીયારી ગિરધારી. કેમ૦ ૨



અવળ કરીને આવી અચાનક, હાર તોડો હજારી રે;
હાર નવ તોડો હજારી ગિરધારી. કેમ૦ ૩
અમે જઇ કહેશું કંસની આગે, થાશે ફજેતી ભારી રે;
થાશે ફજેતી ભારી ગિરધારી. કેમ૦ ૪
હોંશ અતિ જો હોય હૈયામાં, પરણો પ્રીતમ જઇ પ્યારી રે;
પરણો પ્રીતમ જઇ પ્યારી ગિરધારી. કેમ૦ ૫
અવિનાશાનંદના સ્વામી શ્યામળીયા, મેલોને કેડ અમારી રે;
મેલોને કેડ અમારી ગિરધારી. કેમ૦ ૬

પદ — ૨

મૈડ ઘણો મહીયારી છે મનમાં, મૈડ ઘણો મહીયારી રે;
ધીરે રે નાખું ઉતારી ધુતારી. મૈડ૦ ૧
વાતની વાતમાં બળ બહુ ભાખે, કંસ તણો તું નઠારી રે;
કંસ તણો તું નઠારી ધુતારી. મૈડ૦ ૨
આજકાલમાં જાણ કંસરાજાનો, વંશ નાખીશ હું મારી રે;
વંશ નાખીશ હું મારી ધુતારી. મૈડ૦ ૩
દાણ દીધા વિના જાવા ન દીયું, કોટી ઉપાય કર પ્યારી રે;
કોટી ઉપાય કર પ્યારી ધુતારી. મૈડ૦ ૪
વાર લાગે કેમ માને ન વિનતા, દેને તું રીત અમારી રે;
દેને તું રીત અમારી ધુતારી. મૈડ૦ ૫
અવિનાશાનંદ કહે જોરે કરીને, મઈની મટુકી ઉતારી રે;
મઈની મટુકી ઉતારી ધુતારી. મૈડ૦ ૬

પદ — ૩

પ્રીત કરી પ્યારે ગોરસ પીધું, પાયું ગોવાળને પ્રીતે રે;
પાયું ગોવાળને પ્રીતે રૂડી રીતે. પાયું૦ ૧
ગોપતણી કરી ગોવાળ મંડળી, હરિ ગોરસ પાય હિતે રે;
હરિ ગોરસ પાય હિતે રૂડી રીતે. પાયું૦ ૨

બીજું વધ્યું તે નાખ્યું ઢોળીને, ભાંગી મટુકી ભીંતે રે;
ભાંગી મટુકી ભીંતે રૂડી રીતે. પાયું૦ ૩
હાર તોડ્યો નાખી હાથ હૈયા પર, અતિ કરીને અનીતે રે;
અતિ કરીને અનીતે રૂડી રીતે. પાયું૦ ૪
ગાલ ઉપર માર્યા ગોવિંદે ગુલછા, ચાનક લગાડી ચિત્તે રે;
ચાનક લગાડી ચિત્તે રૂડી રીતે. પાયું૦ ૫
અવિનાશાનંદને સ્વામી શામળીયે, કરી પોતાની જીતે રે;
કરી પોતાની જીતે રૂડી રીતે. પાયું૦ ૬

પદ — ૪

દાવ ન ફાવ્યો દેખીને વિનતા, રાવે ગઇ વિલખાઇ રે;
રાવે ગઇ વિલખાઇ, સુખદાઇ સુણો જસોદા માઇ રે. ૧
આજ સવારે હું જાતીતિ એકલી, મટુકી ભરી મહીં માઇ રે;
મટુકી ભરી મહીં માંઇ સુખદાઇ. સુણો૦ ૨
જાતાં મારગમાં જોઇ મુને જીવને, રોકી અચાનક આઇ રે;
રોકી અચાનક આઇ સુખદાઇ. સુણો૦ ૩
મુખેથી એલફેલ બોલી મોહન, મનમાં કરી મસ્તાઇ રે;
મનમાં કરી મસ્તાઇ સુખદાઇ. સુણો૦ ૪
મટુકી ફોડી મહીં મોહને પીધું, હાર તોડ્યો હરખાઇ રે;
હાર તોડ્યો હરખાઇ સુખદાઇ. સુણો૦ ૫
અવિનાશાનંદના સ્વામીની લીલા, કહેતાં તે ગોપી લજાઇ રે;
કહેતાં તે ગોપી લજાઇ સુખદાઇ. સુણો૦ ૬

*રાગ : ધોળ પદ - ૧*

સંતો વિમુખ થકી રહીએ વેગળા, ડરીએ દિવસ ને રાત રે;
સંતો વિશ્વાસ કરતાં વિમુખનો, વણસી જાય જો વાત રે. સંતો ૦
સંતો વિમુખ વિષ આપે વાતમાં, કરી હેત અપાર રે;
સંતો રગ રગમાં તે રમી રહે, ન રહે વચનનો ભાર રે. સંતો ૦



સંતો સોબત ન ગમે પછી સંતની, વા'લા લાગે વિમુખ રે;
સંતો નિયમ ન ગમે પછી નાથનાં, માને મોકળે સુખ રે સંતો૦
ત્યારે કરવાનું છે તે કયાંથી કરે, થાય ન કરવાનું કામ રે;
કહે નિષ્કુળાનંદ નિશ્ચય નર, ન પામે સુખ ઠામ રે સંતો૦

પદ — ૨

સંતો વચનદ્રોહીનો ધણી નહિ, ઘણું રે ગુનેગાર રે;
સંતો જ્યાંજ્યાં જાય ત્યાં જનમળી, વળી કરે તિરસ્કાર રે સંતો૦
સંતોલેશ વચન જો લોપીએ, અતિ થઇ ઉન્મત્ત રે;
સંતો એક એકડો જેમ ટાળતાં, ખોટું થઇ જાય ખત રે સંતો૦
કોઇ સો કન્યા પરણાવે સુતને, પછી મરે મોટી આર રે;
સંતો રાંડ્યા વિના એમાં કોણ રહે, રાંડે સૌ એક હાર રે સંતો૦
એમ વચન વિના આ વિશ્વમાં, વરતે છે જે વિમુખ રે;
કહે નિષ્કુળાનંદ તેને નિરખતાં, સંત ન માને સુખ રે સંતો૦

*રાગ : પરજ પદ - ૧*

નેણને જોઇ નેણને જોઇ નેણને જોઈરે, વા'લા તારાં નેણને જોઇ;
રહ્યું મારું મનડું મોહી રે. વા'લા. ટેક.
નેણાં તમારાં વાલા, અતિ સુખકારી જોને;
નીરખતાં નાખે છે સંતાપને ખોઇ રે. વા'લા૦ ૧
વ્રજવનિતાને તમે વશ કરી લીધી વા'લા;
નેણું કેરે બાણે નાખ્યાં અંતર પ્રોઇ રે. વા'લા૦ ૨
નેણાં ભરીને તમે જેને, નીરખો છો વા'લા;
તેને નથી કરવું રે'તું બીજું સાધન કોઇ રે. વા'લા૦ ૩
મુકતાનંદ કહે એ, નેણાં તણો રસ;
ગોપીજન જેવા જાણે પ્રેમી સોઇ રે. વા'લા૦ ૪

*રાગ : પદ - ૧*

વાટડી જોઉં છું રે વહાલા, હજી કેમ નાવ્યા નંદલાલારે - વાટડી૦

કારતકે કપટ વચન કહાવો, નમેરા નાથ ન વ્રજ આવો;
મિથ્યા બોલા તોય મન ભાવો રે. વાટડી૦ ૧
માગસરે મહાદુઃખમાં ગોપી, રહી તન મન તમને સોંપી;
તમ સારુ લોક લાજ લોપી રે. વાટડી૦ ૨
પોષે પલંગ રચ્યો પ્રીતે, રસીલાશું રમશું રસ રીત્યે;
ભરોંસે ભલે માર્યા સીતે રે. વાટડી૦ ૩
માહે મોહ લાગ્યો અતિ મુજને, શું કહીયે ન ગણતાં તુજને;
ન લખીયો કાગળ સંગ દ્વિજને રે. વાટડી૦ ૪
ફાગણે વનવેલી ફુલી, કે તે પર ભમર રહ્યા ઝુલી;
વાલમ વિના હું ભટકું ભૂલી રે. વાટડી૦ ૫
ચૈતરે ચિત્ત શાન્તિ નાવે, પીયું વિના ભોજન નવ ભાવે;
જાણું જે વ્હાલો આ વેળે આવે રે. વાટડી૦ ૬
વૈશાખે વાટ ઘણી જોઇને, ન લખીયો કાગળીયો કોઇને;
રહ્યા શું કુબ્જામાં મોહીને રે. વાટડી૦ ૭
જેઠે જગત સઘળે જાણી, કીધી તમે કુબ્જા પટરાણી;
ભરો છો તેનાં પરવશ થઇ પાણી રે. વાટડી૦ ૮
અષાઢે આરત ઘણી તનમાં, બપૈયા બોલે છે વનમાં;
પીયુ પીયુ સુણી ઝુરું મનમાં રે. વાટડી૦ ૯
શ્રાવણે શ્યામ વિના સુનાં, ઊઠે ઘણું વાવલીયા ઉનાં;
પીયુજી પરહરિયાં જુનાં રે. વાટડી૦ ૧૦
ભાદરવે નવું નવું ભાવે, નગણાને મેહેર ન મન આવે;
જાણને કોણ કહી સમજાવે રે. વાટડી૦ ૧૧
આસો માસ અનંગબાણ મારે, એથી કોણ તમ વિના ઉગારે;
કામનીનું કારજ કોણ સારે રે. વાટડી૦ ૧૨
આવ્યા ઘરે બળવંત બહુનામી, હવે હું તો પૂરણ સુખ પામી;
મળ્યા મુક્તાનંદના સ્વામી રે. વાટડી૦ ૧૩



*રાગ : માઢ પદ - ૧*

આવો પ્રાણથી પ્યારા ધર્મ દુલારા, મહેર કરી મહારાજ;
સેવું ચરણ તમારા, સુખ દેનારા સ્વામી અમારા, મહેર. ટેક.
જોઇ તમારી મૂર્તિ જીવન, અંતર ટાઢું થાય;
અંગો અંગ જોઇ શોભા અલૌકિક, કેમ કરી વર્ણવાયરે. આવો૦
પાઘ પેચાળી શીરપર શોભે, સુંદર છોગાં સહિત;
ફુલના તોરાની ફોરમાં વાલા, ભ્રમર ભમે અગણિત રે.આવો૦
વદન તમારું જોઇ રવિ શશી, આપે ગયા આકાશ;
પ્યારા તમારા પાશથી પોતે, પામ્યા જાણીને પ્રકાશ રે. આવો૦
ગંભીર રાગ તમારો સુંણીને, મધુર બોલે મોર;
મનમાં જાણેમેઘ ગાજે છે, તેથી નાચે હારા નોર રે. આવો૦
ભુજ તમારા અભય દેનારા, જોઈને તેને જરુર;
હસ્તી પોતાની સૂઢ સંતાડે, ચિત્તમાં ચેતી ચતુર રે. આવો૦
ઉદરમાં જે ત્રીવળી પડે છે, ત્રિવેણીને તુલ્ય;
ધ્યાન ધરે તેનું અંતર તો, મળે અક્ષરધામ અમુલ્ય રે. આવો૦
જોઇ કટીલંકને જગજીવન, કેસરી પામ્યો લાજ;
પોતે ફરે નિજ કેડ સંતાડી, ઝાડી વિષે વનરાજ રે. આવો૦
કોમળ ચરણ તમારાં નિરખી, કમળ જુવો કરમાય;
તપ કરે છે જળમાં જઇને, પુરી રીતે પસ્તાય રે. આવો૦
ગતિ તમારી નિરખી ગોવિંદ, હંસ અને ગજરાજ;
જન્મધરે જઇને મહાવનમાં, પૂરણ પામીને લાજ રે. આવો૦
વસ્ત્ર અને આભૂષણ શોભે, અંગો અંગ અનુપ;
તે જોઇ સોનું વિજળી લાજે, સંતાડે નિજ સ્વરૂપ રે. આવો૦
માઇક ઉપમાં હું કેમ આપું, આપને પ્રાણ આધાર;
આપ અમાયિક છો અવિનાશી, ધારું શ્રીધર્મકુમાર રે. આવો૦

ચાખડીયો ચારુ પહેરી ચરણમાં, ચટકતી ચાલતા ચાલ;
દાસના દિલમાં સુખ દેવા આવો, વિશ્વવિહારીજીલાલ રે. આવો૦

*રાગ : ગરબી પદ - ૧*

(વાલા રમઝમ કરતા કાન મારે ઘરે આવો રે એ ઢાળ)

સખી અંતરની કહું વાત, આજ હરિને રે;
આવો મંદિરમાં મહારાજ, મહેર કરીને રે. ટેક.
તમ વિના ત્રિભુવનરાય, સુનાં ફરીએ રે;
કહો અંતરમાં કેઇપેર, ધીરજ ધરીયે રે. ૧
નથી ગમતું ઘરનું કામ, અધિક ઉચાટે રે;
દયા લાવીને દિનાનાથ, પધારો તે માટે રે. ૨
તમ વિના સુંદર સેજ, શુળી જેવી રે;
વગડાથી ભૂંડી ભુખ, હળવી એવી રે. ૩
છો બાળ સ્નેહી નાથ, નહિ વિસારો રે;
ભગવત સુતના મહારાજ, મોહોલે પધારો રે. ૪

પદ — ૨

છું પૂર્વ જન્મની નાથ, દાસી તમારી રે;
કરો મહેર વધારી માફ, ચૂક અમારી રે. ટેક.
ગુણ અવગુણ અબળા રાંકના, નવ ગણીએ રે;
ઉર માંહી વસ્યા છો આપ, ઝાઝું શું ભણીએ રે. ૧
નથી તમથી નાથ અધિક, કાંઇ અમારું રે;
તન મન ધન ત્રિભુવનરાય,સર્વ તમારું રે. ૨
તમે મળવા મુને મહારાજ, વચન દીધેલું રે;
માટે આવો હે અલબેલ, અળગા નહિ મેલું રે. ૩
રાખું છાતી ઉપર છેલ, હાર હજારી રે;
ભગવત સુતના સુખકંદ, સ્નેહ વધારી રે. ૪



પદ — ૩

લટકાળા દિવસ રાત, છે રઢ લાગી રે;
નહીં જાશો ત્રિભુવન નાથ, અમને ત્યાગી રે. ટેક.
વાલા નેહ ભરેલાં નેણ, નિરખું જયારે રે;
મુને ઉપજે હરખ અપાર, અંતર ત્યારે રે. ૧
વાલા હસ્તા હસ્તા નાથ, મંદિર આવો રે;
મને મર્મ કરી મહારાજ, હેતે બોલાવો રે. ૨
જયારે ચાલો છો ચંચળ ચાલ. પહેરી ચાખળીયું રે;
ત્યારે ઠરે અમારી અપાર, જોઇ આંખડીયું રે. ૩
કહે ભગવત સુત સુખકંદ, બેઉ કર જોડી રે;
નહિં છેટા જાશો છેલ, મુજ પર છોડી રે. ૪

પદ — ૪

મારું કહેવાનું કમળા નાથ, ઉરમાં આણો રે;
મુજ મંદિરમાં મહારાજ, મોજું માણો રે. ટેક.
છે સર્વ પ્રકારે સુખ, દુઃખ ન કાંઇ રે;
નિત્ય રીઝાવું રસિયા રાજ, ગુણ શુભ ગાઇ રે. ૧
વાલા ભોજન કરી બહુ ભાત, જુગતે જમાડું રે;
પ્રભુ પ્રેમની કહી વાત, આનંદ પમાડું રે. ૨
મુખમાંઇ મેલું મહારાજ, બીડી વાળી રે;
પ્રેમે પાથરું સૂવાને કાજ, સેજ સુંવાળી રે. ૩
સદા ભગવત સુત ભલી ભાત, એ વર માગે રે;
રહો ધર્મ કુંવર મહા ધીર, નેણાંની આગે રે. ૪

*રાગ : ગરબી પદ — ૧*

તારી મુરતિ લાગે છે મુને પ્યારીરે, શ્રીઘનશ્યામ હરિ,
રૂડી ચાલ જગતથી ન્યારી રે. શ્રીઘનશ્યામ હરિ. ટેક૦
ઊંડી નાભિ છે ગોળ ગંભીરરે. શ્રી૦ રૂડા લાગો છો શ્યામ શરીરે રે.શ્રી.

તારી છાતી ઉપડતી શ્યામ રે. શ્ર૦ છે જો લક્ષ્મી કેરું ધામ રે. શ્રી૦૨
તારા મુખની શોભા જોઇ રે. શ્રી૦ રાખું અંતરમાંહી પ્રોઈ રે. શ્રી૦૩
તારાં નેણાં કમલ પર વારી રે. શ્રી૦ મંજુકેશાનંદ બલીહારી રે. શ્રી૦૪

પદ – ૨

કીનખાપની ડગલી પહેરી રે, સહજાનંદ સ્વામી,
સુરવાલમાં નાડી હીર કેરી રે, સહજાનંદ સ્વામી. ટેક.
માથે મોલીડું નૌતમ ભાળીરે. સ૦ મોટી ભવની વેદના ટાળીરે. સ૦૧
કેડે રેંટો કસુંબી શોભેરે. સ૦ જોઇ મનડું મારું લોભે રે. સ૦૨
ખભે ધોતી અતિ રૂપાળીરે. સ૦ હાથે સોટીછે ફુમકાંવાળી રે. સ૦૩
ભવ ડુબતાં ઝાલ્યો મારો હાથરે. સ૦ મંજુકેશાનંદના નાથ રે. સ૦૪

પદ – ૩

પે'રી નેપુર ચાલતાં ઠમકે રે, શોભે શામળીયો,
કેડે કંદારો ઘુઘરી ઘમકે રે. શોભે શામળીયો. ટેક.
વેઢ વીંટી છે નંગ જડાવ રે. શો૦ હેમ બાજુ છે ખૂબ બનાવરે. શો૦
પેર્યાં કનકકડાં બેઉં હાથરે. શો૦ સોનાસાંકડાં પેર્યાંછે મારેનાથ રે. શો૦
બેઉ કાનમાં કુંડળ લળકેરે. શો૦ ઉરમોતીડાંની માળા ઝળકે રે. શો૦
પે'રી સાંકળી ને સોનાદામ રે. શો૦ મંજુકેશાનંદના શ્યામ રે. શો૦

પદ – ૪

ખોસ્યા ગુચ્છ ગુલાબી કાન રે, મોહન મન ગમતા;
રૂડા લાગો છો ગુણનિધાન રે. મોહન મન ગમતા. ટેક.
માથે ફુલડાંના તોરા લટકેરે. મો૦ જોઇ ભાલતિલક મન અટકેરે. મો૦
ઓઢી ફુલની પછેડી અંગરે. મો૦નીરખી લાજેછે કોટી અનંગરે. મો૦
ફુલ બાજુને ગજરા પેરીરે. મો૦ શોભે પંકિત તે ફુલહાર કેરીરે. મો૦
વા'લો ફુલડે થયા ગરકાવરે. મો૦ મંજુકેશાનંદના માવરે. મો૦

*રાગ : રાજીયો પદ - ૧*

જોને વિચારી તારા જીવમાં હો પ્રાણીયા, ભૂલી ગયો ભગવાન રે;



ઘર ધંધે ઘેર્યો, કેડે આવે છે તારે કાળ અતિ કોપતો. ટેક.
ખાધા ખેલ્યામાં ખોયું બાળપણુંહો પ્રા૦જોબન આવ્યું થયો જુવાનરે. ઘર૦
રોળ્યો કરે છે દિનરાતમાં હો પ્રા૦ પાપ કર્યામાં અતિ પ્રીતરે. ઘર૦
અંગે બુઢાપણ આવ્યું હો પ્રા૦ નિરલજ થઈને ફરે નિતરે. ઘર૦
સંગત કરે ન કેદી સંતની હો પ્રા૦ હરિ ભજ્યામાં નહિ હેતરે. ઘર૦
અંતે લેવાને જમ આવશે હો પ્રા૦ દેવાનંદ કહે હજી ચેતરે. ઘર૦

પદ – ૨

અંતે જાવું છે ઉઠી એકલા હો જાણજે, સગાં ન આવે કોઇ સાથરે
મરવાને ટાણે; પ્રભુ વિના કોણ મુકાવે જમ મારથી. ટેક.
કંઠ રૂંધાશે કફજાળથી હો જા૦ કાળા જમ કિંકર દેખાયરે. મર૦
નવસેંનવાણું તુટે નાડિયું હો જા૦ બોતેર કોઠામાં લાગે લાયરે. મર૦
રોમ કોટિ વીંછીતણી વેદના હો જા૦ હેડું હાલકલોલ થાયરે. મર૦
આંખ્યું ઉઘાડે અતિ વેદના હો જા૦ શેષ કોટિથી ન કેવાયરે. મર૦
દુઃખ પામીને તજ્યો દેહને હો જા૦દેવાનંદ કહે કરે કોણ સહાયરે. મ૦

પદ – ૩

રોતાં કુટુંબી રહ્યાં રાતમાં હો પાપીયા, ધામ ધરા ને ધન માલ રે
કોઇ સાથે નાવે; મેલીને પાડો જમપુરની વાટે જાય છે. ટેક.
કર્મ કર્યાં તે આડાં આવશે હો પા૦ હરિ ભજ્યા વિના બેહાલરે. કો૦
ભેળું ન લીધું ભાતું પુણ્યનું હો પા૦ ભૂખ તરસની પીડા થાયરે. કો૦
જીવ માર્યા તેઆડા આવશે હો પા૦ તારું કાપીને તન ખાયરે. કો૦
લોઢાની નારી ઉની લાલકરી હો પા૦ બાથ ભરાવી દેવે મારરે. કો૦
આંખ્યુંમાં ઉનાગજ નાખશે હો પા૦ નીરખી દેવાનંદકે' પરનારરે. કો૦

પદ – ૪

મેલ્યા વિસારી ઘનશ્યામને હો મૂરખા; દુઃખનો ન આવે હવે પાર રે
સંતોના દ્રોહી; પડવાનું પાપે કરી તારે કુંભીપાકમાં. ટેક.
આગળ વૈતરણીનદી આવશેહો મૂ૦ માથેમુદગળના લાગે મારરે. સં૦

દીધાં નથી તે ગૌદાનને હો મૂ૦ કોણ ઉતારે સામે તીરરે. સં૦
કઠણ કોલુમાં કાયા પીલશેહો મૂ૦ છોતા સરીખું થાય શરીરરે. સં૦
ઉભોધર્મની આગળ રાખશે હો મૂ૦ માગે રતી રતીના જવાબરે. સં૦
કુટુંબ સારુ કર્યાં પુણ્ય પાપને હો મૂ૦ એકલો દેવાનંદકે ભોગવ આપરે.સં.

*રાગ : ગરબી પદ - ૧*

સ્વામી પ્રગટ થયા તે સહુ સાંભળો રે,
સાધુ જનને અલૌકિક સ્વાદ, ગુણગાઈએ પવિત્ર ધર્મવંશનારે. ટેક.
જેની માતા ભક્તિ નામે મહાસતિરે, પિતા પાંડે હરિપ્રસાદ. ગુણ૦
ગુણવંત છપૈયા એક ગામ છેરે, પાસે અવધનગર મોટું ધામ. ગુણ૦
ચૈત્રશુક્લ નવમીએ પ્રભુ જનમિયારે, હરિકૃષ્ણ ધર્યું છે શુભનામ. ગુ૦
બાળલીલા કરેછે બહુભાતનીરે, માતપિતાને હરખ ન માય. ગુણ૦
વ્હાલો ચંદ્રકળાની પેઠે વધતારે, નરનારી જોઇને ખુશી થાય.ગુણ૦
આઠવર્ષે પામ્યા તે ઉપવિતનેરે, તજ્યું ભુવન આણીને વૈરાગ્ય. ગુણ૦
ગુણ ચરિત્ર મનોહર ગાવવારે, મળ્યો બ્રહ્માનંદને માગ. ગુણ૦

પદ — ૨

ચાલ્યા ઉત્તર દિશામાં પોતે એકલા રે,
વન પર્વત ઓળંગ્યા દશવિશ, બલીહારી નવલ ઘનશ્યામનીરે. ટેક.
મુક્તનાથ જઇને તપ કીધલુંરે, સાધી યોગકળાતે જગદીશ. બલિ૦
ત્યાંથી તીર્થકરતા પોતે ચાલીયારે, કરતા બહુજનને ઉપદેશ. બલિ૦
જગન્નાથ જઇ દક્ષિણ પધારીયારે, પછી આવ્યા તે પશ્ચિમદેશ. બલિ૦
ગેહેરી છાયા અજબ ગિરનારનીરે, ભેટ્યા રામાનંદ સુખકંદ. બલિ૦
દઇ દિક્ષા પોતાનું પદ સ્થાપીયુંરે, ધર્યું નામ તે સહજાનંદ. બલિ૦
કચ્છ ગુર્જરધરાને પાવન કરીરે, આવી વસ્યા દુર્ગપુર આપ. બલિ૦
બ્રહ્માનંદ કહે જગ ઉપરેરે, વધ્યો દિનદિન અધિક પ્રતાપ. બલિ૦

પદ — ૩

ત્યાંથી નિજ કુટુંબીને તેડાવીયાં રે,



બે ભાઇ ભાઇનો પરીવાર, વધીશોભા અધિક ધર્મવંશની રે. ટેક.
મોટાભાઇ તે રામપ્રતાપજીરે, છોટા ઇચ્છારામ ઉદાર. વધી૦
મોટા બંધુના અવધપ્રસાદજીરે, બંધુ છોટાના રઘુવીર. વધી૦
બેને આચાર્ય કર્યા સત્સંગનારે, જાણી ધર્મધુરંધર ધીર. વધી૦
ધર્મવંશી હોય તે રહે ધર્મમાંરે, પરત્રિયા સુતા માત સમાન. વધી૦
પરપુરુષ ભાઇને પિતા સરખોરે, હોય છોટો તે પુત્ર નિદાન. વધી૦
કરે પુરુષ પ્રબોધ રૂડા પુરુષનેરે, કરે ત્રિયા ત્રિયાને ઉપદેશ. વધી૦
એવી રીતિ ઉદ્ધવ સંપ્રદાયનીરે, કહે બ્રહ્માનંદ પાપ નહિ લેશ. વધી૦

પદ — ૪

સાવર્ણી ગોત્ર શાખા કૌથમી રે,
સરવરિયા બ્રાહ્મણ વેદસામ; રૂડી ઉદ્ધવમતની કહું રીતડીરે. ટેક.
તેનાં રૂડાં પ્રવર વળી ત્રણછેરે, સર્વે ત્યાગી નમે નિષ્કામ. રૂડી૦
ન્હાયે ધોયે પૂજા લઇ હાથમાંરે, પ્રેમે નમવું ગ્રહીને ગુરુપાય. રૂડી૦
ઉપદેશ દીએતે ઉર ધારવોરે, જેથી જન્મમરણ દુઃખ જાય. રૂડી૦
દારૂ માટી ચોરી અવેરી મૂકવાંરે, એવાં નિયમ ધરાવે સાક્ષાત. રૂડી૦
નહિ હિંસા વટલાવે વટલે નહિરે, નહિ કરે પોતેપોતાની ઘાત. રૂડી૦
જેવોહોય અધિકારી તેવો જોઇનેરે, પછે સંભળાવે મંત્રરાજ. રૂડી૦
કહે બ્રહ્માનંદ એ મત અનુસરેરે, તેનાં સરે અલૌકિક કાજ. રૂડી૦

*રાગ સોરઠ પદ - ૧*

(રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે. એ ઢાળ.)
અણીઆળી છે અલબેલા તારી આંખડી રે. ટેક.
રસ ભરી રાતી રેખા નિરખી, કીકીને જોઇ હૈડે હરખી;
કોમળ દીશે જાણે કમળની પાંખડી રે. અણી૦ ૧
કામ કમાન સમાન બણીછે, ભ્રકુટી કામણગારી ઘણી છે;
વદન શશી પર શોભે કાજુ વાંકડી રે. અણી૦ ૨
હસતા હસતા જ્યારે આવો, લાડકડા મુજ મન લલચાવો;

રસિયાજી જોવાને થઈ છું રાંકડી રે. અણી૦ ૩
મનગમતા શણગાર ધરીને, મુજસંગ રમજો મહેર કરીને;
કર જોડીને હાજર રહેશું, ઘડી ઘડી રે. અણી૦ ૪
વાલાજી વાલા બહુ લાગો, ત્રિકમ દાસી ગણી નહિ ત્યાગો;
તમ સારુ તજી લોકડીયાંની લાજડી રે. અણી૦ ૫
જીવનજી નિરખું છું જ્યારે, દુઃખ ટળી સુખ વધે છે ત્યારે;
નિતનિત નિરખું એવી ટેવ મુને પડી રે. અણી૦ ૬
વિશ્વવિહારી લાલજી આવો, બહુ બહુ હેત કરીને બોલાવો;
ચટ ચટ ચાલો ચરણે પહેરી ચાખડી રે. અણી૦ ૭

*રાગ : ગરબી પદ - ૧*

ધર્મકુંવર હરિકૃષ્ણની રે મૂર્તિ મારે મન માની;
જીવન જોયા લાગ છે રે. ટેક.
તરૂણ મનોહર મૂર્તિ રે, રેખા ઉઠે નાની નાની. જીવન૦ ૧
મસ્તકે મુગટ જડાવનો રે, કુંડલ મકરાકાર. જીવન૦ ૨
કેસર તિલક લલાટમાં રે, જોઈ જોઈ વાધે પ્યાર. જીવન૦ ૩
ઉરમાં અનુપમ ઉતરી રે, કંચન કેરી અનુપ. જીવન૦ ૪
રતને જડીત બાજુ બાંધીયા રે, સુરનર મુનિના ભૂપ. જીવન૦ ૫
વેઢ વિંટી કડાં સાકળાં રે, શોભેછે કરવરમાંય. જીવન૦ ૬
પ્રેમાનંદ છબી ઉપરે રે, તન મન ધન બલ જાય. જીવન૦ ૭

પદ — ૨

મદન મનોહર મૂર્તિ રે, રાજહંસ ગતી ચાલ;
નિરખી નેણાં ઠરે રે. ટેક.
જરકસી જામો પહેરીયો રે, સોનેરી સુરવાલ. નિરખી૦ ૧
કનક રેંટો કમરે કશ્યો રે, કરમાં રેશમી રૂમાલ. નિરખી૦ ૨
કનક હિંડોળે હિંચતા રે, શોભે છે ધર્મનો લાલ. નિરખી૦ ૩
પુરુષોત્તમ પરિબ્રહ્મને રે, જોવા મળ્યું સર્વ જક્ત. નિરખી૦ ૪



નારી નરનો પાર નહીં રે, લાખો મુનિ હરિભક્ત. નિરખી૦ ૫
વ્રતપુરીના ચોકમાં રે, જાદવરાય જોવાય. નિરખી૦૬
ઘોડલાની ઘુંમરમાં જોઈને રે, પ્રેમાનંદ વારી જાય. નિરખી૦ ૭

પદ — ૩

નવીન આંબાનું જોડલું રે, તે વચ્ચે અતિ અભિરામ;
હિંડોળો હેમનો રે. ટેક.
બાંધ્યો બેઉ આંબા ડાળમાંરે, સુંદર શોભાનું ધામ. હિંડોળો૦ ૧
રમણિક હિંડોળા તણીરે, શોભા કહી નવ જાય. હિંડોળો૦ ૨
શોભા ત્રિભુવનરાયની રે, ઉગી ઉઠી હરખાય. હિંડોળો૦ ૩
હિંડોળામાં શ્રીહરિ રે, શોભે છે સૂર્ય સમાન. હિંડોળો૦ ૪
કરે લીલા ભાત ભાતનીરે, પુરુષોત્તમ ભગવાન. હિંડોળો૦ ૫
જોઈ મૂરતિ મહારાજનીરે, લોચન તૃપ્ત ન થાય. હિંડોળો૦ ૬
પ્રેમાનંદ હરિ ઉપરે રે, તન મન પ્રાણ વારી જાય. હિંડોળો૦ ૭

પદ — ૪

કનક છડી લઈ કરમાં રે, ઉભા હિંડોળે નાથ;
ધર્મ સુત લાડીલો રે, ટેક .
મુનિવર હરિજન ઉભલા રે, ચારે પાસે જોડી હાથ. ધર્મ૦ ૧
કેશર ચંદન કંકુ લઈને રે, સરસ કુસુમના હાર. ધર્મ૦ ૨
અગર ધૂપ દીપ આરતી રે, ઉતારે કરી પ્યાર. ધર્મ૦ ૩
હાર પેરાવે હેતમાં રે, હરિજન ઉભા અપાર. ધર્મ૦ ૪
કર ચરણે કરી કેટલા રે, લે છે ધર્મકુમાર. ધર્મ૦ ૫
કેટલાક લે છડીએ કરી રે, હાર હરિ ઘનશ્યામ. ધર્મ૦ ૬
પ્રેમાનંદ ગાય નિરખી રે, નિર્ગુણના ગુણ ગ્રામ. ધર્મ૦ ૭

*રાગ : ચાબખો પદ - ૧*

આવું તારું ધનરે જોબન ધુળ થાશે;
કંચન જેવી કાયા તે રાખમાં રોળાશે.

ટાઢા ઉના રે તુંને તાવ જ આવશે, ને વસમું થઈને વિતાશે;
દાતણ પાણીને નાહ્યા વિના તારી, દેહ બધી ગંધાશેરે. આવું૦ ૧
બોલવા ચાલવા નહીં દીએ પ્રાણી, તારી જીભલડી ઝલાશે;
શ્વાસ ચડશેને આંખો ફરકશે, નાકની તે ડાંડી નમી જાશેરે. આવું૦ ૨
વૈદ તેડાવે એની નાડી જોવરાવે, કડવાં તે ઔષધ પાશે;
તુટી એની બુટી નહીં મળે એના, જીવની શી ગતી થાશેરે. આવું૦ ૩
એક બીજા વિના ઘડીએ ન ચાલે, તે તારી ત્રિયા તો રંડાશે;
જૂગોરે જુગનું છેટુંપડ્યું પ્રાણીતારા, નામનીતે ચૂડીઓ ભંગાશેરે. આ૦૪
ખોખરી દોણીમાં તારી આગજ કાઢશેને, મસાણે લાકડાં લેવાશે;
સઘળું કુટુંબ તને સળગાવી દઈ પછી, બારમાના કાગળો લખાશેરે.આ૦૫
દશ દિવસ તારું સુતક પાળશે, ને દાઢી ને મુચ્છ મુંડાશે;
સઘળું સુતક તારું કાઢી નાખીને પછી, બારમાના સુખળા ખવાશેરે. આ૦૬
દયા ધર્મ ને ભક્તિ વિના તારુ, સઘળું દ્રવ્ય લુંટાશે;
દેવાનંદ કહે હરિ ભજ્યા વિના જમ, છોટા મોટાને લઈ જાશેરે. આ૦ ૭

*રાગ : પરજ પદ - ૧*

સોનેરી મોળિયું, સુંદર સોનેરી મોળિયું, (૨) ધર્મકુંવરનું;
મોતીડે મોળિયું સુંદર મોતીડે મોળિયું, (૨) રસિક સુંદરનું- ૧
ભાલ વિશાળમાં સુંદર ભાલ વિશાળમાં (૨) તિલક કેશરનું.
ભ્રકુટી સુંદર જાણીયે ભ્રકુટી સુંદરરે (૨) ઘર મધુકરનું- ૨
કરણે કુંડળીયાં કાજુ કરણે કુડળીયાં (૨) જડીયલ મોતીએ.
ગોળ કપોળમાં રૂડા ગોળ કપોળમાં (૨) ઝળળળ જ્યોતીએ.- ૩
નેણાં રંગીલાં લાલ નેણાં રંગીલાંરે (૨) કમળની પાંખડી.
પ્રેમાનંદ નીરખી છબી પ્રેમાનંદ નીરખી (૨) ઠરીછે આંખડી.- ૪

પદ – ૨

નાસિકા નમણી હરિની,નાસિકા નમણી(૨) પોપટ સરીખડી;
નીરખી વદન ચંદ્ર, નીરખી વદન રે(૨) કીરણું ઝાંખી પડી. ૧



કંઠ જ નીરખી હરિનો, કંઠ જ નીરખી(૨) વાધી છે પ્રીતડી;
છાતી ઉપડતી માંહી, છાતી ઉપડતી(૨) મોતી માળા બેવડી. ૨
સુંદર ઉદર હરિના, સુંદર ઉદરમાંહી(૨) પડે છે ત્રિવળી;
નાભી ગંભીર ગોળ, નાભીગંભીર જોઈ(૨) મનડું ગયું ગળી. ૩
કટિલંક નિરખી હરિનો, કટિલંક નીરખી(૨) મોહ પામ્યો કેસરી;
પ્રેમાનંદ નીરખી છબી, પ્રેમાનંદ નીરખી(૨) નટવર વેષરી. ૪

પદ – ૩

લટકંતા આવો લાલ, લટકંતા આવોરે (૨) મારે મંદિરે મોરારી;
ગજગતિ ચાલ રૂડી, ગજગતિ ચાલ રે(૨) જોઈને બલિહારીરે.-૧
સાથળ ઘુંટણ, સુંદર સાથળ ઘુંટણ રે(૨) જોઈ પીંડીને પાનીયું;
ઘુંટી પેનીની છબી, ઘુંટી પેનીની રે (૨) મારે મન માનીયું- ૨
અરુણતળામાં સુંદર, અરુણતળામાં રે(૨) સોળે ચિહ્ન શોભતાં;
ઊર્ધ્વરેખામાં રૂડી, ઊર્ધ્વરેખા રે(૨) મુનિ મન લોભતાં- ૩
મૂર્તિ મહારાજની, શ્રી મૂર્તિ મહારાજની(૨) ગાઈએ પ્રીતે કરી;
પ્રેમાનંદ કહે નાથ, પ્રેમાનંદ કહે રે(૨) અંતરમાં રહો હરિ- ૪

પદ – ૪

ફુલડે ગરકાવ ફુલ્યા, ફુલડે ગરકાવ રે(૨) આવો ડોલરિયા;
અત્તરની ફોરમાં પ્યારા, અંત્તરની ફોરમાંહી(૨)ભીના રંગભરીયા-૧
હાર હજારી ઉર, હાર હજારી રે(૨) ગુચ્છ બેઉ કાનમાં;
બાજુ કાજુ છે બાંયે, બાજુ કાજુ છેરે(૨) નીરખું નિત્ય ધ્યાનમાં-૨
ગજરા ગુલાબી કરમાં, ગજરા ગુલાબીરે(૨)ખુંત્યા મારા ચિત્તમાં;
જીવન જાણોછો બહુ, જીવન જાણોછોરે(૨)પાતળિયા પ્રીતમાં- ૩
મોહીછું માણીગર હુંતો, મોહીછું માણીગરરે(૨)મુખને મરકલડે;
ગમીયાછો ગિરધર, ગમીયા છો ગિરધર(૨)પ્રેમાનંદને દલડે-૪

રાગઃ ધોળ પદ-૧

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે, ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે. ૧

કૌશલ દેશમાં ધર્યો અવતાર રે, નોમ અજવાળી રૂડો ચૈત્ર માસ રે. ૨
તેડાવો જોશીને પુછાવો નામ રે, નામ ધર્યું રૂડું શ્રીઘનશ્યામ રે. ૩
મુખડું શોભે અતિ બાલુડે વેશ રે, સુંદર ભુરા માથે નાના નાના કેશ રે.
હરખે ઝુલાવે માતા દુધસાકર પાય રે, માતાને મન જાણે વહેલા મોટા થાયરે.
રડતા રમાડતાં પારણીયે પોઢાડે રે, રેશમની દોરી લઇ હીંચકાવે રે. ૬
પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે, પ્રેમાનંદ નિત્ય નવી લીલા ગાવે રે. ૭

રાગ ધોળ પદ – ૧

મહારાજ આજ વડતાલથી આવશે;
સંગે લાવશે સંતસમાજ, મોહનવર પધારશે. ૧
જયા કહે લલીતાને વાતડી;
આવ્યો કાગળ દિવસ વીત્યા સાત, વાંચી ઠરી છાતડી. ૨
અક્ષર કાગળમાં ઉત્તમ ભૂપના;
કાગળ અવધિપુરી થઈ આજ, દર્શન સુખરૂપનાં. ૩
સાત દિવસે મહારાજ સંતો આવશે;
લખ્યા વડતાલથી સમાચાર જરૂર પધારશે. ૪
આવી માણકી દાદાના દરબારમાં;
નીરખી સહજાનંદ ભગવાન, શોભે અસવારમાં. ૫
પ્રેમાનંદ કહે ગઢપુરવાસી આવિયા;
લાવ્યા ભેટ સામગ્રીને હાર, વહાલાને પહેરાવિયા. ૬

પદ - ૨

ઉતર્યા માણકીએથી અલબેલડો;
ધર્મકુંવર ડોલરીયો દિવાન, શોભે રંગ રેલડો. ૧
રૂડો ઓરડો વાસુદેવ દેવનો;
લાવો બિછાવણા રંગરેલ, તાલ રાખો ટેવનો. ૨
શોભે ઓસરી ઉત્તરાદા બારની,
બેઠા ગાદી તકીયે રંગરેલ, શોભા કહું ત્યારની. ૩



લીંબ તરુ તળે સભા સંતની,
ચારે પાસે લાખું હરિભક્ત, શોભા છે અત્યંતની. ૪
શોભે દીર્ઘ સભા કોઇ ભાતની;
બોલ્યા સંત પ્રત્યે ધર્મલાલ, રસોઇ કરો ખાંતની. ૫
પ્રેમાનંદ કહે ઉત્તમ ભૂપ આવિયા;
થયો થાળ જમવાનો મહારાજ, ખબર એવી લાવીયા. ૬

પદ - ૩

વા'લે શીખ દીધી સભા સાથને;
ઉઠ્યા નાવા નારાયણ આપ, મળ્યા ભરી બાથને. ૧
નાવા બેઠા ડોલરિયો દરબારમાં;
નાતા નિરખે છે જે નરનાર,તે ન રહે મન્યું મારમાં. ૨
વર્ણી મુકુંદ નવરાવે પ્રીતશું;
ચોળે અત્તર કરી કરી પ્યાર, વા'લાને રસ રીતશું. ૩
નાહી પહેર્યું પીતાંબર જોઈ આંખડી;
ચાલ્યા જમવા સહજાનંદ શ્યામ, પે'રી ચરણે ચાખડી. ૪
બેઠા જમવા ઓરડે અલબેલડો;
છત્રીશ વ્યંજનનો ધર્યો આગે થાળ,જમે રંગરેલડો. ૫
પ્રેમાનંદ કહે બરફી ને કંસાર છે;
હરિસો હલવો મોતીચુર દળ, ભોજન સરસ સાર છે. ૬

પદ - ૪

સાટા પેંડા પતાસાં ને ચુરમા;
ગાંઠીયા કળી ફુલવડી ઘેબર, ભજીયાં વડાં ખુરમાં. ૧
રૂડાં શાક વૈતાક વાલોળ વાલને;
પરવળ કારેલાં કંકોડાં શાક, જમાડ્યા ધર્મલાલને. ૨
ટાંકો તાંદળજો સુવા ભાજી છે;
કેરી કાચરી અથાણાં કરેલ, ગોળ કેરી ઝાઝી છે. ૩

ભાત દાળ ને કઢી અનુપ છે;
ચટણી પાપડ ફાફડા દુધ, સાકર સુખરૂપ છે. ૪
જમી ચળુ કરી બીડી લીધલી;
સંત પંક્તિ કરો તતકાળ, આજ્ઞા એમ કીધલી. ૫
પ્રેમાનંદ કહે હરે શબ્દ કીધલા;
આવ્યા પીરસવા નારાયણ આપ, મોતૈયા કર લીધલા. ૬

પદ - ૫

વારં વાર જમાડી દર્શન દીધલાં;
ફર્યા પંગત્યમાં પાંચવાર, વળતી શયન કીધલાં. ૧
પોઢી જાગ્યા રાજેન્દ્ર રળિયામણો;
મતવાલો ડોલરિયો ભૂપાળ, કાનવર કોડામણો. ૨
વરણી મુકુંદ અક્ષર ઓરડી આવિયા;
દીઠા ડોલરિયો દીવાન, સાકર જળ પાવિયા. ૩
સાંજે ઓરડે સભા કપરી શોભતી;
બેઠા ગાદી તકીયે રંગત પાટ, મુનિમન લોભતી. ૪
એવી સભા જોઈને શત્રુ હારીયા;
કામ ક્રોધ લોભ મોહ માન, મોત વિના મારીયા. ૫
પ્રેમાનંદ કહે દેશો દેશ પુરના;
આવ્યા પૂજા કરવા હરિજન, દેશાંતર દુરના. ૬

પદ - ૬

હવે સાંભળજો એક વારતા;
પૂજ્યા નારાયણ કરી પ્યાર, છબી ઉર ધારતા. ૧
કાશ્મિર ઇંદુ ચંદન ચરચી કીધલો;
પે'રી ડગલી સોનેરી સુરવાળ, લાખેણો લાવો લીધલો. ૨
માથે પાઘ બાંધી મોંઘા મુલની;
ઓઢી શાલ કોટે શેલું સાર, શોભા સૂરજ તુલ્યની. ૩



હવે કુંડળ પહેરાવો કરણમાં;
પેર્યો કંદોરો કટિલંક સાર, તોડા જુગલ ચરણમાં. ૪
વેઢ વીંટી કડાં સોના સાંકળાં;
પોંચી ઊતરી નંગ જડેલ, જોવા જન આકળાં. ૫
પ્રેમાનંદ કે' પે'રાવી ફુલહારને;
પછી આરતી ઉતારી કરી પ્યાર, લહે કોણ પારને. ૬

પદ - ૭

એવી પૂજા કરીને પાયે લાગીયા;
આ મૂરતિ અખંડ રહેજો ઉર, એવર અમે માગીયા. ૧
હવે વસ્ત્ર ઓઢાડો સંત વા'લને;
સર્વે ફેલ મેલાવ્યા તત્કાળ, ઓળખાવ્યા ધર્મલાલને. ૨
ધન્ય ધન્ય સત્સંગી સાથને;
પૂજ્યા ધર્મકુંવર કીરતાર, મોહન સુખપાથને. ૩
ધન્ય ધન્ય ઘેલો ગઢપુર ધામને;
ધન્ય અભયપુત્ર ઉત્તમરાય, રાખ્યા ઘનશ્યામને. ૪
એવી લીલા તેર દિવસ કીધલી;
કરે પંક્તિ જમાડે સાધુ નિત્ય, લીલા લખી લીધલી. ૫
ધન્ય પ્રેમાનંદ ગઢપુર લોકને;
રહ્યા નારાયણ કરી નિવાસ, ટાળ્યા સંશય શોકને. ૬

પદ - ૮

નિત્ય થાય કથા સભા ગાવણાં;
કરે કથા નિત્યાનંદ નિત્ય, પુસ્તક લઈ રળિયામણાં. ૧
ધન્ય ધન્ય નિત્યાનંદ નામને;
વાંચી રાજી કર્યા ભગવાન, ધર્મતનય શ્યામને. ૨
હાથ જોડી સત્સંગી બોલિયા;
ઘેર ચાલ્યા ફરવા મેલો સંત, દેશીક ઘણું ડોલિયા. ૩

એમ કરતાં દિવસ બહુ વિતિયા;
જાઓ ફરવા સંતો ઉર્વી આજ, અરિ તમે જીતિયા. ૪
ચોરી આદિક નિયમ ધરાવજો;
કરી વાતો કથા દેશોદેશ, સમૈયે વહેલા આવજો. ૫
સંત ફરવા ગયા દેશ દૂરમાં;
લખી શોભા ચરિત્ર ગુણ ગાન, પ્રેમાનંદ હજુરમાં. ૬

રાગ : ધોળ પદ- ૧

સુખદાયક રે સ્વામી સહજાનંદ, પ્રગટ પુરુષોત્તમ શ્રી હરિ. ટેક.
જેનું સ્વામિનારાયણ નામ છે, જેને ભજને રે પામે ભવજળ પાર. પ્ર૦
જેનાં દરશન ઇચ્છે મહામુનિ, કરુણાનિધિ રે પ્રભુ પરમ ઉદાર. પ્ર૦
વ્હાલે કળિ મધ્યે અતિ કરુણા કરી, ધાર્યો દ્વિજકુળ રે ગુણનિધિ અવતાર.૦
વ્હાલે સતયુગ સમ ધર્મ સ્થાપિયો, ટાળ્યા નિજજનના મનથી મદમાર.૦
એનો જે જને કીધો આશરો, તે તો તરી ગયા રે કુળસહિત સંસાર. પ્ર૦
મુક્તાનંદ કહે મહિમા અપાર છે, કરે નિશદિન રે નેતિ નિગમ પોકાર.પ્ર૦

પદ– ૨

પ્રેમે પ્રગટ્યા રે, સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું. ટેક.
માયા રાત મુમુક્ષુની ટળી, થયું હરિ મળતાં પૂરણ પ્રભાત.અ૦૧
સંશય શોક હર્યા સર્વે જીવના, જેણે માની રે પ્રેમે વાલાની વાત.અ૦ ૨
જૂઠા જ્ઞાની ઉલુક જગમાં હતા, તે સંતાણારે પાપી પર્વત માંય. અ૦ ૩
કામ ક્રોધ ને લોભ જે ચોર તે, ડરી ભાગ્યા રે રહેવા ઠોર ન કયાંય.અ૦ ૪
દેખી સંત કમળવન ફૂલિયાં, દુઃખ પામ્યાં રે પાપી કુમુદ અપાર.અ૦ ૫
મુક્તાનંદ કહે મહાસુખ આપિયું, એને વારણેરે જાઉં વારંવાર.અ૦ ૬

પદ– ૩

કરી કરુણા રે, સ્વામી સહજાનંદ; પધાર્યા અખંડ સુખ આપવા. -ટેક.
જેનાં દરશનથી દુષ્કૃત ટળે, જેને સ્પર્શેરે પામે પાતક નાશ.પ૦
જેનું શરણું ગ્રહે સુખ પામીએ, વેગે નાસેરે મોહ માયાના પાશ.પ૦
જેનો મહિમા અનંત અપાર છે, શુક શારદ રે મુનિ નારદ ગાય.પ૦



મતિમંદ ન જાણે એ મર્મને, જેમ ઉલુકને રે રવિ નવ દેખાય.પ૦
વા'લો નારદ નિગમના વેણને, સત્ય કરવા રે પોતે શ્રી બદ્રિનાથ.પ૦
મુકતાનંદ કહે અધર્મ ઉત્થાપીયો, ભક્તિ જ્ઞાન વૈરાગ્ય સ્થાપ્યા ગ્રહી હાથ.

પદ– ૪

પોતે પરિબ્રહ્મ રે, સ્વામી સહજાનંદ, નારાયણ પ્રબળ પ્રતાપ છે. ટેક.
વા'લો ભરતખંડનાં નરનારીને, પોતે તપ કરી રે આપે ફળ સોય. ના૦
હરિના તપ કેરાં પુણ્ય પ્રતાપથી, થયાં શુદ્ધ મનરે હરિજન સર્વ કોય.ના૦
સ્વામિનારાયણ મુખે ઉચરે, તેને જનમ મરણ જમનો ભય જાય. ના૦
સરવે નરકના કુંડ ખાલી કર્યા, ભૂખ્યા જમગણરે કર ઘસી પસ્તાય. ના૦
પામ્યા અનંત જીવ હરિધામને, તેની ગણનારે કહેતાં શેષ લજાય. ના૦
મુક્તાનંદ કહે મહિમા અતિઘણો, તેને એક મુખે રે કવિ કેટલોક ગાય.ના.

રાગ : ઠુમરી પદ - ૧

હરિ મીલે બોરસડીકી છૈયાં - હરિ મીલે.
મેં જ્યું ગઇતી જલ ભરનેકું, હસી બોલાઇ મોરી સૈયાં. હરિ૦ ૧
શ્વેતપાઘ શિર સોહત સુંદર, ફુલતોરાં લટકૈયાં. હરિ૦ ૨
કેસર તિલક ભાલ બીચ નીરખી, લપકી લપકી પરી છૈયાં. હરિ૦ ૩
અવધપ્રસાદકે મન હર લીનો, સહજાનંદ સુખદૈયાં. હરિ૦ ૪

પદ - ૨

પ્યારી લાગે મોહનજીકી બતિયાં - પ્યારી.
બતિયાં સુનત મેરો મન હરલીનો, કરી કે નેહ દિનરતિયાં. પ્યારી૦ ૧
સુંદર મૂર્તિ ધર્મકુંવરકી, નીરખી હરખી ઠરી છતિયાં. પ્યારી૦૨
લટક લટક હરિ ચાલ ચલત હે, લાજત રતિપતિ અતિયાં. પ્યારી૦ ૩
અવધપ્રસાદકે ચિત્તમેં ગર ગઇ, ચલત હંસ હરિ ગતિયાં. પ્યારી૦ ૪

રાગ : ધનાશ્રી પદ - ૧

એક કપટી ન તરે રે મહારાજ શરન આયે સબહી તરે;
પાંડવ પાંચ દ્રૌપદી તરી ગયે, ન તરે કૌરવ સમાજ. શરન૦

નારદ શુક સનકાદિક તરી ગયે, ન તરે સો રાવનરાજ. શરન૦
ભક્તવિભીષણ ઉદ્ધવ તરી ગયે, ન તરે યવન શિરતાજ. શરન૦
ધ્રુવ પ્રહ્લાદ પરીક્ષિત તરી ગયે, ન તરે અધમજરાજ. શરન૦
પ્રગટ પ્રતાપસે અગણિત તરી ગયે, અવધપ્રસાદ કહે આજ. શરન૦

રાગ : ગરબી પદ - ૧

મેં નીરખ્યા શ્રીગઢપુરમાં સુખકારી રે,
મહાગુણિયલ ગોપીનાથ ભવભયહારી રે;
છે શ્યામ શરીરે શોભતા સુખકારી રે,
રાસેશ્વરી રાધા સાથ ભવભયહારી રે- મેં નીરખ્યા ટેક.
શીશ મુગટ મણિએ જડ્યો, કુંડળ મકરાકાર,
નંગ જડિત ઝળકી રહ્યા, હૈડા ઉપર હાર;
હૈડા ઉપર હાર હરિવર હસિયા રે,
મુજ હૃદય કમળની માંહ્ય મોહન વસિયા રે- મેં નીરખ્યા૦ ૧
જામો જરિયાની ધર્યો, સોનેરી સુરવાળ,
શેલું બુરાનપુરનું, શોભે ખભે રસાળ;
શોભે ખભે રસાળ પોંચી હાથે રે,
દશ આંગળીઓમાં વેઢ ધરિયા નાથે રે- મેં નીરખ્યા૦ ૨
ફુલદડો ઉછાળતા, લટકાં કરીને લાલ,
ડાબા કરમાં રેશમી, રાજે એક રૂમાલ;
રાજે એક રૂમાલ બંસી વગાડે રે,
પ્રેમી જનને આનંદ પૂર્ણ પમાડે રે- મેં નીરખ્યા૦ ૩
કેડે છે કટીમેખડા, રેશમ નાડી અનુપ,
ચારૂ ઝાંઝર ચરણમાં, શોભી રહ્યાં રસરૂપ;
શોભી રહ્યાં રસરૂપ પગ આંગળિયું રે,
જાણે ચળકે છે નખ તેજ ચંદ્ર મંડળીયું રે- મેં નીરખ્યા૦ ૪
મરમાળી છે મૂર્તિ, નટવર નંદકિશોર,



વિશ્વવિહારીલાલજી, કોટિક જન ચિત્તાચોર;
કોટિક જન ચિત્તાચોર મંગલકારી રે;
હરો આપત્તિ અલબેલ એહ અમારી રે-મેં નિરખ્યા૦ ૫

રાગ : ગરબી પદ - ૧

જુઓ જુઓને હાં હાં રે,
જુઓ જુઓને સાહેલીઓ આજ રસિયો રાસ રમે;
પંચાળામાં હાંરે પંચાળામાં શ્રીજીમહારાજ. રસિયો. ટેક.
નિર્મળ રજની છે અંજવાળી, નિર્મળ વેલી વન રે;
નિર્મળ મનના નિજ સખામાં, નિર્મળ પ્રાણજીવન. રસિયો૦ ૧
દીવાની માંડવડી વચ્ચે, જાણે દીપકઝાડ રે;
ફરફર જનમાં ફેરા ફરતા, કરતા રસની રાડ. રસિયો૦ ૨
તાળી પાડે શ્રીવનમાળી, મુનિ સાથે મુનિનાથ રે;
ઈન્દ્રાદિક જોવાને આવ્યા, શિવ બ્રહ્મા સંગાથ. રસિયો૦ ૩
શ્યામ વર્ણના નિજ શરીરે, સોનેરી શણગાર રે;
ગગનવિષે જેમ વિજળી ઝબકે, શોભા એમ અપાર. રસિયો૦ ૪
પાઘ વિષે છોગાં છેલાને, કમર કસી કરી જોર રે;
ઊલટ સુલટ નટવર નાચે છે, શ્રીહરિ ધર્મકિશોર. રસિયો૦ ૫
ઊંચા સ્વરથી તાન ઉપાડે, જન સંગ જીવનપ્રાણ રે;
સારો સ્વર કોઈ સુણી સખાનો, વહાલો કરે વખાણ. રસિયો૦ ૬
ધીમધીમ ધીમધીમ દુકડવાગે, તનન તનન સતાર રે;
ઝાંઝ વગાડે ઝણણણ ઝણણણ, ભેરીનો ભણકાર. રસિયો૦ ૭
ધન્ય ધન્ય પંચાળાની ધરણી, ધન્ય ધન્ય ઝીણાભાઈ રે;
ધન્ય ધન્ય ધન્ય છે ધર્મકુંવરને, રાસ રમ્યા સુખદાઈ. રસિયો૦ ૮
પંચાળામાં એવા જનને, આપ્યાં સુખ અપાર રે;
વિશ્વવિહારીલાલજી કેરો, ધન્ય ધન્ય આ અવતાર. રસિયો૦ ૯

રાગ : ધનાશ્રી પદ - ૧

જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર, જોયા શ્રીધર્મકુંમાર;
પ્રીતમ પ્રાણ આધાર ચતુરવર, જોયા શ્રીધર્મકુમાર. ટેક.
લક્ષ્મીબાગમાં વહાલો બિરાજે, સાથે મુક્ત અપાર. ચતુર૦ ૧
પાઘ ઝુકી વામભાગ પેચાળી, છોગું મુગટ અનુસાર. ચતુર૦ ૨
આંબાના વૃક્ષ નીચે શ્રીહરિ બેઠા, મુક્તસભા મોઝાર. ચતુર૦ ૩
જરકસી જામો સુંદર શોભે, શેલામાં સોનેરી તાર. ચતુર૦ ૪
પહેર્યો સુંદર સુરવાળ સોનેરી, રૂપેરી બુટ્ટાદાર. ચતુર૦ ૫
રેશમી કરમાં રૂમાલ બિરાજે, કંઠે હજારી હાર. ચતુર૦ ૬
અંગોઅંગ આભૂષણ ઓપે, ભારે ભભકાદાર. ચતુર૦ ૭
વિશ્વવિહારીની છબી નિરખી, પૂરણ ઉપજે પ્યાર. ચતુર૦ ૮

રાગ : પીલું પદ - ૧

લોજની વાવ ઉપર અવતારી, આવી બેઠા બટુક બ્રહ્મચારી. ટેક.
નારીનગરની આવી જળભરવા, તેણે નિરખ્યા ત્યાં નવલવિહારી. ૧
દુર્બળ દેહ દેખી દયા ઉપજી, નાથજી પ્રત્યે બોલી સહુ નારી. ૨
બટુક તમે કીયે દેશ વસોછો, કોણ પિતા કોણ માતા તમારી. ૩
કેમ તજ્યું ઘરબાર કહોજી, રીસથી કે વૈરાગ્યે વિચારી. ૪
કોમળ કમળ સમાન તનુ છે, દેખી દયા ઉપજે ઉર ભારી. ૫
વિચર્યા હશો કેમ કરી મહાવનમાં, જેમાં વાઘ વરુ ભયંકારી. ૬
ભૂખડીમાં કોણ સુખડી દેતું, વિમળ કોણ પાતુ હશે વારી. ૭
ઝડીઓ પડે વરસાદની જ્યારે, કોણ ધરતું હશે છત્ર સંભારી. ૮
આ તનને ઘટે શાલ દુશાલા, તે તમે વલ્કલ લીધાં છે ધારી. ૯
કંચન ઝારી ઘટે જળ પીવા, તેતમે કરમાં ધરી છે કઠારી. ૧૦
જે શીર ઉપર મુગટ શોભે, તે શીર પર જટા આપે વધારી. ૧૧
વાહન હાથી ઘોડા ઘટેછે, મોજડી પણ તમે મેલી વિસારી. ૧૨
વર્ણીજી વહાલા વિશેષ લાગો છો, જોઇ મૂર્તિ ઠરે વૃત્તિ અમારી.૧૩



બોલોબોલો બાળા બ્રહ્મચારી, આપ તણી છબી વિશ્વથી ન્યારી. ૧૪
સૂરજ છો કે સદાશિવ છોજી, કે અક્ષરપતિ આવ્યા મોરારી. ૧૫
જે પિતામાતા થકી તમે પ્રગટ્યા, ધન્યધન્ય તે જગમાં જયકારી. ૧૬
ચાલો બટુક તમે ભુવન અમારે, જુગતે રસોઇ જમાડીશું સારી. ૧૭
શોભા જોઇ તમારા શરીરની, કોટિક કામ તણી છબી હારી. ૧૮
શાલીગ્રામનો બટવો ગળામાં, કર જપમાળા ધરી અઘહારી. ૧૯
વિશ્વવિહારીલાલ અમારું, રક્ષણ કરજો સદા સુખકારી. ૨૦

રાગ : જંગલો પદ - ૧

બોલો બોલોરે જોગી બાલુડા, ક્યાંથી આવીયા આપજી;
દેહ ધર્યો કિયા દેશમાં, કોણ માય ને બાપજી. બોલો૦ ૧
બાળપણમાં બટુક તમે, કેમ લીધો વૈરાગ્યજી;
સગાં ને સંબંધી તણો તમે, કહો કેમ કર્યો ત્યાગજી. બોલો૦ ૨
માતા પિતાએ પ્રેમે કરી, ન લડાવ્યા શું લાડજી;
કે ભાઈથી ને ભોજાઈથી, રીસાયા કરી રાડજી. બોલો૦ ૩
કાયા તમારી છે કોમળી, પાદુકા નથી પાયજી;
વાટમાં કાંટા ને કાંકરા, તેમાં કેમ ચલાયજી. બોલો૦ ૪
ટાઢ ને તડકો બહુ પડે, કેમ સહન કરાયજી;
ઝડીઓ પડે વરસાદની, કહો કેમ ખમાયજી. બોલો૦ ૫
પૃથ્વી ઉપર પોઢતા હશો, પાથર્યો નહિં પલંગજી;
ખરેખરૂં ખુંચતું હશે, આવું કોમળ અંગજી. બોલો૦ ૬
કોણ સેવા કરતા હશે, સાચો રાખી સ્નેહજી;
ભૂખ તરસ વેઠતા હશો, દીસે દુર્બળ દેહજી. બોલો૦ ૭
કમળ કે પુષ્પ ગુલાબનું, એવું શોભે શરીરજી;
દેખી દયા અમને ઉપજે, આવે નયનમાં નીરજી. બોલો૦ ૮
ચંદ્ર કે ઈન્દ્ર દિનેશ છો, કે શું શંભુ સ્વરૂપજી;
કાંતો અક્ષરપતિ આપ છો, કોટી ભુવનના ભુપજી. બોલો૦ ૯

છત્ર ચમર ધરવા યોગ્ય છો, ભાગ્યવંત છો ભ્રાતજી;
તે જોગી થઈ જગમાં ફરો, એ તો આશ્ચર્ય વાતજી. બોલો૦ ૧૦
હાથી ઘોડા રથ પાલખી,તમને વાહન હોયજી;
તે તમે વિચરો છો એકલા, કેમ કળી શકે કોયજી. બોલો૦ ૧૧
જે તન ઉપર જોઈએ, હીરા મોતીના હારજી;
તે તન ઢાંક્યું મૃગચર્મથી, નથી સજ્યા શણગારજી. બોલો૦ ૧૨
જે શિર ઉપર જોઈએ, મણિ-જડીત મુગટજી;
તે શિર ઉપર જણાય છે, જોતાં આજ જટાજુટજી. બોલો૦ ૧૩
કંચન કેરી કટોરીએ, જળ પીવાને જોગજી;
તે તમે રાખી છે તુંબડી, તેવા ભોગવો ભોગજી. બોલો૦ ૧૪
વર્ણી લાગો છો વહાલા ઘણા, આવો અમારે ઘેરજી;
જુગતે કરીને જમાડીએ, રસોઈઓ રૂડી પેરજી. બોલો૦ ૧૫
આશિષ અમને આપીએ, ધરી ઉરમાં વહાલજી;
નિત્ય અમારું રક્ષણ કરો, વિશ્વવિહારીલાલજી. બોલો૦ ૧૬

રાગઃ ધોળ પદ - ૧

રે નરતનુ પાયાનેક નવીન હોઈ;
ગાફલ જનમ ગુમાયા રે, નરતનુ પાયા. ટેક.
વિષય કાજ તજીલાજ લોકમેં, ભુવન ભુવન ભટકાયા;
માયા માયા કરીકરી મૂરખ, અંતર નેન અંજાયારે. નરતનુ૦ ૧
ફોગટ ફેલ મેલ અતિ મનમેં, ધન હીત જગમેં ધાયા;
નારી નેહ ગેહમેં ગરજુ, વૈકુંઠપતિ વીસરાયા રે. નરતનુ૦ ૨
ના હરિ ભજ્યા ભવ દુઃખ ના ભાગ્યા, લાલચ મેં લપટાયા;
સંતસમાગમ કબહુ ન કીના, રોગ અસાધ રહાયારે. નરતનુ૦ ૩
ભજન સાર કીરતાર ભુલ્યા, જુઠ ન સાચ જનાયા;
દેવાનંદ કહે ઐસે નરકું, ભવકા અંત ન આયારે. નરતનુ૦ ૪



પદ - ૨

રે અજબ તમાસા આ દુનિયા કા, દોઈ પલમેં નાશ પમાસા રે. અજ૦
જુઠ બાજીગર ખેલ બનાવત, જુઠા ભેદ જનાસા;
પીંછનકા પારેવા કરકે, લેકર લોક રીઝાસા રે. અજબ૦ ૧
પ્રભુ પદ પંકજ પ્રીત કરત નાહિ, મન માયા મેં વાસા;
શીર પર કાળખડા નહિ સુજત, તાકું નહી તપાસા રે. અજબ૦ ૨
અરવ ખરવ લું માયા મેલી, ઓર મીલનકી આસા;
એક અઘોલી સંગ ન આવત, અંતે નરક નીવાસા રે. અજબ૦ ૩
દેખ વીચારી સયાને દીલમેં, હરિ ભજીલે અધિક હુલાસા;
દેવાનંદ કહે કોઈ નહીં તેરા, હો રહેના હરિદાસા રે. અજબ૦ ૪

પદ - ૩

રે કપટી તેરા કોન સગાહે સોઈ, માનત મેરામેરા રે. કપટી૦ ટેક.
સગાં કુટુંબી સ્વારથકે લોભી, ફોગટ દેવત ફેરા;
ખાવત પીવત લેવત દેવત, અંતર આગ જરેરા રે. કપટી૦ ૧
શ્વાસ ગયો તન નાસ ભયો જબ, દરપત દૂર ખસેરા;
માતપીતા જુવતી મીલ રોવત, કોઈ ચલત નહી ભેરા રે. કપટી૦ ૨
કાયા જારીકે ખાખ કરત હે, જંગલમેં દેવત ડેરા;
પીછે પૈસા ખાતર પામર, ઘર ઘર લરત ધનેરા રે. કપટી૦ ૩
સંત સગા ભવ સાગર તારન, હરન અંતર અંધેરા;
દેવાનંદ કહે આ દુનીયામેં, સાચા મીત સગેરા રે. કપટી૦ ૪

પદ - ૪

રે દરદ મીટાયા મેરા દીલકા, મોયે ઔષધ અમૃત પાયા રે. દર૦ ટેક.
વૈદ મીલ્યા વ્રજરાજ વિહારી, નાડી દેખન આયા;
જ્ઞાન ધ્યાનકી ગોળી દીની, રંચ ન રોગ રહાયા રે. દરદ૦ ૧
ગયા રોગ મન ભયા નીરોગી, દીલ ગીરિધર દરસાયા;
હરિકૃષ્ણ પરિબ્રહ્મ પુરાતન, ભાવ સહિત મન ભાયા રે. દરદ૦ ૨

મીટચા વિષયકા દાગ મનોરથ, મૂળ મરમ સમજાયા;
જનમ મરણકા ઝગડા ચુક્યા, અંતર અલખ લખાયા રે. દરદ૦ ૩
યોગ ભક્તિ ત્યાગ વૈરાગ્યકા, ચારુ ચુરણ બનાયા;
દેવાનંદ કહે દયાકરી કરીકે, ચરિ હરિ આપ બતાયા રે. દરદ૦ ૪

રાગ : ગરબી પદ - ૧

જાવું છે રેજાવું છેરેજાવું છેનેદાન, ભજ ભગવાનરે જીવ જાવું છે.
જાવું છે રેજાવું છેરે રેવાનું છે કાચું, માનીલેજે સાચું રે. જીવ૦ ૧
જાવું છે રેજાવું છેરે માલ ધન મેલી, ઠાલું ઠેલી રે. જીવ૦ ૨
જાવું છે રેજાવું છેરે આવું તન ત્યાગી, જોને જાગી રે. જીવ૦ ૩
જાવું છે રેજાવું છેરે આપો જમણે હાથે, આવશે સાથે રે. જીવ૦ ૪
જાવું છે રેજાવું છેરે કહે નિષ્કુળાનંદ, ભજ ગોવિંદ રે. જીવ૦ ૫

પદ - ૨

ભૂલેમાં રે ભૂલેમાં રે આવું અંગ ભાળી, દેશે બાળી રે. ભાઈ ભૂલેમાં.
ભૂલેમાં રે ભૂલેમાં રે તન નથી તારું, માને મારું રે. ભાઈ૦ ૧
ભૂલેમાં રે ભૂલેમાં રે દેખી દેહ રૂડી, છે જો કૂડી રે. ભાઈ૦ ૨
ભૂલેમાં રે ભૂલેમાં રે દેહ દેશે દાટી, થાશે માટી રે. ભાઈ૦ ૩
ભૂલેમાં રે ભૂલેમાં રે દેખી દેહ સારી, જોને વિચારી રે. ભાઈ૦ ૪
ભૂલેમાંરે ભૂલેમાંરે કહે નિષ્કુળાનંદ, સ્વામી સુખકંદરે. ભાઈ૦ ૫

પદ - ૩

માનીલે રે માનીલે રે માનીલે મન મારું, તો ઘણું સારું રે. મનમાનીલે.
માનીલે રે માનીલે રે ખોટામાં શું ખૂત્યો, તજને તુતો રે. મન૦ ૧
માનીલે રે માનીલે રેધાઈશમાં ધનનારી, થાશે ખુવારીરે. મન૦ ૨
માનીલે રે માનીલે રે સાચાનો થા સંગી, મનબહુરંગીરે. મન૦ ૩
માનીલે રે માનીલે રે તાણતારી તજી, હરિલેને ભજીરે. મન૦ ૪
માનીલે રે માનીલે રે કહે નિષ્કુળાનંદ, ફીટે ભવફંદ રે. મન૦ ૫



પદ - ૪

વિચારે રે વિચારે રે વિચારે વીર વારું, તો ઘણું સારું રે. વીર વિચારે.
વિચારે રે વિચારે રે વિચારીને ચાલે, જાવું કાલે રે. વીર૦ ૧
વિચારે રે વિચારે રે વિચારીને બોલે, હરિ કેમ ભૂલે રે. વીર૦ ૨
વિચારે રે વિચારે રે સતસંગ કુસંગ, તો રહે રંગ રે. વીર૦ ૩
વિચારે રે વિચારે રે દુર્લભ છેઆ દેહી, ગઈ આવે નહીંરે. વીર૦ ૪
વિચારે રે વિચારે રે કહે નિષ્કુળાનંદ, છેલ્લી છંદ રે. વીર૦ ૫

રાગ : પરજ - ૧

અંતકાળે આવી રે મારી શ્રી ઘનશ્યામ કરો સા'ય રે. અંત૦
રોમ કોટી વીંછીની તનમાં થાય વેદના, કફજાળે કંઠ રુંધાય છે. અંત૦
શુધ ન રહે જ્યારે પોતાના શરીરની, તનડાંની નાડી તુટી જાય છે.અંત૦
ઘરનાં માણસ જ્યારે ઘેરી બેસે પાસળે, પૂંમડું લઈને જળ પાય છે.અંત૦
દેવાનંદ કહે દેહ તજ્યા ટાણે, હૈડું હાલકલોલ થાય છે. અંત૦

પદ - ૨

કાયાગઢ ઘેર્યો રે કાળે વિઠ્ઠલ વારે વે'લા આવજો. કાયા૦
જોર ન ચાલે તમ વિના બીજા કોઈનું, તનડાંના તાપ બુઝાવજો. કાયા૦
જીભ ટુંકી થઈ વાણીતોતળી બોલાય ત્યારે, કોટિ ગુના વિસરાવજો. કા.
પાપ કર્યાં તે આડાં આવે જ્યારે પીડવા, મોહન તેથકી મુકાવજો. કાયા૦
દેવાનંદ કહે અધમ ઓધારણ, તનડાની વાસના તોડાવજો. કાયા૦

પદ - ૩

મરવા ટાંણે આવીરે માવા, દરશન દ્યોછો હરિ દાસને. મર૦
જન અપરાધ તમે ઉર નથી ધારતા, આપોછો બ્રહ્મપુર વાસને. મર૦
ગુના અમારા હોય કોટિકોટિ ગિરધર, નટવર કરજો હવે નાશને. મર૦
શ્રીઘનશ્યામ તમે કરુણાના સાગર, ટાળોછો જનના ભવત્રાસને. મર૦
દેવાનંદ કહે દોયલી વેળામાં, અમને તમારી એક આશ રે. મર૦

પદ - ૪

કે'જો ઓધા આવેરે વા'લો, પ્રાણ કરે જાવા પરિયાણને. કેજો૦
પરમ સ્નેહી તમે રે'જો મારી પાસળે, સહજાનંદજી સુજાણને. કેજો૦
બોંતેરકોઠા ખાલી થાય મળ ઝરી ઝરી, વાઢીને મેલે જ્યારે વાણને.કેજો૦
ખમખમ ખાંસી કરે હૈયામાં આવે હેડકી, પડખામાં શૂળમારે બાણને.કે૦
દેવાનંદ કહે વા'લા અંતે વેલા આવજો, ભકતવત્સલ દ્રગ ભાણને.કેજો૦

રાગઃ મેવાડી પદ -૧

અંતકાળે આવી રે સંભાળી લેજો શામળા રે,
જોશોમાં અમારા અવગુણ શ્યામ;
પણ છે પોતાનું રે પ્રભુજી તમે પાળજો રે,
અધમ ઓધારણ કરુણાના ધામ - અંતકાળે૦ ૧
ગજને છોડાવ્યો રે ગ્રાહનામુખ થકી રે,
કરતાં કાંઈ અર્ધનામ ઉચ્ચાર;
એવી રીતે આવોરે સુંદર શામળા રે,
વાટડી જોઉં છું વારંવાર - અંતકાળે૦ ૨
નારાયણ નામેરે ઓધાર્યો અજામીલને રે,
કરતાં પુત્રાતણો રે પોકાર;
એવું તે વિચારી રે અલબેલા આવજો રે,
અમારે છે તમારો રે આધાર - અંતકાળે૦ ૩
દોયલી વેળામાં રે દીનાનાથજી રે,
કોને અમે કેની કરીએ આશ. ?;
મુકતાનંદના સ્વામી રે સુંદર શામળા રે,
અબળાને તેડી રાખો પાસ - અંતકાળે૦ ૪

પદ - ૨

દોયલી વેળામાં રે કોઈ કેનું નથી રે,



જયારે કરે જમડા આવીને જોર;
તેણી વેળા આવી રે દયાળુ મુજ દીનની રે,
બાંહ્યગ્રહી રે'જો નંદકિશોર - દોયલી૦ ૧
જયારે તુટે નાડી રે ઝલાઈ જાય જીભડી રે,
બાજે કફ સહિત શ્વાસનો ઘોર;
સગાં ને સંબંધી રે લાગ્યાં સહુ લુંટવા રે,
કૂડા કૂડા કરીને શોરબકોર - દોયલી૦ ૨
સ્વારથનાં સગાં રે સરવે સંસારમાં રે,
તમ વિના જુઠાં સરવે જન;
તમે ને તમારા રે જન પ્રભુ પરમારથી રે,
બીજે નવ માને મારું મન - દોયલી૦ ૩
ત્રાહિ ત્રાહિ કરી રે પોકારું જોઈ તમ ભણી રે,
સેવકની કરજો શ્યામ સંભાળ;
મુકતાનંદના સ્વામી રે જાણ સુજાણ છો રે,
વર્ણવે છે વેદ દીનદયાળ - દોયલી૦ ૪

પદ - ૩

આ અવસરે રે દયાળુ દયા કરી રે,
ટાળવાને જન્મ મરણના તાપ;
વાહને ચડીને રે આવો છો મારા વા'લમા રે,
નારાયણ નામનો જપતાં જાપ. આ અવ૦ ૧
અનેકને આવ્યા રે અંત સમે તેડવા રે,
સાથે લઈ સંત જનનો સાથ;
એવા તે તમારા રે ગુણ અનંત અપાર છે રે,
સાંભળતામાં સરવે થાય સનાથ. આ અવ૦ ૨
અધમની જાતિરે ઓધારી બહુ નારીને રે,

જેને નિંદે શાસ્ત્ર વેદ પુરાણ;
ગુણને અવગુણને રે નાથ ગણતા નથી રે,
શરણે આવ્યા તેના શ્યામ સુજાણ. આ અવ૦ ૩
કરુણારસને રે પ્રગટ કર્યો કાનજી રે,
કરવા અનેક જનનો ઉધ્ધાર;
મુક્તાનંદને વા'લે રે મહા સુખ આપિયું રે,
કરી નિત્ય નવલા નેહ વિહાર. આ અવ૦ ૪

પદ - ૪

ભલેને પધાર્યા રે ગિરધર ગાજતા રે,
હવે મુને કરી કૃતારથ કાન;
નયણાં ઠરે છે રે નાથને નિરખતાં રે,
જેનું નિત્ય ધરી રહેતા ધ્યાન. ભલેને૦ ૧
દુઃખડાના દહાડા રે હવે તો દૂર પડ્યા રે,
લીધી છેલ છબીલે મારી સાર;
જીવન જોઈને રે જગ જુઠો થયો રે,
તમ સંગ લાગ્યો રંગ એકતાર. ભલેને૦ ૨
કમળા સરખી રે કરી મુને કાનજી રે,
ગ્રહી ગુણવંતે મારો હાથ;
ભલે મારું ભાગ્ય રે ફળ્યું કોઈ કાળનું રે,
પામી પતિ અખિલભુવનનો નાથ. ભલેને૦ ૩
અખંડ સોહાગીરે તમને જે જાણશે રે,
માણશે મહાસુખ મોજ અપાર;
મુક્તાનંદ કહે છે રે તમને પરહરી રે,
ભવ જળ કોઈ ન પામે પાર. ભલેને૦ ૪

રાગ : નાટકી પદ - ૧

ભયભંજન ભક્તિના જાયા રે, ભલે અક્ષરાધીશ ધરી કાયા;



સાથે મુક્તો અનેક છવાયા રે, ભલે અક્ષરાધીશ ધરી કાયા-ટેક.
પૂર્વમાં પ્રગટ્યા ને પશ્ચિમ પધાર્યા, ગઢપુર રહ્યા જગરાયા;
દાદા ખાચર પર મહેર કરી છે ઘણી, વચનામૃતમાં લખાયા રે- ભય૦
અસુર સંહાર્યા ને ભક્ત ઉગાર્યા, ધરતીના મેલ ધોવાયા;
અધમ ઉથાપ્યોને સધ્ધર્મ સ્થાપ્યો, કામ ક્રોધ લોભ કચરાયારે- ભય૦
સર્વોપરી કર્યા સંત બ્રહ્મચારી, મુકાવી મોહ મદ માયા;
ધર્મતનુજ ધર્મ સ્થાપી અનુપમ, વેદવિધિમાં વખણાયારે- ભય૦
જેનાં દર્શન સારુ સ્નેહ ધરીને, સૌ આવે છે દેવ અવાયા;
દાસનારાયણ કહે ધર્મકુંવરના, હેત સમેત ગુણ ગાયારે- ભય૦

રાગ : નાટકી પદ - ૧

બાનાની પત રાખો રાજ, બાનાની પત રાખો;
ગુહ્ના અમારા લાખો રાજ. બાનાની. ટેક.
ગિરિ શિખર પર ટિટોડી બેઠી, ગાતી ગોવરધનધારી
એક સમે તેનેતૃષા રે લાગી, પાયું વિઠ્ઠલવર વારી. રાજ૦ ૧
કૌરવ સભામાં દ્રૌપદી કેરાં, પટકુળ પૂર્યાં મુરારી;
લાખા ગૃહથી પાંડવ પાંચે, લીધા લાલે ઉગારી. રાજ૦ ૨
પારાધી બાળેથી હોલી ઉગારી, ગજની વારે ધાયા;
માર્જારીનાં તમે બચ્ચાં બચાવ્યાં, કુબજાના નાથ કહેવાયા. રાજ૦ ૩
સીતાને સારું તમે સેતુ બાંધી, રાવણને જઈ માર્યો ;
શબરીનાં તમે બોર આરોગ્યાં, પ્રહ્લાદ ભક્ત ઉગાર્યો. રાજ૦ ૪
સુધન્વાની તમે સહાય કરીને, ઉગાર્યો છે ચંદ્રહાસ ;
એ રીતે પ્રભુ અમને ઉગારો, કહે છે નારાયણદાસ. રાજ૦ ૫

રાગ : ધોળ પદ - ૧

જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથેજી;
આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જાવું સાથેજી. ૧
સવાર થાય ને સાંજ પડે છે, દિન ઉપર દિન જાયેજી;

આજ કાલ કરતાં આવરદા, જોને ઓછી થાયેજી. ૨
એક જન્મે ને એક મરે છે, સ્થિર નથી કોઇ ઠરવાજી;
મરી ગયા તે જન્મ ધરે ને, જન્મ ધરે તે મરવાજી. ૩
સંસાર સઘળો કાળ ચવાણો, કર્મવશ નરનારીજી;
દાસનારાયણ કહે છે ભાઈઓ, કર્મ કરો વિચારીજી. ૪

પદ — ૨

પ્રભાતે ફુલડીયાં ફુલે, સાંજે તે કરમાશેજી ;
નિત્ય બાગમાં નવીન કળીઓ, ખીલીને ખરી જાશેજી. ૧
એ પ્રમાણે જગત જાય છે, જળની પેઠે વહેતુંજી ;
નાનાં મોટા નિત્ય મરે છે, અમર નથી કોઈ રહેતુંજી.- ૨
કુંભકરણ ને રાવણ સરખા, કાયા મૂકી ચાલ્યાજી ;
કળીયા છળીયા બળીયા ચાલ્યા, હાથ ઘસીને ઠાલાજી. ૩
સુરાસુર ને ઇન્દ્ર ચન્દ્ર, અવની તે પણ જાશેજી ;
દાનવ ને માનવ મરવાના, કહ્યું છે નારાયણદાસેજી. ૪

પદ — ૩

ભવસાગરમાં ભક્તિ હરિની, ઉતરવાનો આરોજી;
એ વિના ઉપાધિ બીજી, વેઠ તરીકે ધારોજી. ૧
સ્વપ્રાંની સમૃધ્ધિ સર્વે, સ્વપ્રાં સાથે જાશેજી ;
જાગ્યા પછી કાંઈ મળે નહિ, એકેય વસ્તુ પાસેજી. ૨
જન્મ્યા પહેલાં જગત નહોતું, મુવા પાછળ નથીજી ;
વચમાં વળગ્યું જુઠા જેવું, કવિ કહે છે કથીજી. ૩
માયાનો પ્રપંચ રચ્યો છે, ખેલ ખલકનો ખોટોજી;
દાસ નારાયણ હરિ ભજીને, લાભ કરી લ્યો મોટોજી. ૪

પદ — ૪

કાયા કાચો કુંભ ધુળનો, ધૂળ પલકમાં થાશેજી;
પાપ કર્યા તે માથે લઈને, જીવ એકલો જાશેજી. ૧



લખ ચોરાશી ચાર ખાણમાં, જન્મ ઘણેરા લીધાજી;
માતપિતાને ભાઈ દીકરા, સગાં સંબંધી કીધાંજી. ૨
તે તો તારે અંત વખતમાં, કોઇ કામ ન આવ્યુંજી;
કોડી બદલે ગાફલ પ્રાણી, રામ રતન ગુમાવ્યુંજી. ૩
ક્ષણભંગુર આ દેહ ધર્યો તે, ખેહ પલકમાં થાશેજી;
ભાવ ધરીને હરિ ભજી લ્યો, કહ્યું છે નારાયણદાસેજી. ૪

પદ — ૫

શરીરનાં સંબંધી સર્વે, શરીર સાથે જાશેજી;
ઋણ સંબંધે ભેગા થઈને, અંતે અળગાં થાશેજી. ૧
શ્રાવણ મહિનાની વાદળીઓ, વાયુથી વેરાયેજી;
એ પ્રમાણે સગાં સહોદર, થાયે ને વહી જાયેજી. ૨
ઝાકળનાં પાણી સરીખી, કાયા માયા જુઠીજી;
વ્હાલાને વિસારી જાવું, એક પલકમાં ઉઠીજી. ૩
હરતાં ફરતાં ખાતાં પીતાં, કાળ વસે છે પાસેજી;
જ્યારે ત્યારે પકડી લેશે, કહ્યું છે નારાયણદાસેજી. ૪

પદ — ૬

કાદવ કેરાં કુંભ કોડિયાં, કડૈયા ને કોઠીજી;
છાલાં ને પિયાલાં રૂડાં, લોટા ને વળી લોટીજી. ૧
મહોલ માળિયા ભાતભાતનાં, મેડીઓ બનાવીજી;
ઘટપટાદિક અનેક રચના, માટીની રચાવીજી. ૨
વસ્તુતાએ ધૂળ તણું તે, ધુળ ભેગું થાશેજી;
કાચી કાયા જુઠી માયા, જોતાં જોતાં જાશેજી. ૩
સ્તવર થઈને હરિ ભજીલ્યો, જન્મારો વહી જાશેજી;
બળતામાંથી બુકી લેવું, કહ્યું છે નારાયણદાસેજી. ૪

પદ — ૭

નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવુંજી;

પત્રાવળાને જમી કરીને, બહાર ફેંકી દેવુંજી. ૧
મન ગમતું મુકીને મનવા, હરિ ગમતામાં રહેવુંજી;
દેહ ધર્યો તે સુખ દુઃખ આવે, તેને વેઠી લેવુંજી. ૨
હરિજન ઉપર હેત કરીને, ભૂધરજીને ભજવાજી;
ભક્તિમાં જે વિઘ્ન કરે તે, વેરી જાણી તજવાજી. ૩
બીજાં સર્વે કામ બગાડી, મોક્ષ પંથ સુધારોજી;
દાસનારાયણ હરિ ભજીને, સફળ કરો જન્મારોજી. ૪

પદ – ૮

જન્મ ધરીને શું શું કીધું, શું શું લીધું ભાતુંજી;
વ્હાલમને વિસારી દીધા, કીધી બીજી વાતુંજી. ૧
યમ ધર્મ તે લેખાં લેશે, કાઢી તારું ખાતુંજી;
જોરાવર છે જમના દૂતો, તેની ખાસે લાતુંજી. ૨
કડકડતી કડામાં નાખે, તેલ કરીને તાતુંજી;
અભાગિયા તેં જાણી જોઇને, દુઃખ લીધું વેચાતુંજી. ૩
હરિચરણનું શરણું છોડી, મન મેલ્યું અથડાતુંજી;
દાસ નારાયણ કહે છે હવે, જમપુરીમાં જા તું જી. ૪

રાગ : લાવણી પદ - ૧

મળી બુટોલપુરની માંહી, કહે માયારાણી;
સુણો નિલકંઠ વર્ણીન્દ્ર, સુખદ મમ વાણી. મળી૦ ટેક
કેમ ત્યાગ્યું તમે ઘરબાર, ઉંમર છે છોટી;
નથી જાણી મારા નાથ, વાત છે મોટી. મળી૦ ૧
શોભે સુંદર માથે કેશ, કોમળ છો અંગે;
કેમ વિચરો મહાવનમાંહી, નથી કોઇ સંગે. મળી૦ ૨
કર્યું બંધુવર્ગે અપમાન, ભોજાઇએ મેણું દીધું;
થયો નાની વયમાં વૈરાગ્ય, કુટુંબ તજી દીધું. મળી૦ ૩
લીધો બાળપણામાં ભેખ, જુવાની છે ભારી;



તમો પરણો સુંદર શ્યામ, કે નૌતમ નારી. મળી૦ ૪
થયા તેના સારૂં ખુવાર, ઋષિ મુનિરાયા;
પડયા દેવ તપસ્વી સિદ્ધ, એવી એ માયા. મળી૦ ૫
ગયો સૌભરી કેરો ત્યાગ, એકલશૃંગી લૂંટ્યા;
પડયો નહુષ સ્વર્ગથી સોમ, ગુરૂ એથી ખુટયા. મળી૦ ૬
શિવ બ્રહ્મા ને સુરરાય, નારદ મુખ કાળું;
દશ મસ્તક કેરૂ કુળ, રામે સંહાર્યું. મળી૦ ૭
એમ જાણી પ્રીતમ પ્રાણ, કેમ ન વિચારો;
મુજ વિનંતીને અલબેલ, કરણમાં ધારો. મળ૦ ૮
ગ્રહો કુંવરી મારી દોય, રાજા કરી સ્થાપું;
ઘણા ગામ દંતીને આ, પેદલ હું આપું. મળી૦ ૯
જયારે થાશે જોબન જોર, પછી પસ્તાશો;
મળી કોઇ વેરાગણ નાર, લઇ ભાગી જાશો. મળી૦ ૧૦
મહા મર્મ ભરેલાં વાકય, સુણી સુખધામી;
બોલ્યા શુકજી જેવા કૈક, કરું નિષ્કામી. મળી૦ ૧૧
નવ આવે જોબન જોર પાસ, પસીનો અંગે;
કરું વ્રત દ્રઢ તપ હું નેમ, અતિશે ઉમંગે. મળી૦ ૧૨
છે બંધુ વર્ગમાં સ્નેહ, ભોજાઇ પણ તેવી;
થયો નાની વયમાં વૈરાગ્ય, માયા તજ્યા જેવી. મળી૦ ૧૩
કર્યા અસંખ્ય જીવને નાથે, બહુ નિષ્કામી;
કહે નારાયણમુનિદાસ, ભજો બહુનામી. મળી૦ ૧૪

રાગ ધોળ પદ - ૧

આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઇ ને હું થઇ છું રે ઘેલી. ૧
મહા રે મુનિના ધ્યાનમાં નાવે, તેરે શામળીયોજી મુજને બોલાવે. ૨
જે સુખને ભવ બ્રહ્મા રે ઇચ્છે, તેરે શામળીયોજી મુજને રે પ્રીછે. ૩
ન ગઇ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી. ૪

તપરે તીરથમાં હું કાંઇ નવ જાણું, સહેજે સહેજે હું તો સુખડાં રે માણું. ૫
જયરામ કહે સ્વામી સહેજે રે મળીયા, વાતની વાતે વ્હાલો અઢળક ઢળીયા.

પદ — ૨

મહેર કરી મારે મંદિરે આવ્યા, થાળ ભરી મેં મોતીડે વધાવ્યા. ૧
આનંદ અંગ ન માય મારી બેની, હરિવર ભેટતાં લજ્જારે શાની. ૨
દુરિજન મનરે માને તેમ કહેજો, સ્વામીજી મારા હૃદીયામાં રહેજો. ૩
જે રે જોઇએ તે માગજો માવા, ત્રિકમ તમને હું નહીં દઉં જાવા. ૪
મુખથી તે ઝાઝું શું કહી દાખું, હરિવર મારા હૃદીયામાં રાખું. ૫
કોણરે પુણ્યે વિઠ્ઠલવર પામી, ભલે મળ્યા જયરામના સ્વામી. ૬

પદ — ૩

પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળિયા રે ત્યારે. ૧
નેણે મોહનવર નિરખ્યા જ્યારે, પૂરણ કામ થયું મારું ત્યારે. ૨
પ્રેમ કરી મંદિર પધરાવ્યા, શ્યામ સુંદરવર મનડે રે ભાવ્યા. ૩
નીરખી નારાયણ મૂરતિ જ્યારે, ત્રિવિધ તાપ ટળ્યા મારા ત્યારે. ૪
કેશર ચંદન ચરચ્યું છે ભાલે, હસતાં સુંદર ખાડા પડે છે ગાલે. ૫
કાનમાં કુંડળ મકરાકૃત શોભે, જયરામ કહે મન જોઇ જોઇ લોભે. ૬

પદ — ૪

શિર પર કેશ શોભે અતિ સારા, મોહનવર મારી આંખ્યુંના તારા. ૧
ભ્રકુટી કુટિલ શોભે અતિ સારી, જોઇ જોઇ મોહી સર્વે વ્રજનારી. ૨
હૈયા પર હાર પહેર્યા વનમાળી, ભ્રમર આવે ત્યાં સુગંધને ભાળી. ૩
સ્તન શ્યામ શોભે અતિ સારા, જાણે ઉગ્યા આકાશમાં તારા. ૪
નાભિ નૌતમ ઉંડી છે ભારી, બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી. ૫
જાનુ જુગલ શોભે અતિ સારા, જયરામ કહે દેખે દાસ તમારા. ૬

રાગ : હાલરડું પદ - ૧

અયોધ્યા સરયુતટે સંભળાય, મધુર જળ તરંગ હાલરડું;
છપૈયા ગામ સીમાડે ગવાય, મીઠે સુર પક્ષીનું હાલરડું. અયો૦ ૧



સરવરીયા બ્રાહ્મણ કુળ એ, ધર્મ-ભક્તિને ગૃહ મંદિરિયે;
ઈશ્વરનો અવતાર થાય, ચોઘડિયાં ચલાવે હાલરડું. અયો૦ ૨
સંવત અઢારશો સાડત્રીસ, ચૈત્ર શુદિ નવમીની રાત્રી;
જન્મ્યા રામ રૂપે ભગવાન, ફેલાયું આનંદ હાલરડું. અયો૦ ૩
અપ્સરા ગંધર્વો ત્યાં આવે, નંદનવન ફુલડે વધાવે;
શ્રીજીને પારણિયે પધરાવે, કિન્નરગણ ગાયે હાલરડું. અયો૦ ૪
દેવ દેવી જાહ્નવી જળની, ભરી લાવી સુર્વણ ગાગરની;
કેસરિયાં સ્નાન કરાવે, ગાવે ગવરાવે હાલરડું. અયો૦ ૫
નરનારી બાળ ઉભરાયે, હીરા મોતીની માળા ધરાવે;
ઝરિયાની પોશાક પેરાવે, સુણાવે સુરીલું હાલરડું. અયો૦ ૬
માતા પ્રેમવતી હુલસાવે, નવરત્ને હીંડોળે હીંચાવે;
સોહે ગાવે સકલ સંસાર, સહજાનંદનું હાલરડું. અયો૦ ૭
રાજા રાણી સંત મહંત, દર્શને આવે છે અનંત;
તે તો તરે છે ભવસાગર, સહજાનંદનું હાલરડું. અયો૦ ૮

રાગ ગરબી પદ ૧

માવાના મુગટડાનાં મોતી ઝીણાં, ઝગમગ ઝળકે છે;
ઝગમગ ઝળકે છે, મનોહર મણીયું ચળકે છે. માવાના૦ ટેક.
લીલાં પીળાં રાતાં મોતી, કાળાં ધોળાં કોરે;
મોરકળાએલ મણિયું જડિયું, જોતાં ચિત્તડું ચોરે. માવાના૦ ૧
કાળો કાળો કહાન કોડીલો, તેથી કાળા કેશ;
કાળું કાજળ નેણે સાર્યું, કામળી કાળી મેશ. માવાના૦ ૨
પીળાં પીળાં પીતાંબર ને, પીળો હેમ કંદોરો;
પીળો ખેસ લલાટે પીળો, પીળો કુસુમનો તોરો. માવાના૦ ૩
રાતો કુંકુમ ચંદ્રક ભાલે, રાતા મુખ તંબોળ;
રાતી હાથ હથેળી શોભે, અધર રાતાચોળ. માવાના૦ ૪
લીલી લીલી સુંથણલી ને, લીલો ખભે પટકો;

લીલા રંગની છડી લઈને, કહાન કરે બહુ લટકો. માવાના૦ ૫
ધોળાં ધોળાં મોતીડાં ને, ધોળો ફુલનો હાર;
ધોળા મુખમાં દાંત દેખીને, દાસ હરિ બલીહાર. માવાના૦ ૬

પદ – ૨

નંદના નાનકડાની બંસી રે, મરમાળી બોલે છે,
મરમાળી બોલે છે, પાતાળે શેષજી ડોલે છે. નંદના૦ ટેક.
કંચન મુરલી કહાના તારી, નૌતમ જડિયાં નંગ,
સુણી સારા ઢાળ પરજના, પરવશ થયો પતંગ. નંદના૦ ૧
ઘેરે રાગે પ્યારી લાગે, મધુરસ મુરલી વાગે,
નવલ રંગીલી રાધા રસીલી, આવીને ઉભી આગે. નંદના૦ ૨
હીરા માણેક મોતી પ્રવાળાં, નંગનું ઝળકે નૂર,
મુરલીમાં મણિઓ જડી જાણે, અગણિત ઉગ્યાસુર. નંદના૦ ૩
ચટપટ ચાખડિયુંની ચોટે, કહાનો વેણું બજાવે,
ફુમકડાં ફરફરતાં મેલી, મધુરસ મુરલી ગાવે. નંદના૦ ૪
વિઠ્ઠલ તારી વાંસલડીમાં, નૌતમ નંગ બેસાર્યાં,
ગોપીજનનાં મનડાં મોહ્યાં, ન રહે કોઈનાં વાર્યાં. નંદના૦ ૫
આંટી પગની વાળી ઉભા, રાધાજીની સાથ,
દાસ હરિ કહે દુર્ગપુરમાં, ગુણિયલ ગોપીનાથ. નંદના૦ ૬

રાગ : ધોળ પદ-૧

સંત પારસ ચંદન બાવના, કામધેનુ કલ્પતરુ સાર. સમાગમ સંતનો.
સંત સમજ્યામાં અંતર ઘણો, તરુ પારસ ત્રણ પ્રકાર. સમાગમ૦ ૧
એક ચંદનથી પારસ બને, એક પારસથી હેમ હોય. સમાગમ૦ ૨
એક ચંદનથી વિષ ઉતરે, એક ચંદનથી અગ્નિ ઓલાય; સમાગમ૦૩
એક પારસ લોહને કુંદન કરે, સો વરસે લોહ નવ હોય. સમાગમ૦ ૪
એક તલભાર તાતા તેલમાં, ફરી તેલ તાતું નવ થાય. સમાગમ૦ ૫
સર્વે સેના સુરી નવ જાણવી, સર્વે નારી પતિવ્રતા નોય. સમાગમ૦ ૬


સર્વે ગજ શિર મોતી નવ નીપજે, વને વને અગર નવ હોય. સમા૦ ૭
મૃગે મૃગે કસ્તૂરી નવ નીપજે, નાગે નાગે મણી નવ હોય. સમા૦ ૮
જળે જળે કમળ નવ નીપજે, તેની વિકિત વિચારીને જોય. સમા૦ ૯
જ્ઞાનહીન ગુરુ નવ કીજીએ, વંધ્યા ગાય સેવે શું થાય. સમાગમ૦ ૧૦
કહે પ્રીતમ બ્રહ્મવેત્તા ભેટતાં, મહારોગ સમૂળો જાય. સમાગમ૦ ૧૧

રાગ : ધોળ - ૧

સંગત તેને શું કરે, જઈને કુબુદ્ધિમાં ધરે કાન. સંગત૦ ટેક
મરી કપૂર બેઉ ભેગાં રહેતાં રે, નિરંતર કરી એક વાસ;
તોય તીખાશ એની ન ટળી રે, એની બુદ્ધિમાં નાવ્યો બરાસ. સંગ૦ ૧
ચંદન ભેળો વીંટીને રેતો રે, રાત દિવસ ભોયંગ;
તોય કંઠેથી વિષ ન ગયું રે, એને નાવી શીતળતા અંગ. સંગ૦ ૨
રાણીને દાસી ભેગાં રહેતાં રે, જમતાં નિત્ય કરી પ્રીત;
તોય શાણી સમજી નહીં રે, એને નાવી રાજકુળની રીત. સંગ૦ ૩
મોટો ખર એક બાંધીયો રે, રાજતણી ઘોડ શાળ;
બોલી ઠોલી તો બદલી નહીં રે, ચંદી ખાતોતો હારોહાર. સંગ૦ ૪
દાદુર રહેતો તળાવમાં રે, નિત્ય કમળ સુપાસ;
કલબલ કરતો કીચમાં રે, એને નાવી કમળની સુવાસ. સંગ૦ ૫
પથ્થર રહેતો પાણીમાં રે, ઉંડો કરીને નિવાસ;
પ્રીતમ કહે ટાંકણે તણખા ઝરે રે, એને ન લાગ્યો પાણીનો પાસ. સંગ૦૬

પદ – ૧

સુંદર શ્રીઘનશ્યામ મારા, મનમંદિરમાં આવોરે.
અંતર દાઝી રહ્યું છે વ્હાલા, દર્શનનો દ્યો લ્હાવો રે. સુંદર૦ ૧
અપરાધી છું જનમોજનમનો, દયા હવે કંઇ લાવો રે;
જીઠા જગતમાં ભુલો પડ્યો છું, રસ્તો કંઈક બતાવો રે.સુંદર૦ ૨
પીળાં પીતાંબર જરકસી જામો, મુગટ ધારી આવો રે;
એકવાર પ્રભુ દર્શન આપી, ભક્તિ નાદ ગજાવો રે..સુંદર૦ ૩

રોજ ઊઠી શું કહેવું પ્રભુજી, એક દિવસ તો આવો રે;
દીનદયાળુ દર્શન આપો, શું અમને તલસાવો રે..સુંદર૦ ૪
સ્વામિનારાયણ હૃદયમાં આવો, ત્રિવિધ તાપ શમાવો રે;
હૈયાહીણો આવ્યો આંગણિયે, મારા મનને ભાવો રે..સુંદર૦ ૫

પદ – ૧

શામળા લેજો સંભાળ, હોડી મારી દરીયે ઝુલે છે. ટેક.
મોહ માયાના લોઢ ઉડે છે, દરીયામાં તોફાન અપાર. હોડી૦ ૧
કામને ક્રોધનાં વાદળાં ચડ્યાં છે, ઝેરના વરસે વરસાદ. હોડી૦ ૨
ઝેરના ને વેરના વાવટા ચડ્યા છે, અંતરમાં તોફાન અપાર. હોડી૦ ૩
એકજ ખારવો તુજને ધાર્યો છે, એક મારે તારો આધાર. હોડી૦ ૪
ભક્તિ સ્વરૂપી માલ ભર્યો છે, લઈ જાઓ સામે કિનાર. હોડી૦ ૫
સંત મંડળના સ્વામી શામળિયા, બેડલી ઉતારો પાર. હોડી૦ ૬

પદ – ૧

ભવસાગરનાં નીર તરીને જાવું સામે તીર;
સંતો ભવસાગરનાં નીરજી. ટેક.
આશા તૃષ્ણા નદીને સંગમ ગાજતાં ગંભીરજી;
મનસુબારૂપી લોઢ મોટા, થાવા ન દીએ સ્થિર. સંતો૦ ૧
કામ ક્રોધ ને લોભ મોટા, મગરમચ્છની ભીડજી;
ભામિની રૂપી ભમરીમાંથી, સાચવવું જ શરીર. સંતો૦ ૨
સુરતા રૂપી સઢ ચડાવી, શાંતિ રૂપ સમીરજી;
નાવ હરિના નામ રૂપી, ધારો નાંગળ ધીર. સંતો૦ ૩
ખેવટ જ્ઞાની ગુરુ ગોતી, ધર્મી ધ્યાની ધીરજી;
માવ કવિ કહે તુરત તરશે, સત્સંગી શૂરવીર. સંતો૦ ૪

રાગ : લાવણી પદ - ૧

શ્રીજી અને સહુ સંતો રે, મળી કરજો મારી સહાય;
હું છું તમારે શરણે રે, પુરુષોત્તમ લાગું પાય. શ્રીજી ટેક.



હું અનંત ભવમાં ભટક્યો, આવી ઈયાંરે અટકયો;
ખરી રીતે રાખી ખટકો, છોગાળા કરજો છુટકો રે. પુરુ૦ ૧
નથી ગયો હું ગંગા કાશી, તેણે અંતર નથી ઉદાસી;
નક્કી અક્ષરધામ નિવાસી, મેં ઓળખિયા અવિનાશી રે. પુરુ૦ ૨
મને મળ્યા સહજાનંદ સ્વામી, ભાંગી જન્મોજન્મની ખામી;
નારાયણ છો બહુનામી, ઉગારો અંતરજામી રે. પુરુ૦ ૩
પ્રભુ પૂરણ પ્રજાળી પાપો, સ્થિર અક્ષરધામેં સ્થાપો;
કહે માવદાન દુઃખ કાપો, અમને અક્ષય સુખ આપો રે. પુરુ૦ ૪

રાગ : ધોળ પદ - ૧

આજ સો સો વર્ષોનાં વાણાં વાઈ ગયાં;
તોય જાણે હજુ કાલ સવારની વાત રે; સહજાનંદ સ્વામી.
ગઢપુર જોતાં ને શ્રીજી સાંભરે, (મને ગઢપુર જોતાંને). ટેક.
એનો એ દરબાર એના એ ઓરડા;
એના એ તોરણ ચાકળા હિંડોળા ખાટ રે- સહજાનંદ૦ ૧
એના એ લીંબડો ને અક્ષાર ઓરડી;
એનો એ ગાદી તકીયા રંગત પાટ રે- સહજાનંદ૦ ૨
સાધુ બ્રહ્મચારી પાળાની સાથમાં;
ખાંતીલો આંહી ખેલતા રંગ ખેલ રે- સહજાનંદ૦ ૩
આજ સુનો દરબાર સુના એ ઓરડા;
સુના દીસે આજ ઘેલાનદીના ઘાટ રે- સહજાનંદ૦ ૪
લક્ષ્મીવાડી લાડીલા લાલની;
પોઢ્યા જીયાં પાતળીયો મુજ પ્રાણ રે- સહજાનંદ૦ ૫
ગંગાજળીયે હરિને ગોતીયા;
જળશય્યામાં જોયા જીવનપ્રાણરે- સહજાનંદ૦ ૬
ગુણિયલ મૂર્તિ રે ગોપીનાથની;
દર્શન કર્યે શાન્ત દિલ થાય રે- સહજાનંદ૦ ૭

માગે કર જોડી માવદાનજી;
શ્રીજી સદાય રહેજો મારી સહાય રે- સહજાનંદ૦ ૮

પદ — ૧

આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે;
પ્રેમી ભક્તોની હામું પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-ટેક.
જામનગર યાત્રાનું ધામ છે, સ્વામી મંદિરમાં શ્રી ઘનશ્યામ છે;
દીધો પરચો પોષ સુદી એકાદશી પ્રભુજી. સ્વામિનારાયણ સત્યછે. ૧
વિપ્રકન્યા ઝવેરબાઈ નામ છે, કચ્છ પિયર ને સાસરું આ ગામછે;
ભાવે ભજતી એકલડી નિત્ય પ્રભુજી. સ્વામિનારાયણ સત્યછે. ૨
પૂર્વ કર્મ મટે કેમ ભાવિ, થયો ઝામર ને આંખે ખોટ આવી;
થાય પીડા અંગોઅંગ સહાય કરજો પ્રભુજી. સ્વામિનારાયણ સત્યછે.૩
વૈદ્ય ડોક્ટરોને આંખડી બતાવી, સહુએ ઓપરેશન કરવા સમજાવી;
છેડાવ્રત આજ છુટે લાજ રાખો પ્રભુજી. સ્વામિનારાયણ સત્યછે. ૪
દર્શન એકાદશીને દિન દીધું, વહાલે વનિતાનું રૂપ ધરી લીધું;
ફર્યા પ્રદક્ષિણા પ્રેમી ભક્ત સાથે પ્રભુજી. સ્વામિનારાયણ સત્યછે. ૫
હરિએ નાખ્યું ટીપું નિજ હાથે, મહા અમૃતમય હાથ મુકી માથે;
દુઃખ કાપ્યું સુખ આપ્યું દીનાનાથે પ્રભુજી. સ્વામિનારાયણ સત્યછે. ૬
પ્રેમદાની પીડા સર્વે ટાળી, થયા વનિતા રૂપે વનમાળી;
થયા ભેચક વૈદ્યો આંખ ભાળી પ્રભુજી. સ્વામિનારાયણ સત્યછે. ૭
મૂર્ખલોકો આ વાત નહિ માને, જુઓ આંખે જઈ સાંભળો શું કાને;
ખરી ખાતરી કરી છે માવદાને પ્રભુજી, સ્વામિનારાયણ સત્યછે. ૮

રાગ : પદ - ૧

નીરખી નયણાંને તૃપ્તિ ના વળે રે લોલ - ટેક.
મૂર્તિ માધુરી એની રમ્ય રે, શ્રીજીના સ્નેહ મને સાંભરે રે લોલ;
દયાનાં ભરેલ એનાં દીલડાંરે લોલ, આંખડી ભરેલ અમીરેલ રે. શ્રી૦
ઘોડલે ચડીને ઘેલે પરવરેરે લોલ, ખાંતે ખેલે તે નીરમાંય રે. શ્રી૦



ગઢપુર ગામ કેરે ગોંદરેરે લોલ, ઝંખતી જુએ જન ભીડ રે. શ્રી૦
દાદાને દરબાર દીપતારે લોલ, ઢોલિયો ઢળાવી બેસે બહાર રે. શ્રી૦
ફરતીફળીમાં એક લીંબડીરે લોલ, છાયામાં જામે ભક્તભીડ રે. શ્રી૦
તુલસીની માળા માગી ફેરવેરે લોલ, ખેંચે તોડીને કોઇ દીન રે. શ્રી૦
ગાયે વાજીંત્ર સાથ મંડળીરે લોલ, ચપટી વજાડી વાલો ગાય રે. શ્રી૦
આંટો લઈને અલબેલડોરે લોલ, ફેંટો બાંધીને બને છેલ રે. શ્રી૦
સુણતાં કથા તે હરે બોલતા રે લોલ, ડોલે મગન સુણી મર્મ રે. શ્રી૦
આપી આશિષ રાજી થઈ જતારે લોલ, સંતને ભેટેતે ભરી બાથ રે. શ્રી૦
દયા ધરીને થતા આકળા રે લોલ, દેવાને અન્ન ધન વસ્ત્ર રે. શ્રી૦
ઝડીએ તે બ્રહ્મરસ વર્ષતો રે લોલ, ઝીલીને ઝીલાવે 'વસંત' રે. શ્રી૦

શ્રી ભુજનગરમાં શ્રીજી મહારાજે
લીલા કરી તેનો ગરબો.

હરિ હેતે કરીને સખી આજ રે, ભુજમાં ભૂધરજી;
આવ્યા સંત સહિત મહારાજ રે; ॥ ભુજમાં૦ ૧ ॥
સર્વ ભક્ત તણે મન ભાવ્યા રે, ભુ૦ સામા જઈને મોતીડે વધાવ્યા રે; ભુ૦ ૨
બહુ વાજાં આનંદમાં વાજે રે, ભુ૦ ભેરી ભુંગળ ને પડઘમ ગાજે રે; ભુ૦ ૩
ઝાંઝ પખાજના ઝણકાર રે, ભુ૦ ઢોલ ત્રાંસાં તણો નહી પાર રે; ભુ૦ ૪
ઘણે મૂલે ઘોડે હરિ રાજે રે, ભુ૦ ઢળે ચમર છત્ર બિરાજે રે. ભુ૦ ૫
સહુ દોડીને દર્શને આવે રે, ભુ૦ રુડા પુષ્પે કરીને વધાવે રે; ભુ૦ ૬
શહેર મધ્યે થઈને ઘનશ્યામરે. ભુ૦ આવ્યા સુંદર હીરજીને ધામરે. ભુ૦ ૭
પ્રિત્યે પાટ ઉપર પધરાવી રે. ભુ૦ પૂજ્યા પ્રેમ ઘણો ઉર લાવી રે. ભુ૦ ૮
પછી વિધ વિધના કરી થાળ રે. ભુ૦ હેતે જમાડયા દિન દયાળ રે. ભુ૦ ૯
કામ કાજ કરે નહિ કોઈ રે. ભુ૦ રહે હરિ સામું સૌ જોઈ રે. ભુ૦૧૦
જોઈ સુંદર હીરજીનું હેત રે. ભુ૦ રહ્યા ઘણું ત્યાં સંત સમેત રે. ભુ૦૧૧
ધ્યાન ધારણા સમાધિ કરાવેરે. ભુ૦ ધામગોલોકઆદિ દેખાવેરે. ભુ૦૧૨
એક આવ્યો વેરાગી અનાડી રે. ભુ૦ કરી સમાધિ સૌને દેખાડી રે. ભુ૦૧૩
પછી હરિએ બોલાવ્યાં બાઈ લાધી રે.ભુ૦ તેને તુરત કરાવી સમાધિ રે. ભુ૦૧૪

પછી અંગારા લઈ દિનોનાથ રે. ભુ૦મેલ્યા લાધીબાઈના હાથમાથ રે. ભુ૦૧૫
તેને જોઈને ભાગ્યો વેરાગી રે. ભુ૦ કહે કેમ ખમાય આ આગી રે. ભુ૦૧૬
એવી લીલા કરીને સુખ આપે રે. ભુ૦ સર્વે જન તણાં દુઃખ કાપે રે. ભુ૦૧૭
હરિ હસી હસી હેત જણાવે રે. ભુ૦ કરે વાતું તે મન ઘણી ભાવે રે. ભુ૦૧૮
અતિ રાજી જોઈને દિનોનાથ રે. ભુ૦ હીરજીયે માગ્યું જોડી હાથ રે. ભુ૦૧૯
અમ ઘેર રહો કરી વાસ રે. ભુ૦ બીજે જાવું નહિ અવિનાશ રે. ભુ૦૨૦
જ્યારે રજા રાજી થઈ દઈયે રે. ભુ૦ ત્યારે બીજાને ઘેર જઈ રહીયે રે. ભુ૦૨૧
પછી ભક્ત વત્સલ ભગવાન રે. ભુ૦ રહ્યા તિયાં આપી વરદાન રે. ભુ૦૨૨
પછી સુંદર ને હીરજીભાઈ રે. ભુ૦ થયા રાજી ઘણું મન માંઈ રે. ભુ૦૨૩
કરી વિધ વિધનાં પકવાન રે. ભુ૦ હેતે જમાડે દઈ ઘણું માન રે. ભુ૦૨૪
વળી વસ્ત્ર ઘરેણાં પેરાવે રે. ભુ૦ હાર તોરાને ગજરા ધરાવે રે. ભુ૦૨૫
રહ્યા ત્રિકમ તિયાં બહુ માસ રે. ભુ૦ તોય રજા આપે નહિ દાસ રે. ભુ૦૨૬
પછી પ્રેરણા કરી ઘનશ્યામ રે. ભુ૦ આવ્યો રાનો દિવાન તેહ ઠામરે. ભુ૦૨૭
જગજીવન જાણો એનું નામ રે. ભુ૦ ધર્મદ્વેષીને કર્મ નકામ રે. ભુ૦૨૮
તેની સામા બેસીને ભગવાન રે. ભુ૦ બોલ્યા છાતી કાઢીને વચન રે. ભુ૦૨૯
મુને સર્વેનો ઈશ પ્રમાણો રે. ભુ૦ વળિ રાધારમાનો પતિ જાણો રે. ભુ૦૩૦
સુણી વચન ઉઠી ઉર આગ રે. ભુ૦ પામ્યો કોપ જેમ કાળો નાગ રે. ભુ૦૩૧
કરી ક્રોધ ને ઉઠયો રીસાઈ રે. ભુ૦ થયા ઉદાસી હીરજીભાઈ રે. ભુ૦૩૨
જગજીવન કોપ્યો આવાર રે. ભુ૦ લૂંટી લેશે અમારાં ઘરબાર રે. ભુ૦૩૩
બહુનામી બોલ્યા મુખ તૈયે રે. ભુ૦ ગંગારામને ઘેર કહો તો જઈયેરે. ભુ૦૩૪
બદ્રિનાથ કહે હીરજીભાઈ રે. ભુ૦ મુખે બોલી શક્યા નહિ કાંઈ રે. ભુ૦૩૫

પદ — ૨

શ્યામ સમો જોઈને સધાવ્યા રે, મનમાં વિચારી;
મલ ગંગારામને ઘેર આવ્યા રે. મનમાં૦ ૧
ગંગારામ મહારણધિર રે. મ૦ વળી અતિ ઘણા શૂરવીર રે. મ૦ ૨
તેહ બોલ્યા લાગી હરિ પાય રે. મ૦ મર આવે ત્રિલોકીનો રાય રે. મ૦ ૩
તેને તરણા જેવો કરી દાખું રે. મ૦ કેદી દીન વચન નવ ભાખું રે. મ૦ ૪
તમ સારું હું જીવન પ્રાણ રે. મ૦ કરુ તનમન ધન કુરબાણ રે. મ૦ ૫



એમ કઈને રાખ્યા મેડી માથ રે. મ૦ રહ્યા ચોકીમાં સૌ મલ સાથ રે. મ૦ ૬
લાલ લીલા કરે ત્યાં નવી રે. મ૦ કેતાં થાકે શેષાદિક કવિ રે. મ૦ ૭
નિત્ય ઝુલે હિંડોળે રંગ લેરી રે. મ૦ હરિજન બેસે સહુ ઘેરી રે. મ૦ ૮
એક દિન ભક્ત બહુ આવ્યા રે. મ૦ ભાતભાતનાં ફુલ સહુ લાવ્યા રે. મ૦ ૯
હેતે ઝુલાવા શ્રી ગીરધારી રે. મ૦ બાંધ્યો ફુલ હિંડોળો ભારી રે. મ૦ ૧૦
પછી હરિયે સજ્યા શણગાર રે. મ૦ જોઈ રાજી થયા નરનાર રે. મ૦ ૧૧
પેરી સુંથણલી નવરંગ રે. મ૦ શોભે જામો જરીનો અંગ રે. મ૦ ૧૨
માથે મોળિયું સુંદર રાજે રે. મ૦ હાર તોરા ને ગજરા બિરાજે રે. મ૦ ૧૩
હેમ કડાં ને બાજુબંધ રે. મ૦ સારું શેલુ શોભે છે કંધ રે. મ૦ ૧૪
રૂડો રૂમાલ રેશમી હાથ રે. મ૦ મંદ મંદ હસે મારો નાથ રે. મ૦ ૧૫
બેસી ઝુલે હિંડોળે સુખકારી રે. મ૦ શોભે ત્રિલોકથી છબી ન્યારીરે. મ૦ ૧૬
વાગે વાજાં ને ઉત્સવ થાય રે. મ૦ હરિજન ઉમંગમાં ગાય રે. મ૦ ૧૭
ઢોલ ત્રાંસાં ને શરણાઈ બોલે રે. મ૦ સુણી શેષ પાતાળમાં ડોલે રે. મ૦ ૧૮
આવી છાયાં આકાશે વિમાન રે. મ૦ જોઈ શોભા ભૂલ્યા દેવભાન રે.મ૦૧૯
કરે પુષ્પ વૃષ્ટિ હરિ માથ રે. મ૦ જય જય બોલે સુર સાથ રે. મ૦ ૨૦
તેની ખબર દિવાનને પડી રે. મ૦ મેલ્યો જોવા માણસ તેહ ઘડી રે. મ૦ ૨૧
જોઈ ચાકર ગયો પાછો ફરી રે. મ૦ જેવી દીઠી તેવી વાત કરી રે. મ૦ ૨૨
ગરકાવ થઈને બહુ ફુલે રે. મ૦ પ્રભુ થઈને સહજાનંદ ઝુલે રે. મ૦ ૨૩
સુણી વાતને કોપ્યો અપાર રે. મ૦ તુરત તેડાવ્યો ફોજદાર રે. મ૦ ૨૪
કહે હલ્લાં કરો મલ માથે રે. મ૦ ફોજ લઈને તમે જાઓ સાથે રે. મ૦ ૨૫
મલ ગંગારામનું ઘર લૂંટો રે. મ૦ થાય સામા તેને તમે કુટો રે. મ૦ ૨૬
લાવો ઝાલી સહજાનંદ આંઈ રે. મ૦ તેને પુરીયે બંગલામાંઈ રે. મ૦ ૨૭
એમ કહ્યું તેણે બહુ વેર રે. મ૦ ફોજ આવી ગંગારામને ઘેર રે. મ૦ ૨૮
ગંગારામ લાગી હરિ પાય રે. મ૦ ઉઠ્યા ખડગ લઈ કરમાંય રે. મ૦ ૨૯
બહુ બોલ્યા વચન મુખ ગાજી રે. મ૦ કહે ઉભા રહેજો તમે પાજીરે. મ૦ ૩૦
આજ ટુક ટુક સૌ કરી નાખું રે. મ૦ મર આવે ફોજ બીજી લાખું રે. મ૦ ૩૧
એમ કહીને સામા ગયા દોડીરે. મ૦ વાલે દેખાડ્યા એકના ક્રોડીરે. મ૦ ૩૨

એવું જોઈને સરવે ભાગ્યારે. મ. સિંઘ ફાટ્યાં ને દાઢી મુછ લાગ્યાંરે રે. મ.
જેમ સિંહ આગે શિયાળ રે. મ૦ તેમ ભાગ્યા તે ભુંડે હાલ રે. મ૦ ૩૪
બદ્રિનાથ કહે હરિ દ્વેષી રે. મ૦ જખ મારી રહ્યો પછી બેસી રે. મ૦ ૩૫

પદ – ૩

નાથ નાવા હમીરસર જાય રે, લાલજી લટકાળો;
સંત સહિત તેમાં નિત્ય નાય રે ॥ લાલજી૦ ૧ ॥

ઘાટ પશ્ચિમનો સુખકારી રે. લા૦ તિહાં વડ હતો એક ભારી રે. લા૦ ૨
વાલો વસ્ત્ર ઉતારે જઈ ત્યાંય રે. લા૦ પછી પધારે નિરને માંય રે. લા૦ ૩
જલક્રિડા કરે સુખકંદ રે. લા૦ જોઈ જન પામે આનંદ રે. લા૦ ૪
ભવબ્રહ્મા આવ્યા દેવ ત્યાંઈ રે. લા૦ રહ્યાં આકાશે વિમાન છાઈ રે. લા૦ ૫
નૃત્ય કરી અપસરા ગાવે રે. લા૦ રુડા પુષ્પે પ્રભુને વધાવે રે. લા૦ ૬
સંત સંગે કરે હરિ ખેલ રે. લા૦ છોગાંવાળો છબિલો છેલ રે. લા૦ ૭
સંતદાસ બુડયા તેહ ઠામ રે. લા૦ જઈ નિસર્યા બદ્રિધામ રે. લા૦ ૮
હરિજન શોધે આસપાસ રે. લા૦ થઈ અંતરમાંહી ઉદાસ રે. લા૦ ૯
તેને જોઈને બોલ્યા જીવન રે. લા૦ એ'તો પોચ્યા છે બદ્રિવન રે. લા૦ ૧૦
માટે ચિંતા ન કરો લગાર રે. લા૦ સહુ નીસરો જલથી બાર રે. લા૦ ૧૧
વલિ તેહ ઠામે એક દન રે. લા૦ દિઠા ખાખી ઘણા ભગવાન રે. લા૦ ૧૨
જોઈ દયા હરિને દિલ આવી રે. લા૦ જાણે જમાડીએ કાંઈ લાવી રે. લા૦૧૩
પછી પ્રિતે કહ્યું જઈ ત્યાંઇ રે. લા૦ કાંઈ જમોતો લાવીયે આંઈ રે. લા૦ ૧૪
ત્યારે બોલ્યો મોટો એક બાવો રે. લા૦ ભાવ તમારો હોયતો લાવો રે. લા૦૧૫
પછી પેંડાને બરફી મગાવ્યા રે. લા. વળી સાટા જલેબી ઘણી લાવ્યા રે. લા.૧૬
તેને જોઈ બોલ્યા બહુ બાવારે. લા૦ કુંણ ભક્ત ભાવિક તમે આવા રે. લા૦૧૭
કહો તમારું ગામને નામ રે. લા૦ રૂપ જોઈ લાજે કોટી કામ રે. લા૦ ૧૮
કહે હરિ સુણો નામ કઈયે રે. લા૦ અમે સ્વામિનારાયણ છૈયે રે. લા૦ ૧૯
દેશ પુરવ છપૈયા ધામ રે. લા૦ તેહ જાણો અમારું ગામ રે. લા૦ ૨૦
સુણી બોલ્યા વેરાગી તૈયે રે. લા૦ અમે તમારું તો નહિ લૈયે રે. લા૦ ૨૧
પછી પ્રિતમ આવ્યા શહેરમાંઇ રે. લા૦ મલ ગંગારામ રહે ત્યાંઈ રે. લા૦૨૨



તિયાં પ્રિતેથી મલ બોલાવી રે. લા૦ કહ્યું જમો તમે સહુ આવી રે. લા૦ ૨૩
બોલ્યા ગંગારામ જોડી હાથ રે. લા૦ એમ જમાય નહિ દીનાનાથ રે. લા૦૨૪
જીુવો રમત અમારી તમે રે. લા૦ પછી બેસીને મલ સહુ જમે રે. લા૦ ૨૫
મલ નથુને આંગણે ઓટો રે. લા૦ અતિ સુંદર મનોહર મોટો રે. લા૦ ૨૬
ત્યાં બેસીને મલ રમાડ્યા રે. લા૦ પોતે જમીને સૌને જમાડ્યા રે. લા૦ ૨૭
શ્યામ છબી શોભે સુખકારી રે. લા૦ ભાલ વિશાળ ઝળકે ભારી રે. લા૦૨૮
શિરે સોનેરી પાઘ બિરાજે રે. લા૦ મુખ જોઈ મદન મન લાજે રે. લા૦ ૨૯
નાસાનેણ તિલક છબી જોઈ રે. લા૦ ભવબ્રહ્માદિ દેવ રહે મોઈ રે. લા૦૩૦
દંત દાડમ કળી જેવા કહીયે રે. લા૦ મંદ હાસ જોઈને સુખ લૈયે રે. લા૦૩૧
કાને કુંડળ જડાવના કાજુ રે. લા૦ બાંધ્યા ઝુલ તણા બે બાજુ રે. લા૦ ૩૨
વેઢ વિંટિ કનક કડાં હાથ રે. લા૦સોના સાંકળાં પેર્યાં છે મારે નાથરે. લા૦૩૩
ઓપે અંગો અંગ શણગારરે. લા૦ જોઈ મોહ પામે નરનાર રે. લા૦ ૩૪
શોભે સુંદર છબિ અતિ સારી રે. લા૦ દાસ બદ્રિનાથ જાય વારી ૩૫

પદ – ૪

હરિ હીરજીભાઈને ધામ રે, ભુજમાં ભાવેથી ॥
સારી સભા કરે ઘનશ્યામ રે ॥ ભુજમાં૦ ૧ ॥

તિયાં આવે પુરાણી પંડિત રે. ભુ૦ જોઈ પ્રતાપ થાય ચકિત રે. ભુ૦ ૨
એક દિન ફકીર તીયાં આવ્યો રે. ભુ૦ તેને હેતે હરિએ બોલાવ્યો રે. ભુ૦ ૩
વળી એમ પૂછ્યું અવિનાશ રે. ભુ૦ સાંઈ શું છે તમારી પાસ રે. ભુ૦ ૪
સુણી સાંઈ બોલ્યો જોડી હાથ રે. ભુ૦ એતો કુરાન હે દિનાનાથ રે. ભુ૦ ૫
ત્યારે એમ બોલ્યા ભગવાન રે. ભુ૦ આ બાળક ભણ્યો છે કુરાન રે. ભુ૦ ૬
એનું ખલબલસા છે નામ રે. ભુ૦ રામ રામ રટે આઠુ જામ રે. ભુ૦ ૭
સુણી સાંઈ બોલ્યો તે ટાણે રે. ભુ૦ એ ગભરુ કુરાન કયા જાણે રે. ભુ૦ ૮
પછી હરિયે કરી એને સાન રે. ભુ૦ ત્યારે તુરંત બોલ્યો કુરાન રે. ભુ૦ ૯
સુણી સાંઈ થયો ચકચુર રે. ભુ૦ કહે આતો અલ્લાનું નુર રે. ભુ૦ ૧૦
જાણી હરિને સર્વેના નાથ રે. ભુ૦ નમ્યો વારંવાર જોડી હાથ રે. ભુ૦ ૧૧
એવી લીલા કરી બહુ વાર રે. ભુ૦ કેતાં શેષ પામે નહિ પાર રે. ભુ૦ ૧૨
જીહાં નાતા હરિવર દાડી રે. ભુ૦ તિયાં કરી નવી ફુલવાડી રે. ભુ૦ ૧૩

વળી વડ હતો જેહ ઠામ રે. ભુ૦ કરી છત્રી ત્યાં શોભા ધામ રે. ભુ૦ ૧૪
જીુની વાડીની જગ્યા માંય રે. ભુ૦ બહુવાર બેઠા હરિ ત્યાંય રે. ભુ૦ ૧૫
જયારે જાતા માનકુવે ગામ રે. ભુ૦ ત્યારે તિહાં બેસે જઈ શ્યામ રે. ભુ૦ ૧૬
હરિજન વળાવવા આવે રે. ભુ૦ બહુ પેંડાને બરફી લાવે રે. ભુ૦ ૧૭
તેહ જમી તિહાં જદુનાથ રે. ભુ૦ આપે સૌને પ્રસાદી હાથ રે. ભુ૦ ૧૮
તિહાં છત્રી કરાવી રે પાસે રે. ભુ૦ અતિ ઉમંગે અચ્યુત દાસે રે. ભુ૦ ૧૯
પછી ત્યાંથી ઉઠે અવિનાશ રે. ભુ૦ ચાલે ભેળા વળાવવા દાસ રે. ભુ૦ ૨૦
આગે આવે લિંબ બે ભારી રે. ભુ૦ જેની ઘેરી છાયા અતિ સારી રે. ભુ૦ ૨૧
તેના હેઠે બેસે અવિનાશ રે. ભુ૦ હરિજન બેસે સહુ પાસ રે. ભુ૦ ૨૨
કરી વાત ધિરજ દૈ હરિ રે. ભુ૦ સૌને પાછા વાળે પ્રિત કરી રે. ભુ૦ ૨૩
મલ ત્રિકમજી જેનું નામ રે. ભુ૦ કરી છત્રી તેણે તેહ ઠામ રે. ભુ૦ ૨૪
જણસાલિ તલાવડી કૈયે રે. ભુ૦ તેના મહિમાનો પાર ન લૈયે રે. ભુ૦ ૨૫
તેમાં નાહ્યા હરિ બહુ વાર રે. ભુ૦ તેનો કેતાં આવે નહી પાર રે. ભુ૦ ૨૬
વળી તિહાં બેસીને દયાળ રે. ભુ૦ બહુવાર જમ્યા હરિ થાળ રે. ભુ૦ ૨૭
જીહાં બેસી જમ્યા ગિરધારી રે. ભુ૦ તિહાં કરી છે છત્રી સારી રે. ભુ૦ ૨૮
જીહાં નાતા નિત્યે નર નાટ રે. ભુ૦ તિહાં બાંધ્યો છે સુંદર ઘાટ રે. ભુ૦ ૨૯
ઘાટ બંધાવ્યો દૈ જેણે દામ રે. ભુ૦ જણસાલી ટોપણ તેનું નામ રે. ભુ૦ ૩૦
જેમાં નાહ્યા જઈ અવિનાશ રે. ભુ૦ તેમાં સર્વે તીરથ નો વાસ રે. ભુ૦ ૩૧
માટે મોટું તીરથ એ જાણો રે. ભુ૦ સાચી પ્રતિત ઉરમાં આણો રે. ભુ૦ ૩૨
મારી મતિ તણે અનુસાર રે. ભુ૦ ગાયા ગરબા કરી મેં પ્યાર રે. ભુ૦ ૩૩
જેહ ગાશે ગરબા ભાવભરી રે. ભુ૦ વળી સાંભળશે પ્રિત કરી રે. ભુ૦ ૩૪
તેના ઉપર રાજી હરિ થાય રે. ભુ૦ દાસ બદ્રિનાથ એમ ગાય રે. ભુ૦ ૩૫

*ભુજમાં કરેલ લીલાનું વર્ણન. રાગ : લાવણી પદ - ૧*

ભુજમેં આયે ભયહારી (૨)
ભક્તિનંદ જગવંદ ગુણ, ગાવે અતી ભારી. ભુજ૦ ૧
પ્રીત કરી પુરુષોત્તમ આપે (૨)
પહેલે પ્રીતમ પ્રાંન ભાંન સમય, કીર્તિ મન ભાયે. ભુજ૦ ૨



વાજતે ગાજતે જન ધાયે (૨)
કરી દંડ પરણામ પ્રીતસો, પુરમેં પધરાયે. ભુજ૦ ૩
નારી નર દેખનકું આયે (૨)
નિરખી નૌતમ નાથ માથ, નાઈ પદમેં હરખાયે. ભુજ૦ ૪
લાવ સબ લોકનકો લીનો (૨)
અવિનાશાનંદ કે આયે ઉતારે, યશ ડંકો દીનો. ભુજ૦ ૫

પદ – ૨

હીરજી સુંદરજી ભાઈ.(૨)
નિજ સદન વૃષનંદન રાખે, સુખકંદન સુખદાઈ. હીરજી૦ ૧
ભક્તકો ભાવ જાની ભારી(૨)
આપ રહે ઘનશ્યામ ધામ તેહી, સંતત સુખકારી. હીરજી૦ ૨
કરે નિત લીલા રંગલેરી (૨)
ચારુ ચપલ ચિત્તચોર દેખનકું, આયો જન શહેરી. હીરજી૦૩
મેહેરી દો આયે હરિ પાસે (૨)
ગહેરી બાંની ઘનશ્યામ સુનીતેહી, તન કંપે ત્રાસે. હીરજી ૦ ૪
પ્રેમમેં પુલકીત ભયે ભારી (૨)
શાંમ છબી લખી સંતત, અવિનાશાનંદ બલિહારી. હીરજી૦ ૫

પદ – ૩

કહું એક બાત તે વિસ્તારી (૨)
અસુર નામ જગજીવન ઉપદ્રવ, કરત હે અતિભારી. કહું૦ ૧
એક દિન સુંદરજી પાસે (૨)
આયે સો મતિમંદ ફંદમેં, દુષ્ટ મલીન આસે. કહું૦ ૨
આયકે પુછત સો બાની (૨)
કવન ઠોર ઘનશ્યામ રહતહે, અસુરન દુઃખદાની. કહું૦ ૩
સુની તેહી બાની સુખકારી (૨)
આઈ બૈઠ સનમુખ ઢીગ તેહી, ભક્તન ભયહારી. કહું૦ ૪

કૌન તું કહાવત હો સ્વામી (૨)
અવિનાશાનંદ કે નાથ કહત હે, બાની સુખધામી. કહું૦ ૫

પદ – ૪

સુનહું મંદ મૂરખ વામી (૨)
સબ સુખદાયક નાયક મૈંહું, સબહી નામ નામી. સુન૦ ૧
રાધિકા રમા આદિ કોટિ (૨)
સંતત મમ પદ સેવત અગણિત, સો ઉપમા છોટી. સુન૦ ૨
તે કારણ સબકો મેં કાવું (૨)
જુગ જુગમેં જનહીત ધરી તન, ધરણી પર આવું. સુન૦ ૩
દુષ્ટકે મદ ગંજન કરહું (૨)
તુમ જેસે કે જગમેં તેહી કારણ, મૈ તનું ધરહું. સુન૦ ૪
બાની સુની સુખદાની ભારી (૨)
અવિનાશાનંદ કે ગયો દુષ્ટ, ગ્રહ ક્રોધ ઉર આની. સુન૦ ૫

પદ – ૫

ઉપદ્રવ જાની જગસ્વામી (૨)
વિદા માગી સુંદરસે ચલે જન, મન પુરન હામી. ઉપ૦ ૧
મલ્લ ગ્રહ આયે મહારાજા (૨)
નામ હે ગંગારામ ધામ નિજ, રાખે શિરતાજા. ઉપ૦ ૨
રાખે હરિ શિર સાટે સોઈ (૨)
ગિનત ન મનમેં શંક આવે મર, છત્રપતિ કોઈ. ઉપ૦ ૩
હલ્લા કરી ભેજી હરિ પાસે (૨)
મલ્લ ભયે સન્મુખ ગહન દલ, દહન કરન આસે. ઉપ૦ ૪
મલ્લ લખી વંક વીર ભારી (૨)
અવિનાશાનંદ કે ભાગે ભયજુત, અસુર ભયે ખ્વારી. ઉપ૦ ૫

પદ – ૬

કછુક દિન ગયે જાની જબહી (૨)



નિજ કૃત પાયો ફલ સો પાપા, બાત કહું સબહી. કછુ૦ ૧
અડર મન ડરત નહિ સોઈ (૨)
ચતુર રાહ બીચ હટિયાં તાપર, બૈઠો ખુશ હોઈ. કછુ૦ ૨
આરબકી બેરખ ત્યાં આઈ (૨)
લેન દેન કે કારન ધમકી, ઘાવ મારે ધાઈ. કછુ૦ ૩
ટુકટુક કટકાહી કીના (૨)
તલ તલ સમ સબ તનકા પાની, હોકાકા પીના. કછુ૦ ૪
મુદીત ભયે સબજન મન જોઈ (૨)
અવિનાશાનંદ કે નીરખી હરખી, દેવ મગન હોઈ. કછુ૦ ૫

રાગ : લાવણી પદ - ૧

ભયહરિ ભુજમેં આયે, રાજ અધિરાજા;
સુખ સાગર સુંદર શ્યામ, કામ કર કાજા. ભય૦ ૧
સહજાનંદ સ્વામી નામ, ધામકે ધામી;
કલી હરન કરન કલ્યાણ, ચરાચર સ્વામી. ભય. ૨
જીન મરજીમેં અજ ઈશ, શીષ પદ નાવે;
ગુન ગાવે શારદા શેષ, પાર નહિ પાવે. ભય૦ ૩
કારન જગ કરતા એક ધરા ધર્મ ધરતા;
ભય હરતા ભરતા ભક્ત, જક્ત અઘ જરતા. ભય૦ ૪
અવતારી આપ અનંત, સત્સંગ ફરતા;
અવિનાશાનંદ કે સાર, કામ મદ હરતા. ભય૦ ૫

પદ – ૨

ભય ભંજન ભુજમેં ભ્રાજ, આજ અવતારી;
વૃષનંદન ફંદન હરન, કરન સુખ ભારી. ભય૦ ૧
અંજન બીજુ અંજન નેન, મને મદહારી;
સુખદેન સેન સંતાપ, હરન નરનારી. ભય૦ ૨
જરી જાત સકલ પરિતાપ, પાપ અવલોકી;

સુખ પાવત સંત સયાન, ભાન જીમી કોકી. ભય૦ ૩
ભયદાયક સાયક સંત, અંત અવતારી;
જન તેરન કારન જાત, બાત બિસ્તારી. ભય૦ ૪
જનસદન સદન જગનાથ, સાથ લઈ સંતા;
અવિનાશાનંદ કે આઈ, ફિરત ભગવંતા. ભય૦ ૫

રાગ : ગરબી પદ - ૧

દર્શન દેજો રે સહજાનંદ સ્વામી, કરુણાના સાગરરે હરિ
અંતરજામી ટેક.
ભક્તિ ધર્મ સુત શ્રી પુરુષોત્તમ, મહા પ્રભુ કરજો સહાય;
ભક્તવત્સલ હરિ બીરુદ તમારું, તે જો ન વિશરાય;
રહ્યો હું તો શરણે રે શીષ નામી- દર્શન૦ ૧
શરણાગત વત્સલ તમે સમર્થ, અનેક ભુવનના ઈશ;
કરુણા દૃષ્ટિ કરો મુજ ઉપર, પ્રાણ પતિ જગદીશ;
વિસરીમાં જાજો રે, દાસને બહુનામી - દર્શન૦ ૨
ભક્ત કલ્પતરુ ભક્ત પતિ તમો, મહેર કરો મહારાજ;
સમર્થને એ વાત છે સહેલી, તેણે સરે અમારાં કાજ;
થાઉં હું તો સુખીઓ રે, પ્રભુ તમને પામી- દર્શન૦ ૩
દર્શન કારણ મન તલપે છે, નથી રહેતી હૈયે ધીર;
તે માટે વિનંતી કરી કહું છું, સુણજો શ્યામ શરીર;
હવે તો ઘણી થઈ છે રે, કશી ન રહી ખામી- દર્શન૦ ૪
અવગુણ ચિત્ત ધરશો નહીં, મારા નિજ જનના પ્રતિપાળ;
ગુણ સાગર નિજ ગુણ સંભારી, દર્શન દેજો દયાળ;
આશા મારી પુરો રે, હરિ અક્ષરધામી- દર્શન૦ ૫
બીજી આશા તજી મેં, નથી કરી અતિ પ્રીત;
તમ વિના જે જે માયિક સુખ, તે તો સર્વે અનિત;
એવું મેં વિચારી રે, મતિ મારી વિસામી- દર્શન૦ ૬



હે હરિકૃષ્ણ ! હે હરિકૃષ્ણ ! હે સ્વામિનારાયણ નામ;
શ્રી સ્વામિનારાયણ શ્રી નિલકંઠ સાંભળજો શ્રીઘનશ્યામ;
હાથ જોડી કહું છું રે, થઈ હું તો નિષ્કામી- દર્શન૦ ૭
યુગ યુગ પ્રગટ થઈ જન કેરાં, કાજ કરો કિરતાર;
શુક મુનિની એ છે વિનંતી, સુણજો કરી વિચાર;
તો અમારાં દુઃખડાં રે, સર્વે જાય વામી- દર્શન૦ ૮

રાગ : ધોળ પદ - ૧

વારંવાર મનુષ્ય તન નાવે, જ્ઞાન વિના તે તું વ્યર્થ ગુમાવે;
દેવને દુર્લભ દેહ મનુષ્યનો, અધિક પુન્યવંત પ્રાણી પાવે. વારં૦ ૧
ભરતખંડની ભૂમિકા ભારી, જોગ અમુલખ ફેર ફેર નાવે. વારં૦ ૨
ચિંતામણી મય દેહ મનુષ્યનો, વેદ પુરાણ ગીતા એમ ગાવે. વારં૦ ૩
મૂઢ મતિને રતિ નવ સુજે, સઠ પુરુષને તે શું સમજાવે. વારં૦ ૪
સુત વિત દારા માલખજીના, અંત વખત કછું કામ ન આવે. વારં૦ ૫
અવિનાશાનંદના નાથનું નિત્ય, ભજન કરો તો ભવદુઃખ જાવે. વારં૦૬

રાગ : ધોળ પદ - ૧

કરીશું નિત્ય બહુ આનંદ, હમારાનાથ સહજાનંદ. ટેક.
દયાલુ છો બહુ વિખ્યાત, દીસો સૌ સ્થળે સાક્ષાત્;
પ્રસન્ન રહે તો જ આનંદ કંદ. હમારા૦ ૧
કરીશું પ્રાર્થના એની, હમારે ભીડ છે જેની;
અરે છે એજ પરમાનંદ. હમારા૦ ૨
કૃપાળુ અન્ન વસ્ત્ર આપે, હમારાં દુઃખડાં કાપે;
પડ્યો નથી ભક્તિમાં કદી મંદ. હમારા૦ ૩
મનુષ્યનો દેહ તો દીધો, બતાવ્યો મોક્ષપંથ સીધો;
નકામા શું કરો આક્રંદ. હમારા૦ ૪
બધા બ્રહ્માંડનો છે નાશ, લેછે જ્યાં સુધી સો શ્વાસ;
પ્રકૃતિ કાર્ય છે લય વંત. હમારા૦ ૫

જેને આધાર તમારો છે, પછી તેને ભય કોનો છે;
કહે છે મુનિ પ્રેમાનંદ. હમારા૦ ૬

શરણ પદ ૧

શ્રીજી મહારાજ માગું શરણ તમારું,
શરણ તમારું માગું શરણ તમારું. શ્રીજી૦ ૧
અખંડ છતાં મુરારી, આપ થયા અવતારી;
મનુષ્ય લીલા બતાવી, ગુણ શાં ઉચ્ચારું. શ્રીજી૦ ૨
પ્રગટ પ્રભુ પીછાન્યા, ધન્ય ભાગ્ય મારાં;
મળ્યા સહજાનંદ સ્વામી, અદ્યમ ઉધાર્યા. શ્રીજી૦ ૩
રામ રૂપે રાવણ માર્યો, કૃષ્ણરૂપે કંસ સંહાર્યો;
નારાયણનું નામ જ લેતાં, અજામેલ તાર્યો. શ્રીજી૦ ૪
ગઢડું ગોકુળ સમ કીધું, ઘેલા નીરપ્રેમે પીધું;
દાદા ખાચરને દીધું, મોક્ષપદ પ્યારું. શ્રીજી૦ ૫
ભગવતસુત કહે છે પ્રીતે, પ્રભુ ભજીલ્યો રૂડી રીતે;
ભવજળ તરવાનું, નાવ છે આ સારું. શ્રીજી૦ ૬

રાગ : ધોળ પદ - ૧

છોટી ઉંમરમાં માવજી રે, મેલી ચાલ્યા ઘરબાર રે;
શામળીયા છેલ છપૈયે પધારજો રે. ટેક.
પ્રભાતે પ્રભુજી પધારિયા રે, અધમનો કરવા ઉદ્ધાર રે. શામ૦ ૧
વનની વાટે વાલો ચાલિયા રે, આણી અંતરમાં ઉંમગ રે. શામ૦ ૨
પગમાં પહેરી નહિ મોજડી રે, અંગરખી નહિ અંગ રે. શામ૦ ૩
એકા એકી ચાલી નીસર્યા રે, જોવા રહ્યા નહીં જોડ રે. શામ૦ ૪
સુતાં સંબંધીને મેલીયાં રે, પૂરા કર્યા નહિ કોડ રે. શામ૦ ૫
સખા શોધે ઘનશ્યામને રે, દિલમાં થઈ દીલગીર રે. શામ૦ ૬
ક્યાંય મળ્યા નહિ માવજી રે, નેણે વહે સહુને નીર રે. શામ૦ ૭
રામપ્રતાપ રૂએ ઘણું રે, ભાભી રૂએ ઘરમાંહી રે. શામ૦ ૮



છોટા બંધુ ઈચ્છારામજી રે, રૂએ કહી કહી ભાઈ રે. શામ૦ ૯
શ્યામને શહેરમાં શોધિયા રે, શોધિયા હાટ બજાર રે. શામ૦ ૧૦
અન્ન જળ કોઈ જમે નહિ રે, નેણે વહે જળધાર રે. શામ૦ ૧૧
વનમાં વસે ઘણા દીપડા રે, સિંહ સૂવર શિયાળ સાપ રે. શામ૦ ૧૨
તેથી બીશો મારા વાલમા રે, પાછા વળી આવો બાપ રે. શામ૦ ૧૩
તમ વિના સહુ દુઃખિયાં રે, સગાં કુટુંબ પરિવાર રે. શામ૦ ૧૪
પેલાં પ્રીતમ સુખ આપીયાંરે, આસમે દુઃખનો નહી પાર રે. શામ૦૧૫
માતા વિના દુઃખી બાળકો રે, નીર વિના જેમ મીન રે. શામ૦ ૧૬
આંખ્યો વિના દુઃખી આંધળો રે, તમવિના સૌ એમ દીન રે.શામ૦ ૧૭
રાત દિવસ નાવે નિંદરા રે, દીલમાં બહુ દુઃખ થાય રે. શામ૦ ૧૮
બદ્રિનાથ કહે તમ વિના રે, પળ તે કલ્પ સમ જાય રે. શામ૦ ૧૯

રાગ : જંગલો પદ - ૧

જનુની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી;
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી. જનુ૦ ૧
ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યા કઠણ વચનજી;
રાજ સાજ સુખ પરહરી, વેગે ચાલીયા વનજી. જનુ૦ ૨
ભલો રે ત્યાગ ભરથરીતણો, તજી જેણે સોળસેં નારજી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં બારજી. જનુ૦ ૩
ઊઠી ન શકે ઊંટીયો, બહુ બોલાવ્યો બાજંદજી;
તેને દેખીને ત્રાસ ઉપજ્યો, લીધી ફકીરી છોડ્યા ફંદજી. જનુ૦ ૪
એવા વૈરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયા અનેકજી;
ભલા ભૂંડા અવની ઉપરે, ગણતાં ન આવે છેકજી. જનુ૦ ૫
કયાં ગયું કુળ રાવણ તણું, સગર સુત સાઠ હજારજી;
ન રહ્યું નાણું રાજા નંદનું, સરવે સ્વપ્ન વ્યવહારજી. જનુ૦ ૬
એવા છત્રપતિ ચાલી ગયા, રાજ મુકી રાજનજી;
દેવ દાનવ ને માનવ મુનિ, સરવે જાણો સુપનજી. જનુ૦ ૭

સમજી મુકો તો સારું ઘણું, જરૂર મુકાવશે જમજી;
નિષ્કુળાનંદ કહે નહીં મટે, સાચું કહું ખાઇ સમજી. જનુ૦ ૮

પદ — ૨

જંગલ વસાવ્યો જોગીએ, તજી જેણે તનડાની આશજી;
વાત ન ગમે આ વિશ્વની, આઠો પહોર ઉદાસજી. જંગલ૦ ૧
સેજ પલંગે પોઢતા, મંદિર ઝરૂખા માંયજી;
તેને નહીં તૃણ સાથરો, રહેતા તરુતળ છાંયજી. જંગલ૦ ૨
શાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામાજી;
તેણે રાખી કંથા ગોદડી, સહે શિર શીતને ઘામજી. જંગલ૦ ૩
ભાવતાં ભોજન જમતા, અનેક વિધનાં અન્નજી;
તેરે માગવા લાગ્યા ટુકડા, ભિક્ષા ભુવન ભુવનજી. જંગલ૦ ૪
હાજી કહેતા હજારૂ ઉઠતા, લાવતા લશ્કર લાવજી;
તે નર ચાલ્યા એકલા, નહીં પેજારૂં પાયજી. જંગલ૦ ૫
રહો તો રાજા રસોઇ કરું, જમતા જાઓ જોગીરાજજી;
ખીર નિપજાવું ક્ષણું એકમાં, તે તો ભિક્ષાને કાજજી. જંગલ૦ ૬
આહાર કારણ જે ઉભો રહે, કરી એકની આશજી;
તેરે જોગી નહીં ભોગી જાણવો, અંતે થાશે વણાશજી. જંગલ૦ ૭
રાજ સાજ સુખ પરહરી, જે જન લેશે જોગજી;
ધન રે દારામાં તે નહીં ધસે, રોગ સમજાણો ભોગજી. જંગલ૦ ૮
ધન્ય એ ત્યાગ વૈરાગ્યને, તજી જેણે તનડાંની આશજી;
કુળ રે તજી નિષ્કુળ થયા, તેનું કુળ અવિનાશજી. જંગલ૦ ૯

પદ — ૩

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીયે કોટી ઉપાયજી;
અંતર ઊંડી જે ઇચ્છા રહે, તે તો કેમ તજાયજી. ત્યાગ૦ ૧
વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂરજી;
ઉપરનો આછો બન્યો, માંહી મોહ ભરપૂરજી. ત્યાગ૦ ૨



કામ ક્રોધ મદ લોભનું, જયાં લગી મૂળ ન જાયજી;
સંગ પ્રસંગે તે ઉપજે, જ્યારે જોગ ભોગનો થાયજી. ત્યાગ૦ ૩
ઉષ્ણ ઋતે અવની ઉપરે, બીજ નવ દીસે બહારજી;
ઘન વરસે વન પાંગરે, એમ ઇંદ્રિ વિષે વિકારજી. ત્યાગ૦ ૪
ચમક દેખીને લોહ ચળે, એમ ઇન્દ્રિય વિષય સંયોગજી;
અણભેટે રે અભાવ છે, ભેટે ભોગવશે ભોગજી. ત્યાગ૦ ૫
ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અર્થજી;
તે વર્ણ વર્ણ આશ્રમથી, અંતે કરશે અનર્થજી. ત્યાગ૦ ૬
ભ્રષ્ટ થયો રે જોગ ભોગથી, જેમ બગડયું દૂધજી;
ગયું રે ઘૃત મહિ માખણથી, આપે થયું અશુદ્ધજી. ત્યાગ૦ ૭
પળમાં જોગી પળમાં ભોગી, પળમાં ગૃહીને ત્યાગીજી;
નિષ્કુળાનંદ કહે એ નરનો, વણસમજ્યો વૈરાગ્યજી. ત્યાગ૦ ૮

પદ — ૪

હું બલિહારી એ વૈરાગ્યને, ઉપન્યો જેને અંગજી;
ચૌદ લોકને જે ચતુરધા, ન ગમે સુખનો સંગજી. હું૦ ૧
સુખ ન ઇચ્છે તે સંસારનું, સમજે સપના સમાનજી;
વાત ગમેરે વૈરાગ્યની, તનસુખ ત્યાગવા તાનજી. હું૦ ૨
દુ:ખી દેખે આ દેહને, રહે રાજી તે મનજી;
અનર્થનું એ આગાર છે, એમ જાણી ન કરે જતનજી. હું૦ ૩
રાત દિવસ રૂદિયામાંહી, વરતે એમ વિચારજી;
હું કોણ ને જઇશ કીયાં, કરું તેનો નિરધારજી. હું૦ ૪
કરું ઉપાય હવે એહનો, ડોલી દેશ વિદેશજી;
કોઇ રે ઉગારે મને કાળથી, સોંપું તેને લઇ શીષજી. હું૦ ૫
રહે આતુરતા અંતરે ઘણી, દેખી દેહ અનિત્યજી;
સુખ ન માને આ સંસારનું, ન કરે કોઇ શું પ્રીતજી. હું૦ ૬
એવો વિચાર આવ્યા વિના, ન હોય તન સુખ ત્યાગજી;

ઉપરનો લાગે રે લજામણો, વગોણા સરખો વૈરાગ્યજી. હું૦ ૭
હરિ ગુરુ દેવ દયા કરી, આપે એહ વિચારજી;
નિષ્કુળાનંદ કહે નિઃશંક થઇ, સહેજે તરીયા સંસારજી. હું૦ ૮

પદ – ૫

પ્રથમ વૈરાગ્ય જેને પ્રગટે, તજે સકળ સંસારજી;
રાજ સાજ સુખ સંપત્તિ, મેલે માલ ભંડારજી. પ્રથમ૦ ૧
અસન વસન ભુષણ સજ્યા, એથી ઉતારે મનજી;
અંતર વૈરાગ્ય જેને ઉપજે, તજી ભુવન ઇચ્છે વનજી. પ્રથમ૦ ૨
સપ્ત ધાતુ સુવર્ણ લગી, વાંચ્છે નહીં તે વાસણજી;
ગ્રામ્ય ભોગ તે ગમે નહીં, ઇચ્છે અરણ્યમાં આસનજી. પ્રથમ૦ ૩
માત તાત સુત સંબંધી, તજે ભગીની ને ભાઇજી;
નારી ન દીઠી ગમે નયણે, ત્રોડે સૌથી સગાઇજી. પ્રથમ૦ ૪
એટલાં તજી નર નીસરે, વળતા લીએ વેશજી;
સુખ દુઃખ સહે શરીરને, દેખે દેશ વિદેશજી. પ્રથમ૦ ૫
પછી થાકી બેસે કોઇ સ્થાનકે, જોઇ સુંદર જાગ્યજી;
નિષ્કુળાનંદ કહે એ નરનો, વળતો ન રહે વૈરાગ્યજી. પ્રથમ૦ ૬

પદ – ૬

વૈરાગ્યને રે વિઘ્ન ઘણાં, તાકી રહ્યાં તૈયારજી;
માન મોટાઇ ઇચ્છે મારવા, છોડવા ધન નારજી. વૈરાગ્ય૦ ૧
ઉપરના રે અભાવથી, ટકે નહિ કેદી ટેકજી;
પાંચ વૈરી પ્રચંડ છે, અધિક એકથી એકજી. વૈરાગ્ય૦ ૨
ખાતાં પીતાં સૂતાં જાગતાં, વસવું વેરીને વાસજી;
જોતાં સુણતાં બોલતાં, તેનો કરવો તપાસજી. વૈરાગ્ય૦ ૩
તપાસ્યા વિના જે ત્યાગીયું, હોડે કરી હૈયા જોરજી;
તે કોઇ દાડે કચવાઇને, કાંઇ ભાંગશે ભુરજી. વૈરાગ્ય૦ ૪
અંતર ઊંડા અભાવથી, કરીએ તન મન ત્યાગજી;



પછી ભરીએ પગલાં, તો ન વણસે વૈરાગ્યજી. વૈરાગ્ય૦ ૫
સાચે કારજ સર્વે સરે, કાચે રાચે નહિ રામજી;
નિષ્કુલાનંદ કહે ન કીજીએ, વણ સમજી એ કામજી. વૈરાગ્ય૦ ૬

પદ – ૭

વૈરાગ્ય વિતે એ વાણી વદે, લોકો સમજે નહિં લેશજી;
મોટા સંતની સેવા કયાં મળે, એમ આપે ઉપદેશજી. વૈરાગ્ય૦ ૧
તન ધન વસન વતે, સેવા સાધુની કીજેજી;
વિધવિધનાં વ્યંજન શું, રૂડી રસોઇયું દીજેજી. વૈરાગ્ય૦ ૨
આગે સાધુને અર્પિયાં, સુત વિત્ત ઘર ને બારજી;
એવા ભક્ત લખાણા ભક્તમાળમાં, દેખ્યા દિલના ઉદારજી. વૈરાગ્ય૦૩
આજ સાધુને આપતાં, કાંરે મુંઝાય મનજી;
સુત કલત્ર કારણે, દાડી ખરચો છો ધનજી. વૈરાગ્ય૦ ૪
અમે રે ત્યાગી સર્વે ત્યાગિયું, ત્યાગ્યાં રાજને પાટજી;
તમારા કલ્યાણને કારણે, સંત બતાવે વાટજી. વૈરાગ્ય૦ ૫
એ વણસ્યા વૈરાગ્યની વાતડી, સુણો સૌ નરનારજી;
નિષ્કુળાનંદ એ નરનું, કેમ પડશે પારજી. વૈરાગ્ય૦ ૬

પદ – ૮

જેનું રે મન વન વાંછતું, અતિ રહેતા ઉદાસજી;
તે રે તાક્યા વસ્તીએ વસવા, બાંધી સૌ સાથે આશજી. જેનું૦ ૧
જેને રે ગમતી જીર્ણ કંથા, જેવું તેવું જળઠામજી;
તેણે રે રંગ્યાં રૂડાં તુંબડાં, ગમતાં વસ્ત્ર માગે ગામોગામજી. જેનું૦ ૨
રસ રહિત અન્ન ઇચ્છતા, દેવા દેહને દંડજી;
તેનેરે જોઇએ તીખાં તમતમાં, ખાવા ખીર ને ખાંડજી. જેનું૦ ૩
જેને રે જાગ્ય આગ લાગતી, ગમતું નહીં શય્યા ઘરજી;
તેને રે આસનથી ઉઠાડતાં, જાણે જગાડયો મણિધરજી. જેનું૦ ૪
પોતાનો પરિવાર પરહરી, ચાલ્યો એકીલો આપજી;

તેણે રે કર્યો સ્નેહ શિષ્ય શું, લીધો પરનો સંતાપજી. જેનું૦ ૫
ઓછી સમજણે જે આદરે, કાચો થકો જે કોયજી;
નિષ્કુળાનંદ કહે એ નરનું, અંતે એમજ હોયજી. જેનું૦ ૬

રાગ : જંગલો પદ - ૧

સ્વપ્નું સમજો રે આ સંસારને, દુઃખ દરીયો વિશાળજી;
પડ્યા પાછા નવ નીસરે, કોટિ વાર ગળે કાળજી. સ્વપ્નું૦ ૧
માત તાત સુત યુવતી, સૌ સ્વારથીયો સાથજી;
કામ સાધી કોરે રહે, દેવે જમડાને હાથજી. સ્વપ્નું૦ ૨
સગાં સંબંધી સહુ મળી, મોટો કીધો આપી માનજી;
વેગે ચડ્યો વહેવારને, ભૂલ્યો ભક્તિનું ભાનજી. સ્વપ્નું૦ ૩
અશ્વ વેલ્યું પલંગ પાલખી, હાથી હિંડોળા ખાટજી;
મેલી જાવું જીવને એકલા, મારું માનો શા માટજી. સ્વપ્નું૦ ૪
મહોલ ઝરૂખા માળીયા, રૂડી રંગીત મેડીજી;
તેને મેલાવી જમ મારતા, તુરત લઈ જાશે તેડીજી. સ્વપ્નું૦ ૫
ખાન પાન સુખ સેજમાં, રહેતા હૈયે હુલાસજી;
દયાનંદ કહે હરિ ન ભજ્યા, થયા નરક નિવાસજી. સ્વપ્નું૦ ૬

પદ – ૨

વિષય વિકાર જેણે કીધલા, તેને દુઃખ અપારજી;
ત્રિવિધ તાપની ઝાળમાં, બળે ગરજુ ગમારજી. વિષય૦ ૧
ધન નારીની ઘણી ધાખડી, રાત દિવસ હૃદે ધારીજી;
શ્વાન શુકર પેરે બોલતા, ગયા નર તન હારીજી. વિષય૦ ૨
દીપક દેખી પતંગિયાં, પડી તન જાળે જેમજી;
રૂપવંતી નારીઓ નીરખી, નર નાશ પામે તેમજી. વિષય૦ ૩
દેશ વિદેશે ડોલીને, ધને ભર્યા ભંડારજી;
તોય તૃષ્ણા જેની નવ ટળે, ઉલટી વાધે અપારજી. વિષય૦ ૪
ભોગ સંસારી ભોગવી, કોઈ તૃપ્ત ન થાયજી;



ઈન્દ્રિયો ઊંડી અપાર છે, વિષય નીરે ન ભરાયજી. વિષય૦ ૫
ખોટામાં મન ખોડીયું, વૈરાગ્ય વાત ન વિચારીજી;
દયાનંદ કહે એવા નર, ચાલ્યા અવસર હારીજી. વિષય૦ ૬

પદ – ૩

વૈરાગ્ય વસેરે જેના ઉરમાં, બળતો લાગે સંસારજી;
અરુચિ રહે સદા અંતરે, મિથ્યા માયિક વિચારજી. વૈરાગ્ય૦ ૧
નારીને ગણે રે નિશ્ચે નાગણી, સગાં શત્રુ સમાનજી;
વહેવાર વિખ સમ ત્રેવડે, પ્રભુ ભજવામાં તાનજી. વૈરાગ્ય૦ ૨
રમણિક પદાર્થે રાજી નહીં, કરે દેહ નિરવાહજી;
ચૌદ લોકમાં ચિત્ત નહીં, હરિ ચરણની ચાહજી. વૈરાગ્ય૦ ૩
માયિક ભોગ મિથ્યા ગણે, કોઈને ચિંતવે ન ચિત્તજી;
હરિમૂરતિમાં એક મન રહે, વૈરાગ્યવંતની એ રીતજી. વૈરાગ્ય૦ ૪
અષ્ટસિદ્ધિ નવ નિધિને, અંતર ઈચ્છે ન લેશજી;
મુક્તિ ચતુર્ધા મેલીને, હરિ સેવે હંમેશજી. વૈરાગ્ય૦ ૫
જ્ઞાને યુક્ત વૈરાગ્યની, વાત લેજો વિચારીજી;
દયાનંદ કહે જેને ઉપજે, તેને થાય સુખ ભારીજી. વૈરાગ્ય૦ ૬

પદ – ૪

પ્રીતે ભજો રે પરિબ્રહ્મને, સ્વામી સહજાનંદજી;
નિજ આત્મારૂપ માનતાં, થાય અતિ આનંદજી. પ્રીતે૦ ૧
કાળનું ભક્ષ સર્વે જાણીને, કીટ બ્રહ્મા પર્યંતજી;
હરિજન હરિ પ્રતાપથી, રહે નિરભે નિશ્ચિંતજી. પ્રીતે૦ ૨
નિજ નજર કટાક્ષથી, વિશ્વ ઉપજે અનંતજી;
પાળે હરે તેને પળમાં, એવા મોટા ભગવંતજી. પ્રીતે૦ ૩
પરાત્પર જેને કહે, વેદવાણી પોકારીજી;
તે અક્ષરવાસી વ્હાલમો, વિચરે નરતનું ધારીજી. પ્રીતે૦ ૪
સમર્થનું શરણ ગ્રહી, નબળા થાય બળવંતજી;

કામાદિક શત્રુ જીતીને, બને શૂરવીર સંતજી. પ્રીતે૦ ૫
કોટિ સાધન કરે સામટાં, તોય ન મળે શ્યામજી;
દયાનંદ કહે ભેટી ભક્તને, લઈ જાયે નિજ ધામજી. પ્રીતે૦ ૬

રાગ : ધોળ પદ - ૧

દાટ્યો રહેને ચોર દૈવના, શું મુખ લઈને બોલેજી;
સ્વારથ કારણ શ્વાનતણી પેરે, ઘર ઘર ફરતો ડોલેજી. ૧
આતમ સાધન કાંઈ ન કીધું, માયામાં ભરમાણોજી;
લોક કુટુંબની લાજે લાગ્યો, સઘળેથી લુંટાણોજી. ૨
પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જોયુંજી;
કોડી બદલે ગાફલ કુબુદ્ધિ, રામરતન ધન ખોયુંજી. ૩
વિષય વિકાર હૈયામાં ધારી, વિસાર્યા મોરારીજી;
મૂરખ તે આમે દશ મહિના, જનની ભારે મારીજી. ૪
સંત પુરુષની સોબત ન ગમે, ભાંડ ભવાઈમાં રાજીજી;
બ્રહ્માનંદ કહે નર તન પામી, હાર્યો જીતી બાજીજી. ૫

પદ – ૨

પ્રભુ ભજ્યા વિના ગાફલ પ્રાણી, આમેં ઉંમર ખોઈજી;
મેડી મંદિર માલ ખજીના, કામ ન આવે કોઈજી. ૧
માયા માયા કરતો મૂરખ, તૃષ્ણામાંહી તણાણોજી;
લોક તણી લજ્જાનો લઈને, કોટે બાંધ્યો પાણોજી. ૨
ઉંચે કુળ અવતાર લઈને, કહે શું સારું કીધુંજી;
લખ ચોરાશી કેરું લગડું, માથે તાણી લીધુંજી. ૩
જીવ તણું કાંઈ જતન ન કીધું, મન માયામાં મોહ્યુંજી;
રાત દિવસ તત્પર થઈ રળીયો, ઠાલું નીર વલોવ્યુંજી. ૪
લોક કુટુંબમાં મોટો થાવા, કામ બગાડ્યું તારુંજી;
બ્રહ્માનંદ કહે રે પ્રાણી, હજી સમજ તો સારુંજી. ૫



પદ – ૩

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી;
અસંખ્ય ગયા ધન સંપત્તિ મેલી, તારી નજરું આગેજી. ૧
અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી;
જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી. ૨
જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલેજી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી. ૩
મનમાં જાણે મુજ સરીખો, રસિયો નહીં કોઈ રાગીજી;
બારે તાકી રહી બીલાડી, લેતાં વાર ન લાગીજી. ૪
આજ કાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશેજી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંતે ફજેતી થાશેજી. ૫

પદ – ૪

મનુષ્ય દેહ ધરીને મૂરખ, તેં શું કરી કમાણીજી;
શ્વાનતણી પેર ફરતો ડોલ્યો, બોલ્યો મિથ્યા વાણીજી. ૧
પેટ ભર્યાનો ઉદ્યમ કીધો, રાત દિવસ ધન રળીયોજી;
નરતનનું માહાત્મ્ય નવ જાણ્યું, પશુ જાતિમાં ભળીયોજી. ૨
માત પિતા સુત બંધવ મેરી, અંતે નહીં કોઈ તારાંજી;
આવરદા હરવાને કાજે, સર્વે મળ્યાં ધુતારાંજી. ૩
સગાં કુટુંબી સહુ મળીને, લુંશી ચુંશી લીધોજી;
છેલ્લી વારે સ્વાર્થ સાધી, જમને આગે દીધોજી. ૪
કાગળ ઘડી ઘડીના કાઢી, લેખાં જમડા લેશેજી;
બ્રહ્માનંદ કહે સૌ વાંસેથી, કાંઈ ન માણ્યો કહેશેજી. ૫

પદ – ૫

દશ મહિના માના ઉદરમાં, ઉંધે માથે ઝુલ્યોજી;
જઠરા અગ્નિની ઝાળે દાઝ્યો, તે દહાડા કેમ ભૂલ્યોજી. ૧
આળા ચર્મતણા પેટમાંહી, આઠ પહોર અકળાતોજી;

રાત દિવસ મળ ભીંતર રહેવું, મળનો રસ તું ખાતોજી. ૨
ખાટું ખારું માતા ખાતી, તેની થાતી પીડાજી;
કોમળ જાણી બહુ કરડતાં, કરમિયાં ને વળી કીડાજી. ૩
ગર્ભતણા દુઃખમાં ઘેરાણો, ત્રાહી ત્રાહી તું કરતોજી;
કોલ દઈને બહારે આવ્યો, ત્રાસ હૈયે નથી ધરતોજી. ૪
છેલ થઈ મરડાતો ચાલ્યો, જેમ કીધું તેમ ફાવ્યુંજી;
બ્રહ્માનંદ કહે હરિ ભજ્યા વિના, એ દુઃખ આગે આવ્યુંજી. ૫

પદ – ૬

જે તન દેખી છક્યો ડોલે, તે તું દેખ વિચારીજી;
નખ શિખ સુધી નિંદ્યા જેવું, શી માંહી વસ્તુ સારીજી. ૧
માંસ રૂધિર તે માંહી ભરીને, ઉપર મઢીયું આળુંજી;
મોહ તણે વશ થઈને, મૂરખ દેખે છે રૂપાળુંજી. ૨
હાડ તણા પગ હાથ બનાવ્યા, કટકા કટકા સાંધીજી;
તે માંહી દૃઢ મમતા તુજને, એ શી આવી આંધીજી. ૩
ઉદરમા આંતરડાં ભરીયાં, આવે ગંધ નઠારીજી;
રગરગમાં રોગે વિટાણું, મળમૂત્રની ક્યારીજી. ૪
ટળતાં એને વાર ન લાગે, આદિ અંતનું ખોટુંજી;
બ્રહ્માનંદ કહે એ સારું, તેં કામ બગાડ્યું મોટુંજી. ૫

પદ – ૭

બાળપણું તે જીવ અજ્ઞાની, ખબર વિનાનું ખોયુંજી;
સારું ભૂંડું કાંઈ ન સુંઝ્યું, રમતમાં મન મોયુંજી. ૧
જુવાનપણું જુવતીમાં ખોયું, ધનને અરથે ધાયોજી;
મનમાં જાણે મુજ સરીખો, નથી જગતમાં ડાહ્યોજી. ૨
વૃદ્ધપણામાં ચિંતા વાધી, હાથ પગ નવ ચાલેજી;
ઘરનાં માણસ કહ્યું નવ માને, એ દુઃખ અંતર સાલેજી. ૩
ભાળે નહી રોગે ભેલાણો, પડિયો લાંબો થઈનેજી;



જમના કિંકર ગરદન ઝાલી, ચાલ્યા જોરે લઈનેજી. ૪
ઠાલો આવ્યો ભૂલો બૂઢો, કાંઈ ન લઈ ગયો સાથેજી;
બ્રહ્માનંદ કહે જમપુરી કેરૂં, મહા દુઃખ લીધું માથેજી. ૫

પદ – ૮

પશુ તણી પંક્તિ મેલાવી, દેહ મનુષ્યની દીધીજી;
અનંતકાળ રળવડતો જોઈને, કરુણા અતિશે કીધીજી. ૧
જળ્યો નહીં જઠરા અગ્નિમાં, રાખ્યો તાપ નિવારીજી;
તે હરિને તું ભૂલ્યો પામર, ધિક્ ધિક્ સમજણ તારીજી. ૨
જીવાડ્યો જેનો જીવે છે, અન્ન જળ જેણે દીધુંજી;
જ્યાં ત્યાં તારી રક્ષા કીધી, તેનું ભજન ન કીધુંજી. ૩
કુડ કપટ અતિ તૃષ્ણા કરી કરી, માયા કષ્ટે મેળીજી;
પામર હૈયે વિચારી જોને, કોડી નાવે ભેળીજી. ૪
સમજુને અર્થે શિખામણ, કહી છે હેત કરીનેજી;
બ્રહ્માનંદ કહે નિશદિન સમરો, શ્વાસોચ્છ્વાસ હરિનેજી. ૫

રાગ : લાવણી પદ - ૧

જગતમેં જીવના થોરા, મ ભૂલે દેખી તન ગોરા;
ખડા શિર કાળ સા વેરી, કરેંગા ખાખકી ઢેરી. ૧
કરમકું સમજકે કરના, શિરે નિજ ભાર ના ભરના;
કાગદ નિકસતહી જબહી, કઠિન હે બોલના તબહી. ૨
નહિ ત્યાં સગા કોઈ અપના, અગનકી ઝાલમેં તપના;
લેખાં જમરાજ જબ કરહી, કીયે કૃત ભોગને પરહી. ૩
બ્રહ્માનંદ કહત હે તુમકું, ન દીજે દોષ અબ હમકું;
પોકારે પિટકે તાલી, જાયેગા હાથ લે ખાલી. ૪

પદ – ૨

સમજ બે મૂઢ મતિહીના, મનુષ્યતનું પાય ક્યા કીના;
ભજ્યા નહીં કૃષ્ણકું કબહી, આયુષ તેરી બીત ગઈ સબહી. ૧

બાલાપન ખેલમેં બીતા, હરિકા ભજન નહીં કીતા;
યુવાપન ત્રિયા સંગ ખોયા, બુઢાપન નિર્બલા હોયા. ૨
પિતા અરૂ માત સુત નારી, માયાકી ફાંસી હૈ ભારી;
ઘોડા અરુ બેલ રથ હાથી, નહીં કોઇ અપના સાથી. ૩
બ્રહ્માનંદ કહત સત્ય બાની, ચલી યહ જાત જિંદગાની;
તાતે તું ચેતરે અંધા, જગતકી જાલમેં બંધા. ૪

પદ – ૩

સાહેબકું ભૂલકે બંદે, તેં ગાફલ હો રહા ગંદે;
ખઝીના પાપકા કીના, ધરમકા રાહ નહીં ચીના. ૧
કેતા દિન કરેગા મોજું, ચડી હૈ કાલકી ફોજું;
પકડકે લીયા કે લીતા, જાયગા હાથ લે રીતા. ૨
ઘરે રહે ધામ ધન ધરણી, ત્રિયા રહે આપકી પરણી;
ઘરે રહે છોકરા છોરી, લે જાવે ડાર ગલે દોરી. ૩
બ્રહ્માનંદ કહત હે સાચી, તામેં તિલભાર નહીં કાચી;
સબનકું છોડકે જાના, જમનકા માર શિર ખાના. ૪

પદ – ૪

અજ્ઞાની સમજ ક્યા સૂતા, જમનકા ખાયગા જુતા;
તહાં શિર ધુની પછતાવે, ધની બીન કોન છોડાવે. ૧
લિયા નહીં સંતકા શરના, શીખ્યા એક ઉદરકા ભરના;
રહા પરનારીસેં રાજી, ગઇ સબ હાથસેં બાજી. ૨
માયા અતિ પાપસેં જોડી, ચલે નહીં સંગ એક કોડી;
આગે તો કઠીન હે રસ્તા, જાયગા હાથકું ઘસતા. ૩
બ્રહ્માનંદ કહત હે ભાઇ, ભજો હરિ ચરન લે લાઇ;
મિટે સબ જન્મકા ફંદા, કરે જો મહેર વ્રજચંદા. ૪

રાગ : ગરબી પદ - ૧

નારાયણ નામ લેને તું પ્રાણી રે, બદ્રિનાથ પ્રગટ જગ જાણી. ના૦



નરદેહ દીધો તુંને નાથેરે, હોય ધન તો વાવર તારે હાથે રે;
પડ્યું રહેશે નાવે કોડી સાથે. નારાયણ૦ ૧
ગર્ભવાસે રક્ષા કીધી તારી રે, લીધો જઠરા અગ્નિથી ઉગારી રે;
બેઠો તેને તું કેમ વિસારી. નારાયણ૦ ૨
વિના સમજે કે'છે મારું મારું રે, ધન કાજ ભમે મન બારું રે;
તારે હાથ નથી તન તારું. નારાયણ૦ ૩
મિથ્યા સુખમાંહી તું ભરમાણોરે, બાંધ્યો લોકલજ્જા ગળેપાણોરે;
જાય છે તૃષ્ણાને પૂરે તણાણો. નારાયણ૦ ૪
કાયા માયા છે જો તારી કાચી રે, તેને રંગે રહેજેમાં તું રાચીરે;
બ્રહ્માનંદ કહે વાત સાચી. નારાયણ૦ ૫

પદ – ૨

બદ્રિપતિ નાથનું લેને શરણુંરે, મટે મહાદુઃખ જન્મને મરણું બદ્રિ૦
તાકે પરધન ને પરનારી રે, નથી ભજતો તું દેવ મોરારીરે;
આગે શી ગતિ થાશે તારી. બદ્રિપતિ૦ ૧
રહે છે મન રે માયામાં રાજી રે, જુઠું બોલે ને મમતા ઝાઝીરે;
દેખી કોઇનું રૂડું મરે દાઝી. બદ્રિપતિ૦ ૨
નહિ આવે ભેળાં સુત દારા રે, મેલી મેડી ને મંદિર સારાં રે;
કરવા જંગલ માંહી ઉતારા. બદ્રિપતિ૦ ૩
ફરી બાંધ કમર ટાળ્ય ફેલી રે, થાને તત્પર આળસ મેલી રે;
બહુનામી થાશે તારા બેલી. બદ્રિપતિ૦ ૪
કર પ્રીત તું સંત સમાજે રે, જેમાં પ્રગટ હરિ નિત રાજે રે;
બ્રહ્માનંદ કહે તારે કાજે. બદ્રિપતિ૦ ૫

પદ – ૩

ઓળે બદરીનાથને તું રે'ને રે, નર સહિત નારાયણ કેને. ઓળે૦
જમ હાથે જરૂર તારે જાવો રે, પછે થાશે તુંને પસ્તાવો રે;
પ્રાણી અવસર નહીં મળે આવો. ઓળે૦ ૧

ક્ષેત્ર સબળ સમાર્યા તે ખેડી રે, ધર્યા રહેશે મંદિર ને મેડી રે;
હાલી જાય છે જોને તારી હેડી. ઓળે૦ ૨
દેખી ફુલીશમાં તન ગોરે રે, હું હું ઠાલું કરછ હોરે હોરે રે;
નિત કાળ આવરદાને ચોરે. ઓળે૦ ૩
દીલ પાપ થકી તું ડરજે રે, ઝાઝો ભાર માથે મત ભરજે રે;
કર્મ સમજી વિચારીને કરજે. ઓળે૦ ૪
ચિત્ત ચડાવમાં બોત તોફાને રે, કથા પ્રભુની સાંભળજે તું કાને રે;
બ્રહ્માનંદનું કહ્યું સત્ય માને. ઓળે૦ ૫

પદ – ૪

પ્રાણી નરદેહ સુંદર પામીરે, ભજ નર ને નારાયણ સ્વામી. પ્રાણી૦
સાચા સંતને શરણે તું રહેને રે, દયા આણીને અન્ન જળ દેને રે;
તારો જન્મ સુફળ કરી લેને. પ્રાણી૦ ૧
ભવતારણ જગપતિ ભેટી રે, મેલી લોકની લાજ સમેટીરે;
બાંધ પ્રેમ તણી કસી પેટી. પ્રાણી૦ ૨
સાચા સંતને સંગે કરીને રે, દૃઢ અંતર ધીર ધરીને રે;
ભજ પ્રગટ પ્રમાણ હરિને. પ્રાણી૦ ૩
લાગ્યું જમનું વાંસે તારે લારુંરે, લેશે આવીને સાંજે સવારુંરે;
માટે કર તારા જીવનું સારું. પ્રાણી૦ ૪
મેણું અનંત જન્મનું ઉતારે રે, હવે જીતી બાજી મત હારે રે;
બ્રહ્માનંદનું કહ્યું હૈયે ધારે. પ્રાણી૦ ૫

પદ – ૧

મારી અવિચળ ચૂંકને રાખજો, મારી ચૂડીનો ભંગ ન થાય;
માગું વર નાથજી . . . ટેક.
રહે કેસર પીર લલાટમાં, રહે સેંથો ચાંદલો સદાય. .માગું૦ ૧
મારે ઘેર રહે સંત સામટા, નિત્ય ગુણ તમારા ગાય. માગું૦ ૨
સત્સંગી મળી દેશોદેશના, આવે ઉત્સવ કરવાને આંય. માગું૦ ૩



મારે ઘેર રહો ઘનશ્યામજી, મારી સંપત્તિ તમ અર્થે થાય. માગું૦ ૪
રાજપાટ ને ગામગરાસ છે, ભુવન સહિત તમારાં કહેવાય. માગું૦ ૫
જયા લલિતા રમાને પંચાળી, તેને સમજુ હું મુક્ત સમાન. માગું૦ ૬
અમોસૌ મળી તમને સેવીએ, ધરીએ અખંડ તમારું ધ્યાન. માગું૦ ૭
કરો મંદિર મોટું મારે આંગણે, રહો પ્રેમથી પ્રાણઆધાર. માગું૦ ૮
તેમાં મૂર્તિ પધરાવો વાસુદેવની, તમો પાડોશી થાઓ કરી પ્યાર. માગું૦૯
વળી આલોકની સુખ સંપત્તિ, શ્રીજી આપી પૂરા કરો કોડ. માગું૦૧૦
દુરિજનનું મેણું ઉતારજો, પ્રભુ આપજો પુત્રની જોડ. માગું૦૧૧
અભયસુતને સુખી રાખજો, રહે અખંડ અભય પરિવાર. માગું૦૧૨
અભયવંશ સદા તવ ઉપાસી, એ માગું છું હું ધર્મકુમાર. માગું૦૧૩
વળી અભયસુત પહેલાં મુજને, શ્રીજી આપજો અક્ષરવાસ. માગું૦૧૪
એવી વાણી સુંણી જસુબાઈની, વર આપો કહે યુગલદાસ. માગું૦૧૫

ગોપીનાથજી મહારાજનું પદ – ૧

આજ સહજાનંદ મળિયા રે, શ્રી ગઢપુરમાં(૨)ગોપીનાથ ઉરમાં આ૦૧
મસ્તક ઉપર પાઘ પેચાળી, આંખડલી અણીયાળીરેગઢ. આ૦ ૨
કેશર તિલક શોભે છે ભાલે, મનડાં હર્યાં છે વહાલેરેગઢ. આ૦ ૩
કાનમાં કુંડળ કંચન કળીએ, હાથે વેઢ દશઆંગળીએરેગઢ. આ૦ ૪
હૈડા ઉપર હાર હજારી, ગુણવંતા ગિરધારીરેગઢ. આ૦ ૫
હીરા માણેક મોતીની માળા, હેમકડાં રૂપાળાંરેગઢ. આ૦ ૬
શોભે છે રાતી હાથ હથેળી, મનરંજન રૂપાળીરેગઢ. આ૦ ૭
કરમાં શોભે છે સોટી સારી, રંગીલી મૂર્તિ તારીરેગઢ. આ૦ ૮
સોનેરી વાઘા શોભે છે સારા, ધર્મતણા દુલારારેગઢ. આ૦ ૯
ઘુંટી ગોળપીંડી પાતળીઓ, ચરણે પહેરી ચાખડીઓરેગઢ. આ૦ ૧૦
શ્રી હરિ કેરી મૂર્તિ સારી, જાય નરસિંહ બલિહારીરેગઢ. આ૦ ૧૧

રાગ : આશાવરી પદ - ૧

વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે;

પરદુઃખે ઉપકાર કરેતોય, મન અભિમાન ન આણે રે. વૈષ્ણવ૦ ૧
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ,કાય મન નિશ્ચલ રાખે , ધન્યધન્ય જનની તેની રે. વૈષ્ણવ૦ ૨
સમદ્રષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન ન ધરે હાથ રે. વૈષ્ણવ૦ ૩
મોહ માયા વ્યાપે નહી જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળીરે લાગી, સકળ તીરથ તેના તનમાં રે. વૈષ્ણવ૦ ૪
વણલોભી ને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ ઈકોતેર તાર્યા રે. વૈષ્ણવ૦ ૫

રાગ : ધોળ પદ - ૧

નાહી ધોઈને પોઢીયા રે, તિલક કીધાં ભાલ;
વરના જાનૈયા સહુભરાઇ રહ્યારે, માથે નાખ્યો અબીલ ગુલાલ;
બાળા વરની પાલખી. ટેક.
ચોરી તે બાંધી ચોકમાં રે, છાણાં લાવ્યા બે ચાર;
ગળ પાપડી દેખી કુતરાં રે, મનમાં ઘણાં મલકાય. બાળા૦ ૧
લીલા તે વાંસની પાલખીરે, તેના ઉપાડનાર જણ ચાર;
માથે તે બાંધ્યાં ભીનાં પોતિયાં રે, મુખે રામરામ કરતા જાય. બા૦ ૨
આગળ ચાલ્યાં લાકડાં રે, પાછળ ચાલી આગ;
જમાઈ ચાલ્યા સાસરે રે, એની સાસુને હરખ ન માય. બાળા૦ ૩
તોરણ તણખા ઉડીયા રે, માંડવ લાગી લાય;
ઉઠ સાસુ શંખણી રે, તારો જમાઈ આવ્યો બહાર. બાળા૦ ૪
પે'રામણીમાં લાકડાં રે, મસાણ ગામનું નામ;
લાલબાઈની દીકરી રે, ચિતાકુંવરી એનું નામ. બાળા૦ ૫
જમાઈરહ્યા સાસરે રે, જાનૈયા આવ્યા ઘેર;
ટકો પૈસો સહુ ખાઈ ગયા રે, વીવા કીધો છે રુડી પેર. બાળા૦ ૬
બાર ઘડા બાર કોડિયાં રે, ઉપર પૈસો રોક;



જઈને કહો વરના બાપને રે, હવે તાણીને મેલે પોક. બાળા૦ ૭
જીવને જમડા લઈ ગયા રે, દેહના કીધા તે હાલ;
નરસૈયાના સ્વામી ઓળખ્યા રે, તેતો ઉતરિયા ભવપાર. બાળા૦ ૮

રાગ : ગરબી પદ - ૧

દીનાનાથ દયાળુ નટવર હાથ મારો મૂકશોમાં. ટેક.
હાથ મારો મૂકશોમાં હાથ મારો મૂકશોમાં. દીનાનાથ૦ ૧
આ મહાભવસાગરે, ભગવાન હું ભૂલો પડ્યો છું;
ચૌદલોક નિવાસી ચપલા, કાંત આ તક ચુકશોમાં. દીનાનાથ૦ ૨
આધાર પ્રભુ એક આપનો, સાધન વિષે સમજું નહિ;
ભક્તિ તમારી ચાહું છું, ઘનશ્યામ નામ ચુકાવશોમાં. દીનાનાથ૦ ૩
માત તાત સગાં સહોદર, જે કહું તે આપ મારે;
હે કૃપામૃતના સરોવર, દાસ સારૂં ચૂકશોમાં. દીનાનાથ૦ ૪
શરણ કેશવલાલને છે, શ્રી ઘનશ્યામ તમારું;
અખિલ જગત આધાર વહાલા, ખોટે મશે પણ ખુટશોમાં. દીના૦ ૫

ગઝલ કવાલી

સ્વામિનારાયણ નામ હે ભારી, લીયો સબ પ્રેમસે ધારી;
મહિમા નામકો ભારી, અધમ કોટિ લીયે તારી. ૧
અજામીલ કર્મ કયા કીના, નહિં કછું દાન ભી દીના;
કેવલ હરિ નામકો લીના,દીયા જમ પાશસે ટારી. ૨
રહી શબરી અધમ જાતિ, રટન હરિ નામકું ભારી;
જંગલસે બોર બીન આતી, હૃદયમેં રામકું ધારી. ૩
રસોઇ કર્મ તો કરતી, બીના ચોકે બનાતીથી;
પ્રભુ પ્રેમે જમાતીથી, લગી જગદીશકો પ્યારી. ૪
ડુબે ગજરાજ જબ જળમેં, પડે વહ ઝુડકે છળમેં;
પુકારે નામકો દીલમેં, હરિ ગોવિંદ ગિરધારી. ૫

રાગ : ધુધવડો પદ - ૧

તમે ભાવે ભજીલ્યો ભગવાન, જીવન થોડું રહ્યું,
કંઈકઆત્માનું કરજો કલ્યાણ, જીવન થોડું રહ્યું.ટેક.
એને દીધેલ કોલ તે ભૂલી ગયા, જાુઠી માયાના મોહમાં ઘેલા થયા;
ચેતો ચેતો શું ભુલ્યા છો ભાન. જીવન૦ ૧
બાળપણ જાુવાનીમાં અરધું ગયું, નહિ ભક્તિ મારગમાં પગલું ભર્યું ;
હવે બાકી છે તેમાં ઘો ધ્યાન. જીવન૦ ૨
પછી ગઢપણમાં ગોવિંદ ભજાશે નહિ, લોભ વૈભવ ધન તજાશે નહિ;
બનો આજથી પ્રભુમાં મસ્તાન. જીવન૦ ૩
જરા ચેતીને ભક્તિનું ભાતુ ભરો, કાંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો;
છીંએ થોડા દિવસના મેમાન. જીવન૦ ૪
બધા આળસમાં દિવસો વીતી જશે, પછી ઓચિંતું યમનું તેડું થશે;
નહિ ચાલે તમારું તોફાન. જીવન૦ ૫
એજ કહેવું આ દાસનું દિલમાં ધરો,ચિત્ત રાખી ઘનશ્યામને સ્નેહે સ્મરો;
ઝાલો ઝાલો ભક્તિનું સુકાન. જીવન૦ ૬

સ્વામિનારાયણ મહામંત્રનું પદ.

સ્વામિનારાયણ મહામંત્રગમે, અહો રાતદિવસ મારા દીલમાં રમે. ટેક.
વ્હાલે છપૈયાધામમાં જન્મધરી, વર્ણી વેષે હીમાચળે તપ કરી;
હરિએ લાખો મુનિઓની મુક્તિ કરી. . સ્વામિનારાયણ૦ ૧
વ્હાલે ગુરુરામાનંદથી દીક્ષા લીધી, કચ્છ ગુજરાત સૌરાષ્ટ્રે લીલા કીધી;
પ્રભુએ ભક્તોની ભ્રાંતિ મીટાવી દીધી. . સ્વામિનારાય૦ ૨
વ્હાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું, ધર્મ જ્ઞાન વૈરાગ્યનું પાત્ર ઠર્યું;
પરા ભક્તિ બતાવી કલ્યાણ કર્યું. . સ્વામિનારાયણ૦ ૩
વ્હાલે કૃપાકરી શિક્ષાપત્રી દીધી, એમાં ચારે પુરુષાર્થની સિદ્ધિચીંધી;
એ છે સર્વે સત્સંગીની નૌતમ નિધી. . સ્વામિનારાયણ૦ ૪
વ્હાલા પ્રત્યક્ષ સત્સંગમાં વિચરો, માધવતિર્થની પ્રાર્થના ઉરમાંધરો;



શ્રીજી દર્શન દઈને પાવન કરો. . સ્વામિનારાયણ૦ ૫

॥ જગબંધનની ઝેલ ॥

જુઓને આ જગબંધનની જેલ, તેને તોડવી મુશ્કેલ - ટેક.
પ્રેમદા ને પૈસો પગમાં, બેડીયું જડેલજી;
સંતાન રૂપી હાથ કડીયું, ભીંસીને ભીડેલ. . .જુઓને૦ ૧
વૈભવ રૂપી કીલો રચીયો, મોહના દ્વાર દીધેલજી;
તૃષ્ણારૂપી તાળું વાસ્યું, આશાની કુંચીએ દીધેલ. .જુઓ૦ ૨
લોભ માન ને ક્રોધરૂપી, સજ્જડ પેરો મુકેલજી;
કામ રૂપી જેલર આડો, આઠે પહેર ઉભેલ. . .જુઓને૦ ૩
એ જેલને તોડવા સારું, મોટા મોટા મથેલજી;
સૌભરી પરાશર જેવા ભાગ્યાતા, પણ પાછળથી પકડેલ. .જુઓને૦ ૪
એ જેલને તોડવાનો છે, ખરાખરીનો ખેલજી;
દયાનંદ કે પ્રગટ પ્રભુના, શરણથી છે સહેલ. . જુઓને૦ ૫

રાગ : પ્રભાતી પદ - ૧

આવો રે વાલાજી હું તો તારા, મોળીડા પર મોઈ રે;
વાલાજી લાગો છો વા'લા, તમને રહી છું જોઈ રે. આવો૦ ૧
લટકંતી ચાલ રૂડી, મીઠાં મીઠાં વેણાં રે;
રસિયોજી જોઈને ઠરે છે, મારાં નેણાં રે. આવો૦ ૨
આંખડલી રૂપાળી વાલા મુને, કામણીયાં કરે છે રે;
મધુર મધુર હસવું તે, પ્રાણને હરે છે રે. આવો૦ ૩
મંદિર પધારો મારે, શ્યામ પટ ધારી રે;
તન મન ધન લઈને, પ્રેમસખી વારી રે. આવો૦ ૪

પદ — ૨

વા'લા તમ સાથે મારે, પ્રીતડી બંધાણી રે;
જનમ સંગાથી મારા, સ્નેહી તમને જાણી રે. વાલા૦ ૧
લોકડીયાંની લાજ મેલિ, કુટુંબથી તોડિ રે;

શામળીયા સ્નેહિ વા'લા મેં તો, તમસાથે જોડી રે. વાલા૦ ૨
ઘરડાંનો ધંધો મુને, કાંઇ નવ સુજે રે;
લાગ્યાં રે સ્નેહનાં બાણ, હવે કેમ રૂઝે રે. વાલા૦ ૩
પ્રેમ સખી કે'છે નિરખી, નયણાં ઠરે છે રે;
વા'લા તમ સાથે મારું, મનડું ફરે છે રે. વાલા૦ ૪

પદ – ૩

સખી રે શામળીયે વા'લે મુને, મોહની લગાડી રે;
વા'લોજી જોવાને જાઇશ, હું તો દાડી દાડી રે. સખી૦ ૧
ચિતડાં ચોર્યાં છે મારાં, છેલવર છબીલે રે;
હવે હું તો રહી ન શકું, જાઇશ નંદજીને ફળીયે રે. સખી૦ ૨
ઘોડલાં ખેલાવશે વા'લો, સાંભળ સૈયર મારી રે;
ત્યારે હું તો જાઇને, બેસીશ સામી બારી રે. સખી૦ ૩
મુજ સામું જોશે હેતે, વા'લો ઉભા રહીને રે;
શ્યામળીયો બોલાવશે મુજને, પ્રેમસખી કહીને રે. સખી૦ ૪

પદ – ૪

વિસરીમાં જાજો વા'લા મુને, શ્યામળીયા ગિરધારી રે;
વારે વારે કહું છું વા'લા, અરજી એ છે મારી રે. વિસરી૦ ૧
અમ જેવા ઘણા તમને, મને આશા તમારી રે;
તે માટે રાખજો વા'લા મને, પોતાની સંભારી રે. વિસરી૦ ૨
અધર અમૃત પાજો, રસિયા બોલાવી રે;
પાતળીયા પાવન કરજો, મંદિર મારે આવી રે. વિસરી૦ ૩
પ્રેમસખી મોહી છે વા'લા, રાજીવ નેણે રે;
બીજું નવ માગું વા.લા, બોલાવજો મીઠે વેણે રે. વિસરી૦ ૪

રાગ ગરબી પદ-૧

આવો રમીએ રે વાસુદેવ વનમાળી,
આજ અનુપમ રે છે, આવી રે દીવાળી. ૧



દીવા કીધા રે, આંગણીએ બહુ ભાતે,
તોરણ બાંધ્યાં રે, ત્રિકમ રમવા ખાંતે. ૨
જોયા જેવી રે, માંડવીઉં શણગારી,
શોભા આવી રે, દિપમાળાની સારી. ૩
ગાવે ગરબી રે, રમે મુનિવર રાસે,
થેઇ થેઇ થાયરે, નાચે સુર આકાશે. ૪
આનંદ વાધ્યો રે, છબી અલૌકિક જોઇને,
પ્રેમાનંદના રે, નાથ રહ્યું મન મોહીને. ૫

પદ – ૨

ગિરિધર આવો રે, ગરબે રમીએ વ્હાલા,
હેતે લીજે રે, તાળી નંદના લાલા. ૧
આજે સપરમો રે, દહાડો રમીએ કોડે,
આવો રસિયા રે, લીજે તાળી જોડે. ૨
હું તો રીઝી રે, રાજ તમારે રંગે,
આનંદ વાધ્યો રે, અલબેલા તમ સંગે. ૩
હળવે હળવે રે, ફરીએ આવો ઓરા,
છેલા જોઉં રે, પાઘલડીના તોરા. ૪
આળસ મેલી રે, બાંધો કમરે પટકો,
પ્રેમાનંદના રે, જોઉં તમારો લટકો. ૫

પદ – ૩

શી કહું શોભા રે, શામળિયા તમારી,
રાખુ ઉરમાં રે, ગુણવંતા ગિરિધારી. ૧
પાઘલડીની રે, ઉપમા શી કહી દાખું,
મોળિડા ઉપર રે, ત્રિભુવન વારી નાખું. ૨
રૂડા લાગે રે, જરકશીયા હરિ જામા,
પહેરીને આવો રે, આનંદે વર સામા. ૩

કમર કશી છે રે, લાલ અનોખી રીતે,
મનડું મોહ્યું રે, છેલ છબીલા પ્રીતે. ૪
હાર બિરાજે રે, ઉર પર આનંદકારી,
એ છબી ઉપર રે, પ્રેમાનંદ બલિહારી. ૫

પદ – ૪

સજની ઉભા રે, આંગણીયે અલબેલો,
ગીત મધુરાં રે, ગાયે રસિલો છેલો. ૧
નટવર વેશે રે, શોભે રંગનો ભીનો,
લટકે બાંધે રે, પટકો છેલ નવીનો. ૨
હાર બિરાજે રે, હૈડે સુંદર સારાં,
જોતાં નેણાં રે, તૃપ્ત ન થાય અમારાં. ૩
રસિયે બાંધ્યા રે, બાંહે સુંદર બાજુ,
થોડું હસતા રે, હેત જણાવે ઝાઝું. ૪
ઉભા મરડે રે, આળસડું બહુનામી,
સુંદર શોભે રે, પ્રેમાનંદના સ્વામી. ૫

રાગ : ગરબી પદ - ૧

અવસર આવ્યો રે સારો, વરીયે નટવર નંદદુલારો. ૧
અંતર વિચારી રે જોવું, ખોટા સંગે ન જીવતર ખોવું. ૨
તુચ્છ જગસુખને રે તજીયે, ભવદુઃખ મેટણ નટવર ભજીયે. ૩
ધડક ન મનમાં રે ધરીયે, સગપણ શ્યામળીયા સાથે કરીએ. ૪
વ્હાલો બ્રહ્માનંદનો રે વરતાં, છોને દુરીજન દાઝી મરતાં. ૫

પદ – ૨

સગપણ કીધું રે સાચું, હવે હું રંગ બીજે નવ રાચું. ૧
અખંડ એવાતન રે મારું, હરિ વિના ધણી બીજો નવ ધારું. ૨
માથું જાતાં રે કેમ મેલું, બાંધ્યું મારે કહાન કુંવરથી બેલું. ૩
એ સુખ ન શકું રે વરણી, પૂરણ પુરુષોત્તમને પરણી. ૪



બ્રહ્માનંદ ઉપર રે હરિ રાજી, દુરીજન છોને મરતા દાઝી. ૫

પદ – ૩

દૃઢ મન આંટી રે ધારી, વરી હું તો નટવર કુંજવિહારી. ૧
હરિવર વરિયા રે હેલી, મેં માથાની લાલચ મેલી. ૨
તનની આશા રે ટાળી, મેં તો ઉર ધાર્યા છે વનમાળી. ૩
શંકા જગની રે મેટી, ભાવે હું તો ભૂધરજીને ભેટી. ૪
બ્રહ્માનંદનો રે સ્વામી, પૂરણ પુણ્ય કરીને પામી. ૫

પદ – ૪

સમજી વિચારી રે ચાલી, મોહન વરવા આંટી ઝાલી. ૧
માથું જાતાં રે નવ છુટે, ફોડ્યો હીરો જેમ નવ ફુટે. ૨
મનડું બાંધ્યું રે મારું, હવે હું જગ ભાગી નવ હારું. ૩
કેદી નહિ મેલું રે કેડો, સ્હાયો મેં નંદકુંવરનો છેડો. ૪
બ્રહ્માનંદ કેરો રે પ્યારો, ન કરું નટવર અર્ધક્ષણ ન્યારો. ૫

રાગ : પરજ - પદ - ૧

પ્રાણ થકી છે મુને પ્યારો, રંગીલો છેલો પ્રાણ થકી છે મુને પ્યારો;
શ્યામ ચતુરવર નંદના નંદનને, ન કરું પલ એક ન્યારો. રં૦ ૧
હૈડાનો હારછે તાવીથ તનડાંનો, વહાલો મનડાંનો મેરમ મારો. રં૦ ૨
રસિક સલુણો મારા હૃદિયામાં રાખું, કહાનુડો કામણગારો. રં૦ ૩
બ્રહ્માનંદ કહે ઘડી દૂર ન મેલું, નટવર નંદદુલારો. રં૦ ૪

પદ – ૨

આંખડલીમાં રાખું, છબીલો વહાલો આંખડલીમાં રાખું.
રંગના ભીના રસિલા કાનકુંવર કેરો, અધર અમૃત રસ ચાખું. છ૦ ૧
પ્રાણજીવન સાથે પ્રીત કરીને, દીન વચન શીદ ભાખું. છ૦ ૨
રસીયો ગુમાની વહાલો રાજી રહેજો, મરલોક દુભાતાં છોને લાખું.છ૦૩
બ્રહ્માનંદનો પ્યારો મનડાની જાણે, મુખ થકી તે શું કહી દાખું. છ૦ ૪

પદ – ૩

જીવન દૂર ન જાવું, મેરમજી મારા જીવન દૂર ન જાવું.
કહાનકુંવર તારે કાજે રસિલા, કાજુ બહુ વિધિ પાક બનાવું. મે૦ ૧
હાથજોડીને વારી હાજર ખડી છું હું તો, જેરે જોઇએ તે લઇ આવું.મે૦૨
એક પગ ભર અલબેલા તારે આગળે, ઘેરે મધુરે સ્વરે ગાવું. મે૦ ૩
બ્રહ્માનંદના વહાલા તમને જે હોય વહાલું, તેને તે આંહીં બોલાવું. મે૦૪

પદ — ૪

હરિવર હીરલો લાધ્યો, મંદિરમાં મુને હરિવર હીરલો લાધ્યો.
હાથ આવ્યો છે હીરો અજબ અલૌકિક, મોંઘા મૂલો છબીલો માઘો૦૧
ખાતાં પીતાં રે સુતાં બેઠાં સ્વપ્નામાં, અળગો ન મેલું ક્ષણું આઘો૦ ૨
કોડે કોડે ઝાઝાં જતન કરીને, મારા જીવ સંગાથે મેં તો બાંધ્યો૦ ૩
બ્રહ્માનંદ કહે શું મુખથી વખાણું, બહેની જેમ ગુંગે ગુડ ખાધો૦ ૪

રાગ : ગરબી પદ - ૧

ગઇતી ગઇતી ભરવા નીર, સૈયરના સંગમાં રે લોલ;
રમતા દીઠા શ્યામ સુજાણ, રંગીલો રંગમાં રે લોલ૦ ૧
જોયું રસિયાજીનું રૂપ, અલૌકિક આજનું રે લોલ;
જાણે શરદ પુનમનો ચંદ, વદન વ્રજરાજનું રે લોલ૦ ૨
સનમુખ આવે ગજગતિ ચાલ, કે અંગ મરોડતા રે લોલ;
રસિયો નેણું સાથે નેણ કે, જોરે જોડતા રે લોલ૦ ૩
નાખી બ્રહ્માનંદને નાથ, અચાનક આંખડી રે લોલ;
મારા ચિત્તમાં લાગી ચોટ કે, ઘાયલ થઇ પડી રે લોલ૦ ૪

પદ — ૨

રૂડી કેસર કેરી આડ, મનોહર ભાલમાં રે લોલ;
ચોર્યા વ્રજનારીનાં ચિત્ત, ચટકતી ચાલમાં રે લોલ૦ ૧
શોભે નટવરજીને સંઘ, મનોહર મંડળી રે લોલ;
કરે છે જમુના તીરે ખેલ, સખા સરવે મળી રે લોલ૦ ૨
હેલી મારાં લોચન પામ્યાં લોભ કે, નીરખી નાથને રે લોલ;



કીધાં સુખડામાં ગુલતાન, ગોપીજન સાથને રે લોલ૦ ૩
જોતાં આડી નજરે જોર કે, કાંઇક કો રાખતા રે લોલ;
શોભે બ્રહ્માનંદ કે ચોટ, નયનની નાખતા રે લોલ૦ ૪

પદ — ૩

હેલી મારે મંદિરીએ મોરાર, પધાર્યા પ્રીત કરી રે લોલ;
રસિયે બોલાવી ગ્રહી બાંહ્ય કે, રસની રીતથી રે લોલ૦ ૧
સુંદર છોગાં મેલ્યાં શીશ, કલંગી શોભણી રે લોલ;
પહેર્યા ફુલડાં કેરા હાર, અલૌકિક છબી બની રે લોલ૦ ૨
અતીશે આનંદ વાધ્યો અંગ, થઇ રંગ રેલડી રે લોલ;
આવી અલબેલાને સાથ, બંધાણી બેલડી રે લોલ૦ ૩
સજની આમા સામા આજ, અધર રસ પીધલા રે લોલ;
નીરખી બ્રહ્માનંદનો નાથ કે, ઉર પર લીધલા રે લોલ૦ ૪

પદ — ૪

હેલી હું તો સંધ્યા ટાણે આજ, ઉભીતી ઘર બારણે રે લોલ;
રસિયો છેલ છબીલો શ્યામ કે, જોવા કારણે રે લોલ૦ ૧
આવે ગાયો કેડે નાથ, અલૌકિક ગાવતા રે લોલ;
ઘેરી મોરલડીને સાદે કે, ધેનું બોલાવતા રે લોલ૦ ૨
પહેરી વન માળા વ્રજરાજ, કુંડળીયાં કાનમાં રે લોલ;
જોઇ મારું મનડું પામ્યું મોહ, સલુણાના વાનમાં રે લોલ૦ ૩
જાણી મુજને આડી મીટ કે, હેતે હેરતા રે લોલ;
ચાલ્યા બ્રહ્માનંદનો નાથ, કમલ કર ફેરતા રે લોલ૦ ૪

રાગ : ધોળ પદ - ૧

સત્સંગી આપો સૌ નામનું, નામનું નામનું નામનું રે;
સત્સંગી આપો સૌ નામનું, ભાતું એ અક્ષરધામનુંરે. સત૦ ૧
પાકા હરિજન પ્રીત કરીનેરે, પાળો વચન ઘનશ્યામનુંરે. સત૦ ૨
રાંક રાજા અરધો સઉ આપોરે, નથી ખરચ કાંઇ દામનુંરે. સત૦ ૩

બાર મહીને એકવાર દેવુંરે, પુત્ર ત્રીયા નિજ વામનુંરે. સત૦ ૪
શ્રીમુખે વચન શ્રીહરિ કીધુંરે, કરવા પોતાના કામનુંરે. સત૦ ૫
સત્સંગી જે હોય શિરોમણીરે, ઉઘરાવી દે બધા ગામનુંરે. સત૦ ૬
રેટીયોકાંતી રાંડીરાંડ ડોસી આપેરે, વચન પૂરણ કામનુંરે. સત૦ ૭
હેતે કરી જે આપે હરિજનરે, ધામ પામે સુખધામનુંરે. સત૦ ૮
નામ લખાવીને જે જન આપેરે, થાશે કલ્યાણ તમામનુંરે. સત૦ ૯
હાથો હાથ માગી શ્રીહરિ લીધુંરે, હૈયાની પૂરવા હામનુંરે. સત૦ ૧૦
ભક્ત થઇ જે નામનું નાપેરે, પામે ન સુખ પરિણામનુંરે. સત૦ ૧૧
લોભ રાખી જે અવગુણ લેશેરે, તેને વચન નથી કામનુંરે. સત૦ ૧૨
જ્યાં ત્યાં ખુવે જન જગતમાં જાણીરે, જાવા ચોરાશીમાં જામનુંરે. સત૦
વેરો જાણીને જે નહિ આપેરે, દ્રવ્ય તેનું હરામનું રે. સત૦ ૧૪
અવિનાશાનંદ એમ શ્રીમુખે કીધુંરે, વચન ઠરવાના ઠામનુંરે. સત૦૧૫

પદ – ૧

પાપમાં ધનને ખુવે પાપીજન, પાપમાં ધનને ખુવે;
પાછું વાળી નવ જુવે, પાપીજન પાપમાં ધનને ખુવે. ૧
હોકામાં બાળે હેત કરીને રે, કર દીપ લઇ પડે કૂવે. પાપી૦ ૨
દારૂ પીવે દીયે દ્રવ્યને દેખીરે, ભાંડ ભવૈયામેં ભુવે. પાપી૦ ૩
રાત દિન કરે ફેલ ફતુરીરે, દારા એનું દ્રવ્ય દુવે. પાપી૦ ૪
ગાંજા ભાંગ્ય પીયે તાણે તમાકુંરે, ખાય અફીણ નાક ચુવે. પાપી૦ ૫
કરે જુવાનીમાં પાછું ન વાળેરે, પછે બેઠો બેઠો રૂવે. પાપી૦ ૬
ખોટાં કરમ કરી ખેલ મચાવેરે, વ્યસની કુળને વગુવે. પાપી૦ ૭
પાપીયે પાપના તન પાશ પાડ્યારે, ધર્મના ચિહ્નને ધુવે. પાપી૦ ૮
ભૂંડા કરમમાં ભૂડું ન ભાળેરે, ખારમાં બીજને બુવે. પાપી૦ ૯
પ્રભુ સંબંધી કરે જો પ્રાણીરે, ઘુઘુની પેઠે ઘુઘવે. પાપી૦ ૧૦
ખોટા માર્ગમાં ચાલેછે ખાંતેરે, સત્સંગ કરતાં સુવે. પાપી૦ ૧૧
હરિરસ અમૃત ચાખે ન હેતેરે, ફેલ વિષે વિખ પુવે. પાપી૦ ૧૨



અસત્યમાં દ્રવ્ય આપે અતિશેરે, ધામ પોતાનું ધંધુવે. પાપી૦ ૧૩
સત્સંગમાં વાવરતાં સહુનેરે, ટાઢ ચડે છે બહુને. પાપી૦ ૧૪
અવિનાશાનંદ કહે એવા પાપીનોરે, છુટકો નહિ થાય મુવે. પાપી૦૧૫

શ્રી ગોવિંદરામના ચંદ્રવળા ઉપદેશ વિષે

પરનારી શું પ્રીત કરી તેને રૂઠ્યા રામ,
માતાને તો ભારે મારી સૂઝ્યું ભુંડું કામ,
સૂઝ્યું ભૂંડું કામ તે કેવું(એના)પીત્રી સ્વર્ગે કંપે એવું,
કહે ગોવિંદરામ એની મત્ય ફરી છે,
પરનારી શું પ્રીત કરી છે. તેને૦ ૧
સર્પ ખાયે તો સુખેથી ખાજો, તેથી રૂડી લ્હાય,
પરનારી કે પૈસા સન્મુખ ચાલ્યે મહા દુઃખ થાયે,
ચાલ્યે મહા દુઃખ થાય તે કેવું, ભવ ભટકણમાં નાખે એવું,
કહે ગોવિંદરામ (એથી)અળગા થાજો,
સર્પ ખાયે તો સુખેથી ખાજો. તેથી૦ ૨
પાંચ પાપ સર્વે પાપથી ભારી, તે મહાપાપ કહેવાય,
બ્રહ્મહત્યા ને ચોર સોનાનો, ત્રીજો જારી કહેવાય,
ત્રીજો જારીતે અન્યાયે ચાલે મદ્ય કેફી તેની સોબત ઝાલે,
કહે ગોવિંદરામ સાંભળો નરનારી,
પાંચ પાપ સર્વે પાપથી ભારી. તે મહા૦ ૩
ગાફલ બંદા ગર્વ નવ કરીએ, ગર્વે ગયું રાવણનું રાજ,
સીતા હરીને સર્વે ખોયું, એવું નહીં કે ને આજ,
એવું નહીં કેને આજ તે ભાઇ, લંકાપતિતે સમુદ્રની ખાઇ,
કહે ગોવિંદરામ પગલું જોઇને ભરીએ,
ગાફલ બંદા ગર્વ નવ કરીએ. ગર્વ૦ ૪
જીવ જગતનો એવો ડાહ્યો, કથા સાંભળવા જાય,

ભાંડ ભવાયાનાં ભૂંગળાં વાગે, ત્યાં પણ તૈયાર થાય,
ત્યાં પણ તૈયાર થાય, તે જોવાને બુઢ્ઢાપણની લાજ ખોવા,
કહે ગોવિંદરામ ગધેડો ગંગામાં નાહ્યો,
જીવ જગતનો એવો ડાહ્યો. કથા૦ ૫
ગાડા ઉપર વોરો બેઠો, વાટે ચાલ્યું જાય,
મારગમાં તો રોદા આવ્યા, ઉંચા નીચું થાય,
ઉંચા નીચું થાય તે ગાડું, વોરાજી તમે ઝાલજો નાડું,
કહે ગોવિંદરામ જઈ પડ્યો હેઠો,
ગાડા ઉપર વોરો બેઠો. વાટે૦ ૬
સવળું કેતાં સમજ્યો આડું, તેની સમજણ માં બહુ ફેર,
ગાડા ઉપરથી પડતું મેલ્યું, માથું થઈ ગયું ઝેર,
માથું થઈ ગયું ઝેર તે ફુટી, તોય મૂરખ મેલે નહીં મુઠી,
કહે ગોવિંદરામ વોરાનું નાડું,
સવળું કેતાં સમજ્યો આડું. તેની૦ ૭
પ્રથમ કહ્યું કરે નહીં મનનું, તેજ હરિના દાસ,
મન ઘડીમાં મેડે ચડે, ને ઘડીમાં વાઢે ઘાસ,
ઘડીમાં વાઢે ઘાસ તે મન, તેને જાણે વિવેકી જન,
કહે ગોવિંદરામ એ લક્ષણ હરિનું,
પ્રથમ કહ્યું કરે નહીં મનનું. તેજ૦ ૮
જેદી તેદી સત્સંગ કરશો, તહીંયે પામશો પાર,
સર્વે તીરથનું ફળ એ છે, વેદ વચન નિર્ધાર,
વેદ વચન નિર્ધારતે માનો, મહા પ્રતાપ નહીં કાંઇ છાનો,
કહે ગોવિંદરામ ભવસાગર તો તરશો,
જેદી તેદી સત્સંગ કરશો. તહીંયે૦ ૯
કામ ક્રોધ મદ મોહના છક્યા, જીવ તણાણા જાય,
અનિતિમાં જઈ આસન વાળે, નીતિમાં ન દીએ પાય,



નીતિમાં ન દીએ પાય તે લાજે, માથે નગારાં મોતનાં ગાજે,
કહે ગોવિંદરામ જીવ બોલે છે બક્યા,
કામ ક્રોધ મદ મોહના છક્યા. જીવ૦ ૧૦
સાકર મૂકી રાખ જ ખાય, જેમ નાનું બાળ,
માવતર જાણે માંદું પડશે, મુકાવે તત્કાળ,
મુકાવે તત્કાળ તે માબાપ, તેમ તેમ બાળક કરે સંતાપ,
કહે ગોવિંદરામ રોતું જાય,
સાકર મૂકી રાખ જ ખાય. જેમ૦ ૧૧
જીવ જગતમાં બાલક જેવા, વિખ ખાવાને જાય,
હરિજન માત તાત સમ હેતુ, અહોનિશ અમૃત પાય,
અહોનિશ અમૃત પાય તે કેવું, ભવ ભટકણ ટાળે એવું,
કહે ગોવિંદરામ એ ભૂંડા કેવા,
જીવ જગતમાં બાલક જેવા. વિખ૦ ૧૨
ગુના સામું ગોવિંદ ન જુએ, જો જન દીન જ થાય,
અજામેલ ગજ ગુનકા જેવા, તે પારંગત જાય,
તે પારંગત જાય તે જાય, ચાર વેદ ગીતા એમ ગાય,
કહે ગોવિંદરામ સાંભળજો સૌ,
ગુના સામું ગોવિંદ ન જુએ. જો૦ ૧૩
તમે હો ડાહ્યા તો ડહાપણ મૂકો, ત્યાં નથી ડહાપણનું કામ,
કાલાઘેલાના છે પ્રભુ, સમરથ સીતારામ,
સમરથ સીતારામ તે કેવા, અધમ ઓધારણ નામ જ
એવા,
કહે ગોવિંદરામ સ્મરણ કાં ચૂકો,
તમે હો ડાહ્યા તો ડહાપણ મૂકો. ત્યાં૦ ૧૪
ત્રાંબિયાની એક તોલડી લઈએ, તે વગાડીએ વારંવાર,
ગુરુ કરીએ તો કે છે કાલાઘેલા, એમ વહ્યો જાય સંસાર,

એમ વહ્યો જાય સંસાર તે જાશે, પાત્ર એવું કારજ થાશે,
કહે ગોવિંદરામ સમજું તેને કહીએ,
ત્રાંબિયાની એક તોલડી લઇએ. વગાડીએ૦ ૧૫
કામી ક્રોધી લોભી લંપટ, પાપી જીવ પીલાય,
જમના કિંકર જોડા મારી, જમપુરીમાં લઇ જાય,
જમપુરીમાં લઇ જાય તે જ્યારે, ખરી ખબર પડશે ત્યારે,
કહે ગોવિંદરામ ચીંચોડો સંપટ,
કામી ક્રોધી લોભી લંપટ. પાપી૦ ૧૬
સાકર કીધે મોઢું મીઠું, કહું કદીએ ન થાય,
નામ તણું નાડું ઝાલીને, કૈંક તણાણા જાય,
કૈંક તણાણા જાયતે જાશે, પણ ખાધે મોઢું મીઠું થાશે,
કહે ગોવિંદરામ નામી વિનાનું નામ તે દીઠું,
સાકર કીધે મોઢું મીઠું. કહું૦ ૧૭
ચેતવું હોય તો ચેતજો ટાણે, માથે ગાજે છે મોત,
આજ કાલમાં ઉઠી જાવું, કુટુંબ કબિલા સોત,
કુટુંબ કબિલા સોત તે જાવું, હરિ ભજ્યા વિના હડહડ થાવું,
કહે ગોવિંદરામ નહિ ઉગરે ટાણે,
ચેતવું હોય તો ચેતજો ટાણે. માથે૦ ૧૮
શૂળી કીધી છે ચોરને કાજે, તેનો મહાજનને ડરનોય,
જો મહાજન કરે ચોરની, સોબત ચડે શૂળીએ સોય,
ચડે શૂળીએ સોય તે ચડશે, ખોટે સંગે પેજારૂં પડશે,
કહે ગોવિંદરામ ન્યાય બાંધ્યો છે મહારાજે,
શુળી કીધી છે ચોરને કાજે. તેનો૦ ૧૯
ગુરુ કરીએ તો જ્ઞાની કરીએ, સત અસતને જોઇ,
બળદ લઇએ તો ખેડીને લઇએ, ડોબું લઇએ દોઇ,
ડોબું લઇએ તો દોઇને લઇએ, સમજુ નામ તે તેનું કહીએ,



કહે ગોવિંદરામ ભવસાગર તો તરીએ,
ગુરુ કરીએ તો જ્ઞાની કરીએ. સંત૦ ૨૦
હરિજનની કરીએ નહીં હાંસી, હાંસીમાં બગડી જાય,
જુઓ વિચારી જાદવની જેને, કૃષ્ણ થયા નહિ સહાય,
કૃષ્ણ થયા નહિ સહાય કુળમાં, સર્વે નાશ થયા ઘડી પળમાં,
કહે ગોવિંદરામ એમાં રામ ઉદાસી,
હરિજનની કરીએ નહીં હાંસી. હાંસી૦ ૨૧
ઈમાન રાખીને આકડો વાવે, ને પ્રબળ પાણી પાય,
બાર મહિના સીંચ્યા કરે ત્યારે, ફળફુલ તો થાય,
ફળફુલ તો થાય તે કેવાં, દીઠામાં તો કેરી જેવાં,
કહે ગોવિંદરામ સ્વાદ કાંઇ કેરીનો ન આવે,
ઈમાન રાખીને આકડો વાવે. ને પ્રબળ૦ ૨૨
ત્રાહિ ત્રાહિ કરી તોબા કરશે, તેનો હરિ ઝાલશે હાથ,
કરી તે કરી પણ ફરી નવ કરવી, જ્યાંથી સુણી સંતની વાત,
સુણી સંતની વાત તે જ્યાંથી, કર્યો ફેલનો ત્યાગ જ ત્યાંથી,
કહે ગોવિંદરામ ત્રાસ સાહેબનો ધરસે,
ત્રાહિ ત્રાહિ કરી તોબા કરશે. તેનો૦ ૨૩
ભીંતે ભોયંગ કાઢી તલ જારે,(તેને)પુજી લાગે પાય,
ભોયંગ જો પ્રગટ દેખે તો, મૂરખ મારવા જાય,
મૂરખ મારવા જાય તે પાપી, ભીંતે તો પુજે છે થાપી,
કહે ગોવિંદરામ પ્રગટને મારે,
ભીંતે ભોયંગ કાઢી તલ જારે. પૂજી૦ ૨૪
છાણ તણો લઇ કરે શેખો, તેને પૂજી લાગે પાય,
શેખા મામા રક્ષા કરજો, કુલેર વહેંચી ખાય,
કુલેર વહેંચી ખાય તે ખાય, ને પ્રગટને ચરણે ન જાય,
કહે ગોવિંદરામ કળીના કૌતુક દેખો,

છાણ તણો લઇ કરે શેખો. તેનો૦ ૨૫
હકેથી લઇએ ને હકેથી દઇએ, હકનું હજમ થાય,
અણહકનો આનો આવે તો, ઉલટી બરકત જાય,
ઉલટી બરકત જાય તે કમાણી, દૂધનું દૂધમાં પાણીનું પાણી,
કહે ગોવિંદરામ બીતા હરિથી રહીએ,
હકેથી લઇએ ને હકેથી દઇએ. હકનું૦ ૨૬
મતવી નાખતી દૂધમાં પાણી, તેની ઘડાવી નથ,
પાણી ભરતાં પડી ગઇ તે, ગઇ ખબડખત,
ગઇ ખબડખત તે ગઇ, પછે તો વિચારી રહી;
કહે ગોવિંદરામ પાછળથી પસ્તાણી,
મતવી નાખતી દૂધમાં પાણી. તેની૦ ૨૭
વાડામાંથી વાછડું છુટ્યું, તે ઘોડીને ધાવવા જાય,
માતા જાણીને મોઢું ઘાલે, પણ પાટું પૂરણ ખાય,
પાટું પૂરણ ખાય તે ખાય, પછે વછપાળ એને બતાવે માય,
કહે ગોવિંદરામ એ ફરે વખૂટું,
વાડામાંથી વાછડું છુટ્યું. તે ઘોડીને૦ ૨૮
કેનોક બાપ હતો એક કાણો, તેની ફુટેલ આંખ,
તેનો પુત્ર થયો દેખતો, તેને કહે ફોડી નાખ,
તેને કહે ફોડી નાખ તે આંખ, ને તારા બાપનો ચીલો રાખ,
કહે ગોવિંદરામ હરિનું નામ વખાણો,
કેનોક બાપ હતો એક કાણો. તેની૦ ૨૯
આ તન પાણીનો પરપોટો, તે ક્ષણમાં થાશે ખેહ,
અંતે નામ નારાયણનું રહેશે, નિશ્ચે ટળશે દેહ,
નિશ્ચે ટળશે દેહ તે ટળશે, જેમ ઢેફુ ધરતીમાં ગળશે,
કહે ગોવિંદરામ એનો પાયો છે ખોટો,
આ તન પાણીનો પરપોટો. તે ક્ષણમાં૦ ૩૦



સંત તણે વેશે બહુ ધૂતા, જગમાં ફરે અનંત,
તિલક માળા ટોપી ઘાલી, નામ ધરાવે સંત,
નામ ધરાવે સંત જે થયા, કામ ક્રોધ ને ફેલ તો રહ્યા,
કહે ગોવિંદરામ દેખતા દૂતા,
સંત તણે વેશે બહુ ધૂતા. જગમાં૦ ૩૧
કાળનેમી રાવણ ને રાહુ, એ ત્રણેયે લીધો ભેખ,
કમળાવરશું કપટે રમિયા, તેમાં ન રહ્યો એક,
તેમાં ન રહ્યો એક તે પાપી, હરિએ મસ્તક નાખ્યા કાપી,
કહે ગોવિંદરામ દીસંતા હાઉ,
કાળનેમી રાવણ ને રાહુ. એ ત્રણેયે૦ ૩૨
ભગવું ધરીને શ્વાન ભસાવે, કાઢે સંતનો વેશ,
દમડી કારણ ઘેર ઘેર ડોલે, રેણી ન મળે લેશ,
રેણી ન મળે લેશ તે કહીએ, એવા સંતથી અળગા રહીએ,
કહે ગોવિંદરામ હરિ તેને સ્વપ્નમાં ન આવે,
ભગવું ધરીને શ્વાન ભસાવે. કાઢે૦ ૩૩
દ્વાપર સતયુગ ત્રીજો ત્રેતા, એ ત્રણ યુગના દૈત્ય,
તે કળીયુગમાં સંત થયા છે, કુટુંબ કબીલા સહિત,
કુટુંબ કબીલા સહિત થયા છે, ધર્મ ખંડન કરી દંભમાં રહ્યાછે,
કહે ગોવિંદરામ મોટા ગયા છે કેતા,
દ્વાપર સતયુગ ત્રીજો ત્રેતા. એ ત્રણ૦ ૩૪
જ્યાં કામ ક્રોધ ને લોભ રહે છે, એ પ્રગટ નરકનો પંથ,
એ માર્ગે તો અંધા ચાલે, પણ કેદી ન ચાલે સંત,
કેદી ન ચાલે સંત તે કેવા, ધ્રુવ પ્રહ્લાદ સનકાદિક જેવા,
કહે ગોવિંદરામ એમ ગીતા કહે છે,
જ્યાં કામ ક્રોધ ને લોભ રહે છે. એ૦ ૩૫

હંસ બગ દીઠામાં સરીખા, તે આહારે ઓળખાય,
હંસ કરે મોતીનો ચારો, ને બગ મચ્છને ખાય,
ને બગ મચ્છને ખાય તે ખાય, સંત અસંતનો એવો ન્યાય,
કહે ગોવિંદરામ એની કરીએ પરીક્ષા,
હંસ બગ દીઠામાં સરીખા. તે આહારે૦ ૩૬
તિલક માળા ટીલું તાણી, ભગવદી ધરિયું નામ,
એવા ભગવદી તો એક દિવસમાં, થાયે આખું ગામ,
થાયે આખું ગામ તે સુર્લભ, નવ વશ કરવી તે છે દુર્લભ,
કહે ગોવિંદરામ વેશની દેશી તો આણી,
તિલક માળા ટીલું તાણી. ભગવદી૦ ૩૭
કામ ક્રોધ ને લોભના લે'રી, એ ત્રણથી તોબાં ત્રાય,
કામ થકી તો કલંક લાધે, લોભે લક્ષણ જાય,
લોભે લક્ષણ જાય તે જાશે, ને ક્રોધ થકી તો કેરજ થાશે,
કહે ગોવિંદરામ એ ત્રણ જીવના વેરી,
કામ ક્રોધ ને લોભના લેરી. એ ત્રણથી ૦ ૩૮
બગડ્યા બે બાવો ને બાવી, નવરા લે છે નામ,
કલંકભર્યા કાન જ ફૂંકી, કંઈક બગડયાં ગામ,
કંઈક બગડ્યાં ગામ તે કેવાં, અંધ ગુરૂ તેના ચેલા પણ એવા,
કહે ગોવિંદરામ ગુરુની ગમ તો નાવી,
બગડ્યા બે બાવો ને બાવી. નવરા ૦ ૩૯
કથે જ્ઞાન પણ કાગળ જેવા, એ આચારે ઓળખાય,
ખીર ચાખીને ખુવાર થાવા, કરકા ઉપ જાય,
કરકા ઉપર જાય તે ચાલી, ઠીક નહિ એની ભક્તિ ઠાલી,
કહે ગોવિંદરામ એને ઓળખી લેવા,
કથે જ્ઞાન પણ કાગળ જેવા. એ૦ ૪૦



જ્ઞાન વિના નર પશુના જેવા, તેમાં નથી કાંઈ ફેર,
શાસ્ત્રે કહ્યું જે સત્સંગ કરવો, તે લાગે કડવું ઝેર,
લાગે કડવું ઝેર તે લાગે, અને મૂરખ પંડીતથી ભાગે,
કહે ગોવિંદરામ ગીતા કહે એવા,
જ્ઞાન વિના નર પશુના જેવા. તેમાં૦ ૪૧
પ્રથમ કહેશે પૈસો મેલો, પછી બતાવે જ્ઞાન,
એવા ગુરૂના શિષ્ય જે થાયે, તેને મોટું જ્યાન,
તેને મોટું જ્યાન જ થાયે, પામર તેને શરણે જાયે,
કહે ગોવિંદરામ પછી કરે ચેલો,
પ્રથમ કહેશે પૈસો મેલો. પછી૦ ૪૨
મોર્ય ગુરૂને વાંસે ચેલો, તે નવરા નરકે જાય,
ગુરુ મરીને શ્વાન જ સરજે, (તેના) શિષ્ય ગીંગોડા થાય,
(તેના) શિષ્ય ગીંગોડા થાય શા માટે, ઠગી દ્રવ્ય લીધું તેમાટે,
કહે ગોવિંદરામ જમપુરીમાં પહેલાં,
મોર્ય ગુરૂને વાંસે ચેલા. તે નવરા૦ ૪૩
તુંબડું પાણીમાં બોળીએ ઊંડું, તે બહાર નીસરે આપ,
તેમ ખુણે કરે જે ખોટાં, તે પ્રગટ થાયે પાપ,
પ્રગટ થાયે પાપ તે કેવું, ખરે ચડીને ચાલ્યા જેવું,
કહે ગોવિંદરામ એવું કામ છે ભૂંડું,
તુંબડું પાણીમાં બોળીએ ઊંડું. તે બહાર૦ ૪૪
શીતળદાસ પણ બળતી સગડી, બડબડ કાઢે બોલ,
જ્ઞાનગોષ્ટિ તે જાણે નહિ, જાણીએ ભૂંક્યો ખોલ,
જાણીએ ભૂંક્યો ખોલ તે ગોલો, રેણી કરણીની કોરનો પોલો,
કહે ગોવિંદરામ તેનું ઘર ગયું બગડી,
શીતળદાસ પણ બળતી સગડી. બડ૦ ૪૫
રાગ : ગરબી પદ- ૧

આવો આવોને અલબેલડાજી રે, મોહન કરોને મહેર રે, આવો૦
મેલી ગયા મહાવનમાંજી રે, પ્રેમદાની શી પેર રે. આવો૦ ૧
અમૃત પાઈને ઉછેરીયાંજી રે, જીવન પાઓ માં ઝેર રે. આવો૦ ૨
સુખ અમને શીદ આપીયુંજી રે, વ્હાલા કરવું હતું વેર રે. આવો૦ ૩
ભૂમાનંદ કહે કૃપા કરોજી રે, થાય છે લીલા લહેર રે. આવો૦ ૪

પદ – ૨

નાથ નમેરા કેમ થયાજી રે, ગુણસાગર ઘનશ્યામ રે. નાથ૦
અમને મેલી ગયા વનમાંજીરે, દોરો કાઢીને જેમ દામ રે. નાથ૦ ૧
તમવિના અમેતો રહ્યાંજી રે, જીવવિના જેમ હાડ ચામ રે. નાથ૦ ૨
સુના અમે ન શોભીએજીરે, ધન વિનાનું જેમ ધામ રે. નાથ૦ ૩
અબળા અમે કયાં આવીએજીરે, ભૂમાનંદના શ્યામ રે. નાથ૦ ૪

પદ – ૩

લાધ્યો હરિવર હીરલોજીરે, વીંટી વળી વ્રજનારરે. લાધ્યો૦
મૂર્તિ મનોહર જોઈનેજીરે, પામ્યા સુખ અપારરે. લાધ્યો૦ ૧
મોર મુગટ માથે ધર્યોજીરે, ગળે ગુલાબના હાર રે. લાધ્યો૦ ૨
કાંતિમાં ઝાંખા કર્યાજી રે, કાનવર કોટિક માર રે. લાધ્યો૦ ૩
ભૂમાનંદના નાથ છોજી રે, નેણાં તણા શણગાર રે. લાધ્યો૦ ૪

પદ – ૪

નાથ ન મેલું વેગળાજી રે, હરિવર આવ્યા છો હાથરે, નાથ૦
કલ્પીનું ધન કરી રાખશુંજીરે, સાચી માનો એ ગાથ રે, નાથ૦ ૧
ઈચ્છો તમો ત્યાં આવીએજી રે, શ્યામસુંદર તમ સાથરે, નાથ૦ ૨
તાપ ટાળો અંતરનાજીરે, ભેટો ભરી મને બાથ રે, નાથ૦ ૩
વ્હાલા ભૂમાનંદનાજીરે, રાખો અમને સંગાથ રે, નાથ૦ ૪

રાગ : સોહની પદ - ૧

પ્રાણી સ્વામિનારાયણ દેવ સત્ય સ્વરૂપ છે રે;
સત્યસ્વરૂપ છે સુરમુનિના ભૂપ છે રે. પ્રાણી. ટેક.


નેતિ નેતિ કહી નિગમ ગાય, ઉપનિષદનો સાર;
કાળમાયાદિક સહુના પ્રેરક, અક્ષરના આધાર. સત્ય૦ ૧
બ્રહ્મમોહોલના વાસી પ્રભુ, દિવ્યસ્વરૂપ સાકાર;
કમળા આદિ મુક્ત કોટિ, સેવે કરી અતિ પ્યાર. સત્ય૦ ૨
નિજ ઇચ્છાયે નરતનું ધારી, પ્રગટ્યા શ્રી મહારાજ;
ભરતખંડના ભાવિક જનને, ઉદ્ધારવાને કાજ. સત્ય૦ ૩
સત્ય કહું છું સમ ખાઈને, ખોટી નથી લગાર;
પ્રેમાનંદ કહે ભજજો ભાઈઓ, થાશો ભવજળપાર. સત્ય૦ ૪

પદ – ૨

પ્રાણી સ્વામિનારાયણ સમરથ શ્રી ભગવાન છે રે;
શ્રી ભગવાન છે રે, કૃપાના નિધાન છે રે. પ્રાણી. ટેક.
અધમ ઉદ્ધારણ દીનનાબંધુ, શરણાગત પ્રતિપાળ;
સ્વામિનારાયણ નામ લે તેને, પાસે ન આવે કાળ. શ્રી ભ૦ ૧
પુરુષોત્તમજી પ્રગટ્યા પોતે, અનાથના એ નાથ;
આ અવસર જે નહિ માને, તે પછી ઘસશે હાથ. શ્રી ભ૦ ૨
જંત્ર નથી કશો જાદુ નથી, ભાઈ નથી મતને પંથ;
જાણી જોઈને દયા કરી છે, ઉદ્ધારવાને જંત. શ્રી ભ૦ ૩
ઘોર કળીમાં સતયુગ સ્થાપ્યો, અનાદિ મોક્ષની રીત;
પ્રેમાનંદ કહે નહીં માને તો, પછી થાશે ફજીત. શ્રી ભ૦ ૪

પદ – ૩

પ્રાણી શ્વાસ ઉશ્વાસે સ્વામીને સંભારીએ રે;
હો સંભારીયે રે ઘડી ન વિસારીયે રે. પ્રાણી. ટેક.
પ્રાણી ખાતાં પીતાં હરતાં ફરતાં, કરતાં ઘરનું કામ;
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, મુખે રટીયે નામ. હો સં૦ ૧
ધન જોબનને આવરદા એનો, ના કરીએ નીરધાર;
વિજળીના ઝબકારાની પેઠે, જાતાં ન લાગે વાર. હો સં૦ ૨

સ્વામિનારાયણ ભજતાં પ્રાણી, થશે મોટું સુખ;
લખ ચોરાસીના ફેરા મટશે, જમપુરીનાં દુઃખ. હો સં૦ ૩
પ્રગટ હરિનું ભજન કરીને, ઉત્તરો ભવજલ પાર;
પ્રેમાનંદ કહે નહિ માનો તો, ખાશો જમનો માર. હો સં૦ ૪

પદ — ૪

પ્રાણી સ્વામિનારાયણ સ્વામિનારાયણ ગાઈએ રે;
ગાઈએંરે દુરીજનથી લેશ ન લજાઈયે રે. ટેક.
સ્વામિનારાયણ મહા મંત્રછે, પ્રગટ હરિનું નામ;
આ અવસર જે કોઈ લેશે, તેનાં સરશે કામ. પ્રાણી૦ ૧
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, ઉંચે સાદે ગાય;
સાંભળીને જમદૂત તેને, દૂરથી લાગે પાય. પ્રાણી૦ ૨
સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ;
અંત કાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ. પ્રાણી૦ ૩
સ્વામિનારાયણ સ્મરીયે પ્રાણી, તજી લોકની લાજ;
પ્રેમાનંદ કહે રાજી થઈ, તેના ઉરમાં રહે મહારાજ. પ્રાણી૦ ૪

રાગ : ગોડી પદ - ૧

મોરલી વાજે રે મીઠી મોરલી રે વાજે;
સખી સાંભળને શ્યામળીયાજીની, મોરલી રે વાજે. મોરલી. ટેક.
મીઠે સ્વરે મોહનજીની, મોરલી રે વાજે;
સાંભળવાને સૈયર મારું, દીલડું રે દાઝે. મોરલી૦ ૧
આવે રે અલબેલો વિટ્યા, ગોવાળે રે ઝાઝે;
ગાતા આવે ગિરધર, સુંદર સમાજે. મોરલી૦ ૨
મોર મુગટ ને કાને કુંડળ, વનમાળા રાજે;
નંદકુંવરને નીરખી કોટી, કંદર્પ લાજે. મોરલી૦ ૩
પિતાંબરની પલવટ વાળી, છત્ર શીર છાજે;
પ્રેમાનંદનો વાલો ચાલો, જોવાને કાજે. મોરલી૦ ૪



રાગ : ઠુમરી પદ - ૧

ક્યારે હવે દેખું રે હરિ હસતા, મારા મંદિરિયામાં વસતા. ક્યારે૦
જરકસીયો જામો પેરીને ગુઢો રેંટો કટિ કસતા. ક્યારે૦ ૧
ફુલડાંમાં ગરકાવ થઈને, અત્તરમાં મસમસતા. ક્યારે૦ ૨
મુનિવર સારુ રસોઈ કરાવીને, પંગતમાં પિરસતા. ક્યારે૦ ૩
પ્રેમાનંદ આગે ગાયે ત્યારે, આવે ઓરા ઓરા ખસતા. ક્યારે૦ ૪

પદ - ૧

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ
નામ ભજ મન સ્વામિનારાયણ. ટેક.
અક્ષરધામથી પુરુષોત્તમ પધાર્યા, ગોપાળાનંદ સંગ લાવ્યા. હો રા૦
છપૈયાપુર પ્રભુ પ્રગટ થઈને, કૃત્યાનો ભંગ કરી લાવ્યા. હો રા૦
કાલીતે દત્તનો નાશકરી આવ્યા, બચાવી બાળકોનેલાવ્યા. હો રા૦
તલાવડીને તીર જઇ આવ્યા, ખાંપો સાથળ ચિહ્ન લાવ્યા. હો રા૦
સુવાસનીને સંતાપી આવ્યા, વેણી માધવસંગ ફાવ્યા. હો રા૦
હીરાની વીંટી ક્યાં મૂકી આવ્યા, કો'ને મીઠાઈ ક્યાંથી લાવ્યા. હો રા૦
પિતાની પાસે ભલે ભણી આવ્યા, ગુટકો જ્ઞાન કરી લાવ્યા. હો રા૦
વનવિચરણ કરી લોજમાં પધાર્યા, આવીને વાવ પર બેઠા. હો રા૦
વાલો વાવડીએ લોજની બેઠા, સુખાનંદને દિલ ભાવ્યા. હો રા૦
ભલે ભૂધરજી ભાવેથી આવ્યા, મુક્તાનંદની પાસ લાવ્યા. હો રા૦
તમે તપસ્વી તપ કરી આવ્યા, અષ્ટાંગ યોગ શીખી આવ્યા. હો રા૦
સુણી રામાનંદ ભુજથી પધાર્યા, નિરખીને નાથ હરખાયા. હો રા૦
દીક્ષા દઈ સહજાનંદ કાવ્યા, બેસાડી ગાદીએ પધરાવ્યા. હો રા૦
અનાદી જીવને સમાધી કરાવી, દાસ પોતાના કરી સ્થાપ્યા. હો રા૦
શ્રીપુર વૃત્તપુર મંદિર બંધાવ્યાં, સ્વરૂપ પોતાનાં પધરાવ્યાં. હો રા૦
વસંત સંગે રમવાને આવ્યા, મુક્ત મંડળને સંગે લાવ્યા. હો રા૦
શ્રી ગઢપુરમાં ગોપીનાથ પધરાવ્યા, દાદા ખાચરમન ભાવ્યા. હો રા૦

આપ ઈચ્છાએ સ્વધામ પધાર્યા, દાસ નારાયણને મન ભાવ્યા. હો ૨૧૦
॥ સમાપ્ત ॥

## શ્રીસ્વામિનારાયણ મહામંત્ર મહિમા

જે સ્વામિનારાયણ નામ લેશે,
તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક,
સર્વોપરી આજ ગણાય એક.૧
જો સ્વામિનારાયણ એકવાર,
રટે બીજાં નામ રટ્યાં હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું,
કરી શકે વર્ણન કોણ તેનું. ૨
ષડક્ષરી મંત્ર મહા સમર્થ,
જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે,
અંતે વળી અક્ષરધામ આપે. ૩
ગાયત્રીથી લક્ષ ઘણો વિશેષ,
જાણે જ જેનો મહીમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્તજનો વસાય,
આ કાળમાં તો જપ એજ થાય. ૪
જો અંતકાળે શ્રવણે સુણાય,
પાપી ઘણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે,



તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે. ૫
તે મંત્ર જેના મુખથી જપાય,
તેના થકી તો યમ નસી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે,
ભાવે કુભાવે પણ મુક્તિ લેશે. ૬
ષડક્ષરી છે ષટ્‌શાસ્ત્ર સાર,
તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે,
સર્વે ક્રિયામાં સમરો સદાયે. ૭
પવિત્ર દેહે અપવિત્ર દેહે,
તે નામ નિત્યે સ્મરવું સનેહે;
જળે કરીને તન મેલ જાય,
આ નામથી અંતર શુદ્ધ થાય.૮
જેણે મહાપાપ કર્યાં અનંત,
જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં,
લાજી મરે છે મુખથી કહેતાં. ૯
શ્રીસ્વામિનારાયણ નામ સાર,
છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું,
બળ્યા વિના કેમ રહેજ તેનું. ૧૦

## શ્રીસ્વામિનારાયણ મહામંત્ર મહિમા

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક. ૧
જો સ્વામિનારાયણ એકવાર, રટે બીજાં નામ રટ્યાં હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું. ૨
ષડક્ષરી મંત્ર મહા સમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે. ૩
ગાયત્રીથી લક્ષ ઘણો વિશેષ, જાણે જ જેનો મહીમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્તજનો વસાય, આ કાળમાં તો જપ એજ થાય. ૪
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે. ૫
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો યમ નસી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે. ૬
ષડક્ષરી છે ષટ્‌શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે. ૭
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે;
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય.૮
જેણે મહાપાપ કર્યાં અનંત, જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં. ૯
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું. ૧૦

। શ્રી હનુમાન ચાલીસા ।

શ્રીગુરુ ચરણ સરોજરજ, નિજમન મુકૂર સુધાર;
બરણઉ રઘુવર બિમલ યશ, જો દાયક ફલ ચાર.
બુદ્ધિહીન તનુ જાનિકૈ, સુમિરૌ પવનકુમાર;
બલ બુદ્ધિ બિદ્યા દેહુ મોહિ, હરહુ કલેશ બિકાર.



॥ ચોપાઈ ॥

જય હનુમાન જ્ઞાન ગુન સાગર ।
જય કપીશ તિહુ લોક ઉજાગર ॥
રામદૂત અતુલિત બલધામા ।
અંજનીપુત્ર પવનસુત નામા ॥
મહાબીર બિક્રમ બજરંગી ।
કુમતિ નિવાર સુમતિકે સંગી ॥
કંચન બર્ણ વિરાજ સુવેશા ।
કાનન કુંડલ કુંચિત કેશા ॥
હાથ બજ્ર ઔર ધ્વજા બિરાજે ।
કાંધે મુજ જનેઉ સાજે ॥
શંકર-સુવન કેસરી-નન્દન ।
તેજ પ્રતાપ મહા જગ બંદન ॥
બિદ્યાવાન ગુણી અતિ ચાતુર ।
રામ કાજ કરિ બેકો આતુર ॥
પ્રભુ ચરિત્ર સુનિ બેકો રસિયા ।
રામલખન સીતા મન બસીયા ॥
સૂક્ષ્મ રૂપ ધરી સીયહીં દિખાવા ।
બિકટ રૂપ ધરી લંક જલાવા ॥
ભીમ રૂપ ધરી અસુર સંહારે ।
રામચંદ્ર કે કાજ સંવારે ॥
લાય સંજીવન લખન જીવાયે ।
શ્રી રઘુબીર હરષી ઉર લાયે ॥
રઘુપતિ કીન્હિ બહુત બળાઈ ।
તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ ॥
સહસ્ત્ર બદન તુમ્હારો યશ ગાવૈ ।
અશકહિ શ્રીપતિ કંઠ લગાવૈ ॥
સનકાદિક બ્રહ્માદિ મુનીશા ।
નારદ શારદ સહિત અહીશા ॥
યમ કુબેર દિગપાલ જહાં તે ।

કવિ કોબિદ કહિ સકૈ કહાં તે ॥
તુમ ઉપકાર સુગ્રીવ હિ કીન્હા ।
રામ મિલાય રાજપદ દીન્હા ॥
તુમ્હરો મંત્ર બિભીષણ માના ।
લંકેશ્વર ભયે સબ જગ જાના ॥
યુગ સહસ્ર યોજન પર ભાનુ ।
લીલ્યો તાહિ મધુર ફલ જાનુ ॥
પ્રભુ મુદ્રિકા મેલી મુખ માંહીં ।
જલધી લાંઘી ગયે અચરજ નાહીં ॥
દુર્ગમ કાજ જગત કે જે તે ।
સુગમ અનુગ્રહ તુમ્હારે તે તે ॥
રામ દુઆરે તુમ રખવારે ।
હોત ન આજ્ઞા બિના પૈસા રે ॥
સબ સુખ લહૈ તુમ્હારી શરના ।
તુમ કક્ષક કાહુકો ડરના ॥
આપન તેજ સમ્હારો આપે ।
તીનો લોક હાંક તે કાંપે ॥
ભૂત પિશાચ નિકટ નહિં આવૈ ।
મહાવીર જબ નામ સુનાવૈ ॥
નાસૈ રોગ હરૈ સબ પીરા ।
જપત નિરન્તર હનુમંત બીરા ॥
સંકટ સે હનુમાન છુડાવે ।
મન ક્રમ વચન ધ્યાન જો લાવે ॥
સબ પર રામ તપસ્વી રાજા ।
તિનકે કાજ સકલ તુમ સાજા ॥
ઔર મનોરથ જો કોઈ લાવે ।
સોઈ અમિત જીવન ફલ પાવે ॥
ચારોં યુગ પ્રતાપ તુમ્હારા ।
હૈ પરસિદ્ધ જગત ઉજિયારા ॥
સાધુ સંત કે તુમ રખવારે ।



અસુર નિકન્દન રામ દુલારે ॥
અષ્ટ સિદ્ધિ નવ નિધિ કે દાતા ।
અસ બર દીન જાનકી માતા ॥
રામ રસાયન તુમ્હારે પાસા ।
સદા રહો રઘુપતિ કે દાસા ॥
તુમ્હરે ભજન રામ કો પાવૈ ।
જન્મ જન્મ કે દુઃખ બિસરાવૈ ॥
અન્તકાલ રઘુપતિ પુર જાઈ ।
જહાં જન્મ હરિભક્ત કહાઈ ॥
ઔર દેવતા ચિત્ત ન ધરઈ ।
હનુમંત સેઈ સર્વ સુખ કરઈ ॥
સંકટ કટે મીટે સબ પીરા ।
જો સુમરૈ હનુમંત બલ વીરા ॥
જય જય જય હનુમાન ગુંસાઈ ।
કૃપા કરહુ ગુરુદેવ કીનાંઈ ॥
યહ સત બાર પાઠ કર કોઈ ।
છૂટહિ બન્દી મહાસુખ હોઈ ॥
જો યહ પઢૈ હનુમાન ચાલિશા ।
હોય સિદ્ધિ સાખી ગૌરીશા ॥
તુલસીદાસ સદા હરિ ચેરા ।
કીજૈ નાથ હૃદય મહીં ડેરા ॥

દોહા

પવનતનય સંકટહરણ, મંગલ મૂરતિ રૂપ ।
રામલખનસીતા સહિત, હૃદય બસહુસુર ભૂપ ॥